શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પૂ. પન્યાસ ધર્મ અશોક ગ્રંથમાળા પુષ્પ ૧૧મું
પં. ધર્મ-સુરેન્દ્ર-અશોકસુરિ સદ્‌ગુરુભ્યો નમઃ

# ઉપદેશ સપ્તતિકા

યાને

## દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વનું સ્વરૂપ

(અનેક ઉપદેશક કથાઓ સહિત)



પ્રસિદ્ધકર્તા
પં. ધર્મ-અશોક-ગ્રન્થ માળાવતી
શ્રી મુનિ સુવ્રતસ્વામી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
ભૂલાભાઈ દેસાઈ રોડ, કાંદીવલી વેસ્ટ ૪૦૦૦૬૭.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

પન્યાસ ધર્મ અશોક ગ્રન્થમાળા પુષ્પ ૧૧મું

પં. ધર્મ-સુરેન્દ્ર-અશોકચંદ્રસુરિ સદ્‌ગુરૂભ્યોનમો નમઃ

# ઉપદેશ સપ્તતિકા

યાને

## દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વનું સ્વરૂપ.

(અનેક ઉપદેશક કથાઓ સહિત)

પ્રસિધ્ધકર્તા

પં. ધર્મ-અશોક-ગ્રન્થ માળવાતી

શ્રી મુનિ સુવ્રતસ્વામી જૈન શ્વેતાંમ્બર મૂર્તિ પૂજક સંઘ

ભૂલાભાઈ દેસાઈ રોડ, કાંદીવલી વેસ્ટ ૪૦૦૦૬૭

પ્રસિધ્ધકર્તા—
ધર્મ-અશોક-ગ્રંથમાળા વતી
શ્રી કાંદીવલી જૈન શ્વે. મૂ. સંઘ
કાંદીવલી (વેસ્ટ)

પ્રત. ૧૦૦૦
ધર્મ સંવત ૫૩
સુરેન્દ્ર સંવત ૩૮
વિક્રમ સંવત ૨૦૪૩
વીર સંવત, ૨૦૧૩

કિંમત રૂા. ૨૫-૦૦

મુદ્રક :

ચીનુભાઈ મો. શાહ
મંગળપારેખનો ખાંચો,
શાહપુર અમદાવાદ-૧

## પૂ. પં. ધર્મવિજયજી ગણિવર્ય (ડહેલાવાળા)



જન્મ : વિ. સં. ૧૯૨૩ પોષ વદિ ૧૪,

દીક્ષા : વિ. સં. ૧૯૫૨ અષાઢ સુદિ ૧૩, સિદ્ધક્ષેત્ર

સ્વર્ગવાસ : વિ. સં. ૧૯૯૦, ચૈત્ર વદિ ૭, અમદાવાદ.

(ડહેલાનો ઉપાશ્રય)

# અનુક્રમણિકા


| નંબર | વિષય | | પૃષ્ટાંક |
|---|---|---|---|
| ૧ | પ્રથમ અધિકાર દેવતત્ત્વનું સ્વરૂપ. | (ચોવીસ ઉપદેશ) | ૧ |
| ૨. | બીજો અધિકાર તીર્થનું સ્વરૂપ. | (સત્તર ઉપદેશ) | ૬૭ |
| ૩. | ત્રીજો અધિકાર ગુરૂતત્ત્વનું સ્વરૂપ. | (પાંચ ઉપદેશ) | ૧૧૯ |
| ૪. | ચોથો અધિકાર ધર્મતત્ત્વનું સ્વરૂપ. | (બાર ઉપદેશ) | ૧૩૮ |
| ૫. | પાંચમો અધિકાર ગૃહસ્થધર્મનું સ્વરૂપ. | (સત્તર ઉપદેશ) | ૧૮૦ |

## શુભ કામના

શ્રી સોમધર્મ ગણિ વિરચિત આ ગ્રંથરત્ન "ઉપદેશ સપ્તતિકા"નું પ્રકાશન પરમ પૂજ્ય પંન્યાસ શ્રી ધર્મ વિજયજી જૈન ધર્મ–પ્રસારક ટ્રસ્ટ, પાટણ દ્વારા થઈ રહ્યું છે. તે અતિ હર્ષદાયક ઘટના છે.

શ્રી જિનશાસન એટલે જેનું બીજું નામ, સુદેવ, સુગુરુ અને સુધર્મની સમ્યગ્ ઉપાસના. જ્યાંસુધી આપણો આત્મા શ્રી અરિહંતાદિ દેવોનું સ્વરૂપ ન ઓળખે–સુગુરુની ઓળખ ન કરે. સુધર્મનું સાચું સ્વરૂપ ન સમજે ત્યાંસુધી તે મોક્ષ માર્ગ તરફ પ્રગતિ કરી શકતો નથી.

શ્રી અરિહંતોનો આપણા ઉપર મહાન ઉપકાર તેમનું સ્મરણ. તેમનું ધ્યાન. પૂજા સ્તવના અને તેના દ્વારા થતો આત્મિક અનુપમ લાભ આ બધી બાબતો દેવ તત્ત્વના અધિકારમાં કથા દ્વારા સમજાવવામાં અરિહંતદેવોના શાસનને તેમની આજ્ઞાને તેમના મહાન ધર્મને આપણા સુધી પહોંચાડનાર સદ્દગુરુદેવો છે. સુગુરુ આપણને મળે. તેમની અમૂલ્ય વાણી દ્વારા જો સદ્ધર્મની ઓળખ ન થાય તો સમ્યગ્ દર્શન પ્રગટે શી રીતે ? અને સમ્યગ્ દર્શનના અભાવમાં સમ્યક્ચારિત્ર કે સમ્યગજ્ઞાન પણ ઘટે આ રત્નત્રયીની આરાધના વિના ભવાટવી કેમ પાર પામે ?

આમ આ બધાના મૂળમાં અરિહંતોના ધર્મને આપણા સુધી પહોંચાડી આપણા સંસાર દુઃખ મટાડનાર અને શિવસુખ અર્પનાર ગુરૂતત્વ છે તેનું સુંદર સ્વરૂપ કથાઓ સહિત આ ગ્રંથ રત્નમાં સમજાવવા પ્રયત્ન કરેલ છે દેવ અને ગુરૂને ઓળખ્યા પછી તેમને બતાવેલા માર્ગનું આરાધન કરવામાં ન આવે તો સંસાર સાગર તરી શકાતો નથી શિવસુખ પામી શકાતું નથી.

શ્રી જિનોક્તિ આજ્ઞાઓનું યથાશક્તિ આરાધન આ છે ધર્મ તત્ત્વની ઉપાસના આ ધર્મતત્વને સમજાવવા ગ્રંથકારે સુંદર કથાનકો

દ્વારા આપણા સુધી ધર્મને પહોંચાડવા માટે પ્રયત્ન કરેલ છે.

જેને મોક્ષ મેળવવો હોય-સંસાર-સાગરથી છૂટવું હોય તેને આ ગ્રંથ વાંચવો જ રહ્યો.

શ્રી કાંદીવલી જૈન શ્વે. મૂ. સંઘે આ ગ્રંથ પ્રકાશનનો તમામ ખર્ચ ઉપાડી લઇ ઉત્તમ સત્કાર્ય કરેલ છે આ ગ્રંથ રત્નના વાંચન દ્વારા ભવ્યાત્માઓ દેવ ગુરૂ-ધર્મના સ્વરૂપને ઓળખે અને મુક્તિના મંગલ માર્ગે આગેકૂચ કરે એજ એક શુભેચ્છા

**લે. :- (ડહેલાવાળા) આ. અશોકચંદ્ર સૂ. મ. સા. ના**
**શિષ્ય પ્રવચનકાર મુનિ જયાનંદ વિ.**

# બે બોલ

**अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो ।**
**जिणपन्नत्तं तत्तं, इअ सम्मत्तं मए गहिअं ॥**

દુઃખનું કારણ સંસાર, સંસારનું કારણ કર્મબંધન અને કર્મબંધનનું કારણ રાગ-દ્વેષ.

દુઃખમાંથી છૂટવાનો ઉપાય રાગ-દ્વેષરૂપ કષાયોથી મુક્તિ કષાયમુક્તિનું અનન્યકારણ વીતરાગ દેવની ભક્તિ.

## વીતરાગદેવ

જગતના સર્વ જીવો દુઃખમાંથી સર્વથા મુક્ત બની પરમ સુખમાં આનંદ મગ્ન બને આવી સતત ભાવ કરુણાથી પુણ્ય પ્રકૃતિઓમાં અદ્વિતીય-અનુપમ એવું તીર્થંકર નામ કર્મ (તીર્થંકર થવાના પૂર્વના ત્રીજા ભવે) નિકાચિત (ગાઢ) રસથી બાંધી ચરમભવમાં જન્મથી અતિશયોથી શોભતા, દેવેન્દ્રો-ચક્રવર્તિ આદિથી પૂજિત, અદ્વિતીય પુણ્યશાલી એવા એ પુણ્યાત્મા અનાસક્તભાવે સંસારમાં રહી દીક્ષા પૂર્વે સાંવત્સરિક દાન આપી, સ્વયંદીક્ષા ગ્રહણ કરી સ્વસાધનાના બળે ઘાતિકર્મોનો ક્ષય કરી સર્વજ્ઞ-સર્વદર્શી બની જીવમાત્રના કલ્યાણના કારણરૂપ ધર્મશાસનની સ્થાપના કરનાર સર્વગુણ સંપન્ન અરિહંત દેવની ભક્તિ જિનાજ્ઞાના પાલન સાથે કરનાર ભક્ત રાગ-દ્વેષની અનાદિની ગાંઠને ભેદી નિર્મલ દર્શન પામી જીવન એવી રીતે જીવી શકે છે કે જેથી કર્મ બંધ અલ્પ થાય અને મુક્તિ ન મળે ત્યાં સુધી સદ્દગતિનો ભાગી બને.

## પંચમહાવ્રતધારી ગુરુ

અરિહંત પરમાત્માએ સુખના સાચા સાધન સ્વરૂપ બતાવેલ સર્વવિરતિ-ચારિત્રના માર્ગ ઉપર રહી સમ્યગ્દર્શન-જ્ઞાનગુણથી અલંકૃત, પંચેન્દ્રિયવિજેતા, પંચાચાર પાલક અને પાંચમહાવ્રતથી ભૂષિત

આઠ પ્રવચન માતાની રક્ષાપૂર્વક સ્વ–પરના કલ્યાણ માટે અરિહંતના શાસનની રક્ષા કરતા અને તેમના જ ઉપદેશને આપતા પૃથ્વીતળ ઉપર વિચરતા એવા ગુરુ ભગવંતો મહા મોહના–અંધકારમાં ફસાયેલા સંસારી જીવોને દિવ્યજ્ઞાન પ્રકાશ આપી અંધકારનો નાશ કરે છે. એ ગુરુ ભગવંતોને હૃદયની ભાવના અને ઉલ્લાસ સાથે વંદના કરનાર જિન શાસનાનુરાગી ભવ્યાત્મા દુઃસ્તર એવા સંસાર સાગરને સરળતાથી પાર કરી મુક્તિનગરમાં પહોંચી પોતાના સ્વપરૂમાં અનંતકાળ સ્થિર બને છે.

## વિતરાગ કથિત ધર્મ

કેવલ જ્ઞાન પામી તીર્થંકર નામ કર્મના વિપાકોદય વાળા પરમતારક અરિહંત દેવો ધર્મતીર્થની સ્થાપના દ્વારા જે શ્રુતધર્મ અને ચારિત્ર ધર્મનો ઉપદેશ આપે છે. તે અનાદિના મહામોહના ઝેરને ઉતારી પરમ અમૃત રસનું પાન કરાવી ભવ્યાત્માને અજર–અમર બનાવનાર ત્યાગ પ્રધાન ધર્મની એકાગ્રચિત્તે આરાધના કરનાર આત્મા તિર્યંચ–નરકગતિનાં અતિશય દુઃખોથી તાત્કાલિક છૂટી ધર્મપ્રભાવે ચારગતિ રૂપ સંસારથી છૂટી સિદ્ધિગતિમાં પરમ સુખમાં સદાકાળ મ્હાલે છે.

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય અશોકચન્દ્ર સૂરીશ્વરજી મ. સાહેબ (ડહેલાવાળા) ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી જયાનન્દ વિજયજીએ વિતરાગદેવ, પંચમહાવ્રતધારી ગુરુ અને વિતરાગ કથિત ધર્મરૂપ તત્ત્વત્રયીને પ્રસ્તુત પુસ્તકમાં કથાના માધ્યમથી બાળજીવોને સમજાવવાનો જે સુપ્રયાસ કર્યો છે તે અનુમોદનીય છે.

એકાગ્રચિત્તથી કથાઓનું વાંચન-મનન–અનુપ્રેક્ષા કરી સહુ કલ્યાણના ભાગી બનો એ મંગલકામના.

**વસંતલાલ મફતલાલ દોશી**

સં. ૨૦૪૨ આસો-સુદ–૧૪ ગુરુવાર

અધ્યાપક :
જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી
સં. પ્રા. ધાર્મિક ગોડીજી જૈન
પાઠશાળા–પાયધુની મુંબઈ – ૪૦૦૦૦૩

## શાંતમૂર્તિ પરમ પૂજ્ય આચાર્ય
## શ્રી. વિજય અશોકચંદ્રસૂરિજી મ. ની જીવન જ્યોત

કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની સાહિત્ય સાધનાની પુણ્યભૂમિ અને પરમાર્હંત શ્રી. કુમારપાલ મહારાજાની અહિંસાની અમરવેલની ફળદ્રુપ ભૂમિ અણહિલપુર પાટણ નજીક દેવગુરુ ધર્મના સંસ્કારી વાતાવરણથી ગૂંજતા સોહામણા ગામ સરિયદમાં શેઠ શ્રી. વીરચંદ મગનલાલભાઈ, આગેવાન શ્રાવક તરીકે પ્રસિધ્ધ હતા. તેમના ધર્મ પત્નિ શ્રીમતિ ઝબલબેન શ્રદ્ધા અને સંસ્કારોની ખાણ-સમા અહનિંશ ધર્મ આરાધનામય પવિત્ર જીવન વિતાવતા હતા.

વિક્રમ સંવત ૧૯૬૯ ના વર્ષમાં ભાદરવા સુદ ૧ ના પાવન દિવસે તેમનો જન્મ થયો હતો. ગામના દરેક મહાનુભાવોના અંતરમાં આનંદની લાગણી ઉભરાતી હતી. કારણ આ દિવસ પર્યુષણા મહાપર્વની અંતર્ગત શ્રમણ ભગવાન શ્રી. મહાવીર સ્વામીજીના જન્મ વાંચનનો પવિત્ર દિવસ હતો.

આ પુનિત દિવસે શ્રીમતિ ઝબલબેને સુંદર લક્ષણોથી સુશોભિત એક બાળકને જન્મ આપ્યો. આનંદમય વાતાવરણમાં વધારો થયો. પરિવાર જનોના દિલમાં વધુ ખુશી પેદા થઈ અને બાળકના સુંદર લક્ષણો જોતાં સૌ કોઈને આ બાળક ભવિષ્યમાં મહાન બનશે. એવી આશા દેખાઈ.

બાળપણમાં માતા પિતાના ઉત્તમ સંસ્કારો સેવા પૂર્વક અમૃતલાલ ગુજરાતી નિશાળમાં વ્યવહારિક શિક્ષણ લેવા લાગ્યા. બુદ્ધિનો ક્ષયોપશય સારો હોવાથી શાળામાં શિક્ષકો વિગેરેનો સ્નેહ સંપાદન કરી સાત ચોપડી સુધીનું શિક્ષણ પ્રાપ્ત કર્યું.

આ શિક્ષણ લેવા સાથે કિશોર અમૃતલાલના અંતરમાં ધાર્મિક શિક્ષણ લેવાની ઉત્કટ ભાવના પેદા થતાં તેઓને શ્રી. યશો વિજયજી

આ. શ્રી અશોકચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સા. (ડહેલાવાળા)



જન્મ : વિ. સં. ૧૯૬૯, ભાદરવા સુદિ ૧, સરીયદ

દીક્ષા : વિ. સં. ૧૯૮૭, કારતક વદિ ૧૧, પાટણ.

આચાર્યપદ : વિ. સં. ૨૦૨૩, વૈશાખ સુદિ ૬, ઓટાણા.

જૈન પાઠશાળા મહેસાણામાં ધાર્મિક શિક્ષણ–અધ્યયન માટે રોકાયા. ત્યાં પણ વિનય વિવેક પૂર્વક ધાર્મિક શિક્ષા ગ્રહણ કરતાં અમૃતભાઈએ ઉપધાન કર્યા. તેમના અંતરમાં સંસાર ત્યાગની પાવન મહેચ્છા જાગી. મોહગ્રસ્ત માતા પિતાને આની જાણ થતાં અમૃતભાઈને સંસારના બંધનોમાં બાંધવાના પગલા લેવા તેઓનું સગપણ ઘણી ઉતાવળથી કરી લીધું. આમ છતાં ભાઈશ્રી અમૃતલાલના અંતરમાં જે વૈરાગ્ય જ્યોત જાગી હતી. તે ઝાંખી પડવાને બદલે વધુ પ્રજ્વલિત બનતી ગઈ. વિ. સં. ૧૯૮૪ માં પાટણમાં પં.. ધર્મવિજય પાસે ઉપધાન કરીને માળ પહેરેલ. જેમાં ડહેલાના ઉપાશ્રયના પ્રકૃષ્ટ પ્રતિભાધારી પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી. ધર્મ વિજયજી મહારાજની સાથે સંપર્ક થતાં અસાર સંસારનો ત્યાગ કરી સાધુ જીવનના સ્વીકારની ભાવના ઘણી પ્રબળ બની. કિશોર અમૃતલાલની વય સગીર હતી. ભોગ સુખની લાલસાવાળા જગતને ત્યાગનો માર્ગ રૂચે નહિ. તે સ્વાભાવિક છે. જેથી કેટલાક બાળ દિક્ષાના વિરોધીઓ દ્વારા અમૃતલાલભાઈની દિક્ષા અટકાવવાના જોરદાર પ્રયત્નો થવા લાગ્યા. આમ છતાં સ્વ. પૂજ્ય પંન્યાસજી શ્રી. ધર્મ વિજયજી ગણિવરશ્રીના પટ્ટ વિભૂષક શિષ્યરત્ન પૂ. પંન્યાસજી શ્રી. સુરેન્દ્ર વિજયજી ગણિવર-શ્રીએ ઘણી હિંમતપૂર્વક પૂર્ણ આત્મ વિશ્વાસ સાથે પાટણમાં વિ. સં. ૧૯૮૭ કાર્તિક વદ ૧૧ ના શુભ દિવસે અમૃતભાઈને ભાગ-વતી દિક્ષા આપી. નામ મુનિરાજ શ્રી. અશોક વિજયજી આપી. પૂ. પં. શ્રી ધર્મ વિજયજી મહારાજના શિષ્ય તરીકે જાહેર કર્યા. દિક્ષા બાદ વિરોધીઓ તરફથી ઘણીજ પરેશાનીઓ ઉભી કરવામાં કોર્ટમાં કેસ પણ કરવામાં આવ્યો. તો પણ જૈન શાસનના અધિષ્ટા-યક દેવોના પ્રભાવે પૂ. પંન્યાસજીશ્રીના પ્રબળ પુણ્ય પ્રભાવે અને મુનિશ્રી અશોક વિજયજી મહારાજના દૃઢ મનોબળે બધા કષ્ટોને પાર કરી ઘણા આનંદ ઉમંગ સાથે સંયમ જીવનની સાધનાનો પ્રારંભ કરી દીધો.

મુનિશ્રીની દિક્ષા બાદ પોતાના ગુરુદેવશ્રી ત્રણ વર્ષબાદ નજીકમાંજ વિ. સં. ૧૯૯૦ ના વર્ષે કાળ ધર્મ પામ્યા. પરંતુ વડિલ ગુરૂ ભ્રાતા પૂ. પં. શ્રી. સુરેન્દ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીની શીતલ છાયામાં મુનિશ્રી. અશોક વિજયજીએ શાસ્ત્રોનું ગહન અધ્યયન કરી અપૂર્વ વિદ્વતા પ્રાપ્ત કરી.

શાંત સ્વભાવ દિનરાત જ્ઞાન ધ્યાનની પ્રવૃત્તિ અને વડિલોના વિનય વિવેકે સમુદાયના તેજસ્વી તારલા રૂપે સૌ કોઈના માનીતા બન્યા. વડિલ ગુરૂ ભ્રાતા પૂ. આ. શ્રી. સુરેન્દ્ર સૂરીશ્વરજી મહારાજશ્રીના કાળ ધર્મ બાદ તેઓશ્રીના શિષ્ય રત્ન આચાર્યશ્રી. વિ. રામ સૂરિશ્વરજી મહારાજે વિ. સં. ૨૦૦૯માં ઘણી ધામધૂમ પૂર્વક શ્રી. સંઘના આગ્રહથી ચાણસ્મા મુકામે ગણિપદ તથા પંન્યાસપદથી અલંકૃત બનાવ્યા.

પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રીની પ્રકૃત્તિ ઘણી સરળ અને સૌમ્ય સાથે સ્વયંની સાધનામાં લીન રહેવાની છે. "વર્તમાન યુગની વિશેષ ભાગ દોડથી દૂર રહી, આત્મ સાધનામાં સવિશેષ પ્રયત્ન કરવાની પ્રેરણા આપવા તરફ તેઓશ્રીનું લક્ષ્ય વધુ રહે છે.

જૈન સમાજના વિશાળ વર્ગમાં તેઓશ્રીના ઉત્તમ ગુણોના કારણે સારો પ્રભાવ વધ્યો. તેઓશ્રીની પ્રેરણાથી કેટલાય સ્થાનોમાં ઉજમણાં ઉપધાન પ્રતિષ્ઠા છરી પાલિત યાત્રા સંઘ આદિ ધાર્મિક કાર્યો દ્વારા શાસન શોભા વધી છે. વધુમાં તેઓને ધાર્મિક શિક્ષણ આપવા તરફ વિશેષ લક્ષ્ય હોવાથી સ્વ. પૂ. ગુરૂદેવ પંન્યાસજીશ્રી ધર્મ વિજયજી મહારાજશ્રીના નામે સરીયદ, ઉંદરા, ખીમાણા કંબોઈ આદિ સ્થાનોમાં પંન્યાસજી ધાર્મિક પાઠશાળા ધર્મ વિજયજી અશોકસૂરિ મહારાજશ્રીની પ્રેરણાથી ચાલે છે. અને સેંકડો બાળક–બાલિકાઓ ઉત્તમ સંસ્કારો સાથે ધાર્મિક જ્ઞાન પ્રાપ્ત કરે છે.

સરીયદમાં તો આજ દશ દશ વર્ષથી માસ્તર મનસુખલાલ મણીલાલ સેવા ભાવે ધાર્મિક શિક્ષણ તથા સંસ્કાર આપી રહ્યા છે. તે અનુમોદનીય છે.

આચાર્યશ્રીના વિદ્વાન શિષ્યો મુનિ મનક વિજયજી મહારાજ, મુનિ સ્વયંપ્રભ વિજયજી મહારાજ, મુનિ જયાનંદ વિજયજી મહારાજ, મુનિ કાન્તી વિજયજી મહારાજ, મુનિ ચંદ્રસેન વિજયજી મહારાજ, વિક્રમ વિજયજી મહારાજ જેવા શિષ્ય રત્નો પ્રાપ્ત થયા છે.

આ. શ્રીના ઉપદેશથી પાટણ ખેતરવસીમાં–પંન્યાસ રત્ન વિજયજી જૈન પાઠશાળા દોઢસો વર્ષથી ચાલુ હતી. તેને સારી મદદ અપાવીને સ્થિર કરી છે. અત્યારે આ. શ્રીના ઉપદેશથી તે પાઠશાળા ચાલે છે.

પૂજ્યશ્રીના શાસન પ્રભાવક ગુણોથી આકર્ષિત અનેક સંઘોએ ઘણા આગ્રહ પૂર્વક વિનંતી કરતાં વિ. સં. ૨૦૨૩ ને વૈશાખ સુદ. ૬ ના શુભ દિવસે ઉપા. શ્રી. ભુવન વિજયજી ગણિશ્વરના હસ્તે મહા મહોત્સવ સાથે આચાર્યપદ સમર્પિત કરવામાં આવ્યું. અને ત્યાર પછી પૂજ્ય શ્રી. આ. શ્રી. વિજય અશોકચંદ્ર સુરિજી મહારાજના નામે જૈન સમાજમાં આદરપાત્ર પ્રસિદ્ધિ પામ્યા. તેઓશ્રીના અંતરમાં મુખ્યત્વે ઉપકાર બુદ્ધિએ બીજાનાં કાર્યો તકલીફ ઉઠાવીને પણ કરી આપવાની ભાવના હોવાથી પંન્યાસજી શ્રી. રાજેન્દ્ર વિજયજીને આચાર્ય પદ તથા પં. શ્રી જીવન વિજયજીને ઉપાધ્યાય પદ આપ્યું.

આ. શ્રા. વિજય રાજેન્દ્ર સૂરિજીના શિષ્ય મુનિશ્રી વિમલ વિજયજીને શ્રી. ભગવતીજીના યોગોવદન કરાવી ગણિપદ આપ્યું.

ચાલુ સાલે ભવ્ય મહામહોત્સવ સાથે સ્વ પૂ. આ. શ્રી. સુરેન્દ્ર સૂરિશ્વરજી મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન મુનિરાજ શ્રી. યશોચન્દ્ર વિજયને ગણિ પંન્યાસ પદ ઉપાધ્યાય પદ તથા આચાર્ય પદ આપી

શાસન શોભામાં વધારો કર્યો. નિરંતર તપ ત્યાગ અને જ્ઞાન ધ્યાનની સાધનામાં મશગુલ રહેવા સાથે જૈન શાસનની પ્રભાવનામાં. પૂ આચાર્ય શ્રી. પ્રયત્નશીલ રહે છે.

પૂજ્ય શ્રી. થી પ્રતિબોધ પામી ઘણા મહાનુભાવોએ મુનિ, મનકવિ. મુનિ સ્વયં પ્રભાવ-મુનિ જયાનંદ વિજય, મુનિ કાન્તિ વિજય, મુનિ ચંદ્રસેન વિજય આદિએ ભાગવતી દિક્ષા અંગીકાર કરી છે. હાલ સેવાભાવિ મુનિશ્રી જયાનંદ વિજયજી મહારાજ, આચાર્યશ્રીની સેવામાં તત્પર રહી, જ્ઞાન ધ્યાનમાં આગળ વધી રહ્યા છે.

શાસન દેવ પૂજ્યશ્રીને દીર્ઘાયુષી બનાવો, પૂજ્ય શ્રી. મહાવીર પરમાત્માની શાસન સેવા કરવાનું સૌભાગ્ય આપે એજ શુભેચ્છા.

એજ ગુરૂદેવનો ચરણરેણુ **મુનિશ્રી જયાનંદ વિજયને કોટીશઃ વંદના.**

अर्हम्

શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ

॥ श्रीमत्सोमधर्मगणि विरचिता ॥

# ઉપદેશ સપ્તતિકા ગ્રંથ

श्रीसोमसुंदरगुरुज्ज्वलकीत्तिपूरः;
श्रीवर्द्धमानजिन एष शिवाय वःस्तात् ।
भव्या भवंति सुखिनो यदुदाहृतं श्री-
चारित्ररत्नममलं परिपालयंतः ॥१॥

શ્રી સોમ-પૂર્ણ ચંદ્રમા સમાન સુંદર-મનોહર અને ગુરૂ-અતિશય ઉજ્વળકીર્ત્તિના સમૂહયુક્ત એવ. શ્રીવર્ધમાન-સ્વામી તમારા કલ્યાણ નિમિત્તે થાઓ. જે ભગવંતના પ્રરૂપેલ નિર્મળ શ્રીચારિત્રરત્નને આરાધીને ભવ્યજનો સુખી થાય છે.' (આ શ્લોકમાં ગ્રંથકર્ત્તાએ 'श्रीसोमसुंदरगुरू' એવું પોતાના ગુરૂનું નામ અન્તર્ગત રાખેલ છે)

આ સમયના પ્રવર ક્રિયાવંત મુનિઓમાં જે હાલ એક ચક્રવર્ત્તી સમાન શોભે છે અને અનેક રાજાઓથી જેમના ચરણકમળ સેવ્યમાન છે એવા શ્રીરત્નશેખર ગુરૂરાજ જયવંત વર્ત્તો.

જે અલ્પબુદ્ધિવાળા જીવો અત્યંત વિસ્તૃત કથાઓમાં

અનાદર કરે છે, તેમના હિતને માટે સર્વ જનોપયોગી ઉપદેશ સપ્તતિકા ગ્રંથનો પ્રારંભ કરવામાં આવે છે,

દેવ, ગુરૂ અને ધર્મ–એ ત્રણ તત્ત્વો સમ્યક્ત્વ મૂળ કહેલા છે, તેનું સ્વરૂપ અવશ્ય જાણવું જોઈએ. તે સમ્યગરીતે ત્રણ પ્રકારે છે. તેમાં આ ગ્રંથમાં દેવતત્ત્વમાં બે અધિકાર ગુરૂતત્ત્વમાં એક અધિકાર અને ધર્મતત્ત્વમાં બે અધિકાર–એમ બધા મળીને પાંચ અધિકાર કહેવામાં આવશે. અહીં પ્રથમ અધિકારમાં પૂજા ચતુર્વિંશતિકા કહેવાની છે, બીજા અધિકારમાં કેટલાક તીર્થોની સ્તવના, ત્રીજા અધિકારમાં ગુરૂ સંબંધી વર્ણન અને ચોથા તથા પાંચમા અધિકારમાં દ્વિવિધ ધર્મ કહેવાનો છે. (અહીં ગ્રંથમાંની કહેવાયોગ્ય વસ્તુ દર્શાવીને હવે પ્રયોજન દર્શાવે છે) કારણ કે જિનેશ્વરગુણનું સ્મરણ, ધ્યાન, યાત્રા, ચૈત્યસ્તવ, અર્ચન, સદ્ધર્મ સાધન અને ગુરૂસેવા–વિગેરે ધર્મકૃત્યોથી સમ્યકત્વની સ્થિરતા થાય છે. મનુષ્યોને પ્રાયઃ કુટંબ, ધન, ધાન્ય, સુવર્ણ અને રત્નાદિક વસ્તુઓમાં વિવેક તરત સ્ફુરે છે, પણ સદ્દેવ, સદ્ગુરૂ અને સદ્ધર્મ તત્ત્વમાં તો કોઈક જનનીજ મતિ ઉલ્લસિત થાય છે. ગુણવંત જનોની પૂજા કરતાં મનુષ્યોને સર્વ પ્રકારની સંપત્તિઓ પ્રાપ્ત થાય છે અને તે ગુણો શ્રીજિનેશ્વર વિના સંપૂર્ણપણે કયાંય પણ નથી, માટે ભવ્યોએ જિનભગવંતની પૂજા કરવી યોગ્ય છે. જે જિનેશ્વરના જન્મ કલ્યાણકના અવસરે દેવતાઓ અને દેવીઓ બોલાવ્યા વિના આવીને મહોત્સવો કરે છે. જે જિનેશ્વરોની જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રમુખ અનુત્તર ગુણશ્રેણી અન્ય દેવો કરતાં કંઈ વિલક્ષણ રીતેજ જગતમાં વિદ્યમાન પણે વર્તે છે. કહ્યું છે કે—

"મસ્તક પર ત્રણ છત્ર, બંને બાજુ ચામરોની શ્રેણી

અને ચરણકમળ પાસે સેવા કરતા નવ ગ્રહો તેમજ ચૈત્યમાં એક સોઆઠ મંડપ દેશના માટે શ્રેષ્ઠ સમવસરણ અને ગમન કરતાં સુવર્ણના નવ કમળો–તેમજ આગળ દેદીપ્યમાન ધર્મ ચક્ર પૃષ્ઠ ભાગમાં ભામંડળ અને આકાશમાં સર્વોત્તમ ઇંદ્રધ્વજ–એ તમામ અન્ય દેવને જોવામાં આવતા નથી, પણ માત્ર તે જિનેશ્વરને જ હોય છે." વળી જગતને ચમત્કાર ઉપજાવે તેવા અતિશયો જેમને જયવંત વર્તે છે અને જેમને એક હજારને આઠ શ્રેષ્ઠ લક્ષણો સદા વિદ્યમાન વર્તે છે. કહ્યુ છે કે–

"ચાર અતિશય જેમને જન્મથી પ્રગટ થાય છે. અગ્યાર અતિશય કર્મનો ક્ષય થતાં પ્રગટ થાય છે અને ઓગણીશ દેવકૃત હોય છે–એ ચોત્રીશ અતિશયયુક્ત જિનેશ્વરને હું વંદન કરૂં છું."

**એ ચોત્રીશ અતિશયો વિસ્તારથી કહે છે:—**

જિનેશ્વરોનું શરીર અદ્ભુત રૂપ અને સુગંધ સહિત તથા રોગ, પ્રસ્વેદ અને મેલ રહિત હોય છે, શ્વાસ કમળ જેવો સુગંધી હોય છે, શરીરનું શોણિત (રૂધિર–લોહી) તથા માંસ ગોક્ષીર (દૂધ) જેવું ધવલ હોય છે અને આહાર તથા નીહારનો વિધિ ચર્મચક્ષુથી અદૃશ્ય હોય છે–એ ચાર અતિશયો જન્મથી પ્રગટ થાય છે. વળી એક યોજન માત્ર ક્ષેત્રમાં કરોડો ગમે માણસો દેવતાઓ અને તિર્યંચોનો સમાવેશ, મનુષ્યો, તિર્યંચો અને દેવતાઓ સર્વે પોતપોતાની ભાષામાં એક યોજન પર્યંત સાંભળી શકે તેવી વાણી, મસ્તકના પૃષ્ઠ ભાગમાં સૂર્યમંડળના તેજને હેરત પમાડે એવું સુંદર ભામંડળ તથા તે વિચરતા હોય ત્યાં સવાસો * યોજનમાં રોગ, વૈર

---

* ચારે દિશે પચવીશ પચવીશ યોજન અને ઉર્ધ્વ, અધો (ઉંચે નીચે) સાઢાબાર સાઢાબાર યોજન સુધી.

ઈતિ, મરકી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુર્ભિક્ષ તથા સ્વચક્ર અને પરચક્રથી ભય ન થાય–એ અગ્યાર અતિશયો ઘાતિકર્મનો ક્ષય થતાં એટલે કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં પ્રગટ થાય છે. તથા આકાશમાં ધર્મચક્ર, ચામરો, પાદપીઠ સહિત સિંહાસન, ઉજ્વળ છત્રત્રય, રત્નમય ધ્વજ, ચરણ સ્થાપનના સ્થાને સુવર્ણ-કમળો, ત્રણ મનોહર વપ્ર (કોટ-કિલ્લા), ચાર મુખ, ચૈત્યવૃક્ષ, અધોમુખવાળા કંટક, ચારે બાજુ નમસ્કાર કરતા વૃક્ષો, ઉંચા પ્રકારનો દુંદુભિનાદ, અનુકૂળ પવન, પ્રદક્ષિણા ફરતા પક્ષીઓ, સુગંધિ જળનો વરસાદ, વિવિધ વર્ણવાળા પુષ્પોની વૃષ્ટિ, મસ્તકના તથા દાઢી મૂછનાવાળની અવૃદ્ધિ, જઘન્યથી પણ એક કોટિ ચાર નિકાયના દેવતાઓનું પાસે રહેવું તથા ઇંદ્રિયોના વિષયોને ઋતુઓની અનુકૂળતા–આ દેવકૃત ઓગણીશ અતિશયોને પૂર્વના પંદર અતિશયો સાથે મેળવતાં ચોત્રીશ અતિશયો થાય છે. વળી જેમની વાણીમાં પાંત્રીશ અતિશયો પ્રકાશતા હોય છે તથા અષ્ટાંગયોગ તો જેમના તાદાત્મ્ય પ્રાપ્ત થયેલ છે. યથાસ્થિત વસ્તુને સ્થાપન કરવામાં તત્પર એવો જેમનો સ્યાદ્વાદમત અદ્યાપિ સિંહની જેમ જાગ્રત છે. લોકોમાં મંગલકાર્યના આરંભમાં જે ચોત્રીશ (૩૪) એવો અંક લખાય છે, તે સંખ્યાથી જિનેશ્વરના અતિશયોનો મહિમા સમજવો.

"આ પ્રમાણે જિનેશ્વરોના શ્રેષ્ઠ અતિશયોની સમૃદ્ધિને જે મનુષ્યો પ્રતિદિન પ્રભાતે સંભારે છે, તેઓ અત્યંત કલ્યાણના ભાજન થાય છે."

# બીજો ઉપદેશ

હે ભવ્યજનો ! જો તમારે મોક્ષે જવાની ઇચ્છા હોય, તો એક સમ્યક્ત્વનેજ પોતાના અંતરમાં સ્થિર કરો. બાહ્ય-ક્રિયાના બીજા આડંબરથી શું ? કારણ કે આયુકર્મ સિવાય બીજા સાત કર્મોની એક કોટાનુકોટી સાગરોપમ કરતાં કંઈક ન્યૂન સ્થિતિ રહે ત્યારે જે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને જે મોક્ષપ્રાપ્તિમાં એક જમાન (જામીન) રૂપ છે, તેમાં અનાદર શા માટે કરવો ? સર્વ સુખની એક ભૂમિરૂપ એવું સમ્યક્ત્વ શ્રાવકને બલાત્કારથી પણ આપવામાં આવે છે, કારણકે શ્રી વીરપરમાત્માએ કૃષીવલ (ખેડૂત) ને સમ્યકત્વપ્રાપ્તિ માટે શ્રી ગૌતમ પાસે તેનો પ્રયત્ન શું નહોતો કરાવ્યો ?

## કૃષીવલનું દૃષ્ટાંત

જંગમ કલ્પવૃક્ષ સમાન શ્રીમહાવીરે વિહાર કરતાં એકદા શ્રીગૌતમને કહ્યું કે—' હે વત્સ ! આ સામે જે બિચારો કૃષીવલ (ખેડૂત) દેખાય છે, તેને તારાથી મોટો લાભ થવાનો છે. માટે સત્વર જા.' પ્રભુની આ આજ્ઞાનો સ્વીકાર કરીને ગૌતમર્ષિ ત્યાં ગયા અને તે કૃષીવલને બોલાવ્યો કે—" હે ભદ્ર ! તને શાંતિ છે ? આ હળ હાંકીને શા માટે વૃથા પાપનો ભાર ઉપાડે છે ? આ બિચારા દુર્બળ બળદોને સતાવ નહિ, એક પાપી કુટુંબના પોષણ માટે આત્માને અનર્થમાં કેમ નંખાય ? માટે સંયમરૂપ નૌકાનું આલંબન લઈને સંસાર સાગરથી પાર ઉતર " આ પ્રમાણે તેમના વચનામૃતથી સંસિક્ત (સિંચિત) થયેલ તે કૃષીવલ દવદગ્ધ

વૃક્ષની જેમ પ્રેમથી ઉલ્લસિત થયો અને શ્રી ગૌતમને તે આ પ્રમાણે કહેવા લાગ્યો કે—"હે ભગવન્! હું અત્યંત નિર્ધન બ્રાહ્મણ આ પાસેના ગામમાં રહું છું જાણે સાક્ષાત્ પાપની શ્રેણીઓ હોય તેવી મારે સાત કન્યાઓ છે, અને વજ્રાગ્નિ સદૃશ મારી પત્ની છે, તેનાથી દગ્ધ થયેલા એવા મારે શું કરવું? કારણ કે દુઃખે પૂરી શકાય એવા આ ઉદર પૂરવાને માટે મૂઢ જનો શું નથી કરતા? હવેથી તમે જ મારા ભ્રાતા, માતા યા પિતા છો. જે તમે ફરમાવો તે હું કરૂં. આપના વચનને અન્યથા કરનાર નથી." પછી ગૌતમસ્વામીએ તેને સાધુવેશ આપ્યો અને તેણે પણ તે વખત તે વેષ તરત સ્વીકારી લીધો. એટલે ગૌતમર્ષિ તેને સાથે લઈને આનંદપૂર્વક વીર પ્રભુ પાસે ચાલ્યા. એટલામાં તે કહેવા લાગ્યો કે—'હવે તમે કયાં જાઓ છો? ગૌતમ ગુરૂએ કહ્યું કે—'જ્યાં મારા ગુરૂ છે. ત્યાં આપણે જઈએ.' એટલે તે બોલ્યો કે—'આપ પૂજ્યના પણ જે પૂજ્ય હશે, તે કેવા હશે?' પછી શ્રી ગૌતમે તેની પાસે જીનેશ્વરના ગુણોનું વર્ણન કર્યું તેથી અને વિશેષરીતે તો જિનેન્દ્ર ભગવંતની સમૃદ્ધિ જોવાથી તેણે સમ્યકત્વ ઉપાર્જન કર્યું.

પછી અનુક્રમે આવતાં પર્ષદા સહિત વીરને જેવામાં તેણે જોયા, તેવામાં તેના હૃદયમાં કંઇ અતિ દારુણ દ્વેષ ઉત્પન્ન થયો એવામાં ગૌતમસ્વામીએ તેને કહ્યું કે—'હે ભદ્ર! શ્રીજિનને વંદન કર' તે બોલ્યો કે—'જો આ તમારા ગુરૂ હોય, તો મારે તમારૂં કંઇ પ્રયોજન, નથી આ વેષ લ્યો હું ચાલ્યો જઈશ. હવે હું તમારો પણ શિષ્ય નથી.' એમ કહી વેષનો ત્યાગ કરી મુઠી વાળીને તે નાસી ગયો. એટલે તેનું તેવા પ્રકારનું ચેષ્ટિત જોઈને ઇંદ્રાદિક સર્વે હસવા લાગ્યા.

કે, 'અહો ! ઇંદ્રભૂતિએ બહુ સારો શિષ્ય મેળવ્યો, 'પછી કંઇક લજ્જિત મનથી શ્રી ગૌતમે વીરપ્રભુને પૂછ્યું કે-' હે ભગવન્ ! આ શું કરાવ્યું ? સત્ત્વ તત્વ સમજાવો. એટલે પ્રભુ બોલ્યા કે, 'હે વત્સ ! અર્હંતગુણોના ચિંતનથી એણે ગ્રંથિભેદ કર્યો એ તને લાભ થયો અને એનો મારી ઉપર જે દ્વેષ થયો તે વૃતાંત સાંભળ-

'પૂર્વે પોતનપુરમાં પ્રજાપતિ રાજાનો પુત્ર ત્રિપૃષ્ઠ નામે હું વાસુદેવ હતો તે વખતે અશ્વગ્રીવ રાજા પ્રતિ વાસુદેવ હતો. એકદા નિમિત્તજ્ઞે તેને કહ્યું કે તમારૂં મરણ ત્રિપૃષ્ઠના હાથથી થશે, ત્યારથી તે ત્રિપૃષ્ઠની ઉંપર અત્યંત દ્વેષ ધરવા લાગ્યો અને તેને મારવાને માટે ઉપાય કર્યા, પરંતુ તે બધા નિષ્ફળ થયા.

એકદા કોઇ બલોત્કટ સિંહ તેના શાલિક્ષેત્રમાં ઉપદ્રવ કરતો હતો, પણ તેને મારવાને માટે કોઇ સમર્થ થયો નહિ. એટલે મુખ્ય રાજાની આજ્ઞાથી બીજા રાજાઓ વારા પ્રમાણે તે ક્ષેત્રનું રક્ષણ કરતા હતા. એક દિવસે તે પ્રજાપતિ રાજાનો વારો આવ્યો, એટલે પોતાના પિતાને અટકાવીને એક વેગ શાળી રથપર બેસીને સારથિ સહિત ત્રિપૃષ્ઠ ત્યાં રક્ષણ કરવાને ગયો ત્યાં તેણે સિંહને બોલાવ્યો કે તરત જ તેની સામે દોડયો કારણ કે સિંહ શું મનુષ્યોનો રેકાર (તિરસ્કાર) સહન કરે ? એવામાં તેના બે ઓષ્ઠને વિદારી શુક્તિના સંપુટની જેમ દ્વિધા કરીને મહા પરાક્રમી ત્રિપૃષ્ઠે તેને અર્ધમૃત (અધમુઓ) કરી મૂકયો. તે વખતે પાસે રહેલા વ્યંતર દેવોએ જય જય શબ્દનો ઉચ્ચાર કર્યો. પણ 'અહા ! હું એક પુરૂષમાત્રથી મરાયો.' એમ ચિંતવતો સિંહ પોતાને નિંદવા લાગ્યો. તે વખતે સારથિ તેને મધુર વાણીથી શાંત

કરવા લાગ્યો કે–" હે વનરાજ! આ સામાન્ય પુરૂષ નથી પણ એ વાસુદેવ થવાનો છે. તું પુરૂષેન્દ્રના હાથથી મરાયો છે, માટે ખેદ શાને કરે છે? કારણ કે મનુષ્યલોકમાં આ સિંહ છે. અને તિર્યંચોમાં તું સિંહ છે." આ પ્રમાણે તેની વાણીથી શાંત થયેલો સિંહ સમાધિપૂર્વક મરણ પામ્યો.

હવે સંસારસાગરમાં ભમી ભમીને તે ત્રણે અનુક્રમે ત્રિપૃષ્ઠનો જીવ હું વીર થયો, સિંહનો જીવ કૃષીવલ થયો. અને સારથિનો જીવ તું ગૌતમ થયો. ખરેખર એ બધું સંસારનું નાટક છે. તે પૂર્વે એને મધુરવાણીથી પ્રસન્ન કર્યો અને મેં બિચારાને મારી નાંખ્યો, તેથી આ સ્નેહ અને વૈરના સંસ્કારો ઉદય આવ્યા.

" એ કૃષીવલ અર્ધ પૂદ્ગલપરાવર્ત્તમાં મોક્ષે જશે. તારાથી એ બે ઘડીવાર સમ્યક્ત્વ પામ્યો, માટે હે ગૌતમ! તારી પાસે એ પ્રયત્ન કરાવ્યો." આ વ્યતિકર સાંભળીને ઇંદ્ર પ્રમુખ સમ્યક્ત્વમાં દૃઢ થયા. માટે હે ભવ્યજનો! તમે પણ તે સમ્યક્ત્વને ચિરકાળ પર્યંત તમારા મનોમંદિરમાં સ્થાપન કરો.

●

# ત્રીજો ઉપદેશ

જે પ્રાણીઓ વીતરાગનું સ્મરણ કરવામાં એક તાન લગાવે છે. તેઓ જેમ અંબિકા રૈવતાચલસ્વામી શ્રીનેમિનાથનું સ્મરણ કરતાં તે દેવી થઈ તેમ સુખના ભાજન થાય છે.

## અંબિકાનું દૃષ્ટાંત

સૌરાષ્ટ્ર દેશમાં **કોટીનાર** નામના નગરમાં એક **સોમભટ્ટ** નામનો પ્રખ્યાત દ્વિજપુંગવ (બ્રાહ્મણવર્ય) હતો. તેને **દેવશર્મા** વિપ્રની પુત્રી, અભંગ અને રમ્ય આકૃતિવાળી તથા વિનયશીલ એવી **અંબિકા** નામની ભાર્યા હતી. પરંતુ તે અંબિકા શીલ-સંપન્ન પરમ શ્રાવિકા હતી, તેથી તે બંનેની પ્રીતિ પરસ્પર અત્યંત મદ થવા લાગી તથાપિ તે વિપ્રની સાથે ભોગસુખ ભોગવતાં તેને **શુભંકર** અને **વિભંકર** નામના બે પુત્ર થયા. એકદા કોઈક પર્વના દિવસે ભોજન તૈયાર થતાં અંબિકાની સાસુ બહાર ગઈ એટલે ઘેર તે એકલી જ હતી. એવા અવસરમાં બે સાધુ ત્યાં આવ્યા એટલે તે પુણ્યવતીએ પોતાની ઇચ્છા પ્રમાણે તે (તૈયાર કરેલ અશનાદિક ભક્તિપૂર્વક તેમને વહોરાવ્યું કહ્યું છે કે—

**"उत्तमपत्तं साहू मज्झिमपत्तं तु सावया भणिया ।**
**अविरयसम्मद्दिट्ठि, जहन्नपत्तं मुणेयव्वं" ॥१॥**

"ઉત્તમ પાત્ર સાધુ મધ્યમ પાત્ર શ્રાવક અને જઘન્ય પાત્ર તે અવિરત સમ્યગ્દૃષ્ટિ જાણવા." વળી રસને ઝરતા મધપુડાને જોઈને **ધનપાલ** પંડિતે ભોજરાજાને કહ્યું કે—' 'જ્યારે પાત્ર હોય, ત્યારે વિત્ત ન હોય અને જ્યારે વિત્ત હોય, ત્યારે પાત્ર ન હોય, આવા પ્રકારની ચિંતામાં પડેલો આ મધપૂડો જાણે અશ્રુપાત કરી રૂદન કરતો હોય એમ મને લાગે છે," તેમજ વળી—' મધુક (મહુડાનું) વૃક્ષ ફલોદય છતાં પત્ત (પત્ર યા પર્ણ) રહિત હોવાથી તે જાણે રૂદન કરતું હોય એમ ભાસે છે. ખરેખર! અભવ્ય જીવો દાનનો અવસર પ્રાપ્ત કરી શકતા નથી. પત્ત (પર્ણ) રૂપ શરીરવાળા

જે વૃક્ષો ફળે છે, તે આમ્રવૃક્ષ સમાન છે, અને પત્ત (પાત્ર-વાપર્ણ) રહિત થઇને જે ફળે છે, તે મહુડાનાં વૃક્ષ જેવા છે.

પછી તેની સાસુના આવતાં જ કોઈક પાડોશણે અંબિકાનો બધો વૃતાંત તેને તરત જણાવી દીધો. એટલે તે અંબિકા પર રોષ લાવીને આ પ્રમાણે તેની નિભ્રંછના કરવા લાગી:–'અરે પાપે! આ તેં શું કર્યું. મારું ઘર અભડાવ્યું અને બધું ધાન્યનષ્ટ કર્યું માટે મારા ઘરથી બહાર નીકળ! આ પ્રમાણે તેને નિંભ્રછના કરી, એટલે પોતાના બે નાના બાળકને લઇને મરણનો નિશ્ચય કરી ગુપ્તરીતે તે ઘરની બહાર નીકળી ગઇ. એવામાં ઉજ્જયંતના સ્વામી શ્રીનેમનાથના ધ્યાનમાં લીન થયેલી અંબિકા પાસે તૃષાતુર થયેલા તેના બે પુત્રોએ પાણી માગ્યું. એટલે પોતાના શીલના પ્રભાવે પગથી પૃથ્વીને વિદારીને નિર્મળ જળ કહાડી તેણે પોતાના પુત્રોને પાયું અને એજ પ્રમાણે પોતાના શીલના જ પ્રભાવિત ફલિત આમ્રવૃક્ષ ઉત્પન્ન કરીને. ભૂખ્યા બાળકોને આમ્રફળ ખવરાવીને સારી રીતે તૃપ્ત કર્યા.

હવે ઘેર આવીને સોમભટ્ટ વિપ્રે પોતાની ભાર્યાને ન જોવાથી માતાને પૂછયું કે—તે કયાં ગઇ છે.?' એટલે મનમાં બહુ જ ખેદ લાવીને તેણે મૂળથી તેનું સ્વરૂપ પોતાના પુત્રને કહી સંભળાવ્યું. આથી તે વિપ્ર અન્નના પાત્ર જેટલામાં ઉઘાડીને જુએ છે, તેટલામાં તે બધાં અન્નથી ભરેલાં જોઈને અત્યંત આશ્ચર્ય પામી પશ્ચાતાપ કરતો તે તત્કાળ તેના જ માર્ગે તેનો આનુપદિક (પાછળ ચાલનાર) થયો. મારૂં એ સ્રીરત્ન કયાં હશે'' એ પ્રમાણે વારંવાર વિચાર કરતાં બહુ જ ઉતાવળથી ચાલતા આગળ તે પોતાની પ્રિયા તેના જોવામાં આવી. એટલે મોટે સાદે 'હે પ્રિયે! તું જામાં

હું તને કંઇ પણ હરકત નહિ કરૂં.' એવા શબ્દોથી જેટલામાં તે બોલાવવા લાગ્યો, તેટલામાં પાછળ આવતા તેને જોઇને અંબિકાએ પણ વિચાર કર્યો કે-' વિશ્વાસનો ઘાત કરનાર એ મારી કદર્થના કરીને મન અવશ્ય મારશે.' એમ ધારીને શ્રીનેમનાથનું શરણ લઈ બંને પુત્રો સાથે તે ઉત્સુકતા સહિત કૂવામાં પડી. 'દેવી ! આ તે શું પામરના જેવું કામ કર્યું.' એ પ્રમાણે બોલતો તે ભટ્ટ પણ ક્ષણવાર રહીને તેજ કૂવામાં પડયો. પછી અંબિકા શ્રીનેમિનાથના શાસનમાં વિઘ્ન વારનારી અને રક્ષા કરનારી વ્યંતરી થઇ અને ભટ્ટ તેનું વાહન થયો. તેની આજ્ઞાથી સિંહનું રૂપ કરનાર એવા તેની ઉપર આરુઢ થઇને પોતાના મસ્તક પર જિનમૂર્તિ રાખી તે યથેચ્છ ક્રીડા કરવા લાગી. આ બોધદાયક સંબંધ કઈંક બહુશ્રુતિ પાસેથી સાંભળીને અને કંઈક પ્રબંધાદિકમાં જોઈને લખવામાં આવ્યો છે.

"આ પ્રમાણે જિનધ્યાનમાં તત્પર એવી અંબિકાનું ચરિત્ર સાંભળીને હે વિવેકી ભવ્યજનો ! સદા જિનધ્યાનમાં તત્પર થાઓ."

●

# ચોથો ઉપદેશ

જેઓ શ્રીજિનાર્ચનરૂપ અભિગ્રહને સંકટપતિત થયા છતાં તજતા નથી, તે ભવ્યો પૂર્વે ધનદની જેમ ધર્મકર્મમાં રક્ત થઈ સુખી થાય છે.

## ધનદશ્રેષ્ઠીનું દૃષ્ટાંત

પૂર્વે શંખપુરમાં કુબેર જેવો ધનવાન રાજાને માનનીય અને ઉત્કૃષ્ટ સંપત્તિઓનું પાત્ર એવો ધનદ નામે શેઠ હતો. તેને અનુક્રમે ત્રણ વર્ગના આરાધનથી પ્રાપ્ત થયેલ સાંગોપાંગ મહોદય સમાન અને બુદ્ધિશાળી એવા ચાર પુત્રો થયા. પછી ન્યાયોપાર્જિત ધનને સફલ કરવા તૈયાર થયેલો તે શેઠ એક મોટું જિનમંદિર ત્યાં બંધાવવા લાગ્યો. તથા કુટુંબનો ભાર પોતાના પુત્રોને સોંપીને તે ત્રિકાલ જિનપૂજા બે વાર પ્રતિક્રમણ વિગેરે આર્હંત ધર્મનું આરાધન કરવા લાગ્યો.

હવે અભાગ્યના વશથી મંદિર બંધાવતાં તેનું ધન તૂટયું, પરંતુ હૃદયમાં જિનધર્મપરનો તેનો ભાવ તો લેશ પણ ઓછો થયો ન હતો. કિંતુ તુચ્છ સ્વભાવવાળા તેના પુત્રો ધર્મની હીલના કરતા કહેવા લાગ્યા કે—'ધર્મથીજ આપણું ધન ગયું.' આ પ્રમાણે બોલતા પુત્રોને તે સમજાવવા લાગ્યો કે-'હે વત્સો ! આવું વચન તમારે કદાપિ ન બોલવું. કારણ કે લોકમાં પણ સંભળાય છે કે' આખર ધર્મે જય.' પછી નિર્ધનતાથી કંટાળીને તથા કંઈક માન ભંગના ભયથી તે કોઇક શાખાપુરમાં ગયો. ત્યાં પણ તેણે ધર્મનું આરાધન તો ચાલુ જ રાખ્યું. અને દરરોજ સવારના ગમનાગમન કરતાં તે પોતાના પ્રસાદ (જિન ચૈત્ય)ની સંભાલ રાખતો અને ચૈત્યને ન ઈચ્છતા એવા પોતાના પુત્રોની પણ તે કાળજી રાખવા લાગ્યો.

એકદા ચાતુર્માસીના દિવસે ચૈત્ય તરફ આવતા તે શેઠને એક માલણે ચાર સરવાળો એક પુષ્પોનો હાર આપ્યો. એટલે શેઠ બોલ્યો કે-'ધન વિના હું આ શી રીતે ગ્રહણ કરૂં ?' તે માલણ બોલી કે-'હે શેઠ ! આ તમે શું બોલો છો ?

કારણકે આ બધું તમારું જ છે. હવે દેવ ! તમારા કોળીયાથી જ ઉછરીને મોટી થઈ છું. માટે તમારા સંતાન સમાન છું. તો અહીં પારકું શું છે?' આ પ્રમાણે કહીને તે માલણે તેને હાર આપ્યો. એટલે તે લઈને બહુજ પ્રમોદપૂર્વક જિનભગવંતની પૂજા કરીને તે પ્રતિમા આગળ બેઠો અને ગુરૂમહારાજે આપેલ મંત્રના સ્મરણમાં તે જેટલામાં એકાગ્ર મનવાળો થઇ બેસતો હતો, તેવામાં કોઈક દેવ આગળ આવીને બોલ્યો કે-'હે ભદ્ર ! હું શ્રીઋષભપ્રભુનો કપર્દી નામનો યક્ષ સેવક છું. માટે જે કાંઇ તારી નજરમાં આવે તે માગ.' શેઠ બોલ્યો કે-'મારે ધનની તેવી કોઇપણ પ્રકારની સ્પૃહા નથી, છતાં પુત્રોની ધર્મમાં સ્થિરતા થાય, માટે કંઇક યાચના કરૂં છું. જો આપ મારાપર પ્રસન્ન થયા હો, તો આજે મેં નિર્વ્યાજ (ચોખ્ખી) ભક્તિથી કરેલ જિનપૂજાનું મને ફળ આપો.' દેવે કહ્યું કે-"એ પૂજાનું ફળ આપવાને દેવેંદ્ર પણ સમર્થ નથી. એ પૂજાના ફળમાં ત્રણે લોકનુ રાજ્ય આપવામાં આવે, તોપણ એક તૃણમાત્ર છે. જિનેંદ્રપ્રભુની કરેલ એક પુજા પણ ગમે તેવી દુર્લભ વસ્તુઓને પણ સુલભ કરી દે છે, કારકે કલ્પલતાને અદેય (ન અપાય એવું) શું છે ? અને યોગીઓને અગમ્ય શું છે ? તેમ છતાં મેં ભેટ કરેલા તમારા ઘરના ચારે ખુણામાં દ્રવ્યથી ભરેલા સુવર્ણના કળશો તમને મળશે. આ તો ખરેખર એક પુષ્પમાત્રનું ફળ છે, એમ સમજજો. કારણ કે વીતરાગની પૂજા મોક્ષસુખોને પણ આપે છે."

આ પ્રમાણે કહીને તે દેવ અદૃશ્ય થઇ ગયો એટલે શ્રેષ્ઠીએ પોતાના ઘરે આવીને પુત્રોને કહ્યું કે-'હે વત્સો ! તમે ધર્મનો શા માટે ત્યાગ કરો છો ?' એટલે અવિધેય (ન

કરવા લાયક) આશ્રયવાળા એવા તે ક્રોધથી રાતા બનીને કહેવા લાગ્યા કે-'અરે ઘરડો છતાં તું મૂર્ખ જ રહ્યો, હવે અમને શા માટે વારંવાર સતાવે છે ? જો ફળ જોવામાં ન આવે તો વ્યવસાયમાં પણ માણસો ઉત્સાહ કરતા નથી, તો સંદિગ્ધ (શંક્તિ) ફળવાળા ધર્મમાં કયો વિચક્ષણ પુરુષ પ્રયત્ન કરે ?' પછી પુનઃ શ્રેષ્ઠીએ તેમને કહ્યું કે-'અરે મૂર્ખ પુત્રો ! રોપેલ વૃક્ષ પણ વખત જતાં ફળ આપે છે, પણ તરત ત ફળ આપી શકતું નથી, તો આ ધર્મ કરતાં પણ શીઘ્ર ફળ તો શી રીતે મળે ? છતાં હવે જો એક પખવાડીયામાં ફળની પ્રાપ્તિ થાય, તો તમારે ધર્મ સેવવો, અન્યથા નહિ.' આ પ્રમાણે પોતાના તાતની વાણી સાંભળીને તેઓ કંઈક ધર્મનો ઉદ્યમ કરવા લાગ્યા.

એકદા શ્રેષ્ઠીએ પુત્રોને કહ્યું કે-'હે વત્સો ! આજે આ ચાર ખુણાઓમાં ખોદીને શ્રીધર્મનું ઉજવલ ફળ જુઓ; આ પ્રમાણે સાંભળીને તેઓએ તેમ કર્યું એટલે ત્યાં સુવર્ણ અને રત્નોથી ભરેલા જાણે સાક્ષાત્ પોતાના પુણ્ય હોય, તેવા સુવર્ણના કળશો તેમના જોવામાં આવ્યા. પછી સુવર્ણ કળશોની પ્રાપ્તિથી પ્રસન્ન થયેલા તેઓ અત્યંત સ્થિર ચિત્તથી ધર્મનું બહુમાન કરવા લાગ્યા. એટલે શ્રેષ્ઠી પોતાના પુત્રોસહિત પુનઃ પોતાને નગરે આવ્યો અને પ્રાંતે વ્રત અંગીકાર કરીને અનુક્રમે તે સુગતિને પામ્યો.

**एवं श्रीवीतरागस्य पूजां कुरुत भोजनाः ।**
**यथा मोक्षसुखश्रीणां युयं भवथ भाजनम् ॥१॥**

"આ પ્રમાણે હે ભવ્ય જનો ! શ્રીવીતરાગ પ્રભુની પૂજામાં પરાયણ (સાવધાન) થાઓ, કે જેથી મોક્ષ સુખની લક્ષ્મીના તમે ભાજન થાઓ.

# પાંચમો ઉપદેશ

હે ભવ્ય જનો! જિનપૂજાની જેમ આઠ ભાઈઓ મહર્દ્ધિ પામી અષ્ટ કર્મોને છેદીને મોક્ષલક્ષ્મી પામ્યા, તેમ તેમ જિન ભગવંતની અષ્ટ પ્રકારી પૂજા કરો, કે જેથી અષ્ટ સિદ્ધિ સિદ્ધિ થાય,

## આઠ ભાઈઓની કથા

મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામના વિજયમાં પુંડરીકિણી નામે નગરી છે. ત્યાં વરસેન નામનો રાજા હતો. વિનયી, નયી (ન્યાયવાન્) અને પરાક્રમી એવો તે રાજા પોતાના ભુજબળથી ષટ્ખંડથી મંડીત વસુધાને સાધીને સમ્રાટ (ચક્રવર્તીરાજા) થયો. એકદા ત્યાં સુયશા નામે તીર્થંકર પધાર્યા. એટલે તેમની દેશના સાંભળવાને ચક્રવર્ત્તી પણ ત્યાં ગયો. ભગવંતે આ પ્રમાણે દેશના આપી કેઃ—

"હે ભવ્ય જનો! જ્યાં સુધી કાલરૂપ સર્પ જાગ્યો નથી, જ્યાં સુધી આ કામદેવ રૂપ સિંહ (સુખે) સૂતો છે. અને મોહરૂપ રાત્રિ જ્યાં સુધી વિવેકથી આચ્છાદિત છે, ત્યાં સુધી આ સંસાર અટવીમાંથી સાવધાન બની બહાર નીકળી જાઓ.' એવા અવસરમાં સર્વ કરતાં અધીક તેજસ્વી અને પોતાની પ્રભાથી ભૂમીતલને ભૂષીત કરતા એવા કોઇ આઠ દેવતાઓ ત્યાં આવ્યાં અને ધર્મ દેશનાને અંતે શ્રીજિનની આગળ બત્રીશ ભેદની રચના પૂર્વક નાટક કરીને તેઓ ભગવંતને પૂછવા લાગ્યા કે–'હે સ્વામીન્! અમને મોક્ષની પ્રાપ્તિ ક્યારે થશે? તથા અમે પૂર્વભવમાં શું પુણ્ય કર્યું કે જેથી અમે આવા તેજસ્વી થયા? હે પ્રભો! તે અમને

કહો.' તે વખતે તેમના પૂર્વ ભવાદિક સાંભળવાને વરસેન સમ્રાટ પણ ઈચ્છતો હતો, તેથી ભગવંતના મુખથી કહેવાતી તેમની કથા આ પ્રમાણે તે સાંભળવા લાગ્યો:-

પૂર્વે ધાતકીખંડમાં મહાલય નામના એક શ્રેષ્ઠ નગરમાં સુદત્ત નામનો શેઠ હતો. તેની રૂક્મિણી નામની પત્ની હતી. તે દંપતીને **ધન, વિમલ, શંખ, આરક્ષ, વરસેનક, શિવ, વરૂણ** અને **સુયશા** એ નામના આઠ પુત્રો હતા.

એકદા આચાર્ય મહારાજના વ્યાખ્યાનમાં અષ્ટપ્રકારી પૂજાનું ઉત્તમ ફળ તેમણે બહુજ આનંદપૂર્વક નીચે પ્રમાણે સાંભળ્યું;-'શ્રેષ્ઠ ગંધ ધૂપ, ચંદન અક્ષત, કુસુમ, પ્રવર દીપ, નૈવેદ્ય ફળ અને જળ-એ પ્રમાણે જિનપૂજા આઠ પ્રકારે કહેલ છે. જે પ્રાણી વીતરાગ જિનેંદ્રની ત્રિકાલ પૂજા કરે તે પ્રાણી તેજ ભવે સિદ્ધ થાય અથવા તો સાતમે કે આઠમે ભવે સિદ્ધ થાય.' ઇત્યાદિ દેશના સાંભળીને તે આઠે ભાઈઓએ સાથે સલાહ કરીને પૂજાના એક એક ભેદનો સ્ફુટ રીત નિયમ લીધો. તેમાં પવિત્રાત્મા એવો પ્રથમ ભાઈ પ્રાતઃકાળે શ્રીજિનના અભિષેકને માટે પોતાનાં ચિત્તના જેવું નિર્મળ જળ લાવે. બીજો કેસર સાથે વાટી અને કપૂરથી સુવાસિત કરીને સુવર્ણ વાટકીમાં ચંદન લાવે. ત્રીજો ભાઇ કર્પૂર. અગર કક્કોલ, કસ્તૂરી અને સિલ્હકાદિક ધૂપની સમગ્ર સામગ્રી પ્રીતિ પૂર્વક તૈયાર કરે. ચોથો ભાઇ શાલિ, ગોધૂમ પ્રમુખ ઉજ્વલ કાંતિવાળા અક્ષતો અક્ષત સુખની ઇચ્છાથી દેવની પાસે ઢોકે, જૂહારે. પાંચમો ભાઈ ગણગણાટ કરતા ભ્રમરવાળા એવા ચંપક, અશોક, પુન્નાગ, શતપત્ર તથા કમળાદિક પુષ્પોથી પૂજા રચે. છઠ્ઠો ભાઈ જાણે પોતાના વિસ્તૃત અજ્ઞાનના સમૂહને દૂર કરવા ઈચ્છતો હોય તેમ તે ઘૃતપૂરિત દીવો કરે. સાતમો

ભાઈ નાના પ્રકારના પકવાન્ન પરમાન્ન વિગેરે મૂકીને નિત્ય પોતાના આત્માને કૃતાર્થ કરે અને આઠમો ભાઈ બીજોરાં, જંબીર, સોપારી, શ્રીફળ વિગેરે ફળો ધરે. આ પ્રમાણે મધ્યાહ્ન સમયે એક એક ભેદથી અષ્ટપ્રકારી પૂજા કરતા તેઓ સ્વપરના સમ્યકત્વને નિશ્ચલ કરવા લાગ્યા. નિરંતર આ અભિગ્રહ પાળતાં તેમના પચીશ લાખ પૂર્વ વ્યતીત થઈ ગયાં. પછી અંતે એક માસનું અનશન કરીને આયુષ્ય પૂર્ણ થતાં શુક્ર-નામના દેવલોકમાં તમે દેવતા થયા. ત્યાંથી ચવીને હે દેવતાઓ ! વિદેહના આજ વિજયમાં તમે પ્રૌઢ બળશાળી રાજા થશો અને ત્યાં પણ અંતે પ્રવ્રજ્યા અંગીકાર કરીને નિ:સ્પૃહ થઈ કેવળજ્ઞાન પામીને મોક્ષે જશો."

આ પ્રમાણે સાંભળીને અષ્ટપ્રકારી પૂજાના ફળની વારંવાર પ્રશંસા કરતા વરસેનાદિક જિન ભગવંતને નમસ્કાર કરીને સ્વસ્થાને ગયા.

"હે ભવ્ય જનો ! આ પ્રમાણે અષ્ટપ્રકારી પૂજાનું ફળ સાંભળીને જો તમારે મુક્તિની આકાંક્ષા હોય, તો અંતરમાં પૂર્ણ પ્રમોદ લાવીને તે જિનાર્ચનમાં જ પ્રયત્ન કરો."

## છઠ્ઠો ઉપદેશ

વીર પરમાત્માને વાંદવાને ઇચ્છતો એવો દેડકો પણ જેમ સ્વર્ગમાં મહર્દ્ધિક દેવતા થયો તેમ જિનચરણને વંદન કરવાના સંકલ્પમાત્રથી પણ મનુષ્યો સુખસંપત્તિને પામે છે.

## દર્દુર (દેડકા) ની કથા

રાજગૃહ નગરમાં સમૃદ્ધિવાળો નંદિ નામનો મણિકાર હતો. તે વીરપ્રભુ પાસેથી ધર્મ પામીને નિરંતર આ પ્રમાણે આચરતો હતો. મુમુક્ષની જેમ સામાયિક,પ્રતિક્રમણ અને પૌષધ પ્રમુખ ક્રિયાઓ કરતાં તે સમય વ્યતીત કરતો હતો. એકદા ગ્રીષ્મઋતુમાં પૌષધમાં રાત્રીએ તે તૃષાતુર થયો અને ત્રણ ઉપવાસના અંતે તે અંતરમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો:–'જે મનુષ્યો જળથી પૂર્ણ વાપી અને કૂવા વિગેરે કરાવે છે, તેમની લક્ષ્મીજ સર્વ જંતુઓને ઉપકારી હોવાથી પ્રશંસનીય છે.' પછી પૌષધ પારી પ્રભાતે પારણું કરીને તેણે એક સુંદર આકારવાળી વાવ કરાવી અને તેમાં ભોજનશાળા, મઠ, દેવકુળ તથા જંગલ વિગેરે પણ સારી રીતે દ્રવ્યનો વ્યય કરી તેણે તૈયાર કરાવ્યા. એટલે ત્યાં તેનું મન આસક્ત થતાં ધર્મમાં તેનો આદરભાવ ઓછો થઈ ગયો, અને પ્રાંતે સોળ અસાધ્ય વ્યાધીની પીડાથી તે દુઃખમગ્ન થઈ ગયો. તે સોળ રોગ આ પ્રમાણે કહ્યા છેઃ–ખાંસી, શ્વાસ, જવર, દાહ, કુક્ષિશૂળ ભગંદર, હરસ, અજીર્ણ, દષ્ટી અને પૃષ્ટિશૂળ (આંખ અને વાંસાનું શૂળ) અરોચકભાવ, કંડૂ (ખસ,) જલોદર, શીર્ષ (મસ્તક) તથા કર્ણવેદના અને કોઢ એ સોળ મહારોગ આગમમાં કહેલા છે.'

પછી વાપીમાં મોહિત મનવાળો એવો તે મરણ પામીને તે વાવમાંજ દેડકો થયો. ચતુર જન છતાં કર્મથી કોણ પરાભવ નથી પામતું ? એકદા વાવને જોઈને તે દર્દુર જાતિ-સ્મરણ પામ્યો અને વિચારવા લાગ્યો કે–'ધર્મની અવજ્ઞા કરી, તેથી મને આ ફળ પ્રાપ્ત થયું.' પછીથી તે વિરક્ત થઈને છઠ્ઠ વિગેરે કરતો અને પારણામાં માણસોના સ્નાનથી

તે વાવનું પ્રાસુક થઈ ગયેલું માટીવાળું જળ તે વાપરવા લાગ્યો. એકદા ત્યાં ઉદ્યાનમાં પધારેલા વીરપ્રભુને લોકોક્તિથી સાંભળીને તેમને વંદન કરવાને દર્દુર ત્યાંથી બહાર નીકળ્યો. એવામાં પ્રભુને વંદન કરવાને ઉત્સુક એવા શ્રેણિકરાજા પોતાના સૈન્ય સહિત જતાં નગરની બહાર નીકળ્યો. માર્ગમાં ચાલતાં તે દર્દુર રાજાના અશ્વના પગતળે ચગદાઈ મરણ પામીને (તે) સૌધમ દેવલોકમાં દર્દુરાંક નામે દેવતા થયો. તેના ચાર હજાર સામાનિક દેવતા હતા. તેથી સંપત્તિ વિગેરે બધું તેના અનુમાનથી સમજી લેવું. ત્યાં પણ અવધિજ્ઞાનથી જાણીને અતુલ કાંતિના સમૂહથી બીજાઓના તેજને આચ્છાદિત કરનાર એવો તે શ્રીવીરને વંદન કરવાને આવ્યો. પછી ઈંદ્ર અને રાજા વિગેરે સ્વસ્વ સ્થાને બેઠા એટલે ભગવંતે યોજનગામિની વાણીથી ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. ત્યાં જિનેશ્વરની નજીક રહીને બીજાઓનેકુષ્ઠીના જેવું રૂપ બતાવતો એવો તે દેવ જિનેશ્વરના શરીરને દિવ્ય ચંદનરસથી વિલેપન કરવા લાગ્યો, પણ શ્રેણીકરાજા વિગેરે તો એમ સમજ્યા કે "આ કોઈક દુષ્ટાશયવાળો કુષ્ઠી અહા! પોતાના દેહમાં ઉત્પન્ન થયેલ રસીથી ભગવંતના શરીરને વીલેપન કરે છે. માટે શ્રી-જિનની આશાતન કરનાર એ પાપી અહીંથી બહાર જાય ત્યારે તેને અવશ્ય શિક્ષા કરવી.' આ પ્રમાણે રાજાએ તે વખતે વિચાર કરી રાખ્યો. એવામાં જિનેશ્વર, રાજા, અભય-કુમાર તથા શૌકરીક (કસાઈ) એમને છીંક આવતાં તે દેવ તેમને પૂર્વાનુક્રમથી આ પ્રમાણે વાકય કહેવા લાગ્યો:-'સત્વર મરણ પામ, ચિરં જીવ, ચિરં જીવવા મરણ પામ અને મરણ પણ ન પામ તથા જીવ પણ નહિ.' આથી રાજા વધારે રૂષ્ટમાન થયો. પછી દેશના સમાપ્ત થતાં તે દેવ વીજળીના

ઉદ્યોતની જેમ ક્ષણવારમાં ચાલ્યો ગયો. એટલે શ્રેણિક રાજાએ ભગવંતને પૂછ્યું કે–હે પ્રભો ! એ કુષ્ઠી કોણ હતો ? તે કહો, જે દુરાશયે તમારી પણ એ રીતે આશાતના કરી. આટલા સમુદાયમાં પણ તે ખરેખર શિરચ્છેદની શિક્ષાને પાત્ર હતો.' પ્રભુ બોલ્યા કે–"હે રાજેંદ્ર ! એણે આશાતના નથી કરી, પણ ચંદનરસથી વિલેપન કર્યું છે" વળી તે જે વાકયો બોલ્યો, તેનો ભાવાર્થ તથા તે દેવનો સંબંધ પણ ભગવંતે શ્રેણિક વિગેરેને મૂળથી કહી સંભળાવ્યો. કહ્યું છે કે–કેટલાકને મરવું એ શ્રેય છે, કેટલાકને જીવવું શ્રેય છે, કેટલાકને બંને શ્રેય છે અને દર્દુર દેવના આશન પ્રમાણે કેટલાકને જીવન તથા મરણ બંને અહિતકર છે. હવે અહીંથી એ ચવીને મહાવિદેહમાં મોક્ષે જશે." આ પ્રમાણે સાંભળીને વિસ્મયથી વિકસ્વર થતા લોકો પોતપોતાના સ્થાને ગયા.

"આ પ્રમાણે શ્રીજિનેશના ધ્યાનમાત્રનું ઉત્તમ ફળ સાંભળીને હે ભવ્ય જનો ! તે જિનેશના ધ્યાનમાં જ તમે પ્રયત્ન કરો, કે જેથી તમને મોક્ષની પ્રાપ્તિ થાય."

# સાતમો ઉપદેશ

જિનેશ ભગવંતની કરેલ અલ્પ પૂજા પણ શું પ્રાણીઓને મોટું ફળ નથી આપતી ? કારણકે કૂષ્માંડલતા નાની છતાં પણ પોતાના આશ્રિત જનોને તે ઉત્તમ ફળ આપે છે. આ સંબંધમાં ગુર્જરભૂમિના એક રક્ષણકર્તા અને પરમ શ્રાવક તથા ચૌલુકય વંશ વિભૂષણ એવા કુમારપાલ રાજાનું દષ્ટાંત કહેવામાં આવે છે.

## કુમારપાળ રાજાનું દૃષ્ટાંત

માલવદેશમાં કોઈક પલ્લીમાં પરને લુંટનારા ચોરોથી પરવરેલો એવો જૈત્ર નામનો એક ક્ષત્રિય હતો. તે અનેક સાર્થને લુંટતો અને વ્યસનોને સેવતો હતો. તે પ્રથમ ભદ્ર પ્રકૃતિવાળો છતાં ચોરોના સંસર્ગથી દૂષિત થઈ ગયો હતો. અન્યદા જેસલ નામનો સાર્થપતિ કોઈક નગરમાં જતા અત્યંત દુર્મદ એવા ચોરોના કોઈપણ રીતે જાણવામાં આવી ગયો. વ્યવસાયના અર્થી એવા સેંકડો વણિક પુત્રો તેની સાથે હતા અને વસ્તુઓથી ભરેલા દશ હજાર પ્રૌઢ પોઠીઆઓ તેણે સાથે લીધા હતા. જૈત્રે તે સર્વ સાર્થ લોકને ચોરો પાસે લુંટાવ્યો. એટલે સાર્થપતિ પણ ક્રોધાવેશમાં પુનઃ પોતાના નગરે ગયો. ત્યાં રાજાને વિજ્ઞપ્તિ કરીને તેનું બહુ લશ્કર લઈને તે પલ્લીમાં ઉત્કટ ચોરોને પણ તેણે મારી નાખ્યા. અને અત્યંત નિર્દય એવો તે જૈત્રના એક નાના બાળકને પણ મારીને પોતાનું દ્રવ્ય વાળીને પુનઃ પોતાના નગરે ગયો, પણ બાળ હત્યા કરેલ હોવાથી ત્યાં રાજાએ તેનો તિરસ્કાર કર્યો, તેથી વૈરાગ્ય પામી દીક્ષા લઈને તે તપ કરવા લાગ્યો.

હવે જૈત્ર પોતાના જીવિતને બચાવવા તે વખતે તે સંકટમાંથી કોઈ રીતે નાશીને કોઈ ઉરંગબલ રાજાના નગરમાં ગયો. ત્યાં ભાતું ન હોવાથી અત્યંત દુઃખી થતો અને દારિદ્રયથી પીડા પામતો તે એક ઓઢર નામના વ્યવહારીને ત્યાં નોકરી રહ્યો અને શ્રીયશોભદ્ર આચાર્યનો નિરંતર ઉપદેશ સાંભળીને તે કાંઈક સધર્મ (ધાર્મિક) હૃદયવાળો થયો. 'હું નિરપરાધી પ્રાણીઓને વધ નહિ કરૂં" તથા અસત્ય નહિ બોલું ઇત્યાદિક નિયમો તે આચાર્ય મહારાજ પાસે ગ્રહણ કર્યા

એકદા વાર્ષિક પર્વ આવતાં ઓઢર શેઠ સારા વસ્ત્ર પહેરીને જૈત્રની સાથે જિન પૂજા કરવા જિનમંદિરમાં ગયો. ત્યાં વસ્ત્રાભરણાદિકથી અલંકૃત અને જિનપૂજા કરવામાં પરાયણ (તત્પર) એવા લોકોને જોઈને જૈત્ર પણ મનમાં વિચારવા લાગ્યો કે-અહો ! પૂર્વના પુણ્યથી આ લોકો ભાગ્યવંત થયા છે અને આગામી ભવ પણ ખરેખર એમનો સુખકરજ થવાનો. માઘકાવ્યમાં પણ કહ્યું છે કે—

"હે ભગવન્ ! પૂર્વકૃત પુણ્યથી થયેલ આપનું દર્શન વર્તમાનકાળે પ્રાણીઓના પાપને હરે છે અને આગામી શુભનો તે હેતુ છે, તેથી ત્રણે કાળમાં પણ તે પ્રાણીઓ યોગ્યતાને વ્યક્ત કરે છે." વળી નારદઋષિએ વિષ્ણુને કહ્યું હતું કે—

"જિનેન્દ્ર ભગવંતની પૂજા હું એટલા માટે જ કરું છું કે, જિનપૂજા જ સર્વસંપત્તિઓની પ્રતિભૂ (જમાનરૂપ) છે."

આ પ્રમાણે વિચાર કરીને પૂર્વે જુગારમાં જીતેલ પોતાની નવ કોડીઓના જ પુષ્પો લઈને તેણે જિન ભગવંતની પૂજા કરી. અને શુભ સંકલ્પથી પવિત્રાત્મા અને ભક્તિના રંગથી તરંગિત થયેલા એવા તેણે તે દિવસે ગુરૂના મુખથી ઉપવાસના પચ્ચખાણ લીધા. પછી અનુક્રમે તે મરણ પામીને પરમ શ્રાવક અને ગુર્જર દેશનો સ્વામી એવો કુમારપાલ નામે રાજા થયો. ઓઢર વ્યવહારી ઉદયન થયો. સાર્થપતિ જયસિંહ થયો અને યશોભદ્ર ગુરૂ હેમચંદ્ર સૂરિ થયા. કોંકણ, મહારાષ્ટ્ર કીર, જાલંધર, સપાદલક્ષ, (માલવ) મેવાડ, દીપ, કાસીતટ, કર્ણાટ, ગુર્જર, લાટ સૌરાષ્ટ્ર, કચ્છ, સૈંધવ. ઉચ્ચા, ભંભેરી, મરૂ અને માલવ—એ અઢાર દેશોમાં કશ્મલ એવા કલિકાલમાં

પણ પૂર્વે કોઇએ પણ નહિ પ્રવર્તાવેલ એવી તેણે અમારી પ્રવર્તાવી. કહ્યું છે કે :-

"પૂર્વે વીરપ્રભુ પોતે ધર્મના ઉપદેશક છતાં અને જેનો બુદ્ધિશાળી અભયકુમાર મંત્રી છતાં શ્રેણિકરાજા જે જીવદયા (અમારી) કરવા અસમર્થ થયો, તે જીવદયા જે શ્રીગુરૂના વચનસુધારસનું પાન કરીને કુમારપાલરાજાએ બહુજ સુગમતાથી પ્રવર્ત્તાવી, તે શ્રીહેમચંદ્રગુરૂ જયવંતા વર્તો. સ્વસ્તિ શ્રીપત્તને રાજગુરૂ શ્રીહેમચંદ્રને બહુજ હર્ષપૂર્વક પ્રણામ કરીને સ્વર્ગનો ઇંદ્ર વિજ્ઞપ્તિ કરે છે કે-'હે સ્વામિન્! ચંદ્રના ચિન્હરૂપ મૃગમાં, યમના વાહનરૂપ મહિષમાં, સમુદ્રના જળજંતુઓમાં તથા વિષ્ણુના અવતારરૂપ મસ્ત્ય, વરાહ, કચ્છપના કુળમાં અભયદાન પ્રવર્ત્તાવતાં હે દેવ! તમે બહુજ સારૂં કર્યું"

આ પ્રમાણે યાવજ્જીવ શ્રીધર્મની એક છત્રતાને વિસ્તારતાં કુમારપાલ રાજા પદ્મનાભ જિનેશ્વરના પ્રથમ ગણધર થશે.

આ પ્રમાણે જિનેશ્વરની અલ્પ પૂજા પણ અમંદ અભ્યુદયના એક હેતુ રૂપ થાય છે, માટે સમગ્ર ધર્મકાર્યમાં તે જિનપૂજા નિરંતર મુખ્યપણે કરવી ઉચિત છે.

## આઠમો ઉપદેશ

આજ્ઞાન ભાવથી કરેલ જિનેશ્વરની પૂજા પણ માણસોની આત્મપદવી (ઉચ્ચ પદ) આપે છે, કારણ કે અરણ્યમાં જિનબિંબની પૂજા કરનાર દેવપાલ પણ મુક્તિને પામ્યો.

## દેવપાલની કથા

કોઈક શેઠના વનપાલ નામના ચાકરે વનમાં ભેંસો ચારતાં એકદા ત્યાં એક જિનબિંબ જોયું. તેના સ્વરૂપને ન જાણતાં છતાં પણ સમીપે રહેલી નદીના જળથી તેનું પ્રક્ષાલન કરીને કુસુમાદિકથી તે બિંબની તેણે પૂજા કરી. 'આ બિંબની પૂજા કર્યા સિવાય મારે ભોજન કરવું નહિ.' આવો નિશ્ચય કરીને તે સમાધિપૂર્વક દિવસો ગાળવા લાગ્યો.

એકદા વરસાદ આવતાં નદીમાં અત્યંત દુસ્તર પૂર આવ્યું. તેથી ત્યાં જવાને અસમર્થ એવો તે બિંબનું ધ્યાન કરતો ઘરેજ રહ્યો. એટલે શ્રેષ્ઠીએ કહ્યું કે–'આપણે ઘેર પણ બિંબો છે, તેની પૂજા કર.' આ પ્રમાણે કહ્યા છતાં તેણે ભોજન ન કર્યું. પછી સાતમે દિવસે નદીનું પૂર દૂર થયું, એટલે જેવામાં તે બિંબની પાસે જાય છે, તેવામાં તેણે સિંહ જોયો. તે ભયંકર સિંહની પણ એક શિયાળની જેમ અવગણના કરીને તે દેવની તેણે પૂજા કરી કારણકે સત્ત્વથી શું સિદ્ધ થતું નથી? પછી તેના નિશ્ચયથી સંતુષ્ઠ થયેલ તે બિંબના અધિષ્ઠાયક દેવે પ્રત્યક્ષ થઈને કહ્યું કે–'હે મહાશય! વર માગ.' એટલે દેવપાલ બોલ્યો કે–'મને રાજ્ય આપ.' દેવતાએ કહ્યું કે—'સાતમે દિવસે તને અવશ્ય રાજ્યની પ્રાપ્તિ થશે.' એવામાં તેજ નગરમાં અપુત્રીયો રાજા મરણ પામવાથી પ્રધાન પુરૂષોએ તરત પાંચ દિવ્ય પ્રગટ કર્યાં. એટલે દેવતાએ કહેલ સાતમે દિવસે જ્યાં વૃક્ષ નીચે તે સૂતો હતો, ત્યાં તે પાંચ દિવ્યોએ આવીને તેને મોટું રાજ્ય આપ્યું. તેને સામ્રાજ્ય પ્રાપ્ત થયા છતાં તેની કોઈ આજ્ઞા માનતા ન હતા. તેને એક કર્મકર સમજીને લોકો તેની અવજ્ઞા કરવા

લાગ્યા. એટલે દેવપાલ પણ તે દેવની પાસે આવીને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કે–'આ રાજ્યથી સર્યું, મારે સેવકપણું જ સારૂં છે.' એટલે દેવતાએ કહ્યું કે–'કુંભારની પાસેથી એક માટીનો હાથી કરાવીને તેની ઉપર બેસીને તારે રયવાડીએ જવું. એમ કરતાં લેશ પણ તારી અવજ્ઞા થશે નહિ.' પછી દેવપાલે તેમ કર્યું. એટલે સર્વત્ર તેની આજ્ઞા માન્ય થઇ. પછી પોતે કરાવેલ ચૈત્યમાં તે બિંબની સ્થાપના કરી અને પૂર્વના રાજાની પુત્રી તેની પત્ની થઇ.

એકદા નગરની બહાર રહેલા કોઈ વૃદ્ધને જોઈને ગવાક્ષ (ઝરૂખા)માં બેઠેલી તે રાણી રાજાના દેખતાં મૂર્છા પામી. પછી સાવધાન થઇ એટલે રાજાએ તેને બોલાવી. આથી તે વૃદ્ધને બોલાવીને તે પોતાનું સ્વરૂપ આ પ્રમાણે કહેવા લાગીઃ–"પૂર્વ ભવમાં હું આ વૃદ્ધની સ્રી હતી. હે દેવ! આ બિંબની પૂજા કરવાથી આ ભવમાં હું તમારી પત્ની થઈ છું. હે નાથ! એને બહુ કહ્યા છતાં એણે દેવની પૂજા ન કરી. તેથી એની અદ્યાપિ આવીજ અવસ્થા દેખાય છે.

પછી તેવા તેવા પ્રકારના ચિન્હોથી તેને પોતાની પૂર્વ પ્રિયા ઓળખીને તે વૃદ્ધ પણ દેવપૂજાદિક ધર્મકાર્યમાં તત્પર થયો. દેવપાલ રાજા પણ પોતાના કરાવેલા પ્રસાદમાં પોતાના પ્રજાજનો પાસે નિરંતર ધ્વજા, પૂજાદિક મહોત્સવો પ્રવર્ત્તાવતો હતો. પછી ચિરકાળ રાજ્ય પાળીને પ્રાંતે નિજ પ્રિયાની સાથે વ્રત લઈને તે ભૂપાલ મોક્ષસુખને પામ્યો.

આ પ્રમાણે રંકમાત્રને પણ તેવા પ્રકારના સામ્રાજ્યની સંપત્તિ થયેલી સાંભળીને કયો પુરૂષ શ્રી જિનેંદ્રની પૂજામાં મંદ આદર કરે?

# નવમો ઉપદેશ

સંસાર સાગરમાં ડૂબતા પ્રાણીઓને જિનપ્રતિમા ખરેખર એક નાવ સમાન છે. કારણ કે શય્યંભવ સૂરિ તે પ્રતિમાના દર્શનથીજ સમ્યા હતા.

## શ્રી શય્યંભવ સૂરિનું દૃષ્ટાંત

એકદા શ્રીજંબૂસ્વામીના શિષ્ય શ્રીપ્રભવસ્વામીએ શિષ્યને માટે ગચ્છ અને સંઘમાં ઉપયોગ દીધો, પણ ત્યાં તથાવિધ સુપાત્ર કોઈ જોવામાં ન આવવાથી અન્ય દર્શનમાં પણ તેમણે ઉપયોગ આપ્યો. તે વખતે રાજગૃહ નગરમાં યજ્ઞ કરાવવામાં તત્પર એવા શય્યંભવ ભટ્ટને તેમણે શ્રુતજ્ઞાનના ઉપયોગથી જોયો એટલે સર્વ વિદ્યાના ગુણોથી યુક્ત એવા તેને યોગ્ય જાણીને પ્રભવસ્વામીએ પોતાના બે શિષ્યોને તેની પાસે મોકલ્યા. તેમણે ત્યાં જઈને શય્યંભવને આ પ્રમાણે અર્ધ શ્લોક સંભળાવ્યો કે:–

**'अहो ! कष्टमहो कष्टं तत्त्वं न ज्ञायते पुन: '**

અહો ! અતિ ખેદની વાત છે કે, અહીં કષ્ટના પ્રમાણમાં કંઈ તત્ત્વ જોવામાં (જાણવામાં) આવતું નથી. આ પ્રમાણે તે બંને સાધુનું વચન સાંભળીને તે ભટ્ટ પણ વિસ્મય પામીને વિચારવા લાગ્યો કે–'ખરેખર આ મહાત્મા છે, તેથી કદાપિ અસત્ય ન બોલે. માટે એમાં કંઇ પણ જે તત્ત્વ હશે, તે જડ એવા એમ જાણી શકતા નથી.' પછી તેણે યાજ્ઞિકને પૂછ્યું, એટલે તેણે તેને આ પ્રમાણે કહ્યું કે:–' અહીં પૂછવાનું શું છે ? કારણ કે યજ્ઞથીજ પ્રાણીઓને રોગની શાંતિ

થાય છે.' પ્રજાનો લાભ થાય છે અને અવશ્યમેવ વિઘ્નનો ધ્વંસ થાય છે.' આ તેના વચન પર વિશ્વાસ ન કરતાં તે તલવાર ઉપાડીને બોલ્યો કે-'જો તું સત્ય વચન નહિ બોલે તો આથી તારો શિરચ્છેદ કરીશ.' પછી 'મસ્તકના છેદનો વખત આવતાં તત્વ કહી દેવું. કેમકે-' प्राणान्ते तत्त्वं ब्रूयात्' એ રીતે વેદવાક્ય સંભારતો તે ઉપાધ્યાય બોલ્યો કે-હે 'ભટ્ટ ! આ જે યજ્ઞનો ખીલો છે, તેની નીચેના ભાગની ભૂમિમાં જિનેશની પ્રતિમા સ્થાપન કરેલી છે. તેના પ્રભાવથી વિઘ્નો વિલય પામે છે. આર્હતી પ્રતિમા વિના વૈતાલ, વ્યંતર, પ્રેત, શાકિની અને રાક્ષસાદિક યજ્ઞનો અવશ્યમેવ નાશ કરે છે. બાકીનો બીજો બધો વિસ્તાર માત્ર પેટ ભરવાની ખાતર છે; કારણકે મૂર્ખજનો આડંબર વિના માનતા નથી.

પછી ત્યાં ખોદાવી અને જિનેશની પ્રતિમા લઇને ભટ્ટ ઉપાશ્રયે ગયો અને ત્યાં આચાર્ય મહારાજને પૂછવા લાગ્યો કે-' હે પ્રભો ? દેવનું લક્ષણ અને સ્વરૂપ શું ? તેનું નામ શું ? અને આવા કેટલા હોય ? તે બધું જણાવો' આચાર્ય બોલ્યા કે-'રાગાદિકને જીતનાર, તેજોમય, મુક્તિપદમાં રહેલ એવા આ સોલમા શાંતિનાથ જિનેશ્વર દેવ છે અને એવા ચોવીશ હોય છે.' ઇત્યાદિક આચાર્ય મહારાજે નિવેદન કરતા ભટ્ટ તે પ્રતિમાને વારંવાર જોઇને વિચારવા લાગ્યો કે:-

"જેમના નેત્રયુગલ પ્રશમ રસમાં વદન કમળ સદા પ્રસન્ન છે, જેમનો ઉત્સંગ (ખોળો) કામિનીના સંગથી રહિત છે અને જેમના હસ્તયુગલ શસ્ત્રસંબંધથી રહિત છે એવા તો હે પ્રભો ! એક તમેજ વીતરાગ છો." પછી સૂરિ-

મહારાજ બોલ્યા કે-' વેદ, પુરાણાદિકમાં પણ જિનનું જ દેવપણું જોવામાં આવે છે. યજુર્વેદમાં આ પ્રમાણે લખ્યું છે.-

અડસઠ તીર્થની યાત્રા કરવાથી જે ફળ થાય, તે ફળ આદિનાથ દેવના સ્મરણ માત્રથી થાય છે,"

વળી વાસ્તુવિદ્યામાં કહ્યું છે કેઃ-' પ્રસાદ, મંડપ, છત્ર, પર્યંકાસન, સદ્ગ્રહ, નિર્દોષ દૃષ્ટિ અને મૂર્તિ આવા લક્ષણોથી જિન કરતાં અન્ય કોઇ વિશેષ દેવ નથી.

આ પ્રમાણે વેદ. પુરાણમાં કહેલ અનેક યુક્તિઓ સાંભળીને શય્યંભવ ભટ્ટ વિપ્રની જેમ મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યકત્વ પામ્યો. અને તેજ વખતે વૈરાગ્ય ઉત્પન્ન થવાથી સંસારને અસાર સમજીને પોતાની સગર્ભા સ્ત્રીનો ત્યાગ કરીને તેણે ગુરૂ મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી. પછી ચૌદ પૂર્વનો અભ્યાસ કરીને અનુક્રમે આચાર્યપદ પામી શ્રીમાન્ શય્યંભવસૂરિ મહીતલપર વિહાર કરવા લાગ્યા. જે ભગવંતે મનકને દીક્ષા આપી તેને અલ્પાયુષવાળો જાણીને પોતે દશવૈકાલિકા ગ્રંથ બનાવીને તેને ભણાવ્યો. એ પ્રમાણે ઘણો કાલ ભવ્ય જનોને પ્રતિબોધ આપીને વીરપ્રભુના નિર્વાણ પછી તે અઠ્ઠાણું મે વર્ષે સ્વર્ગસ્થ થયા.

આ પ્રમાણે જિનેંદ્ર પ્રતિમા પણ વિશુદ્ધ બોધના હેતુભૂત.થાય છે—એમ જાણીને હે વિજ્ઞજનો ! તે જિનપ્રતિમાનીજ પૂજા કરો, કે જેથી મુક્તિસુંદરી તમારા ગળામાં વરમાળા આરોપવા તૈયાર થાય.

●

# દશમો ઉપદેશ

ગતાનુગતિથી કરેલ જિનપૂજા પણ પરમ સંપત્તિ પ્રગટાવે છે. કારણકે પ્રતિજન્મમાં અત્યંત વધતી જતી લક્ષ્મી પામીને કીર (પોપટ) પણ સમ્રાટ થયો.

### શુકયુગ્મની કથા.

વૈતાઢ્ય પર્વતના ઉદ્યાનમાં કોઈ શ્રેષ્ઠ દેવકુળમાં વિદ્યાધરો આ પૂજ્ય એક આર્હતી પ્રતિમા હતી. તે પ્રતિમાને તથાવિધ પૂજિત જોઈને એકદા કોઈ શુકયુગલે (પોપટનું જોડલું) અરણ્યમાંથી પત્ર, પુષ્પાદિક લાવીને શુભ ભાવથી તેની પૂજા કરી. એ પ્રમાણે બહુ કાળ પૂજા કરતાં સમ્યકત્વ પામીને તે શુકલયુગ પ્રથમ દેવલોકમાં સૌભાગ્યવંત સુરદંપતી થયા.

હવે લોકોથી સંકુલ એવા રમણીય નામના વિજયમાં શ્રીમંદિર નગરમાં નરેશખેર નામે રાજા હતો. તેની કીર્તિમતી નામની પ્રિયા હતી. એવામાં પેલો શુકનો જીવ દેવલોકમાંથી ચવીને મણિકુંડલ નામે તેનો પુત્ર થયો તે વખતે તેજ વિજયમાં વિજયાવતી નામની નગરીમાં રત્નચૂડ નામે રાજા હતો અને તેની મહાદેવી નામની પ્રિયા હતી. એવામાં પેલો કીરીનો જીવ તેની પુરંદરજસા નામે પુત્રીપણે ઉત્પન્ન થયો.

એકદા કુમારે ચિત્રપટ્ટપર આળેખેલું તેનું રૂપ જોયું. એટલે પૂર્વ ભવના સંબંધથી તે અત્યંત વ્યામોહ પામ્યો. તેથી માતાપિતાએ તેને ઉત્સવપૂર્વક પુરંદરજસાની સાથે પ્રેમથી પરણાવ્યો. તે ભવમાં પણ તે દંપતી ચિરકાલ પર્યંત

ગૃહસ્થધર્મ પાળીને અને પ્રીતે દીક્ષા લઇને સુખપૂર્વક સ્વર્ગે ગયા. પછી મણિકુંડલનો જીવ તે દેવલોકથી ચ્યવીને મહાકચ્છ નામના વિજયમાં વિજયપુર નામે શ્રેષ્ઠ નગરમાં **મહાસેન** રાજાનો લલિતાંગ નામે પુત્ર થયો અને પુરંદર જસાનો જીવ તેજ વિજય તેજ વિજયમાં પરમ ભૂષણરૂપ વિજયા નામની એક રમ્ય નગરીમાં પૂર્ણકેતુ રાજાની **કમલ લોચન** નામની પુત્રી થઇ. પોતાના મનોભિમત (ઇષ્ટ) ભર્તારને વરવાને અતિ ઉત્સુક એવી એણે સર્વ સખીઓની સમક્ષ પ્રગટ રીતે એવી પ્રતિજ્ઞા કરી કે–'જ્યોતિર્વિદ્યા, નભોગામિ વિમાનની રચના, રાધાવેધની કળા તથા સર્પવિષનો નિગ્રહ–એમાંની એક કળામાં પણ જે અધિક હશે, તેને હું મારો ભર્તાર કરીશ, અન્યથા હું અગ્નિનું શરણ લઇશ.' આવા પ્રકારની તેની પ્રકારની તેની પ્રતિજ્ઞા સાંભળીને મનમાં ઉત્સાહ લાવી રાજકુમારો તે તે કળાઓનો અભ્યાસ કરવા લાગ્યા, પછી જ્યારે મહોત્સવપૂર્વક સ્વયંવરનો પ્રારંભ થયો, એટલે લલિતાંગ કુમારે રાધાવેધ સાધ્યો, એટલે રાજકુમારી તેના ગળામાં હર્ષપૂર્વક જેટલામાં વરમાળ નાખે છે, તેટલામાં કોઇક વિદ્યાધર તે કન્યાનું હરણ કરી ગયો પણ જ્યોતિષના બળથી કોઇ રાજકુમારે તેનો માર્ગ જોઈ લીધો. કોઇએ આકાશગામી વિમાન બનાવ્યું. અને તેથી લલિતાંગ વિગેરે તેની પાછળ દોડ્યા. તેઓએ ખેચરને અટકાવ્યો એટલે તે કન્યાને ક્યાંક નિર્જન સ્થાનમાં મૂકીને તે તેમની સાથે યુદ્ધ કરવા લાગ્યો. એવામાં તેઓએ તેને મારી નાખ્યો. પછી કન્યાની પાસે જઇને જેટલામાં તેને વિમાનમાં બેસાડે છે, તેટલામાં સર્પે તેને ડસી. અહો ! કર્મની કેવી વિષમતા છે ? પછી તેમાંના કોઇ પુરૂષે વિષાપહારક મંત્રથી તેને સજીવન કરી, એટલે તેને લઇને સર્વે ચાલ્યા. નગર તરફ જતાં રસ્તામાં 'આ કન્યા તો મારીજ

થશે' એમ પ્રેમથી પરાધીન થઇને તેઓ પરસ્પર કલહ કરવા લાગ્યા અને ત્યાં નગરમાં જઇને પણ તેજ પ્રમાણે વિવાદ કરતાં તેમને જોઈને રાજાએ ચિંતાતુર થઇ મંત્રીને કહ્યું કે—'હવે શું કરવું ?' એટલે બુદ્ધિમાન મંત્રીએ કન્યાને એકાંતમાં પૂછ્યું કે :—'હે ભદ્રે ! આ કુમારોમાં તને કયો પસંદ છે, તે કહે.' કન્યાએ કહ્યું કે:—'મને લલિતાંગ અભીષ્ટ છે.' આ પ્રમાણે તેના મનોભાવ જાણીને મંત્રીએ નગરના બાહ્ય પ્રદેશમાં એક મોટી ચિતા રચાવી, અને તે રાજપુત્રોને બોલાવીને મંત્રીશ્વરી કહેવા લાગ્યો કેઃ—'હે ભદ્રો ! તમે સમજતા કેમ નથી ? નહિ તો આ કન્યા બળી મરશે.' આમ કહ્યા છતાં પરસ્પર માત્સર્યના વેગથી તેમણે માન્યું નહિ. એટલે કન્યાએ તથા તેની પાછળ લલિતાંગે પણ ચિતામાં પ્રવેશ કર્યો, પણ બીજા ત્રણ તુચ્છ સ્નેહવાળા હોવાથી ત્યાંજ બેસી રહ્યા. એવામાં લોકો પરસ્પર હાહાકાર કરીને કોલાહલ કરવા લાગ્યા. તેવામાં મંત્રીએ નિયુક્ત કરેલ પુરૂષે ચિતાની નીચેની ભૂમિમાં રાખેલ સુરંગનું દ્વાર પરત ખોલી નાખ્યું. તેમાં પ્રવેશ કરીને બે બંને મંત્રીના ઘરે ગયા અને ત્યાં ગુપ્ત રીતે સ્નાન, પાનાદિક ક્રિયાઓ કરવા લાગ્યા. અને તે ત્રણે રાજ-પુત્રો તો કંઇક મનમાં પશ્ચાતાપ કરીને લલિતાંગના સાહસની પગલે પગલે પ્રશંસા કરવા લાગ્યા. પછી મંત્રીએ તેમને પુનઃ પૂછ્યું કે—'તે યુગલ કદાચ જીવિતવ્ય પામે, તો તેમને પરણાવીએ.' આ સાંભળી તેઓ બોલ્યા કે—'અહિં પૂછવું. શું છે ? હવે એ સંબંધમાં આ સર્વ નગર જનો સાક્ષી છે કે અમે વિવાદ નહિં કરીએ' પછી મંત્રીના વાક્યથી તે યુગલ પુનઃ પ્રગટ થયું માતાપિતાએ તેનો વિવાહમહોત્સવ કર્યો. પછી તે કમલાક્ષીને લઇને લલિતાંગ પોતાના

નગરમાં ગયો અને તે રમણીય રમણી સાથે અક્ષીણ સુખ ભોગવવા લાગ્યો. તે ભવમાં પણ અત્યંત પ્રેમપૂર્વક દીક્ષા લઇને તે સ્વર્ગે ગયા. એ પ્રમાણે પ્રતિ જન્મમાં તેઓ અદ્વૈત સુખ પામ્યા. પછી દશમે ભવે શુકનો જીવ અંત્યંત પુણ્ય કરીને મહાવિદેહક્ષેત્રમાં પુંડરીકિણી નગરીમાં ચક્રવર્ત્તી થયો. અને કીરીનો જીવ મૈત્રીથી પવિત્રિત તેનો મંત્રી થયો. ત્યાં તેમણે ચિરકાળ પર્યંત સ્નેહથી રાજ્યસુખ ભોગવ્યાં અને પ્રાંતે કોઇ જ્ઞાનીની પાસે પોતાના પૂર્વે ભવોને જાણીને પ્રવજ્યા લઇ કેવલજ્ઞાન પામીને મોક્ષે ગયા.

●

# અગિયારમો ઉપદેશ

ક્રોધનો ઉદય છતાં અર્હંતની પૂજા કરવાની મનુષ્યોને સમ્યક્ત્વની પ્રાપ્તિ સુલભ થાય છે. આ સંબંધમાં કવીંદ્રો વામને શ્રેષ્ઠીનું દષ્ટાંત પ્રગટ રીતે કહે છે.

### વામન શ્રેષ્ઠીનું દૃષ્ટાંત.

વામનસ્થલી નગરીમાં વામન નામે એક કોટી ધ્વજ શ્રેષ્ઠી હતો; પરંતુ સ્વભાવે તે ઇર્ષ્યાળુ અને ઉદ્ધત હતો. તે પોતાના ઘરની પાસે ચૈત્ય અને પૌષધશાળા કરાવીને ત્યાં ધર્મકર્મ આચરતો હતો. ખરેખર લક્ષ્મીનું એજ ફળ છે. તેની પાસે તાળા કુંચી સહિત રત્ન, સ્વર્ણ અને પ્રવાલાદિક વસ્તુઓથી ભરેલી ચોરાશી પેટીઓ હતી. વળી તે શેઠને વેપાર રોજગારમાં નિરૂદ્યમી, નિરૂત્સાહી અને પશુ જેવા દુર્વિનીત એવા ચાર પુત્રો હતા. તે મૂર્ખ પુત્રો કોઇવાર તાળું દઈને કુંચી ત્યાંજ ભૂલી જતા હતા. અને શેઠ તેમની

અત્યંત નિર્ભ્રંછના કરતો હતો; પરંતુ તેની તે શિક્ષાથી પુત્રોને કંઇ પણ અસર થતી ન હતી; કારણ કે આપ્ત જનનો પવિત્ર હિતોપદેશ પણ દુઃશિષ્યોને કદી અસર કરે નહિ. વળી તે કુબુદ્ધિ પુત્રો પોતાના પિતાની સામે જેમ તેમ બોલતા હતા. એમ કલહ કરતાં તેમના દિવસો જતા હતા.

એક દિવસ જિનમંદિરે જિનેશ્વરની પૂજા કરવા માટે ચંદન લેવા જતાં શ્રેષ્ઠી એક પેટી જેટલામાં જુએ છે, તેટલામાં તે પેટીઓમાં કુંચીઓ રહી ગયેલી જોઈને શેઠ ક્રોધથી ઉદ્ધત અને રક્તલોચનવાળો થઈ ગયો તથા અધરોષ્ઠ ફરકાવવા લાગ્યો.' અહો ! પુત્રોની મૂર્ખાઈ, અહો ! તેમની હૃદયશૂન્યતા ! આ પ્રમાણે વારંવાર વિચાર કરતો તે અનુક્રમે જિનભુવનમાં ગયો. ત્યાં પણ તે વિચારવા લાગ્યો કેઃ— આજે ઘેર જઈને તે મૂર્ખશિરોમણી દુષ્પુત્રોને હું અવશ્ય ઘરની બહાર કહાડીશ. પાપના હેતુ એવા એમનું શું પ્રયોજન છે ? કારણ કે—

આ પ્રમાણે વિચાર કરતાં કરતાં તેણે દેવપૂજા કરી; પરંતુ તે વિચક્ષણે પુત્રો પરની દુરાત્મતાનો ત્યાગ ન કર્યો. વળી પૂજાના અંતે ચૈત્યવંદન કરતાં પ્રણિધાન કરીને તેણે પોતાના લલાટને ભૂમિ પર લગાડયો. એવામાં દૈવયોગે તે તેવીજ સ્થિતિમાં મરણ પામ્યો; કારણ કે પ્રાણીઓ જીવિત તરંગના જેવું ચપળ હોય છે. મરણ પામીને તે તેજ નગરમાં ચાંડાલ થયો. પૂજાના પ્રભાવથી તે મનુષ્યપણું પામ્યો અને દુર્ધ્યાનથી તે નીચ કુળમાં અવતર્યો. પછી ચાંડાલના કુળમાં તે અનુક્રમે બાલ્યાવસ્થા વ્યતીત કરીને યૌવનાવસ્થા પામ્યો અને પોતાનાં કુટુંબનું પાલન કરવા લાગ્યો. ચોરીના વ્યસનથી

તે આસ્તે આસ્તે અત્યંત દુષ્ટ બુદ્ધિવાળો થઇ ગયો. કારણ કે[1] દુષ્પૂર આ ઉદરને માટે મૂઢ જનો શું શું કરતા નથી ? સ્વાર્થને માટે ઉદ્યમ કરવામાં તત્પર એવો તે ઘેર ઘેર ચોરી કરવા જતો અને પારકુ ધન હરણ કરવા લાગ્યો.

એકદા તેણે ચોરી કરવાને પૂર્વ ભવના આવાસમાં પ્રવેશ કર્યો અને ત્યાં ઘરનું તેવા પ્રકારનું સ્વરૂપ જોઈને તે જાતિ સ્મરણ પામ્યો તથા અંતરમાં ઉત્પન્ન થયેલ ક્રોધથી ઓષ્ઠને કરડતો તે પોતાના પુત્રોને તેવા પ્રકારના જોઇને મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યો કે—'અહા ! મારા ઘરનો વિનાશ કર્યો અને મારૂં ધન બધું ગુમાવ્યું.[2] કુનુપતિ જેમ સામ્રાજ્ય ગુમાવે તેમ આલસ્યથી ઉપહત થયેલા એમણે મારૂં બધું ખેદાન મેદાન કરી દીધું. હવે એમને એવા પ્રકારની શિક્ષા કરૂં કે પુનઃ તેઓ આવી રીતે ન કરે.' આ પ્રમાણે તે જેટલામાં વિચાર કરે છે, તેટલામાં તે પુત્રો જાગ્યા અને તે ચંડાલ ચોરને જોઈને કહેવા લાગ્યા કે—'અરે પાપિષ્ઠ ! અરે અનિષ્ટ દર્શન ! આ તેં શું કર્યું ?' ઈત્યાદિ તેઓ જેમ તેમ બોલતા હતા, તેવામાં પૂર્વભવના અભ્યાસથી ક્રોધાવેશમાં આવી જઇને તેણે તેઓ પ્રત્યેકને એક એક લપડાક મારી. એવામાં તેઓ તેને બાંધીને રાજા પાસે લઇ ગયા. ત્યાં રાજાએ તેને કહ્યું કે—'આ શું કર્યું ?' એટલે તેણે સવિસ્તર પોતાનું સ્વરૂપ કહી બતાવ્યું. પછી રાજાએ ચમત્કાર પામીને કહ્યું કે—'તું તારી સંપત્તિ ભોગવ' તે બોલ્યો કે—'આ ગૃહાવાસમાં મારૂં મન હવે રમતું નથી.' આથી રાજા તથા પુત્રો વિગેરે તેના સચ્ચરિત્રથી પ્રબોધ પામ્યા અને તે પણ શ્રી ધર્મનું આરધન કરીને શુભગતિને પામ્યો.

---

૧. દુઃખે પૂરાય એવા. ૨. દુષ્ટ=અન્યાયી રાજા.

હવે તે પુત્રો પોતાના અંતરનેત્રથી વિચારવા લાગ્યા કે—'અહો આપણા હિતેચ્છુ પિતાએ આપણા માટે કેટલો પરિશ્રમ કર્યો ?' આ પ્રમાણે વિચારીને તે બધા પિતાના વચન પર આદર કરીને ઐહિક ( આલોક સંબંધી ) તથા આમુષ્મિક ( પરલોક સંબંધી ) કાર્યમાં સાવધાન થયા.

આ પ્રમાણે રોષસહિત છતાંપણ કરેલ જિનપૂજા વામન શેઠને નિષ્ફળ ન થઈ માટે હે ભવ્ય જનો ! જો તમારે શિવ-સુખની આકાંક્ષા હોય, તો જિનપૂજનમાં પ્રયત્ન કરો.

●

# બારમો ઉપદેશ

જે પુરૂષો સ્થિર અને ઉજ્વલ ભાવથી જિનેશની આગળ ગીત વાજીંત્ર સંબંધી નાદ પૂજા કરે છે. તેઓ પૂર્વે રાક્ષસોના અધિપતિ રાવણની જેમ અદ્ભૂત તીર્થંકરપણાને પામે છે.

## રાવણની કથા

જ્યાં ત્રિકૂટ નામનો પર્વત દુર્ગનું કામ કરે છે અને જ્યાં સમુદ્ર પરિખાની ઉપમાને પામ્યો છે, એવી લંકા નામની નગરી છે. ત્યાં વિદ્યાઓથી સુશોભિત, ત્રિખંડનો વિજયી, જગતને એક કંટકરૂપ અને રાક્ષસોનો અધિપતિ એવો રાવણ નામે રાજા હતો. તેને ચોસઠ કળાઓના એક રૂપ અને સ્થાન રૂપ અને જેના શીલરૂપાદિક ગુણો દેવતાઓને પણ વર્ણનીય થયા એવી મંદોદરી સ્ત્રી હતી. એકદા તે સ્ત્રીની સાથે સર્વ તીર્થોની યાત્રા કરીને આત્માને પાવન કરવા માટે રાવણ વિમાનમાં બેસીને ચાલ્યો. અનુક્રમે તે અષ્ટાપદ તીર્થ પર

આવ્યો અને ત્યાં સ્વ સ્વ વર્ણ અને પ્રમાણાદિકથી યુક્ત એવા ચોવીશે તીર્થંકરોની તેમણે પૂજા કરી. પછી ત્યાં આવેલા ધરણેંદ્રને જોઈને મહાશય રાવણે તેને પૂછયું કે-'આ કયો પર્વત છે અને આ ચૈત્ય કોણે કરાવ્યું ?' એટલે ધરણેંદ્ર રાવણની આગળ કેવળજ્ઞાની મહારાજે કહેલ અષ્ટાપદનું સવિસ્તર મહાત્મ્ય આ પ્રમાણે કહેવા લાગ્યો:—

"જ્યાં આઠ સોપાન છે અને જ્યાં મુખ્ય આઠ કર્મ રૂપ દોષને દૂર કરનાર તથા સુવર્ણ સમાન કાંતિવાળા એવા ઋષભદેવ પ્રભુ બિરાજમાન થયા, તે આ અષ્ટાપદ ગિરીંદ્ર જયવંત વર્તે છે. જે પર્વતપર બાહુબલિ વિગેરે આદિનાથ પ્રભુના નવાણું પુત્રો તથા પ્રવર યતિઓ મોક્ષપદને પામ્યા તે અષ્ટાપદ ગિરીંદ્ર જયવંત વર્તે છે. જ્યાં પ્રભુનો વિયોગ સહન કરવાને જાણે અસમર્થ થયા હોય એવા દશ હજાર મહર્ષિઓ નિવૃતિયોગને પામ્યા, તે અષ્ટાપદ ગિરીશ જયવંત વર્તે છે. જ્યાં ત્રણ ચિતાઓના સ્થાને ઈંદ્રે જાણે સાક્ષાત્ રત્નત્રય હોય એવા ત્રણ સ્તૂપ સ્થાપન કર્યા, તે શ્રીઅષ્ટાપદ ગિરીશ જયવંત વર્તે છે. જ્યાં ભરતે એક યોજન લાબું અને અર્ધ યોજન પૃથુ (પહોળું) પ્રમાણવાળું અને ત્રણ કોશ ઉંચું એવું મોટું ચૈત્ય રચાવ્યું, તે અષ્ટાપદ ગિરીંદ્ર જયવંત વર્તે છે. સ્વ સ્વ આકૃતિ, પ્રમાણ, વર્ણ અને લાંછનથી વર્ણિત એવા વર્તમાન ચોવીશીના જિનેશ્વરોને જ્યાં ભરત રાજાએ સ્થાપન કર્યા-પ્રતિષ્ઠિત કર્યા તે અષ્ટાપદ ગિરીંદ્ર જયવંત વર્તે છે. મોહરૂપ સિંહને મારવાનેજ જાણે ભરત રાજાએ અષ્ટાપદ પર્વતને અષ્ટપદ (સિંહને મારનાર એક પશુ વિશેષ-અષ્ટાપદની પેરે આઠ પગ-પગથીઆંવાળો) બનાવ્યો હોય એવો જે પર્વત આઠ યોજનમાં શોભે છે, તે અષ્ટાપદ ગિરીશ જયવંત વર્તે

છે. જે પર્વત પર ભરતાદિક અનેક કોટી મહર્ષિઓએ સિદ્ધિ સાધી, તે અષ્ટાપદ ગિરીંદ્ર જયવંત વર્તે છે. પોતાનાં પાપનું જાણે પ્રક્ષાલન કરવાને જ જે જૈન પર્વતનો ગંગાએ પોતાના નિરંતર ઉછળતો કલ્લોલરૂપ કરથી સર્વતઃ આશ્રય કર્યો છે, તે અષ્ટાપદ ગિરીશ જયવંત વર્તે છે જ્યાં શ્રીજિનેશને તિલક ચઢાવવાની દમયંતી પોતાના લલાટમાં ચળકતા તિલકરૂપ પોતે આચરેલ કાર્યાનુરૂપ ફળ પામી, તે શ્રી અષ્ટાપદ ગિરીંદ્ર જયવંત વર્તે છે. જ્યાં ઉત્તર વિગેરે દિશાઓમાં ચાર, આઠ, દશ અને બે એમ ચોવીશ જિનેશ્વરોને મોક્ષાર્થી ચતુર ભવ્ય જીવ સ્તવે છે, તે શ્રી અષ્ટાપદ ગિરીશ જયવંત વર્તે છે. (આ અગ્યાર ગાથા શ્રી જિનપ્રભસૂરિએ શ્રી તીર્થકલ્પમાં કહી છે.)

આ પ્રમાણે અષ્ટાપદ ગિરિનું મહાત્મ્ય સાંભળી પ્રમુદિત થયેલા રાવણે પોતાની સ્ત્રીની સાથે ત્યાં ગીત અને નૃત્યુ વિધિનો આરંભ કર્યો અને ઇંદ્રના દેખતાં જિનેશની આગળ પ્રીતીપૂર્વક મંદોદરી નૃત્ય કરવા લાગી અને રાવણ વીણા વગાડવા લાગ્યો. પછી જ્યારે નાટયરસનો ઉત્કર્ષ માણસોને અત્યંત પ્રીતિકર થયો એવામાં પાપીની સંપત્તિની જેમ વીણાનો તાર (તાંત) તૂટી પડયો. એટલે ત્યાં રસનો ભંગ થતો જોઇને રાવણે તરત જ પોતાના ભુજકોટરમાંથી એક લાંબી સ્નસા (નસ) ખેંચી ક્હાડી અને તે તરત તેમાં જોડી દઈને પૂર્વની જેમ તે વીણા વગાડવા લાગ્યો. તે વખતે દેવતાઓએ તેની ઉપર પુષ્પવૃષ્ટિ કરી. તે અવસરે રાવણે અદ્દભુત એવું તીર્થંકર કર્મ ઉપાર્જન કર્યું. કારણ કે કલ્પલતા કરતાં અધિક એવી જિનભક્તિ શું નથી આપતી ? પછી ધરણેંદ્રે પણ સંતુષ્ટ થઇને પુણ્યવંત એવા તેને ત્રૈલોક્યનો જય કરવાવાળી એક અમોઘવિજયા નામની શક્તિ આપી. આ પ્રમાણે ત્યાં સ્નાત્ર, નૃત્ય અને

ઉત્સવના સમૂહથી પોતાના જન્મને કૃતાર્થ કરી સર્વ પ્રાણીઓ પોતપોતાના સ્થાનકે ગયા. માટે એ રીતે જિનેંદ્ર ભગવંતની અવશ્ય પૂજા કરવી.

●

# તેરમો ઉપદેશ

દ્રવ્યથી પણું જો જિનપૂજા કરી હોય તો તે ભવિષ્યમાં પ્રાણીઓને શુભ ફળ આપનારી થાય છે. આ સંબંધમાં મુનીશ્વરો નમિ અને વિનમિના ઉત્તમ દૃષ્ટાંતને દર્શાવે છે.

## શ્રી નમિ, વિનમિનું દૃષ્ટાંત

અયોધ્યા નામની નગરીમાં જેમણે ઐહિક અને આમુષ્મિક વ્યવહાર પ્રવર્તાવ્યા એવા[1] શ્રી વૃષભધ્વજ નરેંદ્ર હતા. જે પ્રભુના શુભમતિવાળા ભરત પ્રમુખ પુત્રો થયા અને સો શાખાથી તેમનું કુટુંબ વૃદ્ધિ પામ્યું. વ્યાશી લાખ પૂર્વપર્યંત બધી કળાઓ પ્રકાશીને પુત્રોને રાજ્ય વિભાગથી વહેંચી આપીને પરિગ્રહનો ત્યાગ કરી ઋષભદેવ પ્રભુએ ચૈત્ર માસની કૃષ્ણ+ અષ્ટમીએ ઈંદ્રોએ કરેલ ઉત્સવ પૂર્વક ચાર મુષ્ટિથી લોચ કરીને દીક્ષા અંગીકાર કરી અને તે પ્રભુની પાછળ મોટા કુળમાં ઉત્પન્ન થયેલા કચ્છ અને મહાકચ્છ વિગેરે ચાર હજાર રાજાઓએ પણ પ્રવ્રજ્યા લીધી; પરંતુ સ્વામીની જેમ ઘોર કષ્ટ સહન કરવાને અસમર્થ એવા તેઓ મસ્તક પર જટા રાખીને અનુક્રમે જટાધારી તાપસો થયા અને માત્ર લજ્જાથીજ વેશ ધારણ કરીને ગંગાદિ નદીઓની સેવાલનું ભક્ષણ કરતાં

---

૧ જેને વૃષભનું ચિન્હ છે તેવા ઋષભસ્વામી

+ (ગુજરાતી ફાગણ વદી આઠમે)

તેઓ કાલ વ્યતીત કરવા લાગ્યા. પણ ભગવંત તો પ્રાસુક આહારની અપ્રાપ્તિથી નિરંતર ઉપવાસી રહી દૂષણ રહિત થઈ મૌન વ્રત ધરીને વસુધા (પૃથ્વી) પર વિહાર કરવા લાગ્યા.

હવે જે વખતે ઋષભદેવ સ્વામીએ લોકોને વાર્ષિક દાન આપ્યું, તે વખતે કચ્છ અને મહાકચ્છના નમિ અને વિનમિ નામના પુત્રો દેશાંતર ગયા હતા, તેઓ ઘરે આવ્યા અને ત્યાં તેવા પ્રકારનું સ્વરૂપ જાણીને તાતની પાસે ગયા અને તેમણે પૂછ્યું કે- 'આ શું આરંભ્યું છે?' એટલે તેઓએ યથાસ્થિત તે બધું સ્વરૂપ જણાવીને કહ્યું કે- તમે ભરતને ઘેર જાઓ, તે તમને રાજ્ય આપશે.' પણ અભિમાનમાં આવીને ભરતની તેમણે અવગણ્ના કરી. અને સ્વામીજ અમોને રાજ્ય આપશે. કારણકે તે સર્વ સાધારણ છે.' એમ કહીને નમસ્કાર કરી જ્યાં ઋષભસ્વામી પ્રતિમાનિષ્ઠ થઈ વિચરતા હતા; ત્યાં વનમાં તેઓ ગયા. અને પ્રભાતે પાણી લાવીને પ્રભુના બંને ચરણો ધોઈને અને કમળોથી પૂજા કરીને કહેતા કે- 'હે સ્વામિન્! અમને રાજ્ય આપો.' વળી હાથમાં ખુલ્લી તલવાર રાખીને પ્રભુની બંને બાજુએ બરાબર દૃષ્ટિ રાખીને સેવા સાધવામાં સાવધાન થયા. આ પ્રમાણે તેઓ સેવા સાધતા હતા. એવામાં એકદા ધરણેંદ્ર મહારાજ ભગવંતને નમસ્કાર કરવા આવ્યો. અને તેમને તથા વિધ સેવા કરવામાં તત્પર જોઈને તેણે કહ્યું કે— 'હે મહાનુભવો! આ સ્વામી નિર્મમ છે. તેથી એ કોઈને કંઈ આપતા નથી. તથા એ તોષ કે રોષ (અનુગ્રહ કે નિગ્રહ) પણ કદી કરતા નથી. તો તમે સંસારની લાલચથી એમને શા માટે સેવો છો?' આ સાંભળી તેઓ રોષપૂર્વક ગર્જના કરીને ધરણેંદ્રને કહેવા લાગ્યા કેઃ— 'હે પાંથ! તું તારે માર્ગે જા અમારી ચિંતા કરીને તારે શું કરવું છે?' એટલે ધરણેંદ્ર બોલ્યો કે—

'હું કોઈ મુસાફર નથી, પણ નાગેંદ્રી છું. હું તમને રાજ્યાદિક આપીશ. માટે તમારી નજરમાં આવે, તે તમે મારી પાસે માગો.' છતાં તેમણે કહ્યું કે- 'જો તું ત્રણે લોક આપે, તો પણ અમારે તારૂં કાંઈ પ્રયોજન નથી. જો આપશે, તો આ સ્વામીજ આપશે. બીજાથી શું થવાનું છે? આ પ્રમાણે તેમની દઢ ભક્તિ જોઈને તે સ્વામીના મુખમાં ઉતરીને કહેવા લાગ્યો કે :- 'હું તમારા પર સંતુષ્ટ થયો છું માટે આ સામ્રાજ્યને ગ્રહણ કરો એ પ્રમાણે કહીને ધરણેંદ્રે તેમને વૈતાઢયનું આધિપત્ય (રાજ્ય) આપ્યું અને ૪૮૦૦૦ પ્રૌઢ અને પ્રસિદ્ધ વિદ્યાઓ આપી. એ રીતે તેમને .રાજ્ય-તથા વિદ્યાદિક સંપત્તિ આપીને ધરણેંદ્ર સ્વસ્થાને ગયો અને નમિ અને વિનમિ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યાઃ-

ત્રણ જગતના સમસ્ત જંતુઓને અભય આપનાર હે પ્રથમ તીર્થેશ! તમે જય પામો. હે સંસારતારક! તમે વિજયવંત રહો. આ પ્રમાણે પ્રભુને સ્તવીને અને પ્રણામ કરીને તેઓ આકાશમાં ઉડી વૈતાઢય પર ગયા અને ત્યાં રાજધાની સ્થાપી. વળી તેમણે તે પર્વતપર દક્ષિણ બાજુએ સાઠ અને ઉત્તર બાજુએ પચાશ નગરો વસાવ્યા તથા સમસ્ત દેશોને સાધી અને બધા રાજાઓને વશ કરી પ્રૌઢ બાહુબળને ધારણ કરનારા તેઓ વિદ્યાધરોના સ્વામી થયા અને પ્રાંતે શ્રી ભગવંતની પાસે દીક્ષા અંગીકાર કરીને બેકોટી સાધુઓ સહિત શ્રી શત્રુંજય પર્વતપર તેઓ સિદ્ધિપદ પામ્યા. અન્યત્ર પણ કહ્યું છે કે- હે પ્રભુ! મુનિઓ પણ તમારામાં જ લીન થાય છે, તથા તમારી સેવા સાધનાર નમિ વિનમિ વિદ્યાધરોના સ્વામી થયા. માટે ગુરૂજનોના ચરણની સેવા કદાપિ નિષ્ફળ થતી નથી.

આ પ્રમાણે ઐહિક ભોગની આશાથી કરેલ જિનભક્તિ પણ પ્રાણીઓને જ્યારે ઐહિક અને આમુષ્મિક સત્ફલ આપે છે, તો મોક્ષાભિલાષી હે ભવ્ય જનો ! એ જિનભક્તિમાંજ સાચા દિલથી પ્રયત્ન કરો.

# ચૌદમો ઉપદેશ

જે હાથમાંથી પડી ગયેલ હોય, પૃથ્વી પર પડેલ હોય, પગમાં લાગેલ હોય, જે મસ્તક પર ધરેલ હોય, ખરાબ વસ્ત્રમાં લીધેલ હોય, દુષ્ટ જનોથી સ્પર્શ કરાયેલ હોય, મેઘ યા જળથી હણાયેલ હોય અને જે કીડાઓથી દૂષિત થયેલ હોય–એવા પુષ્પ, ફળ અને પત્રનો જિનપૂજામાં શ્રાવક જનોએ ત્યાગ કરવો જોઇએ. જેઓ એવી જાતના પુષ્પોથી જિનેશ્વરની પૂજા કરે છે, તેઓ ભૂવલ્લભ રાજાની જેમ હીન કુળમાં અવતરે છે.

**ભૂવલ્લભ નરેંદ્રનું દૃષ્ટાંત.**

કામરૂપ નામના નગરમાં કોઈ ચંડાલના કુળમાં પૂર્વ કર્મના પ્રભાવથી દાંત સહિત પુત્ર જન્મ્યો. 'આ અનિષ્ટ કારક છે.' એમ ધારીને માતાએ તેને ગામની બહાર તજી દીધો. એવામાં ત્યાં તે નગરનો રાજા આવ્યો. અને તે બાળકને રૂપવાન્ જોઇને દયાની લાગણીથી પોતાના પરિવાર પાસે લેવરાવ્યો, પછી તેનું પાલન કરીને તેને સુશિક્ષિત બનાવ્યો. તે જમીનપર પડેલ મલી આવવાથી તેનું ભૂવલ્લભ એવું નામ રાખ્યું. અનુક્રમે તે સમસ્ત કળાઓ શીખીને સર્વને વલ્લભ થયો. પછી અપુત્રીઆ રાજાએ તેને રાજ્યપર બેસાડ્યો અને પોતે દીક્ષા લઈ વખત જતાં જ્ઞાની થયો.

હવે એકદા તે કેવલી રાજર્ષિ પુત્રને પ્રતિબોધ આપવા તેજ નગરમાં પધાર્યા. એટલે રાજા પણ પરિવાર સહિત તેમને વંદન કરવાને આવ્યો. અને ભગવંતે સંસારની અસારતામય તેને ધર્મોપદેશ આપ્યો. હવે માતંગી પણ ત્યાં આવી અને રાજાને જોઈને દૂધ પ્રસ્ત્રવતી તે મોહિત થઈ; કારણ કે પુત્ર-સ્નેહ દુરિતક્રમ છે. તે માતંગીને તેવી સ્થિતિમાં જોઇને રાજાએ મુનિમહારાજને પૂછ્યું કે– હે ભગવન ! આ કોણ છે ? અને એના પર પણ મારે મોહ શા માટે છે ?' મુનિ બોલ્યા કે–' હે કુમાર ! આ તારી માતા છે, કારણ કે તું તો બહાર પડેલો મને પ્રાપ્ત થયો હતો અને પુત્રના અભાવથી મેં તને રાજ્ય પર બેસાડચો.' રાજાએ પૂછ્યું કે : હે તાત ! હીનકુળમાં મારો જન્મ કેમ થયો ? અને આ રાજ્યની પ્રાપ્તિ કેમ થઈ ? તે બધું મને જણાવો.' એટલે મુનિ બોલ્યાઃ– હે રાજન્ પૂર્વ-ભવમાં તું સર્વ વ્યવહારીઓમાં શિરોમણિ સમાન મહર્દ્ધિક શ્રાવક હતો. તે વખતે દાન, ધ્યાન, તપ; પૂજા, પૌષધ અને આવશ્યાદિકથી તેં શ્રી જિનશાસનની ચિરકાલસુધી પ્રભાવના કરી; પરંતુ નિર્વિવેકપણાથી ગઈ કાલના યા નીચે પડેલા પડેલા સુગંધિ અને દુર્ગંધિ પુષ્પોથી તેં જિનેશ્વરની પૂજા કરી કોઇ વખત સ્નાન કરતો, કોઈ વાર સ્નાન વિના કોઈ વખત ખરાબ વસ્ત્રથી કોઇવાર સારા વસ્ત્રથી તું બહુધા જિન પૂજા કરતો હતો કદાચિત્ પ્રમાદથી વિધિરહિત પૂજા થઈ જાય તો ગુરૂમહારાજ પાસે પ્રાયશ્ચિત લેવું જોઈએ. પણ તેવા પાપને આલોચ્યા વિના તું ચાંડાલ ઘરે ઉત્પન્ન થયો, પરંતુ શ્રીજિનપુજાના પ્રભાવથી તને રાજ્યની પ્રાપ્તિ થઈ.'

આ પ્રમાણે સાંભળીને મનમાં હર્ષ પામતો રાજા જાતિ સ્મરણ પામ્યો અને બોલ્યો કેઃ— 'હે તાત ! મોક્ષફળને

આપનારી એવી દીક્ષા આપો.' પછી રાજ્યભાર પુત્રને સોંપી લીધેલ વ્રત અતિચાર રહિત પાળીને તે અનુક્રમે સદ્‌ગતિ પામ્યો.

આ પ્રમાણે અલ્પ બુદ્ધિવાળાએ વિધિ વિના કરેલ શ્રી જિનની પૂજા માત્ર તુચ્છ ફળને આપે છે. માટે હે ભવ્યજનો! તમે વિધિ માર્ગથી જ જિનપૂજા કરવા સતત પ્રયત્ન કરો.

●

# પંદરમો ઉપદેશ

શ્રી જિન ભગવંતની આગળ દીપૂજા કરીને જે મંદ ગાત તેજ દિપકથી પોતાના ઘરનાં બધાં કામ કરે છે, તે મૂર્ખ કુયોનિપણાને–નીચ જાતિપણાને પામે છે.

### ઉંટડીનું દૃષ્ટાંત

અરિવિંદપુરમાં આજિતસેન નામે રાજા હતો, તેજ ગામમાં દેવસેન નામનો એક શ્રેષ્ઠી રહેતો હતો, તે ધર્મકાર્ય કરતાં જિન વચન પર શ્રદ્ધા રાખતાં અને દીનાદિકને દાન આપતાં સમય વ્યતીત કરતો. હતો. હવે તેજપુરમાં એક ઔરભ્રિક (ભરવાડ) રહેતો, તેના ઘરેથી મોહથી મોહિત થયેલી કોઇક ઉંટડી દરરોજ પ્રભાતે શેઠને ઘેર આવતી હતી. તેથી તે ઉંટડીનો સ્વામી દયા રહિત થઈ તેને લાકડીવતી મારતો હતો, તથાપિ તે શેઠને ઘેર આવ્યા વિના રહેતી ન હતી. આથી શ્રેષ્ઠીએ દયા લાવી મૂલ્ય આપી તે વેચાતી લઇ લીધી. એટલે અત્યંત પ્રમુદિત થઇને તે ઉંટડી શેઠને ઘેર આનંદ પૂર્વક રહી,

એકદા ધર્મસૂરિ આચાર્ય તે નગરમાં પધાર્યા અને રાજા વિગેરે સર્વ લોકો તેમને વંદન કરવા ગયા. ત્યાં શ્રી ધર્મસૂરિ મહારાજે ધર્મદેશના આપી. પછી ધર્મિષ્ઠ મનવાળા શ્રેષ્ઠીએ તે ઉંટડીની હકીકત પૂછી. એટલે ગુરૂ મહારાજ બોલ્યા કેઃ– હે વત્સ ! આ ઉંટડી પૂર્વ ભવમાં તારી માતા હતી. નિરંતર તે ધર્માનુષ્ઠાનમાં કુશળ મતિવાળી હતી. અને પોતાના ઘરે રહેલ જિનબિંબ આગળ તે ઉજ્વલ દીપક કરતી. પરંતુ તેજ દીપકથી તે ઘરના કામ કરતી. તે પાપ આલોવ્યા સિવાય તે આ પ્રમાણે કુયોનિમાં ઉત્પન્ન થઇ." આ સાંભળી શ્રેષ્ઠીએ કહ્યું કેઃ–'આ બાબતમાં ખાત્રી શી ?' એટલે પુનઃ ગુરૂ બોલ્યા કેઃ–'તારા પિતાએ ઘરના ખુણામાં જે નિધાન દાટેલું છે, તેની બહુ તપાસ કરતાં પણ તું મેળવી શકયો નથી. હે ભદ્ર ! પૂર્વ ભવના અભ્યાસના યોગથી તે નિધાનને આ તારી માતા જાણે છે.'

એ પ્રમાણે જ્ઞાનીનું વચન સાંભળીને તેને (ઉંટડીને) પણ જાતિસ્મરણ ઉત્પન્ન થયુ. પછી તે શ્રેષ્ઠી આચાર્ય મહારજને નમસ્કાર કરીને તે ઉંટડીને લઇને પોતાને ઘેર આવ્યો. અને તેને પૂછયું કેઃ–'હે માતા! મને નિધાન બતાવો.' એટલે પ્રમુદિત થઇ, તેણે નિધિનું સ્થાન બતાવ્યું. પછી સંસારથી વિરક્ત થઇને તે શ્રેષ્ઠી બધું ધન સારે માર્ગે વાપરીને ભવસ્થિતિનો વિચાર કરવા લાગ્યો કેઃ–'અહો ! મારી માતા પણ કર્મના યોગથી ઉંટડી થઇ, માટે કલેશકોટીના નિમિત્તભૂત એવા આ ઘરથી મારે સર્યું અને પરમાર્થના એક પ્રતિપક્ષીભૂત એવા આ પરિવારથી પણ સર્યું" આ પ્રમાણે વિચારીને તે સુજ્ઞ શ્રેષ્ઠીએ તે સૂરિરાજ પાસેજ

પ્રવ્રજ્યા અંગીકાર કરી. તથા તે ઉંટડી પણ કેટલોક કાળ આ ભવનમાં ભમીને પ્રૌઢ કુળમાં જન્મ લઈ અવશ્ય મોક્ષે જશે.

આ પ્રમાણે વારંવાર દીપપૂજા કરીને તે સ્ત્રી બિચારી ઉંટડી થઇ, માટે હે ભવ્ય પ્રાણીઓ ! જિનપૂજનમાં એ રીતે તમારે વિવેક કરવો ઉચિત છે.

●

# સોળમો ઉપદેશ

શ્રી જિનની કરેલ પૂજા ચિત્તને પાવન કરે છે. નિબિડ કર્મવનને છેદી નાંખે છે, સ્વર્ગને આપે છે, શિવસંપત્તિને આકર્ષે છે, પુણ્યોદયને વિસ્તારે છે. અને સુખોને સંચિત કરે છે. અહો ! જિન પૂજાથી શું પ્રાપ્ત થતું નથી ? મિથ્યાદષ્ટિ અશોક માળી ભવ્ય ભાવથી જિનપૂજા કરી અદ્‌ભુત સુખ પરંપરાને પામ્યો.

## અશોક માળીની કથા

મહારાષ્ટ્ર નામના મોટા દેશમાં હલ્લુર ગામમાં મિથ્યા-દષ્ટિ પણ ભદ્રક મનવાળો અશોક નામે માળી રહેતો હતો. એકદા કોઇ પર્વના દિવસે શ્રાવકોએ રચેલ જિન પૂજા જોઇને તે મનમાં આ પ્રમાણે વિચારવા લાગ્યોઃ–'અહો ! જેઓ પવિત્ર વસ્ત્ર પહેરીને શ્રીજિનની પૂજા કરે છે, તેઓ વસુધાપર પ્રશસ્ય (ઉત્તમ પ્રશંસાપત્ર) છે, પરંતુ જેમના ચિત્તમાં ધર્મનો લેશ પણ નથી, તેવા મારા જેવા ખરેખર સદા દરિદ્રજ છે. કહ્યું છે કેઃ–' હે ભગવન ! તમને જોયા, સાંભળ્યા અને પૂજ્યા છતાં ભક્તિપૂર્વક મેં હૃદયમાં ધારણ ન કર્યા.

તેથી હે જનબાંધવ! હું દુઃખપાત્ર થયો છું. કારણકે ભાવ-શૂન્ય ક્રિયા ફલવતી થતી નથી' આ પ્રમાણે તેજ વખતે ઉત્પન્ન થયેલ વાસનાથી પોતાને ભાગ્યરહિત માનીને નિર્દતા એવા તેણે વેચાણ કરતાં વધેલા નવ પુષ્પોથી જિનપૂજા કરી.

હવે એલા નામની નગરીમાં નયતત્પર (ન્યાયી) એવો જિતારિ નામે રાજા હતો. તેની શીલશાલિની શ્રીકાંતા નામની પત્ની હતી. તેજ નગરીમાં ધનદત્ત નામે એક મહર્દ્ધિક શેઠ રહેતો હતો. હવે તે માળીનો જીવ મરણ પામીને પુણ્યયોગે તે શેઠનો પુત્ર થયો, બીજા જન્મમાં દત્ત એવા નામથી તે પ્રસિદ્ધિ થયો, અને નવ લાખ દ્રમ્મ ( નાણું વિશેષ )નો સ્વામી તથા બહુમાન્ય થયો તે જન્મમાં પણ શ્રી જિનપૂજાદિ કર્મમાં એક તાન રાખીને તે અબાધિત રીતે ભોગસુખો પામ્યો. પછી મરણ પામીને તેજ નગરમાં ગુણાકર નામે તે શેઠ થયો, અને આ ત્રીજા ભવમાં તે નવ કોટી દ્રમ્મનો ધણી થયો. ત્યાંથી મરણ પામીને ચોથા ભવમાં તે સ્વર્ણપુરમાં શ્રીધર નામે શેઠ અને નવ લક્ષ સુવર્ણનો સ્વામી થયો. પછી પાંચમાં ભવમાં તેજ ગામમાં કમલાકર નામે શેઠ અને નવ કોટી સુવર્ણનો તે સ્વામી થયો. છઠ્ઠા ભવમાં રત્નપુર નગરમાં રત્નાંગદ નામે શેઠ અને નવ લાખ રત્નોનો તે સ્વામી થયો સાતમા ભવમાંભવનને આનંદ આપનાર ભુવનશેખર નામે મહાશ્રેષ્ઠી અને નવકોટી રત્નોનો તે ધણી થયો. પછી આઠમે ભવે વલ્લભ રાજાનો સુનંદન નામે પુત્ર અને નવ લાખ ગામોનો તે રાજા થયો. અને નવમા ભવમાં તે નવ નિધિનો સ્વામી જિતશત્રુ નામે રાજા થયો. અહો! આ પૂજાનું ફળ કેટલું? તે રાજા એકદા શ્રી પાર્શ્વનાથ પ્રભુ પાસે મૂલથી પોતાના પૂર્વ ભવો સાંભળીને જાતિસ્મરણ પામ્યો. પછી શ્રી પાર્શ્વપ્રભુ પાસે દીક્ષા લઇ ઉગ્ર તપ તપીને અનુત્તર વિમાને

તે દેવ થયો અને રાજ્ય પામીને તે સિદ્ધ થશે. કહ્યું છે કે-'પૂર્વ અશોક માળીએ નવપુષ્પથી નવાંગે પ્રભુની પૂજા કરી, તેથી નવ લક્ષ્મી પામ્યો અને અંતે મોક્ષલક્ષ્મી પામશે.

હે બુધજનો! આ પ્રમાણે અશોક માળીની સત્કથા સાંભળીને નિર્મળ બુદ્ધિથી તમે શ્રીવિતરાગના ચરણકમળની પૂજા કરો.

●

# સતરમો ઉપદેશ

ગુણ દોષના પરિજ્ઞાન વિના જે સર્વ દેવો પર ભક્તિ ધરાવે છે, તે પૂર્વે શ્રીધરની જેમ સુખ પામતો નથી. અને તેજ **શ્રીધર** જેમ પછીથી આકાંક્ષારહિત થતાં અહીંજ સુખી થયો. તેમ પ્રાણી નિષ્કાંક્ષ મનથી સાક્ષાત્ સ્વર્ગની સંપત્તિ મેળવે છે.

## શ્રીધર વણિકની કથા

ગજપુર નગરમાં **શ્રીધર** નામે વણિક હતો. તે પ્રકૃતિએ મુગ્ધ અને ભદ્રક હતો, પણ જ્યાં ત્યાં અભિલાષી બની જતો હતો. એકદા સરલ આશયવાળા તેણે મુનિ પાસેથી આ પ્રમાણે સાંભળ્યું કે:-'જે પ્રાણી જિનપૂજામાં તત્પર થાય છે, તે ઇષ્ટ ફળને પામે છે.' આ વચન સાંભળીને તે ભક્તિભાજન અને ચતુર શ્રીધર એક આર્હતી પ્રતિમા કરાવીને ત્રિકાલ તેની પૂજા કરવા લાગ્યો.

એકદા ધૂપનો ઉત્ક્ષેપ કરીને તેણે એવો અભિગ્રહ લીધો કે:-'આ ધૂપસમાપ્ત ન થાય, ત્યાં સુધી મારે આ સ્થાનથી

ચલાયમાન ન થવું.' એવામાં દૈવયોગે અકસ્માત્ ત્યાં સર્પ નીકળ્યો, અને તે દુષ્ટ સર્પ તથાવિધ નિશ્ચલ મનવાળા એવા તેને જેટલામાં ડંસે છે, તેવામાં તેના જિનાર્ચાના નિશ્ચયથી સંતુષ્ટ થયેલ શાસનદેવતાએ તથા સ્થિત શ્રીધર પાસેથી તે સર્પને દૂર ફેંકી દીધો. અને તે દેવીએ શ્રીધરને કહ્યું કે-'હે ભદ્ર ! શ્રી જિનપૂજનમાં તારી આવા પ્રકારની અત્યંત દઢતા જોઈને હું તારા પર પ્રસન્ન થઇ છું. માટે લક્ષ્મીવર્ધક આ મણિને ગ્રહણ કર.' પછી પોતાની પ્રતિજ્ઞા પૂર્ણ થતાં તેણે તે મણિનો સ્વીકાર કર્યો, એટલે તે દેવી અંતરધાન થઇ ગઇ. પછી રત્નના પ્રભાવથી જેમ જેમ તેની લક્ષ્મી વધવા લાગી, તેમ તેમ જાણે સ્પર્ધાથીજ જિનપૂજામાં આદરભાવ વધવા લાગ્યો.

હવે એક દિવસે ચતુર એવા તેણે કોઇકની પાસે સાંભળ્યું કે:-'આ યક્ષની પૂજા કરતાં અભીષ્ટ ફળની પ્રાપ્તિ થાય છે.' એટલે શ્રીધરે પણ તે યક્ષની પૂજા કરી. તથા તેવા પ્રકારની લોકોક્તિથી અતૃપ્ત એવા તેણે આસનમંડિત ચંડી-દેવીની તથા ગણેશની પણ પૂજા કરી. કારણ કે ગુણ દોષને ન જાણતા પ્રાણીઓને વિવેકનો અવકાશ ક્યાંથી હોય ?

એકદા ચોરોએ ઘરમાંનું સર્વસ્વ ચોરી લીધું, એટલે સંક્ષુબ્ધ મનથી જેટલામાં રત્ન જોવા લાગ્યો, તેવામાં દેવીના વરથી પ્રાપ્ત થયેલ તે મહામણિને ન જોવાથી પોતે વિજ્ઞ છતાં શ્રીધર સર્વદા દુ:ખી થવા લાગ્યો. વળી રત્નના અભાવથી લક્ષ્મી પણ બધી તેના ઘરમાંથી ચાલી ગઈ. એટલે દરરોજ ભોજનનો સંદેહ પડવા લાગ્યો. આથી તે ઉપવાસ કરીને ત્રણ દિવસ દેવોની આગળ બેઠો એટલે ત્રીજે દિવસે તે દેવો પ્રત્યક્ષ થઇ તેની આગળ આવીને બોલ્યા કે:-'આ પ્રમાણે

લંઘન કરીને તેં અમને શા માટે સંભાર્યા ?' તે બોલ્યો કે: 'તમે મારૂં મનોભીષ્ટ સિદ્ધ કરો.' પછી કુળદેવી બોલી કે:-'અરે દુષ્ટ ! અરે નિષ્ઠુર માનસ ! શીઘ્ર ઉઠ અને અત્યારે જ મારી પાસેથી ચાલ્યો જા ! જેમને ભક્તિ અને બહુમાન પૂર્વક તું ઘરે લાવ્યો છે અને જેમની સેવા કરવા તત્પર રહે છે, તે આ દેવો તને અભીષ્ટ આપશે.' પછી દેવતાઓ સ્મિત પૂર્વક પરસ્પર કહેવા લાગ્યા. ગણેશે ચંડિકાને કહ્યું કે:-'ભક્તને અભીષ્ટ આપ.' તે બોલી કે:-'આ યક્ષ તેને અભીષ્ટ આપશે. જેને એ પોતે પ્રૌઢ આસનપર બેસાડીને નિરંતર મારી પહેલાં પૂજે છે.' એટલે દક્ષ એવો યક્ષ બોલ્યો કે:-'શાસનદેવતા તેને અભીષ્ટ આપશે. જેણે પહેલાં પણ અપૂર્વ વૈભવવાળું એક રત્ન તેને આપ્યું હતું,' આ પ્રમાણે પરિહાસ પૂર્વક દેવ વાણી સાંભળીને શાસનદેવી ખિન્ન થયેલા શ્રીધરને-કહેવા લાગી કે :-'હે ભદ્ર ! અન્યોન્ય ઈર્ષ્યા લાવીને આ બધા દેવતાઓએ તારી ઉપેક્ષા કરી, માટે આ સર્વ દેવોનો ત્યાગ કરીને એકાગ્ર ચિત્તથી શ્રી જિનની પૂજા કર. કારણ કે એમની પૂજા કરતાં તને સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થશે. જેમના જયવંત આચરિતથી સર્વ દેવો દેવત્વ પામે છે. માટે એ જિનેંદ્ર અહીં સમસ્ત દેવોના દેવ છે.' આ પ્રમાણે સમજીને આકાંક્ષારહિત થઇ તે યક્ષાદિ દેવોને સાદર કહેવા લાગ્યો કે:-'તમે બધા મારા પર કૃપા કરીને મારા ઘરેથી તમારા સ્થાને જાઓ.' પછી નિશ્ચલ મનવાળા શ્રીધરને સંતુષ્ટ થયેલ શાસનદેવતાએ પુનઃ અનેક કોટી રત્નો આપ્યા.

ત્યારપછી ત્રિકાલ જિનપૂજા કરતાં અને દાન દેતાં પોતે ઉપાર્જન કરેલ લક્ષ્મીને સાર્થક કરી અને અંતે દીક્ષા અંગીકાર કરીને તે મુક્તિસુંદરીના વક્ષઃસ્થલમાં એક હારના તુલનાને પામ્યો.

# અઢારમો ઉપદેશ

જે સુશ્રાવકો એકાગ્ર ચિત્ત રાખ્યા વિના જિનરાજની પૂજા કરે છે, તેઓ જિણહ નામના શ્રાવકની જેમ વિદ્વજ્જનોને હાસ્યપાત્ર થાય છે.

## જિણહ શ્રેષ્ઠીની કથા

ધવલક્કપુરમાં શ્રીમાલ જ્ઞાતિનો અગ્રેસર, જાહાનો પુત્ર અતિ દુઃસ્થિતિએ પહોંચેલો એવો જિણહ નામે શ્રેષ્ઠી હતો. ને ઘૃત, કપાસ અને તેલ વેચીને માત્ર પોતાના ઉદર પૂરતી આજીવિકા ચલાવતો હતો. પણ તે જિનધર્મથી વિવર્જિત હતો. એકદા શ્રીઅભયદેવ નામના આચાર્ય પાસેથી આર્હત ધર્મ સાંભળીને પોતાની ભક્તિથી તે ભક્તામર સ્તોત્ર ભણ્યો. તેનું દરરોજ ત્રણ વાર સ્મરણ કરીને, શ્રીપાર્શ્વનાથનું પૂજન તથા ધર્મકાર્ય કરી તે પોતાના જન્મને સફળ કરવા લાગ્યો. એકદા પાસેના ગામમાં ગયેલો, તે રાત્રે ભક્તામરની તેત્રીશમી ગાથાનું સ્મરણ કરતો હતો, એવામાં ચક્રેશ્વરી દેવી તેના પર સંતુષ્ટ થઈ તે આ પ્રમાણે છેઃ–

"હે ભગવાન ! આ પ્રમાણે ધર્મોપદેશ કરવામાં જેવી તમારી વિભૂતિ હતી, તેવી અન્ય કોઇ દેવની ન હતી. કારણકે અંધકારને દૂર કરનારી જેવી દિવાકર (સૂર્ય)ની પ્રભા હોય, તેવી પ્રભા વિકસ્વર ગ્રહગણની પણ ક્યાંથી હોય ?" 'હે ભદ્ર ! જયને આપનાર અને વશ્યકર એવા આ ઉત્તમ મણિને ગ્રહણ કર.' એમ કહીને તે અદૃશ્ય થઇ ગઇ. એટલે તેણે તે મણિ હાથમાં બાંધ્યો. પછી પ્રભાતે ત્યાંના કામ

કરીને પોતાના ગામ તરફ તે પાછો ફર્યો, એવામાં માર્ગમાં ત્રણ ચોરોએ તેને અટકાવ્યો. તેમને ત્રણ બાણથી લીલામાત્રમાં મારીને તે પોતાના ગામે ગયો. કારણ કે મણિ મંત્રાદીકનો મહિમા અચિંત્ય કહેવાય છે. તે વૃત્તાંત ગામમાં સાંભળીને ભીમ રાજાએ તેને બોલાવીને કહ્યું કે:-'હે ભદ્ર ! તેં બહુ દુષ્કર કામ કર્યું.' તે વખતે તે ધન અને વસ્ત્રાદિકથી હીન છતાં સભાજનોએ ઉત્કૃષ્ટ શૌર્યથી મંડિત સિંહના જેવો તેને જોયો. એવામાં રાજાએ તેને ખુલ્લી તલવાર સોંપી, એટલે શત્રુઓને શલ્યરૂપ એવો સેનાપતિ બોલ્યો કે:-

"खंडउ तासु समप्पीइं, जसु खंडइ अभ्यास"
जिण्हा इक समप्पीआइं, तिलतोंलं कप्पास." ॥१॥

એવામાં જિણહ બોલ્યો કે:-

"असिधर धणुधर कुंतधर, सत्तिधराय बहुज्ज ।
सत्तुसल्ल रणसूर नर, विरलति जणणिपसूय" ॥२॥

આ સાંભળીને રાજાએ કહ્યું કે:-'હે ભદ્ર ! તેં ઠીક કહ્યું કારણ કે:—

'અશ્વ, શસ્ત્ર, શાસ્ત્ર, વીણા, વાણી, નર અને નારી—એ પુરૂષ વિશેષને પામીને યોગ્ય વા અયોગ્ય થાય છે.' પછી ભીમરાજાએ તેને ત્રણ વાર ઉજ્વલ પટ્ટકુળ પહેરાવ્યા અને પ્રમુદિત થઇને પુષ્કળ સુવર્ણાદિક આપ્યું. તથા નિષ્કોશ ખડગ, સૈન્ય અને ધવલકૂપુરનું સ્વામિત્વ આપીને રાજાએ તેને વિસર્જન કર્યો. એટલે તે પણ પોતાના પુરમાં આવ્યો. પછી ગુર્જર ભૂમિમાં તે જિણહ કોટવાલ થઇને રક્ષક બન્યો, ત્યારથી ચોરોનું નામ માત્ર પણ નષ્ટ થઈ ગયું

એકદા કોઈક ચારણે તેની પરીક્ષા કરવાની ઇચ્છાથી એક ઉંટ ચોર્યો. એટલે તેને જિણહના માણસોએ પકડીને

પ્રજા કરતા દંડનાયકને દેખાડયો અને કહ્યું કે:-'હે સ્વામિન્ ! આ ચોરોને શો દંડ આપવો, તે કહો.' એટલે તેણે આંગળીની સંજ્ઞાથી તેમને કહ્યું કે:-'એ વધ્ય છે.' પછી અવસરજ્ઞ ચારણે જિણહને કહ્યું કે:—

इक जिणहा नइं जिणवरह, न मिलइं तारोतार।
जेणअमारण पूजीइं, ते किम मारणहार'' ॥१॥

આ પ્રમાણે સાંભળીને અંતરમાં આશ્ચર્ય પામીને તેણે સ્મિત પૂર્વક તેને મુક્ત કર્યો, અને તેને શિખામણ આપી કે:-'તારે કદાપિ ચોરી ન કરવી' પછી ચારણ બોલ્યો કે:-

'હે દેવ ! તમે વણિકમાત્ર છતાં સર્વ ચોરોનો શી રીતે વિનાશ કર્યો, તેની આજ મેં પરીક્ષા કરી.' પછી જિણહે તેને બહુ દ્રવ્ય આપીને સ્વસ્થાને મોકલ્યો અને પોતે એકાગ્ર મનથી પૂજા કરીને ભોજન વિગેરે કર્યું.

આ પ્રમાણે કોટી સુભટોમાં તે અગ્રેસરપણાને પામ્યો અને વસુધાને નિષ્કંટક કરતાં તે પરમ શ્રાવક થયો. વળી તે કૃપાળુએ પોટ્ટલિક (પોટલાવાળા) લોકોનો કર માફ કર્યો એટલે ત્યારપછી ત્યાં દરેક નગરમાં તે વ્યવસ્થા આગળ આગળ પ્રવર્તી અદ્યાપિ તેમની પાસેથી જે બળાત્કારથી કર ગ્રહણ કરે છે, તે મહાજનનો વિરોધી થવાથી બહુ વખત સુખે રહી શકતો નથી.

આ પ્રમાણે સ્વપરનો ઉપકાર કરવામાં તત્પર અને ધર્મકૃત્યમાં ચિરકાળ સાવધાન થઇને પરમર્દ્ધિક તે જિણહ વણિક અનુક્રમે સદ્ગતિ પામ્યો.

●

# ઓગણિસમો–વિસમો ઉપદેશ

જે મનુષ્યો દેવદ્રવ્યનો ઉપભોગ કરે છે, તેઓ દુર્ગતિગામી થાય છે. આ સંબંધમાં ઘણા દૃષ્ટાંતો છે તથાપિ અહીં દિગ્માત્ર દર્શાવતું ઉચિત છે.

આ સંસારમાં શ્રી દેવ અને ગુરૂની એકાંત ભક્તિ કરનાર તથા વિશુદ્ધ શ્રી સમ્યકત્વમૂળ બાર વ્રતને ધારણ કરનાર સુશ્રાવકે, સ્વપર શાસ્ત્રમાં નિષિદ્ધ હોવાથી અને બહુ દોષોનો સંભવ હોવાથી દેવ સંબંધી દ્રવ્યનો સર્વથા ઉપભોગ નજ કરવો. કહ્યું છે કેઃ—

'દેવદ્રવ્યથી જે વૃદ્ધિ, અને ગુરૂ દ્રવ્યથી સંચિત કરેલ જે ધન છે તે કુળનો નાશ કરે છે અને મરણ પછી તે નરકમાં ઘસડી જાય છે.' કડવી તુંબડીનું એક બીજ પણ સહસ્ત્ર ભાર પ્રમાણ ગોળનો નાશ કરે છે. વિષનો એક લવ દૂધપાકથી ભરેલા થાળને શું સર્વને અનુપયોગી કરતો નથી? તેમ કેટલાક મૂર્ખ જનો દેવદ્રવ્યથી વ્યવસાય કરતા જોવામાં આવે છે, કોઈ વખત નિર્ધનપણું ઘણું પ્રાપ્ત થતાં દેવદ્રવ્યની દરકાર ન કરતાં તેઓ વાપરે છે અને તે દ્રવ્ય જ્યારે પાછું માગવામાં આવે, ત્યારે તેઓ એમ કહે છે કેઃ—'અમારી પાસે હાલ દ્રવ્ય ( નાણાં ) નથી. અથવા તો જિન અમારા પિતા સમાન છે. માટે પિતાનું ધન શું પુત્રોને કંઈ અનાદેય હોય ઈત્યાદિ જેમ તેમ બોલતા તે બિચારા અનંત સંસારના કલેશના ભાજન થાય છે. કેટલાક તો મહત્ત્વના ભૂખ્યા મોટા સમુદાયમાં બહુ ધનના બદલમાં ઈંદ્રિમાગનો લાભ મેળવીને

બહુ દેવદ્રવ્ય થઈ જતાં, તેની માગણી કરવામાં આવે, ત્યારે માત્ર પોતાની ગરીબાઈ બતાવે છે, મનથી પણ તે આપવાને ઇચ્છતા નથી અને બોલે છે :—'શું દેવના સંતાનો ભુખે મરે છે ? શું દેવ તમને અધિક છે અને અમને ન્યૂન છે ? જ્યારે ધ્યાનમાં આવશે, ત્યારે આપીશું' ઈત્યાદિ કાલક્ષેપ કરતાં અનુચિત્ત બોલનારા એવા તેઓ પણ તેમનીજ પંક્તિમાં મૂકવા લાયક છે, આ સંબંધમાં બે ભાઈનું દૃષ્ટાંત આ પ્રમાણે છે.

## બે ભાઈની કથા

વિશ્વપુરમાં ક્ષેમંકર રાજાનો યુગંધર નામે પુત્ર હતો. તેણે એકદા વનમાં કોઈક મુનિને થયેલ કેવળજ્ઞાનનો મહોત્સવ કરતા દેવતાઓને જોઇને જાતિસ્મરણ પામી, તેજ વખતે વૈરાગ્ય ઉત્પન્ન થતાં દેવતાઓએ આપેલ સાધુવેષ ધારણ કરીને દીક્ષા લઈ લીધી, એટલે રાજા વિગેરેએ તેને વંદના કરી અને પૃથ્વી પર તે વિચારવા લાગ્યો, તથા તેણે ઘણી તપસ્યા કરી. એકદા શુક્લ ધ્યાન પર આરૂઢ થતાં તે મુનિને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. પછી તેજ નગરમાં તે આવ્યા. એટલે રાજા વિગેરે તેમને વંદન કરવા ગયા. ત્યાં તેમણે ધર્મદેશનાનો પ્રારંભ કર્યો. તે અવસરે જાણે સર્વ રોગોની રાજધાની હોય, મક્ષિકાઓનું જાણે પિતૃગૃહ હોય, એવો કોઇક કુષ્ઠી (કોઢીયો) પગલે પગલે બાળકો વિગેરેથી પણ કાંકરાઓના ઉપઘાત પામતો ત્યાં આવ્યો. તેને તેવી અવસ્થામાં આવી પડેલો જોઈને રાજા વિગેરેએ મુનિ પાસે તેનો પૂર્વભવ પૂછયો. એટલે મુનિ કહેવા લાગ્યા કે:—

કુસુમપુરમાં નંદ અને નાગદેવ નામના બે ભાઇ હતા. મોટોભાઇ વ્યવહારમાં શુદ્ધ હતો અને બીજો તેથી વિપરીત

હતો. એકદા તે નગરના રાજાએ પોતે કરાવેલ જિનમંદિરમાં દેવદ્રવ્યનું રક્ષણ કરવા તેમને નીમ્યા, અને પોતાની શક્તિ પ્રમાણે તે સંભાળ કરતા હતા. એકદા નાગદેવ નિર્ધન થવાથી વચવચમાં નિર્લજ્જતાથી સ્વલ્પ દેશદ્રવ્યનો ઉપભોગ કરવા લાગ્યો, એટલે વૃદ્ધ ભાઈએ તેને સમજ આપી કે:—'જિન-શાસનની વૃદ્ધિ કરનારૂં તથા જ્ઞાન, દર્શનાદિ ગુણોને દીપાવનારૂં હોય એવું દેવદ્રવ્ય જે ભક્ષે છે તે અનંત સંસારી થાય, રક્ષણ કરે, તો અલ્પ સંસારી થાય અને દેવદ્રવ્યની વૃદ્ધિ કરે, તો તે જીવ તીર્થંકરપણાને પાંમે' ઇત્યાદિ બહુપ્રકારની આગમયુક્તિથી અટકાવતાં પણ જ્યારે તે લઘુ ભાઇ ન અટક્યો, ત્યારે તે મોટો ભાઇ વિચારવા લાગ્યો કે:— 'પ્રભાતે હું આ બધું રાજાને નિવેદન કરીશ,' એવામાં રાત્રિએ અકસ્માત્ તે શૂળના વ્યાધિથી મરણ પામી વ્યવહારીનો પુત્ર થયો. ત્યાં સુંદર ભોગ ભોગવી પ્રાંતે વ્રત લઈ પ્રાણત સાત ભવ પર્યંત દીક્ષા આરાધીને અચ્યુતાદિક દેવલોકમાં દેવપણે ઉત્પત્ન થઇને અનુક્રમે તે હું તમારો યુગંધર પુત્ર થયો છું. અને નાગદેવ તો તેજ ભવમાં તેના સ્વરૂપની ખબર પડવાથી રાજા વિગેરેએ તેની બહુ તર્જના કરી અને ભક્ષણ કરેલ દેવદ્રવ્યને ઠેકાણે તેના ઘરનું સર્વસ્વ લઇ લીધું. પ્રાંતે સોળ વર્ષ રોગાર્ત્ત થઇ શેષ દ્રવ્ય આપવા પુત્રોને કહીને મરણ પામ્યો. અને પૂર્વના અભ્યાસથી પ્રતિ ભવે તે પ્રમાણે કરતો સાતે નરકમાં અને વચ વચમાં તિર્યંચના ભવ ભમી ભમીને આ બિચારો કુષ્ઠી થયો છે. કહ્યું છે કે:— 'હે ગૌતમ ! દેવદ્રવ્યનું ભક્ષણ કરતાં અને પરસ્ત્રી ગમન કરતાં પ્રાણી સાત વાર સાતમી નરકમાં જાય છે.' આ પ્રમાણે સાંભળતાં તે કુષ્ઠીએ જાતિસ્મરણ પામીને બધાં પાપ આલોચ્યાં અને પ્રાંતે અનશન લઇને મરણ પામીને તે અચ્યુત દેવલોકમાં

દેવતા થયો અને અનુક્રમે મહાવિદેહમાં મોક્ષે જશે. તથા તે યુગંધર રાજર્ષિ પણ અનુક્રમે મોક્ષમહેલમાં બિરાજમાન થયા.

આ સંબંધમાં પરશાસ્ત્રમાં પણ આ પ્રમાણે ઉદાહરણ કહેલ છે:—

'હે ભદ્ર ! પ્રાણ કંઠે આવ્યા હોય, છતાં દેવદ્રવ્યમાં બુદ્ધિ કરીશ નહિ. અગ્નિદગ્ધ વૃક્ષો નવપલ્લવિત થાય છે, પણ દેવદ્રવ્યથી દગ્ધ થયેલા ઉગરતા નથી.'

પૂર્વે ત્રણ જગતને અભીષ્ટ નામવાળા શ્રીરાજારામ જ્યારે અયોધ્યા નગરીમાં રાજ્ય કરતા હતા. તે વખતમાં કોઇએક કુતરો રાજમાર્ગમાં આવ્યો, એવામાં કોઈ બ્રહ્મપુત્રે (બ્રાહ્મણે) તેને કાંકરાવતી માર્યો એમ શ્રુતિમાં કહેલ છે. પછી તે કુતરો નીકળતા લોહીએ ન્યાય સભામાં જઇને બેઠો, એટલે રાજાએ તેને બોલાવીને પૂછ્યું, તેથી તેણે કહ્યું કે—' મને નિરપરાધીને શા માટે માર્યો ? ' એટલે રાજાએ તેને મારનાર બ્રહ્મપુત્રને ત્યાં બોલાવીને કહ્યું કેઃ—'આ તને મારનાર છે. માટે કહે, એને શો દંડ આપવો ?' શ્વાન બોલ્યો કેઃ—'એને મહાદેવનો પૂજારી કરો' પછી રાજાએ કહ્યું કેઃ—'એ દંડ કેવો ?' એટલે પુનઃ તે શ્વાન બોલ્યો કેઃ—'હું સાત ભવની પહેલાં મહાદેવને પૂજીને દેવદ્રવ્યની ભીતિથી હાથ ધોઇને ભજન કરતો હતો. એકદા લિંગ પૂરવાને લોકોએ બહુ ઘૃત મૂક્યું. તેને વેચતાં કઠણ હોવાથી તે મારા નખમાં કંઈક પેસી ગયું. તે ઉષ્ણ ભોજન કરતાં પલળ્યું અને અજાણતાં મારા ભક્ષણમાં આવી ગયું. તે દુષ્કર્મથી હું સાત વાર કુતરો થયો હે રાજન્! આ સાતમા ભવમાં મને જાતિસ્મરણ થયું અને તેના પ્રભાવથી અત્યારે મને મનુષ્ય વાચા થઈ.

આ પ્રમાણે અજાણતા ઉપભોગમાં આવેલ પણ દેવદ્રવ્ય દુઃખનું કારણ થાય છે. માટે વિવેકી જનોએ તેનું યથાશક્તિ

સંરક્ષણ કરવું. અધિકાર પ્રાપ્ત થતાં માણસને ત્રણ માસમાં, મહાદેવના પૂજારી થતાં ત્રણ દિવસમાં નરક પ્રાપ્ત થાય છે, અને જો નરકની શીઘ્ર વાંછા હોય તો એક દિવસ પુરોહિત થવું. દેવદ્રવ્યના ભક્ષક પ્રાણીઓ જળ વિનાની વિંધ્યાટવીમાં શુષ્ક તરૂકોટરનાવાસી કૃષ્ણ સર્પ થાય છે.

આ પ્રમાણે દેવદ્રવ્યની રક્ષા અને વિનાશના સંબંધમાં સ્પષ્ટ રીતે એ દૃષ્ટાંત સાંભળીને હે ભવ્ય જનો ! તે દેવદ્રવ્યની રક્ષા કરવામાં તમારે પ્રયત્ન કરવો કે જેથી તમારો સંસાર તરત અલ્પ થઈ જાય.

●

## એકવિશમો ઉપદેશ

જે પ્રાણીઓ સંકટમાં પણ પોતાના નિયમને છોડતા નથી, તેઓ ઈંદ્રોને પણ પૂજનીય થાય છે. જેમ શ્રી જિન-પૂજાના અચળ નિયમવાળો એક **ધન** નામના વણિક અસાધારણ પ્રસિદ્ધિને પામ્યો હતો.

### ધન વણિકની કથા

માલવદેશમાં શ્રી મંગલપુર નામના નગરીની સમીપમાં એક ભીલ લોકોની પલ્લી હતી. ત્યાં પૂર્વે કોઈએ કરાવેલ એક ચૈત્ય હતું. તેમાં ચોથા અભિનંદન પ્રભુની પ્રભાવશાલી પ્રતિમા હતી. એકદા ત્યાં અકસ્માત્ આવેલ મ્લેચ્છ સેનાએ પાપી જેમ પોતાના ભાગ્યને ભગ્ન કરે, તેમ તે જિનાયતના ભાંગી નાંખ્યું. અને અધિષ્ઠાયકદેવના પ્રમાદને લીધે ચૈત્યના અલંકારભૂત શ્રી જિનની છતાં પ્રતિમાના સાત ખંડ કરી

નાંખ્યા. પછી તત્ત્વજ્ઞાનથી બહિષ્કૃત છતાં ઉત્પન્ન થયેલ ખેદથી તે ભિલ્લોએ તે સાત ખંડોને બરાબર સાથે મેળવીને એક ઠેકાણે મૂકી દીધા.

હવે ધારલીનામના ગામમાંથી એક કુશળ વણિક દરરોજ ત્યાં આવીને ક્રય વિક્રય કરતો હતો. તે શ્રાવક હોવાથી ભોજન અવસરે તે ઘેર જઈનેજ ભોજન કરતો હતો. કારણ કે 'જિનપૂજા કરીને ભોજન કરવું.' એવો તેને નિયમ હતો. એક દિવસે પલ્લીવાસી ભીલો તેને કહેવા લાગ્યા કેઃ—'હે ભદ્ર ! હંમેશાં જવા આવવાની તને બહુ મુશ્કેલી છે. તો અહીંજ તું ભોજન અને રહેઠાણ કેમ કરતો નથી. કારણ કે આ અમે બધા તારા કિંકર તુલ્ય છીએ.' એટલે વણિક બોલ્યો કેઃ—'દેવને પૂજ્યા વિના હું ભોજન કરતો નથી. તેથી હું ઘેર જાઉં છું, અને ત્યાં દેવની પૂજા કરીને ભોજન કરૂં છું.' પછી ભીલ્લો પ્રસન્ન મુખ કરીને બોલ્યા કેઃ—'હે ભદ્ર ! અહીં પણ એક દેવ છે.' એમ કહી તેમણે તે સાત ખંડ બરાબર સાથે મેળવીને બતાવ્યા. એટલે તે શુદ્ધ આરસ પાષાણથી ઘડેલ અખંડીત માનીને સરલ એવા તેણે રોમાંચિત થઇને વંદન કર્યું, અને પછી પુષ્પાદિકથી તેની પૂજા કરીને તથા અનેક સ્તોત્રોથી સ્તુતિ કરીને સરલાશયવાળો તે દરરોજ ત્યાંજ ભોજનાદિ કરતો હતો.

એકદા તે ભીલ લોકોએ તેની પાસે કંઇક માગ્યું, પણ તેણે તે આપ્યું નહિ. તેઓ કંઇક ક્રોધમાં આવી ગયા. એટલે તેમણે તે બિંબને ખંડિત કરીને ગુપ્ત રીતે ક્યાંક મૂકી દીધું. પછી પૂજા વખતે તે બિંબને ન જોવાથી તે ખેદ પામ્યો. અને તે દિવસે તેણે ભોજન ન કર્યું, એમ કરતાં ત્રણ ઉપવાસ થયા. એટણે ભીલ લોકોએ ખેદ લાવીને તેને પૂછયું કેઃ—

'હે ભદ્ર તું ભોજન કેમ કરતો નથી ?' તે બોલ્યો કે:—'શું તમે મારા નિશ્ચયને નથી જાણતા ? દેવ પૂજ્યા સિવાય શું કદાપિ પ્રાણાંતે પણ હું ભોજન કરૂં છું ?' એટલે તેઓ બોલ્યા કે:—'જો અમને ગોળ આપે, તો તરત અમે તે દેવ બતાવીએ.' પછી તે વાત તેણે કબૂલ રાખી, એટલે તેઓ મનમાં પ્રમુદિત થયા, અને તેના દેખતાં તે ખંડોને પૂર્વની જેમ પુનઃ બરાબર યથાવયવ ગોઠવીને બિંબ સંયોજી તેને બતાવ્યું. આ પ્રમાણે જોઇને તે પુણ્યાત્મા અતિશય ખેદ પામ્યો, અને સાત્વિક શિરોમણિ એવા તેણે એવો અભિગ્રહ લીધો કે:-જ્યાંસુધી આ બિંબ અખંડ ન થાય, ત્યાં સુધી સર્વથા મારે ભોજન ન કરવું.' એટલે રાત્રિએ સ્વપ્નમાં તેને અધિષ્ઠાયક દેવે કહ્યું કે:-'હે ભદ્ર ! ચંદનના વિલેપનથી આ સાતે ખંડોને મેળવતાં તે અખંડ થશે.' પછી પ્રભાતે તેણે તેમ કર્યું. એ પ્રમાણે શ્રી અભિનંદનના બિંબને પ્રગટ રીતે અખંડાકારવાળું કરીને તે ભિલ્લોને ગોળ વિગેરે વસ્તુઓ આપી તે કોઇ સારા સ્થાનમાં સ્થાપીને તેની પૂજા કરવા લાગ્યો. આથી તે મહામહિમાથી પ્રકાશમાન તીર્થ થયું, અને ચારે દિશાઓથી ઘણા સંઘ ત્યાં આવવા લાગ્યા. તેના પ્રભાવથી ઉત્પન્ન થયેલ પ્રાગ્વાટ વંશમાં મુગટસમાન અને ચતુર એવાં હાલાશાહ પુત્રે ત્યાં એક ચૈત્ય કરાવ્યું. તેનું માહાત્મ્ય સાંભળીને માલવેશ રાજા ત્યાં પ્રતિદિન પૂજા ધ્વજ તથા સ્નાત્રાદિક મહોત્સવ કરવા લાગ્યો.

નિયમમાં એકાગ્ર ચિત્તવાળો તે શ્રાવક એ રીતે દેવની પૂજા કરીને પ્રતિષ્ઠાને પામ્યો. માટે દૃઢ આસ્થાવાળા ભવ્ય જનોએ શ્રી જિનપૂજનાદિક કરીને જ અન્ય કાર્ય કરવું.

# બાવીસમો ઉપદેશ

વિવેકી જનોએ જિનપ્રાસાદ, તથા જિનપૂજા વિગેરે ધર્મ કર્મમાં કયાંય પણ મત્સર ન કરવો, કારણ કે તેમ કરતાં કુંતલાની જેમ તે પ્રાણીને પ્રગટ રીતે અનર્થકર્ત્તા થાય છે.

## કુંતલાની કથા

અમરનગર સમાન અવનિપુર નામના નગરમાં મહાપરાક્રમી જિતશત્રુ નામે રાજા હતો. તેની કુંતલા નામની પટરાણી હતી, અને બીજી પણ સેંકડો રાણીઓ હતી. તે રાણીઓ પોતપોતાના દ્રવ્યથી અનેક ચૈત્યો કરાવવા લાગી. અને તેથી યાચક લોકો તેમની કીર્તિ વિસ્તારવા લાગ્યા. આથી મનમાં મત્સર લાવીને તે કુંતલાદેવીએ નગરના મધ્ય ભાગમાં એક રમણીય જિન પ્રાસાદ કરાવ્યો. તેજ ચૈત્યમાં પ્રતિદિન પૂજા, ધ્વજ અને સ્નાત્રાદિક મહોત્સવો તે પોતે કરતી અને પરિજનો પાસે કરાવતી હતી, પણ તે સપત્નીઓના ચૈત્યોમાં પૂજાદિક મહોત્સવો જોઈને તેને અત્યંત બળતરા થતી હતી. અહા ! કાયર જનોની સ્પર્ધાને ધિક્કાર થાઓ, પરંતુ સ્વભાવે સરલ અને મત્સરરહિત એવી અન્ય રાણીઓ તો તેની પુણ્ય તરફ લાગણી જોઈને પ્રશંસાજ કરતી હતી. એ રીતે મત્સરસહિત ધર્મ કરતાં કુંતલા મરણ પામીને આર્ત્ત અને રૌદ્રધ્યાનને લીધે તે કુતરી થઇ, અને નિરંતર પોતાના કરાવેલા ચૈત્યના દ્વારપાસે વિવેકરહિત અને રૌદ્રધ્યાનના પરિણામથી અત્યંત નિર્દય એવી તે બેસી રહેતી હતી.

એકદા કોઈ કેવલી તે નગરમાં પધાર્યા. એટલે અંતઃપુર સહિત રાજા તેમને ભક્તિપૂર્વક વંદન કરવા ગયો. ત્યાં કેવલી ભગવંતે કર્ણને અમૃતની ધારા સમાન ધર્મદેશના આપી. પછી રાણીઓએ અત્યંત વિનયભાવથી નમ્ર થઇને કેવલી ભગવંતને પૂછયું કેઃ–'હે ભગવન્ ? જેના આદરથી અમારે પણ સુકૃત કરવામાં આ આદરભાવ વધતો ગયો, તે કુંતલા અમારી સપત્ની કયાં ઉત્પન્ન થઇ હશે ?' ભગવંત બોલ્યા કેઃ–'અહો ! એ મત્સર સહિત ધર્મ કરતી હતી, તેથી મરણ પામીને તે કુતરી થઇ છે અને તે મોહને લીધે ચૈત્ય આગળ બેઠી છે.' આ પ્રમાણે સાંભળીને તે બધી રમણીઓ ત્યાં જિનાલય આગળ આવીને ઉપહાસ અને કરૂણાસહિત તેને વારંવાર જોવા લાગી. પછી દરરોજ તેઓ પૂરી વિગેરે ખાવાનું તેની આગળ નાખતી અને સ્નેહસહિત તે કુતરીને આ પ્રમાણે બોલાવતી કેઃ–હે ભદ્રે ! ધર્મપરાયણ છતાં મત્સરના દોષથી તને આવી કુયોનિ પ્રાપ્ત થઇ છે. અહો ! કર્મોની બલિષ્ઠતા ! માટે મત્સરને દૂર કરીને રમ્ય ધર્મની આરાધના કર, કે જેથી તને સદ્દગતિની પ્રાપ્તિ અને સમ્યકત્વ સુલભ થાય.' આ પ્રમાણે તેમનાં વાકયો વારંવાર સાંભળીને ઇહાપોહ કરતાં તે કુતરી જાતિસ્મરણ પામી. પછી સંવેગ પામતાં પૂર્વના પાપને આલોવીને સર્વ સિદ્ધોની સમક્ષ તેણે આહારનો ત્યાગ કર્યો, અને અનુક્રમે મરણ પામીને સૌધર્મ દેવલોકમાં દેદીપ્યમાન દેવી થઇ, અને ત્યાંથી પણ ધર્મના પ્રભાવથી તે સુગતિ પામશે

આ પ્રમાણે સ્વભાવ સંબંધી આ વૃત્તાંત સાંભળીને હે ભવ્ય જનો ! વિસ્તૃત ભાવથી વિવેક અને સમાધિનો આશ્રય લઇ તથા માત્સર્યનો ત્યાગ કરીને પુણ્યકર્મ કરવા તત્પર થાઓ.

# તેવીશમો ઉપદેશ

શ્રીજિનના ચરણકમળની પૂજા તથા ધ્યાન માત્રથી પણ પ્રાણીઓ ઈષ્ટ સુખને પ્રાપ્ત કરે છે. જેમ તે દુર્ગતા વીરપ્રભુના પૂજનને માટે ઉત્સુક થવાથી દેવાપણાંને પામી.

## દુર્ગતાની કથા

આજ ભરતક્ષેત્રમાં માકંદી નામે નગરી છે. ત્યાં નામ અને ધામ (બળ–પ્રતાપે)થી જિતારિ રાજા હતો ત્યાં એક શેઠને ઘેર કોઈ એક અસમર્થ વૃદ્ધ સ્ત્રી પોતાના ઉદરપૂરણને માટે સાધારણ કામ કરવા રહી હતી. તે દાસીની જેમ શેઠના ઘરનું બધું કામ કરતી હતી.

એકમ તે ઇંધન લેવાને માટે કયાંક વનમાં ગઇ. તે વખતે ગ્રીષ્મકાળ હોવાથી ઇંધન પણ દુષ્પ્રાપ્ય હતું. તેથી તે દૂર જઈને પણ બહુ વખતે લાકડાં મેળવ્યાં, પણ પોતે વૃદ્ધ હોવાથી લાકડાંનો ભારો કંઇક શિથિલ બાંધીને નિર્બળતાને લીધે અસૂર કરીને તે પોતાના નગર તરફ પાછી ફરી એવામાં શનૈઃ શનૈઃ આવતાં રસ્તામાં તે વૃદ્ધાના કાષ્ડાભારામાંથી બે ત્રણ લાકડાં જમીનપર પડી ગયાં, એટલે ભારાથી દબાઇ ગયેલી, અને ક્ષુધા, તૃષાથી અત્યંત પીડિત થવાથી અસમર્થ થયેલી એવી તે જેટલામાં હાથવતી તે લાકડાં લેવાને કંઇક નીચે નમી તેવામાં પોતાના ચરણવિન્યાસથી પૃથ્વીતલને પવિત્ર કરતા શ્રી વીરપ્રભુ તે ઉદ્યાનમાં પધાર્યા, એટલે દેવતાઓએ એક ક્ષણવારમાં સમવસરણ રચ્યું, કારણકે ભૂત ભવિષ્ય અને વર્તમાનકાળના તીર્થંકરોની એ મર્યાદા હોય છે. તેમજ કહ્યું છે

“ આભ્યંતર, મધ્ય અને બાહિર–એમ ત્રણ ગઢ, વૈમાનિક, જ્યોતિષી અને ભવનપતિ દેવતાઓએ રત્ન, સુવર્ણ અને રૂપ્યથી બનાવેલ હોય છે, તથા તેનાપર મણિ, રત્ન અને કનકના કાંગરા હોય છે. વર્તુલમાં બત્રીશ અંગુલ, તેત્રીશ ધનુષ્ય પૃથુ, પાંચસો ધનુષ્ય ઉંચા–એમ રત્નમય ચાર દ્વાર, એક કોશ અને છસો ધનુષ્યને આંતરે હોય છે. ચારે ભાગમાં વપ્રો એક સો ધનુષ્ય પૃથુ–હોય છે. અને પ્રથમ થકી બીજો દોઢ કોશને આંતરે તથા બીજાથી ત્રીજો એક કોશને આંતરે હોય છે, અને શેષ પૂર્વની જેમ સમજવું. વળી જમીનથી જતાં પ્રથમ વપ્ર એક હાથ પ્રમાણ પૃથુ દશ હજાર પગથીયાં ઉંચે અને પચાશ ધનુષ્ય પ્રતર હોય છે, ત્યાર પછી બીજો વપ્ર પચાસ ધનુષ્ય પ્રતર અને પાંચ હજાર સોપાન સહિત હોય છે. અને ત્રીજો વપ્ર એક કોશ અને છસો ધનુષ્ય પીઠ તથા પાંચસો સોપાનયુક્ત હોય છે. ચારે દ્વારના ત્રણ સોપાન હોય છે અને મધ્યમાં જિનેશના શરીર જેટલી ઉંચી માણિપીઠિકા હોય છે, તે બસો ધનુષ્ય પૃથુ અને દીર્ઘ હોય છે અને ત્યાંથી ધરતીતલ અઢી કોશ નીચે હોય છે. આવા પ્રભાવી સમવસણમાં પૂર્વ દિશાથી પ્રવેશ કરીને પૂર્વાસનપર બેસી અને પાદપીઠપર પગ રાખીને તીર્થંકર મહારાજ તીર્થને પ્રણામ કરીને ધર્મ પ્રકાશે.”

આ પ્રમાણે વીરપરમાત્મા ધર્મોપદેશ કરતા હતા, તે વખતે દેશના સાંભળવાને ઉત્સુક એવો તે નગરનો રાજા પણ ત્યાં આવ્યો અને તે વખતે દુઃસ્થિત એવી તે વૃદ્ધાએ પણ ભગવંતની તે હિતકારી ધર્મદેશના આદિથી અંતસુધી સાંભળી. એ રીતે જિનેશના વચનામૃતનું સંપૂર્ણરીતે પાન કરીને તે વૃદ્ધા શરીરનું તેવા પ્રકારનું કષ્ટ બધું ભૂલીજ ગઇ;

કારણકેઃ–' તે વખતે શૈત્ય, ઉષ્ણતા, ક્ષુધા, પિપાસા અને પરિશ્રમના ભયની દરકાર ન કરતાં 'ભગવંત આ બધું સત્ય કહે છે.' એમ સર્વશ્રોતાઓ તન્મય થઈ જાય છે.'

પછી 'સિંદુવારાદિકના પુષ્પોથી હું તે ભગવંતની પૂજા કરૂં.' એમ ચિંતવીને આગળ જતાં તેનો પગ સ્ખલિત થવાથી ત્યાં જ તે મરણ પામી, અને સૌધર્મદેવલોકમાં દેવતા થઇ ત્યાં પોતાનું પૂર્વ સ્વરૂપ જાણીને વીરના ચરણપાસે આવીને તેણે નાટક કર્યું. તેનું અત્યંત અદ્ભુત રૂપ જોઇને રાજાએ પૂછયું કે–'હે પ્રભો! સર્વ દેવતાઓમાં આ દેવ અધિક કાંતિમાન કેમ છે?' એટલે વીરપમાત્માએ તેનું યથાસ્થિત સ્વરૂપ બધું કહી બતાવ્યું. તેથી તેની તેવા પ્રકારની વાર્તા સાંભળીને રાજાદિક સર્વે ચમત્કાર પામ્યા. પછી પ્રમોદથી અંગમાં પ્રફુલ્લિત થઇને રાજા વિગેરે પોતપોતાના સ્થાને ગયા અને વીરપ્રભુ પણ અન્યત્ર વિહાર કરી ગયા. માટે હે ભવ્યો! આ પ્રમાણે કલ્યાણને માટે જિનભગવંતની પૂજા કરો. કે જેથી શિવશ્યામાનો સદ્ય સમાગમ થાય.

●

# ચોવીસમો ઉપદેશ

ભાવ વિના પણ શ્રી જિન ભગવંતને કરેલ પ્રણામ કદાપિ નિષ્ફળ ન થાય. કારણ–કે શ્રેષ્ઠીનો તે પુત્ર ઉદ્ધત અને દુષ્ટ છતાં. તે મત્સ્ય થઇને ત્યાં પણ તે પ્રબોધ પામ્યો

## શ્રેષ્ઠી સુતની કથા

પ્રશસ્ત અને વિસ્તૃત જ્યાં વ્યવહારીઓનાં ઘરોની શ્રેણીઓ છે એવું અને સુરનગર સમાન એવું ક્ષિતિપ્રતિષ્ઠત

નામનું નગર છે. ત્યાં નામ અને કર્મથી જિનદાસ તથા અત્યંત શ્રેષ્ઠ એવી અનેક સંપત્તિના એક વિશ્રામસ્થાન રૂપ એવો પ્રખ્યાત શેઠ હતો. તેને દ્યુતાદિક વ્યસનવાળો, વિદ્યાહીન, પશુસમાન અને કુળને કિંપાકના વૃક્ષ સમાન એવો એક પુત્ર હતો તે ધર્મ વિનાજ પોતાનો સમય ગુમાવતો હતો. તેથી ધર્મમાં એકાગ્ર મનવાળા એવા શ્રેષ્ઠીએ વિચાર કર્યો કેઃ–'મારો પુત્ર થઇને પણ આ દુર્ગતિમાં જશે. માટે હું કંઇક ઉપાય કરૂં, કે તેથી એ સદ્ગતિએ જાય. કહ્યું છે કેઃ– 'જો પોતે ઘરનો સ્વામી થઇને કુટુંબને સમ્યકત્વરૂચિ બનાવે, તો તેણે સંસારસમુદ્રથી પોતાના સમગ્ર વંશનો ઉદ્ધાર કર્યો સમજવો અને તેને મિથ્યાત્વરૂચિ કરે, તો તેણે સકળ વંશને સંસાર સાગરમાં નાખ્યો સમજવો.' આ પ્રમાણે વિચાર કરીને પુત્રના હિતને માટે તેણે ઘરદ્વાર ઉપર એકજિનમૂર્તિ કરાવી કારણકે સંતજનો પરવત્સલ હોય છે. પછી ગમનાગમન કરતાં તે ઉદ્ધત છતાં બલાત્કારથી પણ નીચે નમીને તેને પ્રણામ કરતો હતો. પછી આવરદા પૂર્ણ થતાં તે મરણ પામીને સ્વયંભૂરમણ સમુદ્રમાં મત્સ્ય થયો. આહા! પ્રમાદનું કેવું પરિણામ હોય છે? ત્યાં સમુદ્ર જળમાં સ્વેચ્છાએ ભ્રમણ કરતાં જિનપ્રતિમાકૃતિ જેવા મત્સ્ય જોઇને તે જાતિસ્મરણ પામ્યો. એક વલયાકારને મુકીને સમસ્ત આકારવાળા મત્સ્યો મહાસાગરમાં હોય છે.' એમ જૈન સિદ્ધાંતમાં કહ્યું છે. પછી તે મનમાં પશ્ચાત્તાપ કરવા લાગ્યો, કેઃ–'મહામોહથી વિમૂઢ થયેલા મેં માનવ ભવ વૃથા ગુમાવ્યો, હવે તેમને ક્યાં પ્રાપ્ત થશે?' એ રીતે અત્યંત સંતાપ પામીને તેજ પ્રતિમાનું ધ્યાન કરતાં અશનાદિ આહારનો ત્યાગ કરીને તે અભંગુર વિમાનને પામ્યો. બીજા ગ્રંથમાં પણ કહ્યું છે કેઃ–

'અહો ! તાતના આદેશના વશથી પણ હે નાથ ! નરભવમાં તમને મેં આરાધ્યા નહિ, તેથી મહાપાતકી હું ભવસાગરના અંભોનિધિમાં પડયો છું. માટે હે વિભો ! અશરણ એવા મને બચાવો.' એ પ્રમાણે જિનબિંબ જેવી આકૃતિવાળા કોઇ શ્રેષ્ઠ મીનને જોઈને તે મત્સ્ય જાતિસ્મરણ પામી જિનના નમસ્કાર પરાયણ થઈને સ્વર્ગે ગયો.'

આ પ્રમાણે ભાવ વિના પણ જિનેશ્વરને કરેલ પ્રણામનું ફળ સાંભળીને હે ભવ્ય જનો ! જિનભક્તિ કરવામાં જ સતત પ્રયત્ન કરો.

●

## अथ द्वितीयः श्री तीर्थाधिकारः ॥

# પ્રથમ ઉપદેશ

કેટલાક ભવ્યજનો મનમાં હર્ષ વધારીને પોતાના વિત્તથી જિનમંદિરોનો ઉદ્ધાર કરે છે. તે ગિરિનાર પર્વતપર શ્રી નેમિનાથનું ચૈત્ય કરાવનાર સજ્જનની જેમ પોતાના દ્રવ્યને ચરિતાર્થ કરે છે.

### સજ્જનનું દૃષ્ટાંત

સૌરાષ્ટ્ર દેશમાં શ્રી માલવંશમાં જન્મેલો અને સદા શુભ મનોરથવાળો એવો જાંબાનો પુત્ર **સજ્જન** નામે શ્રેષ્ઠી હતો. સિદ્ધરાજે તેને દંડનાયકના પદ પર નીમ્યો અને તે ધર્મ પરાયણ થઇ વામનસ્થલીમાં નિવાસ કરતો હતો.

એકદા સિદ્ધરાજ માલવદેશમાં ગયો, ત્યાં તેણે બાર વરસ સુધી યુદ્ધ કર્યું. તે અવસરે ગિરિનાર પર્વતપર કંઈક જીર્ણ એવું કાષ્ઠમય જિનમંદિર હતું. રત્નશ્રાવકે કરાવેલ પ્રથમ તે પાષાણમય હતું, પરંતુ બૌદ્ધોએ તીર્થનો અધિકાર મેળવીને તેને કાષ્ઠમય કરી દીધું. ત્યાં તેવા પ્રકારના ચૈત્યને જોઈને સજ્જન દંડનાયકે અંબિકાના આદેશથી બાર વર્ષ પર્યંત ઉઘરાવેલ (દંડ વિગેરેથી લીધેલ) ધનથી ગિરિનાર પર્વતના શિખર પર શ્રેષ્ઠ દેવકુલિકાયુક્ત અને પ્રોત્તુંગ શિખર-વાળો નેમિનાથનો પ્રાસાદ કરાવ્યો.

હવે જયસિંહ રાજા પણ ત્યાંના રાજાને જીતીને માલવદેશથી તરત પાછો ફર્યો અને શ્રીદેવપત્તન (પ્રભાસપાટણ)માં આવ્યો, ત્યાં શ્રી સોમનાથ મહાદેવના પૂજાદિક મહોત્સવ કરીને દેશના બધા અધિકારીઓને તેણે બોલાવ્યા. તે બધા આવ્યા, પણ તેમાં એક સજ્જન ન આવ્યો, એટલે તેઓએ તેનો બધો વૃત્તાંત રાજાની આગળ નિવેદન કર્યો. તે વૃત્તાંત સાંભળતાં જ ઉત્પન્ન થયેલ અતિશય ક્રોધથી દુર્ધર થયેલ રાજાએ સજ્જનને બોલાવવા માટે પોતાના માણસો મોકલ્યા એટલે પ્રાસાદની નિષ્પત્તિથી સંતુષ્ટ અને રાજાના બોલાવવાથી ભયભીત થયેલ તે સજ્જને બધા વ્યવહારિયાઓને બોલાવ્યા, અને કહ્યું કેઃ–'આ પ્રાસાદ બનાવવાથી ઉત્પન્ન થયેલ પુણ્ય તમે ગૃહણ કરો એટલે પ્રાસાદ સંભાળો અને દ્રવ્ય મને આપો, કે જેથી યથાદેશ પ્રમાણે હું રાજાને દંડ આપું. એટલે તેઓએ પણ વિભાગ કરીને તેટલું દ્રવ્ય તેને આપ્યું. પછી સ્વસ્થ થઇને તે તરત રાજા પાસે ગયો. ત્યાં રૂષ્ટમાન થયેલ રાજાએ કહ્યું કેઃ–'અરે ! દ્રમ્મા (દ્રવ્ય) કયાં છે ? તે તરત લાવ નહિ તો હે દુષ્ટ ! તારૂં મસ્તક લઇશ.' પછી તેણે પણ નિર્ભય થઇને રાજાને વિજ્ઞપ્તિ કરી કેઃ–'હે રાજન્ ! ગિરિનાર પર્વત પર ભંડારમાં તે દ્રવ્ય મેં સ્થાપન કરી રાખ્યું છે. માટે આપ ત્યાં પધારો એટલે હું તે દર્શાવું. કારણકે લોકમાં પણ ગિરિનારનું મહાત્મ્ય ગવાય છે કેઃ– રમ્ય એવા ઉજ્જયંત ગિરિપર માઘ માસની કૃષ્ણ ચતુર્દશી કરવી; કારણકે તે દિવસે જાગરણ કરીને હરિ નિર્મળ થયા. વળી ત્યાં પદ્માસનમાં બેઠેલા શ્યામમૂર્તિ અને દિગંબર એવા શ્રી નેમિનાથ પ્રભુ છે, જેમનું વામન રાજાએ શિવ એવું નામ રાખ્યું. તેમજ જૈનશાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ–

જેનું શિખર આ અવસર્પિણી કાળમાં પ્રથમ આરામાં છવીશ યોજન; બીજામાં વીશ, ત્રીજામાં સોળ ચોથામાં દશ, પાંચમામાં બે અને છઠ્ઠા આરામાં સો ધનુષ્ય ઉંચું રહેશે, તે શ્રી ગિરિનાર ગિરિરાજ જયવંત વર્તે છે. જ્યાં અતીત ચોવીશીમાં નમીશ્વર વિગેરે આઠ જિનેશ્વરોના ત્રણ ત્રણ કલ્યાણકો થયાં, તે શ્રી ગિરિનાર ગિરિરાજ જયવંત વર્તે છે. જ્યાં વીશ કોટી સાગરોપમ પર્યંત અમરગણને પૂજ્ય એવી શ્રી નેમિનાથની આ મૂર્ત્તિ શ્રીબ્રહ્મેંદ્રે કરેલી છે, તે શ્રી ગિરિનાર ગિરિરાજ જયવંત વર્તે છે. આ પ્રમાણે સાંભળીને રાજા પરિવાર સહિત રૈવતાચલ પર ગયો અને ત્યાં અદ્દભુત ચૈત્ય જોઈને 'આ કોણે કરાવ્યું છે?' પૂછ્યું. એટલે સજ્જન બોલ્યો કે:-'હે દેવ! એ ચૈત્ય કરાવનાર કર્ણ ભૂપાલના કુળમાં ચંદ્રમા સમાન એવા જયસિંહ નરેશ્વર છે, હે દેવ! આ દેશની ઉઘરાણી છે, એમ સમજો' રાજાએ કહ્યું કે:- 'મારી આજ્ઞા વિના એ શા માટે કરાવ્યું?' એટલે સજ્જન બોલ્યો કે-'હે રાજન આપના પ્રસાદથી ચૈત્યના પુણ્યનીજ એક સ્પૃહા કરનાર એવા આ વ્યવહારિયા સમૃદ્ધ છે. તેથી તમારૂં દ્રવ્ય તેઓ આપશે, માટે હે વિભો! મારા પર કોપ ન કરો, દ્રમ્મ અથવા તે ચૈત્યનું પુણ્ય-એ બેમાંથી તમને જે રૂચે તે ગૃહણ કરો' આ પ્રમાણે સાંભળીને રાજાએ... કહ્યું કે:- તો મને ચૈત્યનું પુણ્ય પ્રાપ્ત થાઓ, પરંતુ આ પ્રાસાદ મારા નામથીજ પ્રસિદ્ધ થવો જોઈએ.' એટલે સજ્જન બોલ્યો કે:-'આ સમસ્ત પ્રાસાદ આપના નામથીજ વર્તે છે. મારા જેવા રંકને કીર્ત્તિકારક કીર્ત્તનનું શું પ્રયોજન છે?' પછી અત્યંત સંતુષ્ટ થયેલ રાજા તે પુણ્યવંતને પુનઃ કાર્યભાર સોંપીને પોતે શ્રીપત્તનમાં ગયો. ત્યારપછી સજ્જને પણ ભક્તિપૂર્વક

રૈવતાચલથી માંડીને શત્રુંજય પર્યંત પટ્ટકૂલમય ધ્વજ વિસ્તાર્યો. એ ચૈત્યને સજ્જન દંડનાયકે વિક્રમ સંવત્ ૧૧૮૫ મા વર્ષે કરાવ્યું, એ ચૈત્ય કરાવવામાં તેણે એક કરોડ અને બહોંતેર લાખ જીર્ણ નાણાના ટકાનો વ્યય કર્યો—એમ બહુ શ્રુત કહે છે.

એ રીતે જિન ચૈત્ય કરાવવાથી સાત ક્ષેત્રમાં ધન વાપરીને પ્રબળ પુણ્યશાળી શ્રીમાન સજ્જન શ્રેષ્ઠિરાજ અનુક્રમે મોક્ષગામી થશે.

●

# બીજો ઉપદેશ

પોતાના પિતાએ આદરેલા નિયમનો જે પુત્રો નિર્વાહ કરે છે, તેઓજ ખરા પુત્રો છે. જેમ વાગ્ભટ અને આમ્રભટ—એ બંને પુત્રોએ મુખ્ય અમાત્ય ઉદયનની પ્રતિજ્ઞાનો નિર્વાહ કર્યો હતો.

## વાગ્ભટ અને આમ્રભટની કથા

રાજાનો હુકમ થતાં મરૂદેશથી કર્ણાવતી નગરીમાં આવીને ભાગ્ય જાગ્રત થવાથી અપૂર્વ મહાનિધિને પામેલ તથા શ્રી સિદ્ધરાજે સર્વ અમાત્યોમાં મુખ્ય કરીને સ્થાપેલ અને પુણ્ય-કર્મમાં ધુરંધર એવો ઉદયન નામે મંત્રી હતો. એકદા સિદ્ધરાજે સુંસર રાજાને જીતવાને તેને હુકમ કર્યો એટલે સૌરાષ્ટ્ર દેશમાં જતાં તે શત્રુંજય પર આવ્યો. ત્યાં પાંડવોએ કરાવેલ કાષ્ઠમય ચૈત્યમાં શ્રી જિનોને વંદન કરતાં ઉંદરોએ ગ્રહણ કરેલ દીપની વાટ જોઇ. 'અહીં અગ્નિનો ઉપદ્રવ ન થાય.' એટલા માટે પ્રસાદનાં નિમિત્તો તેણે ભૂશય્યા અને બ્રહ્મચર્ય વગેરે અભિગ્રહ લીધા અને પછી ત્યાં જતાં ભયંકર યુદ્ધ થયું,

તેમાં પ્રહારથી જર્જરીતે થયેલા તેણે સેવકોને કહ્યું કે:– 'શત્રુંજય, ભૃગુપુર (ભરૂચ) અને ગિરનાર એ ત્રણ તીર્થમાં જિન પ્રાસાદ કરાવવાના મારા મનોરથ હતા, પણ અત્યારે હું પ્રાંત (આખર) અવસ્થાને પ્રાપ્ત થયો છું અને મારૂં જીવિત અસ્થિર થઇ ગયું છે, માટે હમણાં મારાથી શું થાય? અથવા તો સેવકો સદા પરતંત્રજ હોય છે. માટે આ મારા મનોરથો તમારે મારા પુત્રોને નિવેદન કરવા.' એમ કહીને તેણે પોતાની અંતિમાવસ્થા સાધી. પછી તેઓએ પાટણમાં જઈને તે સ્વરૂપ તેના પુત્રોને જણાવ્યું. એટલે શત્રુંજયના ઉદ્ધારનું કાર્ય વાગ્ભટે માથે લીધું અને તે વાગ્ભટ મંત્રી ચૈત્ય કરાવવાની ઇચ્છાથી પોતાના પરિવાર સહિત શત્રુંજય પર્વત પર ગયો. ત્યાં જિનપ્રસાદ કરાવતાં અનેક વ્યવહારીયા પ્રમોદથી પોતપોતાનું દ્રવ્ય આપવા લાગ્યા. કહ્યું છે કે:– 'જેમ મહાસાગરમાં નાંખેલ એક જળબિંદુ પણ અક્ષય થાય છે, તેમ વીતરાગની પૂજા પણ અક્ષય ફળને આપે છે! પછી મંત્રી તેમને ક્રમવાર નામ નોંધવા લાગ્યો. કારણકે ત્યાં મોટો સમુદાય એકત્ર થયો હતો. એવા અવસરમાં નામ અને કર્મથી દુર્ગત (નિર્ધન) અને મારવાડનો રહેવાસી કોઈક યાત્રાળુ ત્યાં આવ્યો. તેની પાસે સર્વસ્વ મળીને માત્ર પાંચજ દમ્મ હતાં અને તેનાથીજ વ્યવસાય કરી પોતાનું ઉદરભરણ કરતો હતો તે વખતે તેણે પાસેના માણસોને પૂછ્યું કે– 'અહીં આ મહારાજ શા માટે એકત્ર થયેલ છે?' એટલે તેઓએ પણ યથાસ્થિત વૃતાંત તેને નિવેદન કર્યો. તે સાંભળીને તે વિચારવા લાગ્યો કે:– 'આ ધનવંતો છતાં બહુ સાંકડા દિલના લાગે છે કે જેથી એઓ આવા પરમ તીર્થમાં પણ પોતાનું સર્વસ્વ વાપરી નાખતા નથી. હવે સત્વર ક્ષણવિનાશી અસ્થિર નાશવંત અને ભયના હેતુભૂત એવા આ ધનનું

મારે શું પ્રયોજન છે? માટે આ પાંચ દ્રમ્મ તીર્થ કાર્યમાં સફળ થાઓ.' આ પ્રમાણે વિચાર કરી, પોતે ઉત્કંઠાપૂર્વક ત્યાં જઈ મંત્રીને નમસ્કાર કરીને પોતાનું સ્વરૂપ જણાવીને તેને તે દ્રવ્ય (તેણે) અર્પણ કર્યું. અહો! પોતાનું સર્વસ્વ દ્રવ્ય અર્પણ કરતાં એણે કેટલું બધું સાહસ કર્યું? બહુ દ્રવ્ય છતાં, પોતાનું સર્વસ્વ કોણ વાપરી નાખે? કારણ કે-

'દરિદ્ર છતાં દાન આપે, મહાન (સમર્થ) છતાં ક્ષમા રાખે, યુવાન છતાં તપ કરે, જ્ઞાની છતાં મૌન ધરે, સુખના સાધનો છતાં ઇચ્છા નિરોધ કરે અને પ્રાણીઓ પર દયા કરે-એ ગુણો સત્વર સ્વર્ગમાં લઈ જાય છે.'

આ પ્રમાણે વિચારીને મંત્રીએ તેનું નામ સમસ્ત વ્યવહારીયાની પહેલા (ઉપર) રાખ્યું. તેથી તે બધા વિલક્ષ થઇ ગયા. એટલે વિલક્ષ થયેલાં તેમને જોઇને મંત્રીશ્વરે કહ્યું કેઃ- જેમ દુર્ગત છતાં પણ એણે પોતાનું સર્વસ્વ આપી દીધું તેમ હે બાંધવો; તમે પણ એ રીતે કરો તો તમારૂં નામ પણ અહીં મુખ્ય રાખવામાં આવે; મંત્રીશ્વરે એ પ્રમાણે કહ્યું. એટલે તેઓ મૌન રહ્યા. પછી તે દુર્ગત પણ તે દિવસે તીર્થોપવાસ કરીને પાદલિપ્તપુરમાં ગયો. ત્યાં દાણા માગીને તે પકાવવા તૈયાર થયો અને જેટલામાં ચરિકા (નાના ચુલા) ને માટે ભૂમિ ખોદવા જાય છે. તેટલામાં ત્યાં નિધાન પ્રગટ થયું, એટલે સૂર્ય સમાન તેજસ્વી અને હજાર સોનામહોરથી પૂર્ણ એવા તે નિધાનને જોઇને તેની આંખો એકદમ પ્રફુલ્લિત થઇ ગઇ. આ ખરેખર મારા જેવા રંકનો નહિ, પણ તીર્થનો પ્રભાવ છે. એમ વિચારીને અત્યંત ઉત્સુક થઇ ત્યાં જઇને તે તે મંત્રીને અર્પણ કર્યું. એટલે મંત્રીએ કહ્યું કે-હેભદ્ર! કુબેરે સંતુષ્ટ થઇ તને આ દ્રવ્ય-નિધાન આપ્યું છે. માટે તે યથેચ્છ ભોગવ અને સુખી થા, આમ છતાં સર્વથા તેની

ઈચ્છાજ ન કરતાં બધું મંત્રીને સોંપીને પોતાના સ્થાને ગયો એ પ્રમાણે તેના પુણ્યના પ્રભાવથી તેને વારંવાર નિધાનની પ્રાપ્તિ થતી ગઈ અને તે મંત્રીને આપતો ગયો. પછી સાતમી વેળાએ મંત્રીએ બલાત્કારથી તેને અર્ધ આપ્યું. અને તેથી તે પણ સુખનું ભાજન થયો. પછી અનુક્રમે તે મંત્રીનો પ્રાસાદ પણ પૂર્ણ થયો. ત્યાં થયેલ દ્રવ્યના વ્યયનું પ્રમાણ વૃદ્ધજનો આ પ્રમાણે કહે છે:-જે ગિરિરાજ પર વાગ્ભટ મંત્રીશ્વરે લક્ષન્યૂન ત્રણ કોટી દ્રવ્ય વાપરીને શ્રીયુગાદિ જિનના મંદિરનો ઉદ્ધાર કર્યો તે શ્રીમાન પુંડરીકગિરિ વિજયવંત વર્તો.

એ પ્રમાણે પોતાના પિતાની પ્રતિજ્ઞા પાળવા મંત્રીશ્વરે તીર્થપર જીર્ણોદ્ધાર કરાવીને શ્રીપત્તન જઇ શાસનની પ્રભાવના કરતો પરમ શ્રાવક થયો.

# ત્રીજો ઉપદેશ

હવે આમ્રદેવ પણ પોતાના પિતાના શ્રેય નિમિતે શકુનિકા ચૈત્યનો પુનરૂદ્ધાર કરવા ઘણા પરિજન સહિત ભૃગુપુર (ભરૂચ) નગરમાં ગયો. જેણે ત્રેસઠ લાખ ટકાનો વ્યય કરીને ગિરિનાર ગિરિ પર ચૈત્ય કરાવ્યું તે આમ્રદેવ ખરેખર ત્રણ ભુવનમાં પ્રશંસનીય થયો. અને જેણે પ્રૌઢ પરાક્રમથી મલ્લિકાર્જુન રાજેંદ્રને જીતીને શૃંગાર કોટીશાટિકા, ગરહરલસિપ્રા, શ્વેત હસ્તી, એકસો આઠ પાત્ર, બત્રીશ મુડા મોતી, સો ઘડી પ્રમાણ કનક કળશ, અગ્નિધૌત ઉત્તરપટ, અને મલ્લિકાર્જુનનું મસ્તક-એ આઠ રત્નોથી જેણે રાજાને પ્રસન્ન કર્યો.

હવે તે મંત્રી શ્રી શકુનીકા ચૈત્યના પ્રારંભ માટે ત્યાં કર્મકરો પાસે જમીન ખોદાવવા લાગ્યો, એવામાં બીજે દિવસે

તે ભૂમિની અધિષ્ઠાયિકા કોઇ વ્યંતરીએ ખોદવાનું કામ કરતાં તે માણસોને ખાડામાં ધુળથી દાટી દીધા. આ અનુચિત કૃત્ય જોઇને અંતરમાં દયાની લાગણીથી મંત્રીએ પોતાની પત્ની અને પુત્ર સાથે મરવાનો નિશ્ચય કર્યો, અને તેજ ખાડામાં જેટલામાં તે ઝંપાપાત કરે છે, તેવામાં તેના સાહસથી સંતુષ્ટ થયેલી વ્યંતરીએ આવીને કહ્યું કે:-'હે ભદ્ર આ મારી ભૂમિ છે, તેથી મને સંતોષ્યા વિના તેં જે પ્રારંભ કરાવ્યો તેટલા માટે મેં આ તેને વિઘ્ન કર્યું. હવે તારા સત્ત્વથી હું સંતુષ્ટ થઈ છું, માટે વર માગ.' મંત્રીએ કહ્યું કે-'તો આ બધા કર્મકરો સજીવન થાઓ. એટલે દેવીએ કહ્યું કે:-'તારા મનોરથોની સાથે એમને પુનઃ જીવન પ્રાપ્ત થશે.' એમ કહીને દેવી ચાલી ગઈ અને મંત્રી પણ સ્વસ્થતા પામ્યો. પછી તે વિઘ્ન દૂર થતાં તે મંત્રીએ પોતાના મનેરથોની સાથે તે પ્રાસાદને સંપૂર્ણ કરાવ્યો અને પ્રતિષ્ઠા કરવા માટે તેણે પ્રેમપૂર્વક રાજા અને હેમચંદ્રસૂરિને નિમંત્રણ કર્યું, એટલે તે ત્યાં આવ્યા. તથા ઘણા વ્યવહારીયા ત્યાં આવ્યા. તેમને વસ્ત્રાભરણાદિકથી તેણે સંતુષ્ટ કર્યા. પછી હેમસૂરિ મહારાજે ત્યાં મોટી પ્રતિષ્ઠા કરી અને મંત્રીશ્વરે અર્થીવર્ગને મહાદાન આપી આ સંતુષ્ટ કર્યા, પછી આરતિ વિગેરેના અવસરે પોતના સર્વ આભરણો યાચકોને આપતા એવા મંત્રીની શ્રી હેમસૂરિ આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા:-

"હે મંત્રીશ્વર! જ્યાં તું નથી, તેવા કૃતયુગથી પણ શું? અને જ્યાં તું છે, એ કલિકાળ પણ શું કરવાનો હતો? જો કલિકાલમાં તારો જન્મ થયો તો પછી કૃતયુગ નું શું પ્રયોજન છે?' વળી તેણે આ પ્રમાણે વિશેષદાન કર્યું:- 'ભૃગુપુરમાં બિરાજમાન શ્રીસુવ્રતસ્વામી આગળ મંગલદીવો કરતા ત્રિજગત્સ્વામીના ગુણોની કીર્ત્તનામાં દેવતાઓ અને મનુષ્યોની શ્રેણીથી પ્રશંસા પામતા જેણે બત્રીશ લાખ દ્રમ્મ

યાચકોને દાનમાં આપ્યા તે દાતારોમાં અગ્રેસર શ્રીમાન આમ્રદેવ જગતમાં વિજય પામો.'

(એ રીતે તેણે લક્ષદાન કર્યું) એ પ્રમાણે દાનલીલાથી તે કોને શ્લાઘ્ય ન થાય? અથવા તો સુરતરૂની જેમ ઉદારતાથી કોણ પ્રશંસાપાત્ર ન થાય?

એકદા આનંદપૂર્વક પ્રાસાદમાં નૃત્ય કરતાં તે મંત્રીરાજને કોઇ ક્રૂર વ્યંતરીએ ભ્રમિત કરી દીધો. તેથી તે સર્વાંગે દૂષિત થઈ ગયો અને હસતાં, ગાતાં, બોલતાં અને રૂદન કરતાં તે પ્રાંત અવસ્થાને પામ્યો. અહો! કર્મોની કેવી વિચિત્રતા છે? તે સ્વરૂપ જાણવામાં આવતાં શ્રી હેમસૂરિ પ્રભુ તરત ત્યાં આવ્યા અને તેને તેવી સ્થિતિમાં જોયો. પછી તેમણે વિચાર કર્યો કેઃ–' ચોસઠ જોગણીમાં પણ પ્રથમ ગણાતી એવી સૈંધવા વ્યંતરીનું આ કામ લાગે છે.' આ પ્રમાણે વિચારીને તેને બોલાવવાને તેમણે યશશ્ચંદ્ર ગણિની સાથે પ્રાસાદમાં કાયોત્સર્ગ કર્યો. એટલે સૈંધવા દેવી જીભ બહાર કહાડીને તેમને બીવરાવવા લાગી. ત્યાં યશશ્ચંદ્ર ગણિ મહારાજે મુસલ જેવા પ્રહાર દીધા. પ્રથમ પ્રહાર દેતાં પ્રાસાદમાં મહાન્ પ્રકંપ થયો, અને પ્રાણઘાતક બીજો પ્રહાર જેટલામાં આપે છે, તેવામાં તે દેવીએ ગુરૂના શરણે આવીને વિજ્ઞપ્તિ કરી કેઃ–'હે ભગવાન! વજ્રપાત જેવા આ પ્રહારોથી મને બચાવો.' એટલે ગુરૂ મહારાજે તેની તર્જના કરી, તેથી તેમને ક્ષમાવીને તે સ્વસ્થાને ગઈ અને મંત્રીશ્વર નિરોગી થયો. આ પ્રમાણે તે મંત્રીરાજને સ્વસ્થ કરીને ગુરૂ મહારાજ સુવ્રત સ્વામીના પ્રાસાદમાં જઈને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યાઃ– 'સંસાર સાગરમાં સેતુ સમાન, શિવ માર્ગમાં પ્રયાણ કરતાં દીપકના તેજ સમાન, જગતને આલંબનરૂપ, પરમતના વ્યામોહને કેતુના ઉદય સમાન અને અમારા મનમતંગજને કબજે કરવામાં એક દૃઢ આલાન સ્તંભની

લીલાને ધારણ કરનારા એવા શ્રી સુવ્રતસ્વામીના ચરણનખના તેજસ્વી કિરણો અમારૂં રક્ષણ કરો.' પછી મંત્રીથી બહુમાન પામેલા આચાર્ય મહારાજ પાટણમાં ગયા અને મંત્રી પણ ધર્મના પ્રભાવથી ચિરકાળ સુખી થયો.

એ પ્રમાણે ગુણશ્રેણીથી મનોહર એવા પ્રભાવક પરમ શ્રાવકોની કથાઓ સાંભળીને હે ભવ્ય જનો! શ્રી જિન-મંદિરાદિક ક્ષેત્રોમાં વિત્તને વાપરી કૃતાર્થ થાઓ.

●

# ચોથો ઉપદેશ

જે પુરૂષો મોક્ષની અભિલાષાથી આર્હતમંદિરો કરાવે છે. તેઓ ધન્ય છે. જેમ તે વિચક્ષણ વિમળમંત્રીએ આબુ તીર્થપર શ્રીયુગાદિજિનનું ચૈત્ય કરાવ્યું.

## શ્રી વિમલમંત્રીની કથા

શ્રી ઉજ્જયંત અને અર્બુદગિરપર સ્વેચ્છાએ નિવાસ કરનારી એવી અંબા અને શ્રીમાતા દેવીની અક્ષીણ મિત્રાઈ થઈ. એકદા શ્રી માતાએ અંબિકાને કહ્યું કે:–' હે સખિ! તું જો અહીં આવે, તો નિરંતર આપણી અખંડ ક્રીડા થાય; એટલે અંબાએ કહ્યું. કે:–' જિનપ્રસાદ વિના હું ક્યાંય સ્થિતિ કરતી નથી.' પછી શ્રીમાતા બોલી કે:–' જો જિન પ્રસાદને કોઈ કરાવનાર હોય, તો ચૈત્યને યોગ્ય અને સત્તાવીશ લાખ દ્રમ્મોથી પરિપૂરિત એવી ચંપકવન પાસે

ભૂમિ છે.' આ પ્રમાણે દ્રવ્ય યુક્ત ભૂમિ સાંભળીને અંબાએ પ્રમોદથી તેને કહ્યું કે.–' ચૈત્ય કરાવનારને હું શીઘ્ર લઈ આવીશ'

હવે જ્યાં (૪૪૪) આર્હત પાસાદો અને (૯૦૦) શૈવ મંદિરો શોભે છે, એવી ચંદ્રાવતી નગરીમાં આવીને ભીમરાજાથી અપમાન પામેલો વિમલ કોટવાળ રાજ્ય કરતો હતો. જેના અધિકારી પુરૂષો (૮૪) શ્રેષ્ટ જાંગિક ઢાલ ભોજનના અવસરે વગાડતા, ત્યારે ભીમરાજાનો સુવર્ણ થાળ વિશાળ છતાં પણ અત્યંત ચંચલ થઇ જતો હતો, જેણે પોતા કટક સમૂહથી બાર પાદશાહોને જીતીને તેમની પાસેથી પોતાની એક લીલામાત્રથી તેટલા (૧૨) છત્રો લઈ લીધા, વળી જેના કટકમાં ધાન્યવ્યયની તો બરાબર સંખ્યાજ નહિ મળતી અને પ્રતિપ્રયાણમાં (૨૭) લાખ દ્રવ્યનો વ્યય થતો હતો. પરંતુ તીર્થ સ્થાપના અને સંતાનના વિચારમાં સસ્પૃહ હોવાથી વિમલ રાજાએ તે અવસરે ભક્તિ પૂર્વક અંબા દેવીની આરાધના કરી. એટલે તે દેવીએ પ્રત્યક્ષ થઈને મંત્રીને કહેવા લાગી :–' હે ભદ્ર ! તને બેની પ્રાપ્તિ થવાની નથી માટે યથારૂચિ કહી દે.' પછી સાત્વિક શિરોમણિ એવા તે મંત્રીએ પાપના હેતુભૂત સંતતિનો અનાદર કરીને પ્રાસાદની માગણી કરી. એટલે તે દ્રવ્યયુક્ત ભૂમિ નિવેદન કરીને દેવી અદૃશ્ય થઈ ગઈ. પછી મંત્રીએ પણ પ્રાસાદની રચના શરૂ કરાવી, તે વખતે આબુ ગિરિપર પ્રાસાદ કરાવતાં મંત્રીને શ્રી માતાના પૂજકોએ ચૈત્યના અનુમતિ આપી નહિ, અને બોલ્યા કે:–'અહીં પૂર્વે કદાપિ જિનમંદિર થયું નથી, તો અત્યારે તે શીરીતે થઈ શકે ?' એટલે પુનઃ અંબિકાનું સ્મરણ કરીને મંત્રીએ તે વૃત્તાંત તેની આગળ જણાવ્યો. આથી તે બોલી કે:–' મેં જે ભૂમિકા બતાવી છે, તે દ્રવ્ય

સંયુત છે, અને ત્યાંજ શ્રી યુગાદિજિનની પ્રૌઢ પ્રતિમાને જોવાથી તેઓ નિષધ કરશે નહિ.' પછી કેટલાક લોકો કહેવા લાગ્યા કે–'આ પ્રતિમા પ્રથમથીજ ત્યાં છે.' અને કેટલાક બહુશ્રુત બોલ્યા કે:–'તેજ વખતે દેવી આ પ્રતિમાને લાવી છે.' આવા પ્રકારનો પણ વિવાદ ભગ્ન થતાં દિવસે ગિરિપર ચૈત્ય તૈયાર થાય પરંતુ રાત્રિએ બધું નષ્ટ થઇ જાય. એ રીતે છ મહિના વ્યતિત થઇ ગયા. પછી વિમલ મંત્રીએ ચિંતાતુર થઇને પુનઃ દેવીની ઉપાસના કરી, એટલે તે પ્રત્યક્ષ આવીને બોલી કે:–'હે મંત્રીન! આ પર્વતની નીચે વાલિનાહ નામનો અતિ દુર્મદએ નાગરાજ છે તે મિથ્યાત્વથી દૂષિત હોવાથી જિન પ્રાસાદને સહન કરી શકતો નથી. માટે હે કુશળ! હવે તેની આરાધનાનો ઉપાય સાંભળ:–'પૂજાની સામગ્રી લઇ ત્રણ ઉપવાસ કરી સંધ્યા સમયે તેનું ધ્યાન ધરી તું વાલીનાહને બોલાવ. પછી તે તે આવીને જો નૈવેદ્ય માગે, તો તે આપવું જ અને જો મદ્યાદિ માગે, તો તરવાર ઉગામીને તારે તેને બીવરાવવો. તે ખડગમાં હું સંક્રાંત થઇને તારૂં અભીષ્ટ કરીશ એમ કહીને તેમ કરતાં અંબાદેવીના વચનથી તે ભયભીત થઇ ઉપશાંત થયો અને સમ્યક્ત્વ પામીને ત્યાંજ ક્ષેત્રપાલ થયો. પછી મંત્રીના મનોરથો સાથે પ્રાસાદ સંપૂર્ણ થયો અને તેમાં આઠ કોટી સુવર્ણનો વ્યય થયો. પછી ત્યાં શ્રીદંડ નાયકે (૧૦૮૮)મા વર્ષે શ્રી યુગાદિ જિનની પીતલની પ્રતિમા સ્થાપન કરી. એવામાં ભીમદેવરાજાએ પણ બહુમાન પૂર્વક વિમલ મંત્રીને શાંત કર્યો પૂણ્યથી શું અસાધ્ય છે? પછી તેના વાહિલ ભ્રાતાએ ત્યાં મંડપાદિક કરાવ્યા અને મોટા વ્યવહારીયાઓએ દેવ કુલિકાદિક કરાવ્યું. આ પ્રમાણે પ્રાસાદ સંપૂણ થતાં કોક ચારણે કહયું કે:–

હે ભવ્ય જનો ! એ રીતે પોતાના વિત્તના પ્રમાણથી જિન ભગવંતનાં ચૈત્યો કરાવો, કે જેથી તમારો યશ જગતના ઉત્સંગમાં સદા શાશ્વત થઇને ક્રીડા કરે.

●

# પાંચમો ઉપદેશ

શ્રી જિનના પ્રાસાદને કરાવતા ભાગ્યવંત જનો પરમ સંપત્તિને પામે છે. આ સંબંધમાં જ્ઞાનીયાઓને કહેલ તેજપાલ મંત્રીનું દૃષ્ટાંત જાણવા લાયક છે.

### શ્રી તેજપાલ મંત્રીનું દૃષ્ટાંત

શ્રી વીરધવલ રાજાના ગુર્જર ભૂમિના રાજ્યમાં શ્રી **વસ્તુપાલ** અને **તેજપાલ** નામના બે મંત્રી હતા. એકદા અર્બુદગિરિપર શ્રીવિમલ રાજાની ઉજ્વળ કીર્તિ (કીર્ત્તન) સાંભળીને ત્યાં ચૈત્ય કરાવવાની ઇચ્છાથી વસ્તુપાલ કંઇક ખિન્ન (ઉન્મનો) થઈ ગયો. પછી તેણે તેજપાલને કહ્યું કેઃ– ‘આપણા ભાઈ લૂણિગના શ્રેયને માટે એક ચૈત્ય કરાવીયે કારણકે તેણે પોતાના પ્રાંત સમયે કહ્યું પણ હતું કેઃ–‘જો તમને સંપત્તિ પ્રાપ્ત થાય તો આબુગિરિ પર મારા નામથી તમારે એક ચૈત્ય કરાવવું.’ તે વખતે તો આપણી નિર્ધનતા હતી, પણ અત્યારે આ સંપત્તિનું ફળ કેમ ન લઇએ ?’ આ

પ્રમાણે તેનું વચન સ્વીકારીને વિનીત તેજપાલ રાજાની આજ્ઞા લઇ સમગ્ર સામગ્રી સહિત ચંદ્રાવતી નગરીએ ગયો. ત્યાં તે મંત્રીએ ધારાવર્ષ રાજાને સંતુષ્ટ કર્યો. કે જેથી તેણે તરત પ્રાસાદ કરાવવાનો હુકમ આપ્યો. પછી આબુ ગિરિપર જઈને તેજપાલે શ્રીમાતાના ઓટકાઓ પાસે પ્રૌઢ પ્રાસાદના પ્રમાણ જેટલી પૃથ્વી માગી, એટલે તે ઉલ્લંઠવાદી બોલ્યો કે:-'જેટલી ભૂમિને તું નાણાંથી પૂરી શકે તેટલી ભૂમિ તારે લેવી, વધારે નહિ.' તે શરત પણ કબુલ રાખીને તે મંત્રી દ્રવ્યથી ભૂમિ પુરાવવા લાગ્યો. કારણ કે ધીર પુરૂષોની લક્ષ્મી સારા કામમાં જ વપરાય છે. પછી ત્યાં જમીન પર કણોની માફક દ્રવ્ય પાથરતાં એક ક્ષણવારમાં તેણે ચત્રીશ મૂડા જેટલા દ્રમ્મો પાથર્યા અને તે વિસલપ્રિયરાજાના નાણાને અનુસરીને ત્યાં (૬૨૨૦૮૦૦) પ્રમાણે દ્રમ્મો થયા. પછી તે ઓટકા બોલ્યા કે:-'હે મંત્રીન્! હવે તારે ભૂમિ ન લેવી, કારણ કે તું ધનવાન હોવાથી સમગ્ર પર્વત પણ વિના વિલંબે લઇ શકે. પરંતુ હવે ઉત્તર કાળમાં હિત થયું, કારણ કે દ્રવ્યથી ખરીદવામાં આવેલ ભૂમિના આ પ્રાસાદ પર અદ્યાપિ કોઇ જાતના કર જોવામાં આવતો નથી.' આ પ્રમાણે પ્રથમ વિચારીને જ મંત્રીશ્વરે તે કર્યું. જો તેમ ન કર્યું હોત, તો ચૈત્ય કરથી ભારે થાત. આ પ્રમાણે ભૂમિ લઇને તે શ્રીઆરાસણે ગયો. ત્યાં ચૈત્યને માટે ઘણી લાદીઓ કઢાવી. પણ ત્યાંથી માંડીને આબુગિરિ સુધી ચાર ચાર ગાઉને આંતરે સર્વ વસ્તુઓ સુગમ રીતે મળી શકે, અને માણસો તથા પશુઓ ક્ષુધાદિક કષ્ટ ન પામે તેને માટે રસ્તામાં આવતા ગામોમાં હાટ કરાવ્યા. એ રીતે વિચાર કરીને સર્વોપકારી મંત્રીએ પ્રથમ આ પ્રમાણે બધી વ્યવસ્થા કરી. પછી ઉંબરણી ગામ સંબંધી પદ્મા

(લક્ષ્મી)થી પ્રૌઢ શકટો દ્વારાએ તે લાદીઓ તેણે આબુના શિખર પર લેવરાવી અને પોતાના ઉદાઋય શાળાને દેખરેખ કરવા નીમ્યો તથા તે ચતુર પ્રધાને યથેચ્છાએ દ્રવ્ય વ્યય કરવા તેને અનુજ્ઞા આપી. પછી શોભન પ્રમુખ સાતસો કારીગરો ત્યાં કામ કરવા લાગ્યા. ઇત્યાદિ ગોઠવણ કરીને તે સ્વનગરે ગયો.

પછી ચૈત્ય નિષ્પન્ન થવા લાગ્યું, પણ દુઃશીલ એવા સૂત્રધારો કામ કર્યાની પહેલાં પહેલાં વારંવાર પૈસા લેવા લાગ્યા, એટલે તે શ્યાલકે મંત્રીને વિજ્ઞપ્તિ કરી કે:–'સૂત્રધારોએ તમારા બધા દ્રમ્મોનો વિનાશ કર્યો.' પછી તેજપાલે લેખથી તેને જણાવ્યું કે:–'શું દ્રમ્મો કુથિત થઇ ગયા છે, કે જેથી વિનષ્ટ થયા એમ બોલે છે. માટે પોતાની માતાને વંધ્યા કહેવા જેવું આ વચન છે, પણ દ્રમ્મો ઉપકાર કરનારા થયા એમ બોલવું જોઈએ. માટે આ તત્ત્વ સાંભળ–કે તારે સદા વિનીત થઇને સૂત્રધારોની ઈચ્છાનો ભંગ કદાપિ ન કરવો.' પછી તે ચૈત્યના ગર્ભગૃહના નિર્માણ પર્યંત તેમની ઇચ્છાનુસાર તે દેવા લાગ્યો. એકદા તેણે પુનઃ મંત્રીઓને આ પ્રમાણે જણાવ્યું કે:–'ધાતુ અને પાષાણમય શ્રીનેમિનાથનું બિંબ તૈયાર થઈ ગયું છે.' આથી તે બંને મંત્રીઓ પોતાના નેત્ર અને મુખ વિકસ્વર કરી પરસ્પર અતિ પ્રસન્ન થયા. પછી અલ્પ પરિવારને લઇને પ્રાસાદ જોવાની ઈચ્છાથી અનુપમાદેવીની સાથે તેજપાલ આબુગિરિપર ગયો, અને ત્યાં તેણે મહાદાનપૂર્વક પ્રતિષ્ઠા, પ્રમુખ અનેક પ્રૌઢ ઉત્સવો કરાવ્યા.

એકદા અનુપમાએ શોભન સૂત્રકારને કહ્યું કે:–'પ્રાસાદ કરવામાં ઘણો વિલંબ થાય છે, તેનું કારણ શું ?' એટલે

તેણે કહ્યું કે–'શીતકાળ છે, પર્વતનું શિખર છે અને દિવસ નાનો છે, તેમાં પણ ભોજનાદિક ક્રિયાઓ કરવાની હોય છે, અને વળી કામ કરનાર ઓછા છે. છતા જો મંત્રીશ્વર દીર્ઘાયુષી છે, તો વિલંબની શું ભીતિ છે ?' એટલે તે બોલી કેઃ–'એમ તો નજ બોલવું કારણકે ભવિષ્ય સર્વને દુર્લક્ષ્ય છે. વળી વિશ્વ વિનશ્વર છે, તેથી લક્ષ્મી અને દેહનો નાશ થવે સંભવેજ છે, તથાપી જંતુઓ તેમાં સ્થૈર્ય બુદ્ધિ શા માટે કરતા હશે ?' પછી પોતાની બુદ્ધિથી દિન રાત્રીના જુદા જુદા વિભાગ કરીને તેણે સૂત્રકારોને કામપર નીમી દીધા. આચૈત્ય કરાવવામાં તે મંત્રીશ્વરોએ બાર કોટી અને ત્રેપન લક્ષ પ્રમાણ દ્રવ્યનો વ્યય કર્યો.

આ પ્રમાણે ધર્મની સમસ્ત ધુરાને ધારણ કરનાર એવા તે મંત્રીવરોએ તે પ્રાસાદને (૧૨૮૬) માં વર્ષથી પ્રારંભીને ૧૨૯૬ મા વર્ષે હર્ષ પૂર્વક સંપૂર્ણ કર્યો.

# છઠ્ઠો ઉપદેશ

શ્રીજીરિકાપલ્લિ નગરીરૂપ નિતંબિની (સ્ત્રી) ના કંઠ સ્થલમાં જે હારની તુલનાને ધારણ કરે છે. તે શ્રી પાર્શ્વજિનને પ્રણામ કરીને તે તીર્થના સંબંધની કથા હું (કર્ત્તા) યથાશ્રુત પ્રકાશિત કરૂં છું.

## શ્રી જીરાપલ્લિ તીર્થ સંબંધની કથા

પૂર્વે (૧૧૦૯) મા વર્ષે ઘણા જૈન અને શૈવ પ્રાસાદથી સુંદર એવા બ્રાહ્મણ નામના મહાસ્થાનમાં ધાંધલ નામનો મહાશ્રાવક શ્રેષ્ઠી હતો. ત્યાં એક ક્ષમાશીલ વૃદ્ધ સ્ત્રી રહેતી હતી, તેની એક ગાય દરરોજ સેહિલીનદીની પાસે રહેલા દેવીત્રી પર્વતની ગુફામાં દૂધ ઝરી આવતી, હતી તેથી સાંજે ઘેર આવતાં તે કંઇ પણ દૂધ આપતી નહિ. કેટલાક દિવસો પછી તે સ્થાન પરંપરાથી પેલી વૃદ્ધાના જાણવામાં આવ્યું. એટલે તેણે ધાંધલ વિગેરે મુખ્ય પુરૂષોને તે વૃત્તાંત જણાવ્યો. આથી 'તે સ્થાન ચમત્કારવાળું છે એમ તેમણે મનમાં નિશ્ચય કર્યો અને રાત્રે પવિત્ર થઇને તે બધા વ્યવહારીયા સાથે મળી પંચ પરમેષ્ઠીનું સ્મરણ કરીને એક પાવન સ્થાનમાં સુતા. તે રાત્રે નીલ અશ્વ પર બેઠેલા અને સુરૂપધારી એવા કોઇક પુરૂષે તેમની આગળ સ્વપ્નમાં આ પ્રમાણે પવિત્ર વચન કહ્યું કે:–'જ્યાં તે ગાય ક્ષીર ઝરે છે, ત્યાં શ્રીપાર્શ્વનાથની મૂર્ત્તિ રહેલી છે, અને તેનો હું અધિષ્ઠાયક દેવ છું. માટે જેમ તે પ્રભુ મૂર્તિની પૂજા થાય, તેમ તમે કરો.' આ પ્રમાણે કહીને તે દેવ અંતર્ધાન થઇ ગયો અને તે વ્યવહારિયા પણ પ્રભાતે ત્યાં ગયા. પછી તે ભૂમિ ખોદીને તે મૂર્તિને જેટલામાં રથમાં સ્થાપન કરે છે, તેવામાં જીરાપલ્લી નગરીના માણસો ત્યાં આવ્યા, અને કહેવા લાગ્યા કે:–'અહો ! તમારો આ અસ્થાને સમાગમ કેવો ? અમારી હદમાં રહેલ બિંબને તમે શા માટે ગ્રહણ કરો છો.' આ પ્રમાણે વિવાદ થતાં ત્યાં વૃદ્ધ પુરૂષો બોલ્યા કે:–'એક તમારો અને એક અમારો–એમ બે બળદ જોડો. તે જ્યાં લઇ જાય, ત્યાં દેવ પોતાની ઇચ્છા પ્રમાણે જાય. પણ કર્મ બંધનના એક હેતુભૂત આ વિવાદ તમારે શા માટે

કરવો જોઇએ ?' પછી તેમ કરતાં તે બિંબ જીરાપલ્લી નગરીમાં આવ્યું, એટલે મહાજનોએ તેનો મોટો પ્રવેશોત્સવ કર્યો, અને પૂર્વે ચૈત્યમાં રહેલ વીરબિંબને દૂર કરીને શ્રી સંઘે સર્વાનુમતિ પૂર્વક તેજ બિંબ મુખ્ય કરીને સ્થાપ્યું. પછી ત્યાં વિવિધ અભિગ્રહ ધારણ કરીને અનેક સંઘ આવવા લાગ્યા અને તેમના મનોરથ તેનો અધિષ્ઠાયક પૂરવા લાગ્યો. એ પ્રમાણે તે તીર્થ થયું તથા સર્વ શ્રેષ્ઠીઓમાં ધુરંધર એવો ધાંધલ શેઠ દેવ દ્રવ્યની ચિંતા કરવા લાગ્યો.

હવે એકદા જાવાલિનગરથી એક યવનોનું સૈન્ય આવ્યું તે સૈન્યને અધિષ્ઠાયક દેવે અશ્વવાર (ઘોડે સ્વાર) થઇને નષ્ટ કર્યું (ભગાડયું.) પછી કટકમાંથી તેમના સાત શેખ ગુરૂઓ રૂધિરના પાત્ર ભરીને ત્યાં દેવસ્તુતિના મિષથી તે દેવગૃહમાં વાસ કરીને રહ્યા અને રાત્રે રક્ત (રૂધિર) છંટકાવ કરીને તેમણે મૂર્તિનો ભંગ કર્યો. 'રક્તનો સ્પર્શ થતાં પણ દેવોની પ્રભા ચાલી જાય છે' એવી શાસ્રીય વાણી છે, પછી તે જ વખતે તે પાપીઓ ભાગી ગયા કારણ કે તેવાઓને સ્વસ્થતા કયાંથી હોય ? હવે પ્રભાતે તેમણે કરેલ તેવા પ્રકારનું તે અસમંજસ જોઇને ધાંધલ વિગેરે શ્રેષ્ઠીઓના મનમાં બહુ વિષાદ થયો. પછી ત્યાંના રાજાએ પોતાના સુભટો મોકલીને તે બિચારા સાતે શેખોને નષ્ટ કર્યા અને તે યવનોની સેના તો સ્વનગરે ગઈ.

હવે ઉપવાસ કરનાર એવા પોતાના અધિકારીને દેવે કહ્યું કે:—હે ભદ્ર ! ખેદ ન કર. આવી નિઃશુક બાબતમાં હું પણ અસમર્થ છું. પણ હવે તું નવ શેર પ્રમાણ ચંદનના અંતર્લેપથી આ નવે ખંડોને સત્વર મેળવીને મૂકી દે અને સાત દિવસ બંને કમાડ બંધ રાખ.' આ પ્રમાણે સાંભળીને

તે ગોષ્ટિકે બધું તે પ્રમાણે કર્યું. પછી સાતમે દિવસે એક સંઘ આવ્યો અને ઉત્સુકતાથી દ્વાર ઉઘાડીને જેટલામાં મૂર્તિ જુએ છે, તેવામાં તે કંઇક અશ્લિષ્ટ અવયવ વાળી તે માણસોના જોવામાં આવી અને તેના અંગમાં અદ્યાપિ નવ અંડ સ્ફુટરીતે જોવામાં આવે છે.

હવે પોતાના નગરે પહોંચેલા તે સાખી લોકોને તે વખતે ગૃહજવલન તથા દ્રવ્ય વિનાશ વિગેરે ઉપદ્રવ થવા લાગ્યા, એટલે તે બધું તેણે કરેલ જાણીને ભયભીત થયેલા રાજાએ પોતાના મંત્રીને ત્યાં મોકલ્યો. એટલે દેવતાએ તેને સ્વપ્નમાં આ પ્રમાણે કહ્યું કે:–'જો એ રાજા અહીં આવીને પોતાનું શિર મુંડાવશે, ત્યારે જ નગર અને નૃપતિને કુશળ થશે.' પછી રાજાએ તેમ કર્યું, અનેક ભોગ અને યોગ કરાવ્યા તથા મોટી પ્રભાવના કરી, તેથી તે સમાધિમાન્ થયો. આ પ્રમાણે જોઇને બીજાઓએ પણ પોતાનું શિર મુંડન વિગેરે તથા પ્રકારે શરૂ કર્યું. કારણ કે સર્વલોક ગતાનુગતિક જોવામાં આવે છે.

આ પ્રમાણે એ તીર્થનો પ્રકર્ષ અને મહાત્મ્ય પ્રતિદિન વધવા લાગ્યા, એટલે દેવતાઓએ એકદા પોતાના અધિકારી પુરૂષને સ્વપ્નમાં કહ્યું કે:–'મારા નામથી જ દેવની બીજી મૂર્ત્તિ સ્થાપન કરો. કારણ કે તે ખંડિત મૂર્તિ મુખ્ય સ્થાને શોભા પામતી નથી. પછી તેણે શ્રીપાર્શ્વનાથની નવી મૂર્ત્તિ ત્યાં સ્થાપન કરી, જેની ઉભય લોકોના ફલાભિલાષી જનો અદ્યાપિ પૂજા કરે છે. પૂર્વની પ્રતિમાં તેના દક્ષિણ ભાગમાં સ્થાપન કરી, જેને નમસ્કાર, ધ્વજા, અર્ચા વિગેરે પ્રથમ કરવામાં આવે છે. અત્યારે તે જીર્ણ હોવાથી દાદા પાર્શ્વનાથના નામથી ઓળખાય છે અને પ્રાયઃ એમની આગળ જ મુંડ-

નાદિ કરવામાં આવે છે. વળી ધાંધલશેઠના સંતાનમાં આસીહડગોષ્ઠિક ચૌદમો થયો, એમ વૃદ્ધ જનો ઈતિહાસમાં કહી ગયાં છે.

આ જીરાપલ્લીતીર્થનો પ્રબંધ મેં યથાશ્રુત પ્રમાણે કહ્યો. બહુશ્રુત જનોએ અંતરમાં મધ્યસ્થભાવ રાખીને તેને અંતર પટ પર ઉતારવા પ્રયત્ન કરવો.

●

# સાતમો ઉપદેશ

પારસ સુશ્રાવકે કરાવેલ જિનમંદિર જેમ અહીં અનુક્રમે તીર્થપણે પ્રસિદ્ધ થયું અને તે અદ્યાપિ શ્રીફલવર્દ્ધિતીર્થ (ફલોધિ) ના નામની પ્રવર્ત્તમાન છે.

### શ્રી પારસ શ્રાવકની કથા

વિક્રમ સંવત (૧૧૭૪.) મા વર્ષે પ્રભૂત ગુણયુક્ત શ્રીદેવ સૂરિ વિદ્યમાનહતા. જેમણે ચોરાશી પ્રવાદીઓને જીત્યા અને *કુમુદચંદ્રવાદીને લીલામાત્રામાં જીતી જેમણે લીધો.

એકદા મેડત નામના નગરમાં ભવ્યજનોને પાવન કરતા તે આચાર્યમહારાજ ચાતુર્માસ રહ્યા. તે અવસરે વ્યાખ્યાન શ્રવણ, જિનમંદિરમાં ગમન, નિરંતર ગુરૂવંદન, પ્રત્યાખ્યાન વિધાન, આગમવાણીનું ચિત્તમાં સ્થાપન, કલ્પસૂત્રશ્રવણ, યથાશક્તિ તપોવિધાન, અને સંવત્સરપર્વનું આરાધાન-એ પ્રમાણે ગુરૂ મહારાજની સમક્ષ સદા ધર્મકૃત્ય કરતાં શ્રાવકો

* દિગંબર

પોતાના જન્મને સફળ કરવા લાગ્યા. હવે ચોમાસા પછી આચાર્ય મહારાજ માસકલ્પ કરવાની ઇચ્છાથી ફલવદ્ધિપુરમાં પધાર્યા. ત્યાં શ્રદ્ધાલુશ્રાવકોમાં અગ્રેસર અને જૈનમતને વિશેષ રીતે ખ્યાતિમાં લાવનાર એવો પારસ નામે શ્રાવક હતો. તે પવિત્ર થઇને દરરોજ જિન ભગવંતની ત્રિકાલ પૂજા કરતો હતો. બે વખત આવશ્યક ક્રિયા કરતો અને ગુરૂના મુખ કમળથી જૈન તત્ત્વ સાંભળતો હતો, પરંતુ તે દરિદ્ર હતો. અહો ! વિધાતાની વિચિત્રતાને ધિક્કાર થાઓ. તે પરમ શ્રાવક પારસ એકદા બહિર્ભૂમિએ ગયો, ત્યાં અમ્લાન પુષ્પસમૂહથી મંડિત એવો લેષ્ટુ (ઢેફા) નો ઢગલો તેણે જોયો અને તથા વિધ તે આશ્ચર્યકારક જોઈને ગુરૂમહારાજ પાસે આવી તેણે તે વૃત્તાંત નિવેદન કર્યો. એટલે ગુરૂમહારાજ પણ તેના મુખથી તે સ્વરૂપ જાણીને તેજ શ્રેષ્ઠી સાથે તે સ્થાને આવ્યા, અને 'અહિં અતિશય યુક્ત કોઈ આર્હતી પ્રતિમા હોવી જોઇએ.' એમ અંતરમાં વિચારીને તરત તેમણે તે ભૂમિ ખોદાવી. એટલે તત્કાળ ત્યાં પ્રફુલ્લિત કમળની પ્રભા સમાન એવી શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પૂર્વ પુણ્યના ઉદયથી પ્રગટ થઇ. પછી સંતુષ્ટ થયેલો તે શ્રેષ્ઠી ઉત્સવપૂર્વક તેને નગરમાં લઇ જઈને કોઇક તૃણની કોટડીમાં સ્થાપીને તેની પૂજા કરવા લાગ્યો. બીજે દિવસે તે બિંબના અધિષ્ઠાયક વ્યંતરે આવીને તે શ્રેષ્ઠીને સ્વપ્નમાં કહ્યું કે:—'હે ભદ્ર ! તું ભગવંતનો પ્રાસાદ કરાવ.' એટલે તેની આગળ તે બોલ્યો કે:—'હું ધન વિના તે શી રીતે કરાવું ?' પછી વ્યંતરે તેને કહ્યું કે:—'હે ભદ્ર ! આ મારૂં વાકય સાંભળ—પ્રતિમાની આગળ લોકોએ જુહારેલ અક્ષતો પણ બધા મારા પ્રભાવથી દરરોજ સવારે સોનાના થઇ જશે. આ પ્રમાણે અવશ્ય તને પ્રાસાદને

યોગ્ય દ્રવ્ય પ્રાપ્ત થશે, પરંતુ આ વૃત્તાંત તારે બીજા કોઈને પણ જણાવવો નહિ. જો બીજા કોઈને એ વાત કહીશ, તો તે પછી સુવર્ણની પ્રાપ્તિ થવાની નથી.' એમ કહીને દેવ અંતર્ધાન થયો અને પારસે પણ તે પ્રમાણે કર્યું.

પછી શુભદિવસે શિલ્પીઓ પાસે ચૈત્યનો પ્રારંભ કરાવ્યો; કારણ કે ધીમંત (બુદ્ધિશાળી) જનો ધર્મકાર્યમાં વિલંબ કરતાં નથી. પછી કેટલેક દિવસે અનુક્રમે ગર્ભગૃહના ઉંચા ત્રણ મંડપયુક્ત, નાના ચતુષ્કિા (ચોક) થી વ્યાપ્ત, ઘણા સ્તંભોથી શોભાયમાન, વિશાળ, વલભી (મુખ્ય દ્વાર) આગળ મત્ત ગજેંદ્રોથી સુશોભિત, મેઘમંડળના જેવું વિભ્રાજમાન, તોરણની શ્રેણીઓથી સુંદર તથા જમણી અને ડાબી બાજુએ બે શાળાથી મનોહર–એવું સ્વર્ગના વિમાન સમાન તે ચૈત્ય તૈયાર થયું. એ પ્રમાણે એક બાજુ જેવું ચૈત્ય નિષ્પન્ન થયું તેવું ચૈત્ય બીજી ત્રણે બાજુએ કરાવવાની શેઠને ઇચ્છા થઈ. પરંતુ એવામાં એક પુત્રે તેને કદાગ્રહથી પૂછ્યું કે:—'હે તાત! આટલા બધા ધનની પ્રાપ્તિ તમને કયાંથી થઈ?' એટલે અત્યંત આગ્રહ કરતાં શ્રેષ્ઠીએ તે દેવનું વચન કહી દીધું. પછી ત્યારથી તેને ધનની પ્રાપ્તિનો ઉપાય બંધ થયો. અને તેટલું જ ચૈત્ય તૈયાર થયું. પછી પારસ શ્રેષ્ઠીએ અતિ વિસ્મયકારક એવી મોટી પ્રતિષ્ઠાનો પ્રારંભ કર્યો, અને તે વખતે (૧૨૦૪) માવર્ષે શ્રીદેવસૂરિ મહારાજના પટ્ટરૂપ પંકજને પ્રભાકર સમાન એવા શ્રીમુનિચંદ્રસૂરિએ તે બિંબ અને ચૈત્યની પ્રતિષ્ઠા કરી.

તે ગગના સ્પર્શી ચૈત્ય અનુક્રમે ફલવર્દ્ધિ તીર્થના નામથી પ્રસિદ્ધ થયું. અને અદ્યાપિ જ્યાં સંઘના આસ્તિક લોકો પોતાના પાપપંકનું પ્રક્ષાલન કરે છે.

●

# આઠમો ઉપદેશ

પાસિલ નામના શ્રદ્ધાળુ શ્રાવકે આરાસણ ગામમાં કરાવેલ અને શ્રીદેવસૂરિ ગુરૂએ પ્રતિષ્ઠા કરેલ એવું તે ચૈત્ય અનુક્રમે તીર્થપણે પ્રસિદ્ધ થયું.

## પાસિલ શ્રાવકની કથા

એકદા શ્રીમુનિચંદ્રગુરૂના શિષ્ય દેવસૂરિઆચાર્ય ભૃગુપુરમાં ચોમાસું રહ્યા. એવામાં ક્રૂર સર્પોના ચોરાશી કરંડીયા લઈને કોઇ કાન્હડ નામનો યોગી ત્યાં આવ્યો, અને બોલ્યો કેઃ—'હે સૂરીન્દ્ર! મારી સાથે વિવાદ કરો. નહિં તો આ મોટા સિંહાસનનો ત્યાગ કરો.' એટલે આચાર્ય બોલ્યા કેઃ—'અરે મૂર્ખ! તારી સાથે વાદ કેવો? શું કુતરાની સાથે મૃગેંદ્રનું કદી યુદ્ધ થાય?' યોગીએ કહ્યું કેઃ—'હું સર્પક્રીડા જાણું છું, તેથી રાજમંદિર વિગેરેમાં જાઉં છું અને ત્યાં બધા કરતાં અધિક વસ્તુ અને આભરણાદિક મેળવું છું' પછી આચાર્ય બોલ્યા કેઃ—'હે યોગિન્! અમારે કોઇ પ્રકારના વાદની ઇચ્છા નથી. કારણ કે મુનિઓ તત્ત્વજ્ઞ હોય છે અને આર્હત મુનિઓ તો વિશેષથી તત્ત્વપ્રાજ્ઞ હોય છે. તથાપિ જો તારે કૌતુક હોય, તો રાજાની સમક્ષ આપણે વાદ કરીએ. કારણકે વિજયને ઇચ્છનારાઓએ ચતુરંગ વાદકરવો જોઇએ.' પછી તે યોગી તથા સર્વ શ્રીસંઘની સાથે તે રાજસભામાં આવ્યો અને ત્યાં રાજાએ પણ તેમનો સત્કારકર્યો. પછી રાજાએ દર્શાવેલ એક પ્રૌઢ સિંહાસન પર તેઓ બેઠા.

તે વખતે ઉદયાચલ પર આરૂઢ થયેલ દિવાકરના બિંબની જેમ તેઓ દીપવા લાગ્યા એવામાં યોગી બોલ્યા કે–' હે રાજેન્દ્ર! બીજા તો સુખાવહ વાદ હોય છે. પણ આ તો પ્રાંણાંતિક વાદ છે, તેમાં માંરી શકિતનું આપ અવલોકન કરો.' પછી આચાર્ય પણ પોતાના ઉત્કર્ષનું પોષણ કરતા બોલ્યા કેઃ– ' હે વરાક! તને ખબર નથી, કે અમે સર્વજ્ઞના પુત્રો છીએ.' પછી એમ કહીને તેમણે પોતાની ચારે બાજુ સાત રેખાઓ કરી એવામાં તે યોગીએ પણ ઘણા સર્પો છોડયા, પરંતુ કર્મોની છઠ્ઠી રેખાની જેમ કોઇએ પણ એકે રેખાનું આક્રમણ ન કર્યું, એટલે યોગી દીન મુખો થઈને બીજો પ્રયોગ કરવા લાગ્યો–તેમાં આગળ એક કદલીનું પાંદડું ધરીને કેડપર રહેલ નલિકામાંથી એક સર્પ છોડયો. એટલે તે પત્ર તરત ભસ્મ થઇ ગયું. ' હે લોકો! આ રક્તાક્ષ પન્નગ સદ્યઃ અંત કરનાર છે' એમ બોલતાં તે દુષ્ટાત્માએ મહાજનના દેખતાં છતાં તે સર્પ છોડયો, વળી તેમણે બીજો સર્પ છોડયો, તે તેનું વાહન થઇ ગયો, અને તેની પ્રેરણાથી તે સિંહાસન પર ચડવા લાગ્યો. એટલે આચાર્ય સ્વસ્થ ચિત્તથી ધ્યાનનું અવલંબન કરીને રહ્યા; લોકો હાહાકાર કરવા લાગ્યા અને યોગી હસમુખો થઈ ગયો. પછી તે દૃષ્ટિવિષ સર્પ પણ શ્રીગુરૂના માહાત્મ્યથી અત્યંત પ્રભાવરહિત થઇ ગયો. અહો! તપમાં કેવા પ્રકારની શક્તિ રહેલી છે. એવામાં એક શકુનિકાએ આવીને તે સર્પ યુગલને અતિ વેગથી ઉપાડીને નર્મદાતટપર મૂકી દીધા. એટલે યોગી દીન થઈને તેમના પગે પડયો અને પોતાનો અહંકાર તજી દઈને જયાંથી આવ્યો હતો, ત્યાં ચાલ્યો ગયો. આથી સંઘ પણ અતિશય પ્રમોદ પામ્યો, પછી રાજાએ પરિવાર સહિત મહોત્સવ પૂર્વક પૂજય શ્રીગુરૂને સ્વસ્થાને પહોંચાડયા.

હવે તેજ રાત્રિએ એક દેવીએ આવીને શ્રીગુરૂને કહ્યું કે:—'હે ભગવન્ ! જે આ સામે વટવૃક્ષ દેખાય છે, ત્યાં રહેતી એક પક્ષિણીએ, ત્યાં ઉત્તમ સ્થિતિએ રહેલા આપની ધર્મ-દેશના સાંભળી. તે હું ત્યાંથી મરણ પામીને કુરૂકુલ્લાદેવી થઈ છું. હે વિભો ! મેં શકુનિકાનું રૂપ કરીને તે સર્પ દૂર કર્યા.' પછી શ્રીગુરૂએ નવો કુરૂકલ્લાસ્તવ કર્યો. અદ્યાપિ જેનું પઠન કરતાં ભવ્ય જનો સર્પોને દૂર કરી શકે છે. ત્યાર પછી શ્રીગુરૂએ પાટણ તરફ વિહાર કર્યો અને ત્યાં શ્રીસંઘના દૃઢ આગ્રહથી તેમણે કેટલોક વખત સ્થિતિ કરી.

એવા અવસરમાં આરાસણ ગામમાં ગોગામંત્રીનો પુત્ર, પવિત્ર આશયવાળો અને વિત્ત હીન એવો પાસિલ નામે પરમ શ્રાવક રહેતો હતો. તે એકદા ઘી અને તેલ વિગેરે વેચવાને પાટણમાં ગયો. ત્યાં પોતાનાં કાર્યો કરીને શ્રીગુરૂને વંદન કરવા આવ્યો. ત્યાં રાજાએ નવાણુ લક્ષ સુવર્ણ ખરચીને કરાવેલ ચૈત્યના પ્રમાણને જોતાં કોઈ છાડાની હાંસીનામની પુત્રીએ ઉપહાસપૂર્વક તેને કહ્યું કે:- 'હે ભ્રાત ! શું આવા પ્રમાણનું ચૈત્ય કરાવવાની તમારી સ્પૃહા છે ?' એટલે તેણે કહ્યું કે:-'હે ભગિનિ ! મારા જેવાઓને આ કામ બહુધા દુર્ઘટ છે. કારણ કે મેરૂપર્વતને તોળવાની બાળકમાં શક્તિ ક્યાંથી હોય ? તથાપિ કદાચ હું પ્રસાદ કરાવું, તો તમારે ત્યાં આવવું.' એમ કહીને તે સ્વસ્થાને ગયો. પછી તેણે ગુરૂએ કહેલ આમ્નાયપૂર્વક અંબાદેવીનું આરાધન કર્યું, તે પણ દશ ઉપવાસ થતાં એના ભાગ્યથી પ્રત્યક્ષ થઈ અને બોલી કે:-'મારા પ્રભાવથી સીસાની ખાણ રૂપાની થઈ જશે. તે લઈને તું પોતે જિનપ્રાસાદ કરાવ.' આ પ્રમાણે આદેશ મેળવીને તેણે શ્રીનેમિનાથનું ચૈત્ય કરાવવાનો પ્રારંભ કર્યો.

હવે એકદા તે ગામમાં કોઇ શ્રીગુરૂ આવ્યા, અને તેમણે તે શ્રેષ્ઠીને પૂછ્યું કેઃ—'હે ભદ્ર ! ચૈત્યનું કામકાજ નિર્વિઘ્ને ચાલે છે ?' એટલે તે બોલ્યોઃ—'શ્રીદેવ ગુરૂના પ્રસાદથી બરાબર ચાલે છે.' આથી અંબિકા કોપાયમાન થઇ ગઈ કેઃ—આ કૃતઘ્ન લાગે છે કે મારૂં કરેલું તો માનતો જ નથી.' પછી તેણે બહાર પહોર વહન કરેલ સીસાની ખાણના રૂપાથી શિખર પર્યંત તે ચૈત્ય થયું, પણ આગળ તે ન ચાલ્યું. પછી પાટણથી શ્રીગુરૂ અને તે ભગિનીને બોલાવીને તેણે શ્રી નેમિનાથની મોટી પ્રતિષ્ઠા કરાવી. તે વખતે તે ભગિનીએ કહ્યું કેઃ—'હે બંધો ! મને વસ્ત્રો આપો. અને જો આપની અનુજ્ઞા હોય, તો આ ચૈત્યમાં હું મંડપ કરાવું.' એટલે શ્રેષ્ઠીએ કહ્યું કેઃ—'હે બહેન !' તેં ઠીક કહ્યું.' પછી તેણે નવ લાખ ખરચી મેઘનાદ નામનો મંડપ કરાવ્યો. અને બીજા વ્યવહારીયાઓએ ત્યાં પ્રાસાદ કરાવ્યાં. એ રીતે વસુધાતલપર તે તીર્થના નામથી પ્રસિદ્ધ થયું. બીજા ગ્રંથમાં પણ કહ્યું છે કેઃ—'ગોગામંત્રીના પુત્ર ચતુર અને શ્રદ્ધાળું એવા પાસિલ શ્રાવકે શ્રીનેમનાથ પ્રભુનું આ ઉચ્ચતમ મંદિર કરાવ્યું અને નિર્ગ્રંથચૂડામણિ એવા શ્રીમુનિચંદ્રસૂરિ સુગુરૂના શિષ્ય વાદીંદ્ર શ્રીદેવસૂરી ગુરૂએ શ્રીનેમિનાથની પ્રતિષ્ઠા કરી,

# નવમો ઉપદેશ

મહત્તર માહાત્મ્ય લક્ષ્મીથી મનોહર એવા શ્રીપાર્શ્વનાથ પ્રભુને નમસ્કાર કરીને ગુરૂઉપદેશથી યથાશ્રુત શ્રીકલિકુંડ તીર્થની ઉત્પત્તિ હું (કર્ત્તા) કહીશ.

## શ્રી કલિકુંડ તીર્થોત્પત્તિની કથા.

ચંપાનગરીની પાસે શ્વાપદશ્રેણીથી ભયંકર અને વિકટ એવી કાદંબરી નામની પ્રખ્યાત અટવી છે. ત્યાં કલિ નામનો એક મોટો પર્વત છે. તેની નીચેના ભુભાગમાં કુંડનામનું સરોવર છે. તે બંનેના યોગથી તે સ્થાન કુલિકુંડ એવા નામથી પ્રસિદ્ધ થયું, અને શ્રીપાર્શ્વનાથના ચરણકમળથી પવિત્ર થતાં તે તીર્થ તરીકે પ્રખ્યાત થયું.

હવે પૂર્વે કોઇ નગરમાં એક વામન હતો. તેની દરરોજ સ્થાને સ્થાને રાજા વિગેરે હાંસી કરતાં હતા. તેથી ઉદ્વેગ પામેલો અને આત્મઘાત કરવાને ઇચ્છતો એવો તે મૂર્ખ શિરોમણિ કોઇક વૃક્ષપર અધર લટકાવાની ઇચ્છા કરતો હતો. એવામાં સુપ્રતિષ્ઠિત એવા મિત્ર શ્રાવકે તેને અટકાવ્યો અને કહ્યું કેઃ—'હે મહાભાગ ! આમ વૃથા શા માટે મરણ માગો છો ? જો મનોહર સૌભાગ્ય આરોગ્ય અને રૂપને ઇચ્છતો હોય, તો અહિંસા સંયમ અને તપ વિગેરે લક્ષણ જૈન ધર્મનું જ આરાધન કર.' એમ કહીને તે તેને ગુરૂમહારાજ પાસે લઈ ગયો. ત્યાં તેને દેશના સંભળાવી, શુદ્ધ સમ્યક્ત્વ ગૃહણ કરાવી અને પરમ શ્રાવક કર્યો. પછી

તે વિવિધ તપ તપવા લાગ્યો અને 'હું ઉચ્ચ દેહવાળો થાઉં" એવું તેણે નિયાણુ બાંધ્યું. પછી અનુક્રમે તે મરણ પામીને તે અટવીમાં મહાબલિષ્ઠ અને યુથનો નાથ એવો મહીધર નામે હાથી થયો, એકદાશ્રીપાર્શ્વનાથ પ્રભુ છદ્મવસ્થામાં વિહાર કરતા ત્યાં પલ્વલ ( કુંડ ) આગળ પધાર્યા અને કાર્યોત્સર્ગમાં રહ્યા. તે વખતે હાથી જળપાન કરવા ત્યાં આવ્યો અને જગત્પ્રભુને જોઇને તે જાતિસ્મરણ પામ્યો. ' અહો ! અજ્ઞાનથી ધર્મની વિરાધના કરીને હું પશુ થયો. માટે આ દેવાધિદેવની પૂજા કરીને હું મારા જન્મને સફલ કરૂં ' આ પ્રમાણે વિચારની કરીને અને કમળોથી પરમેશ્વરની પૂજા કરીને અને અનશન લઇ તે મહર્દ્ધિક વ્યંતરોમાં ઉત્પન્ન થયો. આ બધો વ્યતિકર ચંપાનાયક કરકુંડુ રાજાએ સાંભળીને તે પોતાના અંતરમાં અતિ વિસ્મય પામ્યો. પછી જેટલામાં તે રાજા અત્યંત ઉત્સાહથી ત્યાં આવે છે, એવામાં પ્રભુ વિહાર કરી ગયા, એટલે તે પરમ વિષાદ પામ્યો. ' શું અભાગીયા પ્રાણીઓને શ્રીજિનેંદ્રના દર્શન થાય ?' એમ પોતાના આત્માને તે નિંદવા લાગ્યો. અને તે હાથીની પ્રશંસા કરવા લાગ્યો. પછી તે સ્થાને એક મોટું ચૈત્ય કરાવ્યું અને તેમાં નવ હસ્તપ્રમાણ પ્રભુની પ્રતિમા સ્થાપી. વળી કેટલાક એમ કહે છે કે:—' ધરણેંદ્રના પ્રભાવથી તેજ વખતે નવ હસ્ત પ્રમાણ ભગવંતી તેની પ્રતિમાં આવિર્ભૂત થઇ ' પછી તે પ્રતિમાનું વંદન અને પૂજન કરીને પ્રમુદિત થયેલા તે રાજાએ પોતે કરાવેલ ચૈત્યમાં તે હાથીની પ્રતિમા (મૂર્ત્તિ) સ્થાપન કરી. પછી ત્યાં તે વ્યંતર લોકોના મનોરથ સારી રીતે પૂરવા લાગ્યો. ત્યારથી પૃથ્વીમંડળપર તે તીર્થ તરીકે પ્રસિદ્ધ થયું. પછી ત્યાં નિર્વ્યાજ ભક્તિથીપ્રભાવના અને નાટકાદિક મહોત્સવો

કરાવતો તે કરકંડુ રાજા પોતાના પવિત્ર મનથી એક પ્રભાવક અને પરમ શ્રાવક તરીકે પ્રસિદ્ધ થયો. અને તે વ્યંતર પણ તે પ્રતિમાની પૂજા, વંદના અને સ્તુતિ કરતાં અનુક્રમે સુગતિનું ભાજન થશે. માટે હે ભવ્ય જનો ! એ પ્રમાણે જિનભગવંતની પૂજના કરો.

●

# દશમો ઉપદેશ

શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ ભવ્ય પ્રાણીઓને શ્રેયનિમિત્તે થાઓ. તેમના અંગથી સ્પર્શ કરાયેલ જળનું પાન કરીને શ્રી પાલરાજા કુષ્ટરોગ રહિત થયો.

## શ્રીપાલ રાજાની કથા

એકદા રાવણે પોતાના કામને માટે નિયુક્ત કરેલા એવા માલિ અને સુમાલિ (વિદ્યા ધરો) વિમાનમાં બેસીને ક્યાંક જતા હતા. તે વખતે તેઓ જિનપ્રતિમા ઘરે ભૂલી ગયા. અને જિનપૂજા (કર્યા) વિના તેમને ભોજન (નહીં) કરવાનો દઢ નિયમ હતો પછી ભોજન વખત થયો, ત્યારે પવિત્ર વાળુકાના કણોથી પાર્શ્વનાથની પ્રતિમા કરીને તેમણે પૂજા કરી. પછી આગળ જતાં જતાં તે પ્રતિમા તેમણે સરોવરમાં સ્થાપન કરી, અને દિવ્ય પ્રભાવથી તે સ્થિર થઈ ગઈ ત્યારથી તે પ્રતિમાના પ્રભાવથી તે પલ્વલમાં સદા નિર્મળ જળ રહેતુ અને કદાપિ ખૂટતું નહિ.

હવે તે અવસરે બિગિલ્લપુરમાં શ્રીપાલ નામે રાજા હતો તે કોઢ રોગથી સર્વાંગે પીડિત હતો. વૈદ્યોએ સેંકડો ઔષધથી તેના ઉપચાર કર્યા, પણ તૃષાતુરને જેમ ક્ષાર જળથી તેમ તેને ગુણ ન થયો. એકદા રાજા તે સરોવર પર ક્રીડા કરવા ગયો. ત્યાં શ્રમિત અને તૃષિત થયો એટલે ત્યાં વિશ્રાંતિ લેતા જળપાન કરીને તે ક્ષણભર સ્વસ્થ થયો. પછી હાથ પગ અને મુખ ધોઈને તે સ્વસ્થાને ગયો. એવામાં તે અવયવો તરત સુવર્ણ જેવા કાંતિયુક્ત થઇ ગયા. પછી પ્રભાતે આ કૌતુક જોઇને 'આ શું ?' એમ રાણીએ રાજાને પૂછયું. એટલે તેણે પ્રક્ષાલનાદિક બધો વૃત્તાંત કહી બતાવ્યો 'અહીં કંઈ પણ પ્રભાવ છે' એમ અંતરમાં વિસ્મય પામી રાજાએ ત્યાં સ્નાન કર્યું. એટલે તદ્દન નિરોગી થઈ ગયો. પછી ત્યાં નૈવેદ્ય બલિ અને ધૂપાદિક કરીને રાજાએ કહ્યું કે:- 'અહીં જે દેવ હોય તે પ્રગટ થાઓ.' એમ કહીને રાત્રિએ રાજા ત્યાં જ સુતો, એટલે બ્રાહ્મમુહૂર્તે અધિષ્ઠાતા દેવે આવીને તેને કહ્યું કે:- 'અહીં ભાવી શ્રી પાર્શ્વનાથની પ્રતિમા છે, જેના પ્રભાવથી તારા અંગનો કોઢરોગ નાશ પામ્યો માટે હવે એ પ્રતિમા શકટ પર બેસાડીને સાત દિવસના જન્મેલા બાળ વૃષભ તેમાં જોડીને તારે પોતે સારથિ થઇને તેને સત્વર ચલાવવો, પણ જ્યાં પાછું મુખ કરીને જોઇશ. ત્યાં એ રથ સ્થિર થઇ જશે.' એમ કહીનેદેવ ચાલ્યો ગયોઅને રાજા જાગૃત થયો. પછી પ્રભાતે રાજાએ દેવના કહ્યા પ્રમાણે બધું કર્યું અને જેટલામાં કંઇક માર્ગ વ્યતિક્રાંત કર્યો, તેવામાં રાજાના મનમાં સંદેહ થયો કે—'પ્રતિમા આવે છે કે નહિ ?' એમ કંઇક ઉદ્વેગથી ગ્રીવાને વાંકી વાળીને રાજાએ એક ક્ષણભર પાછળ જોયું તેવામાં દિવ્ય પ્રભાવથી પ્રતિમા આકાશમાં

સ્થિર થઇ ગઈ, અને શકટ આગળ ચાલ્યું ગયું. રાજા આથી અત્યંત વિસ્મય પામ્યો. પછી રાજાએ ત્યાં શ્રીપુરનામે નવું નગર વસાવીને તે પ્રતિમા ઉપર એક મોટું ચૈત્ય કરાવ્યું. તે વખતે ગર્ગેરિકા (ગાગર) યુક્ત ઘટયુગલ પોતાના મસ્તકપર લઇને પૂર્વે પનીયારી તે બિંબની નીચેથી જઈ શકતી હતી, એમ સ્થવિરો કહી ગયા છે. એ પ્રમાણે તે રાજાએ બહું કાલ પર્યંત તે પ્રતિમાની પૂજા કરી અને સર્વ અભીષ્ટ પામ્યો તથા અનુક્રમે તે મોક્ષે જશે. વળી 'આદ્યાપિ તે પ્રતિમા અને ભૂમિ વચ્ચે કંઇક અંતર છે, એમ ત્યાંના રહેવાસી તથા અન્ય લોકો પણ કહે છે.

એ પ્રમાણે શ્રીપાલરાજા જેમ શ્રી અંતરિક્ષ પાર્શ્વનાથ પ્રભુની પૂજા કરીને નિરોગી થયો તેમ હે ભવ્યજનો ! તમે પણ શ્રી જિનેંદ્રચંદ્રની આરાધના કરી પરમ સુખી થાઓ,

●

# અગિયારમો ઉપદેશ

માણિક્યની જિનેંદ્રપ્રતિમાનું પૂજન કરતાં શ્રી શંકર નામના રાજાની જેમ શ્રી દેવાધિદેવના અર્ચનથી દુર્વાર એવા મરકી પ્રમુખના ઉપસર્ગો નાશ પામે છે.

## શંકર રાજાની કથા

પૂર્વે ભરતરાજાએ અષ્ટાપદ ગિરિપર પોતે કરાવેલ ચૈત્યમાં વર્ણાદિકથી યુક્ત સર્વ તીર્થંકરોની પ્રતિમાઓ સ્થાપના કરી ત્યાં પ્રસરતા કિરણોથી દેદીપ્યમાન એવી એક નીલ-

રત્નમય પ્રથમ પ્રભુની પ્રતિમા તેણે પૃથક્ સ્થાપી હતી. એટલા માટે જ લોકો તે પ્રતિમાને માણિક્યદેવ એવા નામથી ઓળખે છે અને તે અત્યંત પ્રભાવી છે. વળી કેટલાક એમ કહે છે કે:—'ભરતેશ્વરની મુદ્રિકામાં રહેલ પાચિરત્નની આ પ્રતિમા બનાવેલી છે.' આ પ્રમાણે તે પ્રતિમાની ત્યાં ઘણા કાલ પર્યંત પૂજા થઈ.

એકદા કેટલાક વિદ્યાધરો ત્યાં યાત્રા કરવા આવ્યા અને અત્યંત અપૂર્વ એવી તે પ્રતિમાને જોઇને મનમાં પ્રસન્ન થઈ તેને દક્ષિણશ્રેણીમાં લઈ ગયા અને ત્યાં તેઓ પ્રતિદિન તેની પૂજા કરવા લાગ્યા. એકદા નારદર્ષિ તેમને ત્યાં અતિથિ થઈને આવ્યો અને તે પ્રતિમાને જોઇને તેણે પૂછ્યું કે:—'આ પ્રતિમા તમારી પાસે કયાંથી?' એટલે તેમણે કહ્યું કે:—'આ પ્રતિમાને અમે વૈતાઢ્ય પર્વત પરથી લાવ્યા છીએ. અને એના શુભાગમથી રાજ્ય તથા રાષ્ટ્રાદિકથી અમારી વૃદ્ધિ થઈ છે.' આ પ્રમાણે સાંભળીને મેરૂ પર્વત પર શાશ્વત ચૈત્યોને વંદન કરવા આવતા ઇંદ્રને તેણે તે પ્રતિમાનું માહાત્મ્ય કહી બતાવ્યું. એટલે દેવેન્દ્રે દેવો પાસે તે પ્રતિમાને દેવલોકમાં લેવરાવી. કારણ કે કલ્પલતાની પ્રાપ્તિ થતાં ચતુર જન મંદાદર (વિલંબ) ન કરે. આ પ્રમાણે સ્વર્ગલોકમાં પણ ભક્તિથી ભાસુર અને સંતુષ્ટ મનવાળા એવા દેવોએ બહુ સાગરોપમ તેની પૂજા કરી.

એવા અવસરમાં આ ભરતક્ષેત્રમાં ત્રૈલોકયને એક કંટક-રૂપ એવો રાવણ નામે રાક્ષસોનો સ્વામી થયો. તેની મંદોદરી રાણી હતી. એકદા નારદના મુખથી તે પ્રતિમાનું માહાત્મય સાંભળતાં તેણે પણ રાવણને પ્રેરણા કરી. એટલે બુદ્ધિના નિધાન એવા તેણે શક્રની આરાધના કરી. પછી સંતુષ્ટ થયેલા

ઈંદ્રે પણ તે પ્રતિમા મંદોદરીને અર્પણ કરી. એટલે તે પણ અત્યંત પ્રમોદભાવથી ત્રિકાલ તેની પૂજા કરવા લાગી.

પછી એકદા રાવણે સીતાનું હરણ કર્યું અને સ્ત્રી, ભ્રાતા અને પુત્ર–વિગેરેએ નિવાર્યો છતાં તેણે સીતાને મૂકી નહિ. એવામાં તે બિંબના અધિષ્ઠાયક દેવે કહ્યું કે:—'લંકા અને લંકાપતિનો ક્ષય થશે.' આથી મંદોદરીએ તે પ્રતિમાને સમુદ્રમાં સ્થાપન કરી.

હવે કર્ણાટકદેશમાં કલ્યાણ નગરમાં જિનચરણરૂપ પંકજનો મધુકર અને અભંગ ભાગ્યવાન્ એવો શંકર નામે રાજા હતો. એકદા કોઈ મિથ્યાદૃષ્ટિ વ્યંતરે ત્યાં મરકી ફેલાવી. તેથી રાજા, અમાત્ય વિગેરે બધા ચિંતા કરવા લાગ્યા. એવામાં રાજાને દુઃખિત જાણીને પદ્માવતી દેવીએ સ્વપ્નમાં તેને કહ્યું કે:—'સમુદ્રમાં રહેલી માણિક્યદેવની પ્રતિમા જો આ નગરમાં આવે, તો મરકીનો ઉપદ્રવ તરત વિલય પામે.' પછી ઉપાય હાથ લાગવાથી રાજાએ બધું તે પ્રમાણે કર્યું. એટલે તેની ભક્તિની યુક્તિથી સંતુષ્ટ થયેલ લવણ સમુદ્રના અધિષ્ઠાયક દેવે મંદોદરી સંબંધી તે બિંબ રાજાને આપ્યું અને કહ્યું કે:—'આ બિંબના પ્રભાવથી તને સુભિક્ષ, આરોગ્ય અને સંપત્તિ પ્રાપ્ત થશે માટે તું પોતે એને પીઠ પર લઈને યથા-સુખે માર્ગે જા. પરંતુ જ્યાં સંદેહ કરીશ ત્યાં આ બિંબ સ્થાપન (સ્થિર) થઈ જશે.' આ પ્રમાણે શિખામણ આપીને દેવતા તરત અદૃશ્ય થઈ ગયો. પછી રાજા તે બિંબને પોતાની પીઠ પર લઈને સૈન્ય સહિત ચાલ્યો અને જેટલામાં તિલિંગ દેશમાં આવેલા કુલ્પપાક નામના નગરે તે આવ્યો. તેવામાં તે બિંબનો કંઇપણ ભાર ન જણાવાથી 'શું એ બિંબ આવે છે કે નહિ ?' એવો તેને સંદેહ ઉત્પન્ન થયો. એટલે તે

બિંબ ત્યાંજ સ્થિર થઈ ગયું. પછી રાજાએ શ્રી કુલ્પપાક નગરમાં એક રમ્ય ચૈત્ય કરાવીને નિર્મલ મરકતમણિમય અને રૂચિર એવું તે બિંબ ત્યાં સ્થાપન કર્યું. તે બિંબ (૬૮૦) વર્ષ પર્યંત ગગનમાં અધર રહ્યું અને તેની પૂજાથી સમસ્ત-રીતે રોગોની ઉપશાંતિ થઈ. પછી રાજાએ તે બિંબના પૂજારી-ઓને તેની પૂજાને માટે બાર ગામો આપ્યાં અને રાજાએ પણ તે બિંબનું બહુ કાલ પર્યંત પૂજન કર્યું.

સ્વર્ગમાંથી આ લોકમાં આવતાં જે પ્રભુને (૧૧૮૧૦૦૦) વર્ષ થઇ ગયા તથા જેમનું નામ અને માહાત્મ્ય ત્રણે લોકમાં અતિશયવંત છે એવા માણિક્યદેવ નામના શ્રી આદિનાથપ્રભુ ચિરકાળ પર્યંત તમારા શ્રેય નિમિત્તે થાઓ.

●

# બારમો ઉપદેશ

ભૂમિના મધ્યમાં રહેલી જેમની દેદીપ્યમાન મૂર્તિને શ્રી અભયદેવસૂરિએ પ્રગટ કરી; તથા સર્વત્ર પ્રભાવના સમૂહથી વિરાજમાન એવા શ્રી સ્તંભન પાર્શ્વનાથ જયવંત વર્તો છે.

## શ્રી સ્તંભન-તીર્થપ્રબંધ

પૂર્વે શ્રી પાટણમાં ભીમરાજા રાજ્ય કરતો હતો, તે વખતે શ્રી જિનેશ્વરસૂરિ વસુધાતલપર વિદ્યમાન્ હતા. તેમના પટ્ટ પર અભયદેવસૂરિ જગત્પ્રસિદ્ધ થયા, કે જેમનાથી ખરતરગચ્છ પ્રતિષ્ઠા પામ્યો. રાજાઓને પણ માન્ય એવા તે આચાર્ય મહારાજને કોઈ પૂર્વકર્મના અનુભાવથી શરીરે કોઢ રોગ થયો. પછી અલ્પશક્તિ છતાં તે સૂરિરાજે ગુજરાતમાં

આવેલા શંભાણક નગર તરફ વિહાર કર્યો. એવામાં રોગની અત્યંત બહુલતાથી પોતાના આયુષ્યનો ક્ષય સમજીને મિથ્યા દુષ્કૃત દેવા તેમણે શ્રી સંઘને બોલાવ્યો. એટલે તેજ રાત્રિએ શાસનદેવીએ સ્વપ્નમાં આવીને તેમને કહ્યું કે:—'હે પ્રભો ! તમે નિદ્રિત છો કે જાગૃત છો ?' 'રોગી એવા મને નિદ્રા ક્યાંથી હોય ?' એમ સૂરિએ કહ્યું, એટલે દેવીએ પુનઃ કહ્યું કે:—'તો સૂત્રની આ નવ કુત્કુટીનું ઉન્મોટન કરો ( કોકડીઓ ઉખેળો. )' ગુરૂએ કહ્યું કે:—'શક્તિના અભાવે શું થાય ?' એટલે દેવી બોલી કે:—'હે પ્રભો ! એવું વચન બોલશો નહિ. કારણ કે અદ્યાપિ તમે નવાંગીની સ્ફુટ વૃત્તિ કરશો.' સૂરિ બોલ્યા કે:—'શ્રી ગણધરકૃત ગ્રંથોનું વિવરણ હું શી રીતે કરી શકું ? પંગુને મેરૂપર્વતપર ચડવાનું કૌશલ ક્યાંથી આવે ?' એટલે દેવીએ કહ્યું કે:—'જ્યાં સંદેહ લાગે, ત્યાં મારૂં સ્મરણ કરવું, કે જેથી શ્રી સીમંધર સ્વામીને પૂછીને હું સર્વ સંદેહ દૂર કરીશ.' 'પરંતુ હે માત ! રોગ-ગ્રસ્ત એવો હું વૃત્તિ શી રીતે કરી શકું ?' એમ સૂરિએ કહ્યું, એટલે દેવીએ કહ્યું કે:—'એમ ન કહો, પણ તેના પ્રતીકારનો આ ઉપાય સાંભળો—સ્તંભનક નામના ગામમાં સેઢી નામે મહા નદી છે, ત્યાં શ્રી પાર્શ્વનાથની અતિશયયુક્ત પ્રતિમા છે અને જ્યાં કપિલા નામે ગાય દરરોજ દૂધ ઝરે છે. તેના ખુર નીચેની જમીન ખોદતાં પ્રતિમાનું મુખ જોવામાં આવશે. એ રીતે તે પ્રભાવી બિંબને તમે ભાવથી વંદન કરજો, કે જેથી તમે શરીરે સ્વસ્થ થઈ જશો.' એ પ્રમાણે બોલીને દેવી ચાલી ગઈ ( અદૃશ્ય થઈ ) પછી પ્રભાતે જાગૃત થયેલા એવા તે આચાર્ય મહારાજ સ્વપ્નના અર્થનો વિચાર કરીને શ્રી સંઘ સાથે સ્તંભનક ગામ તરફ ચાલ્યા. ત્યાં જઇને યથાસ્થાને શ્રી પાર્શ્વપ્રભુને જોઇને ઉલ્લસિત રોમાંચવાળા

થઇને હર્ષપૂર્વક આ પ્રમાણે તે સ્તુતિ કરવા લાગ્યાઃ— 'ત્રિભુવનમાં એક શ્રેષ્ઠ કલ્પવૃક્ષસમાન, જિનમાં ધન્વંતરિ વૈદ્ય સમાન, જગતના કલ્યાણના એક ભંડાર અને દુરિતરૂપ ગજને કેસરી સમાન એવા હે નાથ ! તમે જયવંત વર્તો. વળી ત્રિભુવનજનને અવિલંઘનીય આજ્ઞાવાળા ત્રિભુવનના સ્વામી અને સ્તંભનપુરમાં બિરાજમાન એવા હે પાર્શ્વજિનેશ્વર ! અમારૂં કલ્યાણ કરો.' એ પ્રમાણે સ્તુતિ કરતાં સોળમા શ્લોકમાં તે મૂર્ત્તિ સર્વાંગે પ્રગટ થઈ. એટલા માટે અગ્ર-શ્લોકમાં તેમણે પચ્ચખ્ખ એવું પદ મૂકેલું છે. 'ફણિધરની ફણાપર અત્યંત સ્ફુરાયમાન એવા રત્નોથી નભસ્તલને રંજિત કરનાર, ફલિણી કંદલના પત્ર, તમાલ તથા નીલોત્પલ (નીલ-કમળ) સમાન શ્યામ કમઠાસુરના ઉપસર્ગોના સંસર્ગથી અંગજિત અને સ્તંભનપરમાં બિરાજમાન તથા પ્રત્યક્ષ પ્રભાવી એવા હે પ્રાર્શ્વજિનેશ ! તમે જયવંત વર્તો. એ રીતે બત્રીશ શ્લોકો રચીને તેમણે શ્રી પાર્શ્વનાથની સ્તુતિ કરી અને ત્યાં શ્રી સંઘે પણ મહા પૂજાદિક ઉત્સવો કર્યા પછી દેવીના ઉપરોધથી છેવટના બે શ્લોક મુકીને ત્રીશ શ્લોકનું તેમણે પ્રભાવી સ્તવન *રચ્યું (રાખ્યું,) પછી આચાર્ય તત્કાલ રોગમુક્ત થયા અને તે પ્રતિમાને નવા કરાવેલ ચૈત્યમાં તેમણે સ્થાપન કરી ત્યાર પછી અનુક્રમે તેમણે સ્થાનાંગ વિગેરે નવ અંગોની વૃત્તિઓ કરી. કારણ કે દેવતા વચન કલ્પાંતે પણ નિષ્ફલ ન થાય. એવામાં દિવ્ય પ્રભાવથી રાજા વિગેરેએ નવા તૈયાર થયેલા પુસ્તક ભંડારમાં સારા વર્ણવાળી પ્રતો જોઈ એટલે ભીમ રાજાએ પાટણમાં ત્રણ લક્ષ દ્રવ્યનો વ્યય કરીને તે સર્વ વૃત્તિઓને સ્વગચ્છના અને પરગચ્છના આચાર્યો

* જયતિહુઅણ નામનું

પાસે લખાવી. એ પ્રમાણે સર્વત્ર ઉદય પામેલા તે આચાર્ય મહારાજે બહુકાલ પર્યંત શ્રી વીરશાસનની પ્રભાવના કરી.

આ પ્રમાણે જેમનો આદિકાલ અજ્ઞાત છે એવા અને ઇંદ્ર, શ્રીરામ, કૃષ્ણ, ધરણેદ્ર અને સમુદ્રાધિષ્ઠાયક વિગેરેથી વિવિધ સ્થાનમાં ચિરકાવ સુધી પૂજિત થયેલા એવા તે શ્રી (સ્થંભન) પાર્શ્વનાથ સંસારથી ભવ્ય જનોનું રક્ષણ કરો. અથવા તો કેટલાક એમ કહે છે કેઃ—'શ્રી કુંથુનાથની પાસે મમ્મણ વ્યવહારીયાએ પૂછયું કે—'હે ભગવન્ મને મોક્ષ ક્યારે પ્રાપ્ત થશે ?' એટલે સ્વામી બોલ્યા કે—'શ્રી પાર્શ્વનાથના તીર્થમાં તને સિદ્ધિ પ્રાપ્ત થશે.' તેથી તેણે આ પ્રતિમા કરાવી.

●

# તેરમો ઉપદેશ

જે ભવ્યજનો નવીન જિનપ્રાસાદ યા પૂર્વકૃતનો જીર્ણોદ્ધાર કરાવે છે. તે આસ્તિક જનો આ લોકમાં શ્રેયઃ શ્રી (કલ્યાણ લક્ષ્મી) ના નિવાસ રૂપ એવા રામ નામના શ્રેષ્ઠીની જેમ પૂજનીય થાય છે.

## રામ શ્રેષ્ઠીની કથા

શ્રી નિવાસ નગરમાં લક્ષ્મીના નિવાસ રૂપ એવો શ્રીગુપ્ત નામે શેઠ હતો. તે અષ્ટ કોટી દ્રવ્યનો સ્વામી છતાં પણ સ્વભાવે કૃપણ હતો. તેનો વિજયનામે પુત્ર બહુ દાનપ્રિય હોવાથી શ્રેષ્ઠી તેને વારંવાર દાન કરતાં અટકાવતો હતો, કારણ કે તેવા જનોને દાન તે એક શૂલરૂપ હોય છે, એકદા

શુળના રોગથી શ્રીગુપ્ત મરણ પામ્યો. એટલે વિજયની માતાએ તેને બોલાવીને કહ્યુ કે:—'હે વત્સ ! મારૂં વચન સાંભળ—'તારા પિતાએ અહીં અષ્ટ કોટી દ્રવ્ય દાટેલ છે, તે લઈને કૃતાર્થ કર' પછી તે નિશ્ચિંત થઈને જેટલામાં તે નિધાન લેવા ગયો, તેવામાં ફુત્કારથી ભયંકર ભાસતો એક સર્પ ત્યાં તેના જોવામાં આવ્યો, તેને જોતાં જ વિજય તરત પાછો વળ્યો એમ બે ત્રણ વાર તેણે કર્યું પણ તે નિધાન મેળવી ન શકયો.

એકદા ત્યાં કલ્પવૃક્ષ સમાન કોઈ કેવલી ભગવાન્ પધાર્યા એટલે રાજા વિગેરે લોકોની સાથે વિજય પણ તેમને વંદન કરવા ગયો. ત્યાં તેમની ધર્મદેશના સાંભળીને વિજયે પૂછયું કે:—'હે પ્રભો ! નિધાનના સ્થાને મને સર્પદર્શન કેમ થયું ?' જ્ઞાની બોલ્યા કે:—તારો પિતા મરણ પામીને વ્યંતર થયો છે, તેથી નિધાન ગ્રહણ કરતાં તેણે સર્પ થઇને તને અટાકાવ્યો.' પછી હે રાજન્, 'નિધાનનું તારે શું પ્રયોજન છે ? તે કહે. હવે તારા અનુગ્રહથી તારો પુત્ર ભલે દાન, પૂજાદિક કરે. અને તેમ કરતાં પુણ્યના અનુમોદનથી તને પણ ફળ મળશે; ઈત્યાદિ રાજાએ તેને કહ્યું, પણ તે સમજ્યો નહિ, પછી એકદા નિધાનના વ્યંતરને સ્તંભન કરનાર કોઈ એક ચતુર પુરૂષ વિજયના જોવામાં આવ્યો. તેની સહાયતાથી વિજયે બલાત્કારથી તેનું આક્રમણ કરીને સાક્ષાત પોતાના પુણ્ય જેવા તે નિધાનને તેણે લઇ લીધું. પછી શ્રીમાન્ ગુરૂમહારાજના ઉપદેશથી તેણે તે દ્રવ્યનો વ્યય કરી શ્રી શાંતિનાથના જીર્ણ ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો. ગુરૂમહારાજે તેને આ પ્રમાણે ઉપદેશ આપ્યો હતો:—

"નવીન જિનપ્રાસાદ કરાવવામાં વિવેકી શ્રાવકોને જે પુણ્ય થાય, તેના કરતાં જીર્ણોદ્ધાર કરાવવામાં તેમને તે કરતાં આઠ ગણું પુણ્ય થાય છે." આ ઉપદેશ શ્રીમાન્ હેમસૂરિએ શ્રી આમ્રભટને આપ્યો હતો. પછી ત્યાં પ્રતિષ્ઠા વિગેરે મનોહર મહોત્સવો કરાવ્યા. અને શ્રી સંઘે પણ ત્યાં ધ્વજ સ્નાત્ર પ્રમુખ મહોત્સવ કર્યો.

એકદા રાજપુરૂષો કોઈક ચોરને પકડીને વધને માટે લઈ જતા હતા. તે વખતે નગરના ચૈત્યમાં રહેલ વિજયે તે ચોરને જોયો. એટલે તેને છોડાવવા વિજયે રાજાને વિજ્ઞપ્તિ કરી તેથી રાજાએ કહ્યું કે:—'એ અંજન સિદ્ધ હોવાથી અંતઃપુરનો વિનાશ કરનાર છે. તથાપિ જો એ પોતાની વિદ્યા કહે, તો હું એને મુક્ત કરૂં. અન્યથા નહિ.' પછી તેણે પોતાની વિદ્યા ન કહ્યા છતાં વિજયે તે ચોરને ત્રણ દિવસ પર્યંત છોડાવ્યો, અને તેને જિનમંદિરમાં લઈ ગયો. ત્યાં ચૈત્યના દર્શનથી તે જાતિસ્મરણ પામ્યો અને તેની આગળ તેણે પોતાનો પૂર્વભવ આ પ્રમાણે કહી બતાવ્યો:—

'પૂર્વે આ ગામમાં બહુ વિભૂતિના આશ્રયરૂપ એવો રામ નામે પરમ શ્રાવક શ્રેષ્ઠી હતો. તેણે આદરપૂર્વક આ ચૈત્ય કરાવવાનો આરંભ કર્યો, પરંતુ અર્ધ ચૈત્ય નિષ્પન્ન થતાં તે દ્રવ્ય હીન થઇ ગયો. પછી કોઇ સિદ્ધપુરુષને આરાધીને અને તેની પાસેથી કોટીવેધરસ મેળવીને પ્રાપ્ત થયેલ દ્રવ્યથી તેણે તે ચૈત્ય પૂર્ણ કરાવ્યું. અનુક્રમે સુવર્ણના દંડ અને કળશયુક્ત, મંડપની શ્રેણીથી મનોહર તથા સદેવકુલિકાસંયુક્ત એવું તે ચૈત્ય તૈયાર થયું. પછી ત્યાં વારંવાર જિનેશની ભક્તિ અને પૂજાદિ કરીને વૃદ્ધાવસ્થા થતાં તે શ્રેષ્ઠીએ વ્રત લીધું. પણ તે વ્રતની કંઈક વિરધના કરીને મરણ પામીને

તે કુદેવતા થયો અને ત્યાંથી ચવીને તે હું ચોરના કુળમાં તસ્કર થયો છું. આજ અહીં પ્રાસાદ જોઈને હું જાતિસ્મરણ પામ્યો છું. એ ચૈત્યનો જીર્ણોદ્ધાર કરાવવાથી તું મારો સાધર્મિક થયો છે. હે ભદ્ર ! જીર્ણોદ્ધાર કરતાં માત્ર તેં તારા આત્માનોજ ઉદ્ધાર કર્યો નથી; પરંતુ નરકના ખાડામાં પડતા એવા મારો પણ તે સમ્યગ્રીતે ઉદ્ધાર કર્યો.' આ પ્રમાણે બોલતાં તે ચોર દેવતાએ આપેલ સાધુવેષ ધારણ કરીને સંયતિ થયો એટલે રાજા વિગેરેએ તેને વંદન કર્યું. પછી અનુક્રમે તે મોક્ષે ગયો અને વિજય પણ સદ્વ્રત ધારણ કરીને સૌધર્મ દેવલોકમાં દેવતા થઇ એક ભવમાં મુક્તિ પામ્યો.

આ પ્રમાણે નવીન ચૈત્ય *કરાવવાનું તથા જીર્ણોદ્ધારથી પ્રાપ્ત થતું ફળ સાંભળીને હે ભવ્ય જનો ! જો તમારે ભવ ભંજન કરવાની ઇચ્છા હોય, તો *ચૈત્ય કરાવવામાં મનોભાવનાને મસ્ત કરો.

●

# ચૌદમો ઉપદેશ

સકલ ઇષ્ટ સિદ્ધિને આપનાર એવા તીર્થનો યોગ તો કોઈ મહાભાગ્યે ભાગ્યવંત ભવ્યા પ્રાણીનેજ થાય છે. તેમાં પણ જેના યોગે હત્યાદિ દોષો પણ દૂર કરી શકાય એવા શત્રુંજય તીર્થનો યોગ તો અતિ પુણ્યથીજ થઈ શકે છે.

---

*નવીન ચૈત્ય કરાવવા કરતાં જીર્ણોદ્ધાર કરાવવામાં આઠગણો લાભ વિચારીને.

## ત્રિવિક્રમ રાજાની કથા

શ્રાવસ્તી નગરીમાં ત્રિશંકુ કુળના દીપક સમાન, અને પોતાના પરાક્રમોથી ત્રણે લોકનું રક્ષણ કરનાર એવો ત્રિવિક્રમ નામે રાજા હતો. એકદા કોઈ જંગલમાં વટવૃક્ષપર પોતાના માળામાં બેસી કાનને અપ્રિય લાગે એવું બોલનાર કોઈક પક્ષી, ક્રીડા કરતા તે રાજાના જોવામાં આવ્યું. 'આ દુષ્ટ શકુન થયા' એમ ધારીને બાણ ખેંચી તેણે તે પક્ષીનો તરત ઘાત કરી નાખ્યો, અને પછીથી તે કંઈક પશ્ચાત્તાપ કરવા લાગ્યો. પછી વખત જતાં વૈરાગ્યભરથી રંગિત થઈને તે રાજાએ દીક્ષા અંગીકાર કરી અને અનુક્રમે તે મહર્ષિ થયો. પછી દુષ્કર તપ તપવાથી ઉત્પન્ન થયેલ તેજોલેશ્યાવાળો એવો તે મહર્ષિ ભવ્ય જનોને પ્રતિબોધ આપતાં વસુધાપર વિચરવા લાગ્યો.

હવે તે વખતે જ તે પક્ષી મરણ પામીને કોઈ પલ્લીમાં ભીલ થયો, અને ત્યાં વિવિધ પાપ કરતાં તે પોતાનું ઉદર ભરણ કરવા લાગ્યો. એકદા તે ઋષિ વિહાર કરતાં તેની નજરે ચડયો. એટલે કોપ કરીને તે ભીલે યષ્ટિ વિગેરેથી તેની તાડના કરી. આથી પોતાના આચારને ભૂલી કોપાટોપથી આકુલ થઈ પોતાની તેજોલેશ્યાથી ઋષિએ તે બિચારા ભીલને ભસ્મ કરી નાખ્યો. ત્યાંથી તે ભીલ મરણ પામીને કોઈ જંગલમાં કેસરી થયો, એટલે ત્યાં પણ તેવી જ રીતે તે ઋષિએ, પોતાના પુંચ્છને ઉછાળતા એવા તે સિંહને મારી નાખ્યો. ત્યાર પછી તે હાથી થયો અને ઋષિએ તેનો તેવી જ રીતે નાશ કર્યો. કારણ કે ભ્રષ્ટવ્રતવાળા એવા તેને તેજોલેશ્યા અસ્ત્ર* રૂપ થઈ પડી. પછી તે હાથી મરણ પામીને

* અમોઘ શસ્ત્ર (મંત્ર પ્રયોજીત)

રાજગૃહ નગરમાં સંડ (સાંઢ) થયો અને સામે દોડતો આવવાથી પૂર્વની જેમ મત્સર લાવીને તેણે તેનો પણ નાશ કર્યો, પછી તે સર્પ થયો અને ફણાના ભારથી ભારે થયેલો અને ભીષણ આકૃતિવાળો એવો તે કાયોત્સર્ગમાં રહેલા તે મુનિને જોઈને તેની સામે દોડયો. એટલે પૂર્વની જેમ સાધુએ તેને મારી નાખ્યો. પછી તે બ્રાહ્મણ થયો, અને નિંદા કરતા એવા તેને તે ઋષિએ મારી નાખ્યો. અહો ! અવિવેકીને સંવર કયાંથી હોય ? એ પ્રમાણે નિમર્મ છતાં તેણે સાત હત્યા કરી. અહો ! યોગીઓ પણ આવાં પાપ કરે છે. માટે કર્મની કઠણાઈને ધિક્કાર થાઓ, પછી તે બ્રાહ્મણ મરણ પામીને વાણારસી નગરીમાં મહાબાહુ નામે રાજા થયો અને યથાપ્રવૃત્તકરણના યોગે તે શુભ કર્મોના ઉદય સન્મુખ થયો. અહો ! સંસારનું નાટક કેવું છે-રાજા યા દેવ તે રાસભ થાય છે તથા ધનવંત એક ક્ષણ વારમાં દરિદ્ર થઈ જાય છે.

હવે એકદા તે રાજા ગવાક્ષમાં બેઠો હતો. એવામાં કોઈ સાધુને જોઈને તે જાતિ સ્મરણ પામ્યો અને પૂર્વના સાત ભવ તેના જાણવામાં (જોવામાં) આવ્યા. એટલે તે વિચારવા લાગ્યો કેઃ—'અહો ! ત્યાંગી એવા તે મુનિને પણ હું તાપનો હેતુ થયો. તેણે જે અનર્થ કર્યો. તેમાં હું જ નિમિત્તભૂત હતો અને વળી આ ભવમાં પણ જો તે કોપને લીધે મારો ઘાત કરશે તો અહીં ! આવા રાજ્યનો વૃથા ભ્રંશ થશે. માટે જો તે સાધુ અહીં આવે, તો હું મારો તે અપરાધ ક્ષમાવું; આ પ્રમાણે વિચાર કરીને ભયભીત ચિત્તથી તેણે અર્ધ શ્લોક બનાવ્યો કેઃ—

'પક્ષી, ભીલ, સિંહો, દ્વીપી, સંડ, સર્પ અને બ્રાહ્મણ.' 'આના અંત્યાર્ધને જે પૂરશે, તેને લક્ષ દ્રવ્ય મળશે' એ

પ્રમાણે રાજાએ ઉદ્‍ઘોષણા કરાવી. આ શ્લોકાર્ધને બધા લોકો ગોખવા લાગ્યા, પણ કોઇ તેને પૂર્ણ કરી શકયું નહિ. કારણ કે છદ્મસ્થોને પરિચિત્તનો અભિપ્રાય સમજવો દુર્લભ છે.

એકદા તેજ મુનિ વિહાર કરતાં તે નગરમાં આવ્યા અને ત્યાં તેણે કોઈ ગોવાળીયાના મુખથી ગવાતો તે શ્લોકાર્ધ સાંભળ્યો પછી ક્ષણભર વિચાર કરીને અને બરાબર જાણીને આ પ્રમાણે તે ઉત્તરાર્ધ બોલ્યા :—

'જેણે કોપથી એમનો ઘાત કર્યો, અહા ! તેની હવે શી દશા થશે ?' એવામાં ગોવાળીયાએ તે પૂર્ણ થયેલ શ્લોક સાંભળીને રાજાને નિવેદન કર્યું કે:—'આ સમસ્યા મેં પૂર્ણ કરી' એમ છાતી ઠોકીને તેણે કહ્યું. પણ રાજાના મનમાં કંઈ આશ્ચર્ય ન થયું. છેવટે આગ્રહથી પૂછતાં તેણે સત્ય વાત કહી. એટલે તે સાંભળી ત્યાં જઈને રાજાએ તે મુનિને ખમાવ્યા. પછી પોતપોતાના અપરાધની નિંદા અને ગર્હણા કરતા એવા તે સંયત અને રાજાએ ચિરકાલ પર્યંત ત્યાં પ્રેમપૂર્વક ધર્મગોષ્ઠી કરી.

એવા અવસરમાં જાણે તેમના પાપની શુદ્ધિના અર્થેજ કેવળ જ્ઞાનથી જગત્ત્રયને જોનારા એવા કોઈ આચાર્ય ત્યાં પધાર્યા. એટલે મહા આનંદથી પૂરિત અને ભક્તિથી સંયુત એવા તે સાધુ અને રાજા બંને કેવલી ભગવંતને વંદન કરવા આવ્યા. ત્યાં તેમણે આપેલ ધર્મદેશના તે બંનેએ સમાધિપૂર્વક સાંભળી અને પછી પોતપોતાનું પાપ તેમની આગળ સમ્યગ્ રીતે નિવેદન કર્યું. એટલે કેવલી બોલ્યા કે:—'હે રાજેંદ્ર ! તું શત્રુંજય તીર્થ પર જા અને ત્યાં જિન ભગવંતને નમસ્કાર કરતાં તું જ્ઞાન અને સિદ્ધિ પામીશ. વળી હે મુને ! તમારાં કર્મ પણ નિબિડ છે, માટે શત્રુંજય

વિના પ્રૌઢ તપ તપતાં પણ તે ક્ષય થશે નહિ. માટે હે રાજન્ ! તું આ ગુરૂને આગળ કરીને અન્ય રાજા વિગેરે માણસોને સાથે લઇ શ્રી શત્રુંજયાદિ તીર્થોની સમાધિપૂર્વક યાત્રા કર, અને યાત્રાને અંતે સર્વ વિરત અને આત્મધ્યાનમાં લીન થઇને આ મુનિની સાથે ચારિત્ર પાળજે.' આ પ્રમાણે સાંભળીને તે બંને તે પ્રમાણે કરી અને હત્યાદિ પાપને હણીને શત્રુંજય તીર્થ પર સિદ્ધ થયા.

આ પ્રમાણે શ્રી તીર્થના મહાત્મ્યનું અમૃતની જેમ શ્રવણપુટથી પાન (શ્રવણ) કરીને હે ભવ્યજનો ! મનમાં અતિ હર્ષ લાવી કુવાસના રૂપ વિષને દૂર કરો અને મુક્તિ મહિલાના મનગમતા સુખનું સેવન કરો.

●

# પંદરમો ઉપદેશ

જેનો જિનપ્રાસાદ અને જિનપૂજા વિગેરેમાં ઉપયોગ થાય છે તેજ લક્ષ્મી કૃતાર્થ છે. જે શ્રી જગડશ્રેષ્ઠીએ સવા કોટી મણિના મૂલ્યનો હાર કરાવ્યો હતો.

## શ્રી જગડ શ્રેષ્ઠીની કથા

એકદા કુમારપાલરાજા શત્રુંજયની યાત્રા કરવા સજ્જ થઈ બહાર પ્રયાણ કરતો હતો, એવામાં કોઈ પુરૂષે આવીને તેને વિજ્ઞપ્તિ કરી કે:—'ડાહલદેશનો કર્ણરાજા તારો ઉપદ્રવ કરવા આવે છે.' આ પ્રમાણે સાંભળીને યાત્રાનો મનોરથ ધ્વસ્ત થવાથી ખિન્ન થયેલો તે રાજા ગુરૂની પાસે આવીને

પોતાને વારંવાર નિંદવા લાગ્યો. એટલે ગુરૂમહારાજ કંઈક વિચાર કરીને બોલ્યા કે:—'હે રાજેંદ્ર ! તું ખેદ ન કર. બાર પ્રહરના પ્રાંતે તને સમાધિ થશે.' આ પ્રમાણે રાજાને સ્વસ્થ કર્યો, એવામાં નિર્ણીત સમયે કોઈએ આવીને રાજાને કહ્યું કે—'તારો કર્ણ શત્રુ મરણ પામ્યો. કારણ કે રાત્રિએ કંઈક વિષણુતા પ્રાપ્ત થતાં નિંદ્રાથી મુદ્રિત લોચનવાળો, કૂદતા ઘોડાપર બેઠેલો કંઠમાં સુવર્ણની સાંકળી પહેરેલો એવો તે જમીનમાં પ્રવિષ્ટ વટવૃક્ષની શાખાપર અધર લટકીને એક ક્ષણવારમાં પંચત્વ પામ્યો—આવું નજરે જોઈને હું આવ્યો છું.' પછી પક્ષભર શોચ કરીને (૭૨) રાજાઓ સહિત કુમારપાલ હેમસૂરિ સાથે તીર્થયાત્રા કરવા ચાલ્યો. તે તમને નવાણું લક્ષ સુવર્ણયુક્ત છાડાદિક તથા બીજા (૧૮૦૦) પૌઢ શ્રેષ્ઠીઓએ સાથે પ્રયાણ કર્યું અને (૧૮૭૭) સ્વર્ગ વિમાનના જેવા દેદીપ્યમાન એવા દેવાલયો પણ સાથે લીધા. રસ્તામાં ગુરૂની જન્મભૂમિ સમજીને ધંધુકપત્તનમાં તેણે **જોલીવિહાર** નામનો એક પ્રાસાદ કરાવ્યો અને ત્યાં મોટી પ્રભાવના કરી તે શત્રુંજયે ગયો. ત્યાં શ્રીસંઘની સાથે અર્ચા, ધ્વજ અને દાનાદિક કર્યાં. તે અવસરે કોઈક ચારણ સમયોચિત આ પ્રમાણે બોલ્યો. કારણ કે તેવા પ્રાયઃ સ્વભાવથીજ સમયજ્ઞ હોય છેઃ— નવશઃ (નવવાર) કહેવા પરથી નવ લાખનું દાન સમજવું.

પછી માળ પહેરવાને માટે ત્યાં શ્રી સંઘ મળ્યો અને વાગ્ભટે પ્રથમ માળ ચાર લાખમાં માગી. એવામાં કોઈ પ્રચ્છન્ન પુરૂષે તેને આઠ લાખમાં માગી, એટલે વાગ્ભટે તેને સોળ લાખમાં માગી. એ પ્રમાણે મૂલ્ય વધતાં સવા કોટી—ક્રોડમાં તે માળ માગતાં પ્રચ્છન્ન પુરૂષ પ્રગટ થયો. પછી તેને સામાન્ય વેશવાળો જોઈને રાજાએ મંત્રીને કહ્યું કે—' દ્રવ્યની

વ્યવસ્થા તારે કરવી.' એટલે મંત્રીએ તેને કહ્યું કે:—'હે ભદ્ર ! તારી પાસે દ્રવ્ય ક્યાં છે ? અને આ ઇંદ્રમાળ કેમ પહેરીશ ? અરે ! આમ કરતાં તને લજ્જા પણ થતી નથી ?' પછી તે મંત્રીને એકાંતમાં લઇ જઈને તેને રત્ન બતાવ્યું. એટલે તે રત્ન સવા કોટી મૂલ્યનું જાણીને મંત્રીએ તેને કહ્યું કે:—'હે ભદ્ર આવું રત્ન તારી પાસે ક્યાંથી ?' તે બોલ્યો કે:—'આવા પાંચ રત્નો મારી પાસે છે; અને તેનો સંબંધ સાંભળો:—'મધુમતી નગરીમાં પ્રાગ્વાટ જ્ઞાતિના મંડન રૂપ હાસ નામનો મારો પિતા સૌરાષ્ટ્રિક વણિક હતો. એક દિવસે મરણ પાસે આવતાં તેણે મને કહ્યું કે:—'હે વત્સ ! પ્રવહણથી (નૌકામાર્ગના વ્યાપારથી) મેં બહુ ધન ઉપાર્જન કર્યું છે. તે બધા દ્રવ્યના સાર ભૂત આ પાંચ રત્નો મેં લીધાં છે. તે ગ્રહણ કર અને મારૂં આ કૂત (કથન રહસ્ય) સાંભળ એમાંનું એક એક રત્ન શત્રુંજય, રૈવતાચલ અને પ્રભાસ પાટણમાં વાપરવું, અને બે રત્ન તારા ધન તરીકે રાખવાં.' એમ કહીને તે સ્વર્ગસ્થ થયો, એટલે હું મારી માતા સાથે અહીં આવ્યો છું. અને તેને મેં કપર્દિ ભવનમાં બેસારી છે.' આ પ્રમાણે સાંભળીને સંતુષ્ટ થયેલ સચિવે તે વૃત્તાંત રાજાને નિવેદન કર્યો. એટલે રાજા તેની માતાની સન્મુખ ગયો, અને મહોત્સવ પૂર્વક તે વૃદ્ધાને ત્યાં ચૈત્યમાં લાવીને જાણે સાક્ષાત્ ગુણશ્રેણીજ હોય એવી માળા તેને પહેરાવી. પછી સ્વામીના વક્ષ:સ્થલમાં એક દેદીપ્યમાન હાર પહેરાવીને રાજાએ તે કીંમતી રત્નને હારમાં નાયક ( ચગદુ-તખતું ) ને સ્થાને સ્થાપન કર્યું. પછી બીજા બે રત્નનો પણ વ્યય કરીને તે પુણ્યવાન્ શ્રી જગડ શેઠ અને રાજા સર્વ તીર્થોની યાત્રા કરીને સ્વસ્થાને ગયા.

એ પ્રમાણે પુણ્યવંત પ્રાણીઓ સાતે ક્ષેત્રમાં પોતાની કમલાને કૃતાર્થ કરીને અને મનુષ્ય તથા દેવના અખિલ સુખો ભોગવી અનુક્રમે મોક્ષમાર્ગમાં સંચરે છે.

●

# સોળમો ઉપદેશ

જે ભાગ્યવંત જીવો યાત્રા કરતાં શ્રી જિનની અતુલ ભક્તિ કરે છે, તેઓ સુખી થાય છે. જેમ શંત્રુજયાદિક તીર્થ પર ભક્તિ કરીને શ્રી ભરતાદિક મુક્તિમહિલા (મોક્ષ–લક્ષ્મી) ને ભેટયા

### શ્રી ભરતેશ્વરની કથા

એકદા દેવતાઓથી સુસેવિત શ્રી ઋષભસ્વામી વિહાર કરતા વિનીતાનગરીના ઉદ્યાનમાં પધાર્યા. એટલે ભરતરાજા હસ્તીના સ્કંધપર આરૂઢ થઈ ચતુરંગ સેના સહિત પ્રભુને વંદન કરવા આવ્યો અને આ પ્રમાણે તેણે ધર્મદેશના સાંભળીઃ—

'સંઘભક્તિ, સારા કુળમાં જન્મ, સુપાત્રદાન, ન્યાયોપાર્જિત વિત્તનો યોગ, સંઘાધિપત્ય અને સુતીર્થસેવા–એ પ્રબળ ભાગ્યથીજ પ્રાપ્ત થાય છે.' આ પ્રમાણે સાંભળીને ભરતરાજાએ ભગવંતને પૂછયું કે:—'હે સ્વામિન્ ! સંઘાધિપતિનું પદ શું, તેનો વિધિ શો અને તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે ?' એટલે પ્રભુએ કહ્યું કે:—' પંચવિધ દાન આપતાં, દીન જનોનો ઉદ્ધાર કરતાં, પ્રત્યેક નગરે જિનમંદિરમાં ધ્વજારોપણ કરતાં અને ગુરૂઆજ્ઞાને વશ થઈ શત્રુંજયાદિક

તીર્થમાં ઇંદ્રોત્સવાદિક કૃત્ય કરતાં સંઘાધિપતિ થઈ શકાય.' પછી ભરત ભૂપતિએ વિચાર કર્યો કે:—' એક સામાન્ય જનથી મારામાં સંઘાધિપત્ય સ્થાપન થાય. તે કરતાં જો ભગવંત પોતાના હાથે મને સંઘાધિપતિ સ્થાપે તો હું ભાગ્યવંત ગણાઉં. આ પ્રમાણે વિચાર કરી પુનઃ ભરતરાજાએ કહ્યું કે— 'હે સ્વામિન્! મારા પર પ્રસાદ કરીને પ્રાણીઓને પ્રિયંકર એવું એ પદ મને આપો, પછી ઇંદ્રાદિક દેવો તથા સંઘ ઉપર વાસક્ષેપ નાખ્યો. તે વખતે દિવ્ય માળા લાવીને ઇંદ્રે પ્રમોદપૂર્વક ભરત તથા તેની પત્ની સુભદ્રાના કંઠમાં આરોપણ કરી. પછી સકલ સામગ્રી સહિત અને શકેંદ્રે લાવી આપેલ સુવર્ણના દેવાલય પુરસ્સર, સજ્જ થયેલા હસ્તી, અશ્વ, રથ અને પ્રૌઢ પદાતિઓથી પરિવૃત અને સવા કોટિ પુત્રો તથા ચૌદરત્નોથી વિરાજિત એવા ભરતેશ્વરે તીર્થયાત્રાને માટે પ્રયાણ કર્યું. તે વખતે સોપત્તનના નાયક, (૨૪૦૭૨) પુત્રપરિવરિત, લાખ હાથી અને પાંત્રીશ લાખ અશ્વોના સ્વામી, સવા કોટી પદાતિ અને સાત સો રાજાઓથી પરિવૃત, બાવીશ લાખ પ્રૌઢ રથોસમન્વિત અને બત્રીશ લાખ સુગ્રામના સ્વામી એવાં **સોમયશા** રાજાએ પણ તેની સાથે પ્રયાણ કર્યું. વળી વૈતાઢ્ય પર્વતપર સાઠ અને પચાસ નગરોનો સ્વામી વિનમિનો પુત્ર ગગન વલ્લભ, પૂર્વ દિશાનો સ્વામી વજ્રનાભ, પશ્ચિમ દિશાનો નાયક અને કલ્યાણકેતુ રાજેંદ્ર–એ ચારે મોટા રાજાઓ પણ સાથે ચાલ્યા.

પછી ચક્રી દરરોજ એક યોજન પર્યંત પ્રયાણ કરવા લાગ્યો અને રત્નના પ્રભાવથી સમસ્ત વાંછિત વસ્તુઓ તરત તૈયાર થતી હતી. અને વર્ધકિરત્નથી યથાકાલ, યથા યોગ્ય અને યથેપ્સિત એવા મોટા ઘર ક્ષણવારમાં તૈયાર થતા

હતા. પછી સંઘ જ્યારે સૌરાષ્ટ્રદેશમાં દાખલ થયો ત્યારે ભરતેશ્વરનો કાકો શક્તિસિંહ રાજા તેમની સામે આવ્યો અને તેણે નમસ્કાર કર્યો. પછી શ્રીપુંડરીકતીર્થ દૃષ્ટિએ પડતાં સર્વને આનંદ થયો એટલે ત્યાં શ્રીભરતરાજાએ આનંદપુર નામે નગર સ્થાપ્યું. અને જેમના ચાર યુગમાં ચાર નામ થયા, એવા શ્રીજીવંતયુગાદીશનો ત્યાં ભરતેશ્વરે પ્રાસાદ કરાવ્યો. પછી ત્યાં પર્વતપર આરોહણ કરતાં તૃષાતુર જનોની અભ્યર્થનાથી લબ્ધિમાન્ એવા ચેલ્લણ સાધુએ રસ્તામાં એક તલાવડી કરી આપી. વળી તે મહાત્મ્યોક્તિપૂર્વક શક્તિસિંહે વર્ણન કરેલા એવા નદી, કુંડાદિકને પણ ભરતરાજાએ જોયા. એવા અવસરમાં શક્રેંદ્ર પણ ત્યાં આવ્યો અને ભરતેશ્વરની સાથે તે રાયણને નમ્યો. કારણ કે તે તીર્થભૂત છે. કહ્યું છે કે,

'પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામી વિહાર કરતા પૂર્વ નવ્વાણુ વાર શત્રુંજયપર દેવોની સાથે આવીને સમોસર્યા છે, એટલે (૬૯૮૫૪૪૦૦૦૦૦૦૦) એટલી વાર ભગવંતે આ પર્વતપર આવીને એ રાયણની નીચે સરસ ધર્મ દેશના આપી છે. પછી શક્રે ભરત રાજાને કહ્યું કેઃ—'હવે પછી વખત એવો આવવાને છે કે મૂર્ત્તિવિના માત્ર આ તીર્થ (પર્વત) પરજ માણસો શ્રદ્ધા કરવાના નથી. તીર્થંકરોના ચરણથી પાવન થયેલ આ પર્વતજ તીર્થરૂપ છે, છતાં વિશેષ રીતે સુવાસનાની વૃદ્ધિને માટે અહીં જિનપ્રાસાદ થાય, તો વધારે સારૂં, આ પ્રમાણે સાંભળીને ભરત ચક્રીએ ચોરાશી મંડપોથી ભાસુર એક કોશ ઉંચો છ કોશ દીર્ઘ, હજાર ધનુષ્ય વિસ્તૃત અને સદેવકુલિકાથી યુક્ત એવો ત્રૈલોક્ય વિભ્રમ નામનો મણિમય પ્રાસાદ કરાવ્યો. તે પ્રાસાદમાં સદ્વર્ણવાળી અને સુવર્ણમય એવી શ્રી યુગાદીશ જિનની ચાર મૂર્ત્તિઓ ચારે દિશામાં

શોભવા લાગી. વળી ત્યાં શ્રીપુંડરાકગણુધરના શિષ્ય શ્રીનાભસૂરિએ ભરત વિગેરેને આનંદ ઉપજાવે તેવી વિસ્તૃત પ્રતિષ્ઠા કરી. એ પ્રમાણે ત્યાં વિવિધ મહોત્સવો કરીને ભરતેશ્વર રૈવતાચલપર ગયા. અને ત્યાં પણ તેમણે બે બે મંડપથી શોભાયમાન એવું શ્રી નેમિનાથનું મોટું ચૈત્ય કરાવ્યું. એ રીતે બીજા તીર્થોમાં પણ પ્રભુત પુણ્ય ઉપાર્જન કરીને ભરત ચક્રી સંઘ સહિત વિનીતા નગરીમાં આવ્યા, પછી કંઈક ન્યૂન છ લાખ પૂર્વ ભરતેશ્વરે રાજ્ય કર્યું, તે દરમ્યાન રાજાઓમાં (૯૯૮૯૮૪૦૦૦) એટલા સંઘપતિ થયા.

એ પ્રમાણે ધર્મ પ્રભાવના કર્યા પછી ભરત ચક્રવર્ત્તી વિલાસ ભવનમાં પણ કેવળજ્ઞાન પામીને અને એક લાખ પૂર્વ સાધુપણું પાળીને સિદ્ધિસીમંતિની (સ્ત્રીની) સુરમ્ય સેજમાં બિરાજમાન થયા.

●

# સત્તરમો ઉપદેશ

જે ભવ્ય જનો સંઘસહિત બહુ ભક્તિથી તીર્થયાત્રા કરે છે, તેઓ આભૂ મંત્રીની જેમ પ્રૌઢ સમૃદ્ધિ યુક્ત થઈ જગતને પૂજનીય થાય છે.

## આભૂમંત્રીની કથા

થારાપદ્રપુરમાં જિનધર્મરક્ત શ્રીમાલજ્ઞાતિમાં શિરોમણિ અને સમસ્ત પ્રધાનોમાં અગ્રેસર એવો આભુ નામે મંત્રી હતો પશ્ચિમામંડલીક એવો બિરૂદ ધારણ કરતો અને બહુ

કોટિ દ્રવ્યનો સ્વામી એવો તે એક કુબેરના જેવો ભાસતો હતો. એકદા આભૂ સંઘપતિ ઘણા સંઘસહિત શત્રુંજય તીર્થપર શ્રીયુગાદીશને ભક્તિ પૂર્વક વંદન કરવા ચાલ્યો તે વખતે તેની સાથે દેવલોકનો વિમાન જેવા સાતસો દેવાલયો હતા, અને જેમાં સુખે બેસી શકાય તથા રથ જેવી વિશાલ પાલખીઓ પણ બહુ હતી. ચાલીશ હજાર શકટો શોભતા અને પાંચસો દશ અશ્વો સાથે ચાલતા હતા. બાવીશસો ઉંટ, એકસો કડાઈ, અને એક એકસો તંબોલી, કંદોઇ અને રસોયા હતા. વળી તેમાં એકસો ત્રેસઠ જાહેર હાટ, સાત પરબ અને બસેં માળી ચાલતા હતા. પાણી લાવવાને માટે સાત મહિષ ( પાડા ) હતા અને મનુષ્ય તથા ખચ્ચરો વિગેરેની તો સંખ્યાજ ન્હોતી. એ રીતે મોટા આડંબરથી ચાલતાં નદી, કૂપ અને સરોવર વિગેરે જલાશયોનું શોષણ કરતો આભુ-સંઘપતિ શનૈઃ શનૈઃ માર્ગનો વ્યતિક્રમ ( ઉલ્લંઘન ) કરવા લાગ્યો, એમ કરતાં શત્રુંજય તીર્થ દૃષ્ટિગોચર થયું, ત્યારે આભૂમંત્રીએ વસ્ત્ર તથા અલંકાર વિગેરેથી સંઘની ભક્તિ કરી. પછી શત્રુંજય પર્વતપર આરોહણ કરીને સ્નાત્ર, પૂજા અને ધ્વજાદિક મહોત્સવોથી આભૂ મંત્રીએ પોતાનો જન્મ સફલ કર્યો. ત્યાંથી સમસ્ત સંઘસહિત રૈવતાચલપર જઈને અત્યંત ભક્તિપૂર્વક આભૂમંત્રીએ રાજીમતીનાપતિ શ્રીનેમનાથને વંદન કર્યું. એ પ્રમાણે પ્રથમ યાત્રામાં મહોત્સવો કરતાં અનુક્રમે બારકોટિ સુવર્ણનો વ્યય કરી તે પોતાના નગરમાં આવ્યો. હવે આભૂમંત્રીએ અતુલ ઉત્સવોથી (૧૫૧૦) પ્રતિમાઓ તથા સાત સો આચાર્યોનાં પગલાં કરાવ્યાં. વળી ત્રણ કોટી સુવર્ણ ખરચીને તેણે વર્ત્તમાન સર્વ આગમોની એક સુવર્ણાક્ષર યુક્ત પ્રતિ લખાવી અને વર્ત્તમાન કાલના સમગ્રગ્રંથોની

એક બીજી પ્રતિ તેણે મષીના અક્ષરોથી લખાવી, વળી તે મંત્રીશ્વરે સૂનેત અને માહુક ગામમાં સારૂ આરના ઘાટમય બે જિનપ્રાસાદ કરાવ્યા. ચોરાશી જિનપ્રાસાદમાં જેટલા દ્રવ્યનો વ્યય થાય તેટલો વ્યય એક સારૂ આરક પ્રાસાદમાં થાય. વળી તે મંત્રીશ્વરે સ્થાને સ્થાને સુવર્ણ કળશ યુક્ત બીજા પણ ઘણા પ્રાસાદો કરાવ્યા તથા અર્હન્મતવાસિત એવા આભુમંત્રીએ ત્રણસો સાઠ શ્રાવકોને લક્ષ્મી સમર્પીને પોતાના સમાન બનાવ્યા. પછી પ્રાંતસમયે તેણે સંસ્તારક વ્રત લીધું અને તેમાં સાત કોટીસુવર્ણનો વ્યય કર્યો પછી સંસ્તારક વ્રત સમ્યક્ પ્રકારે ભોજનના ત્યાગપૂર્વક પાલતાં આભૂસંઘપતિ શુદ્ધ ધ્યાનની શ્રેણિથી સ્વર્ગસ્થ થયો.

એ પ્રમાણે કેટલાક ધાર્મિક પુરૂષો પ્રતિવર્ષે યાત્રાઓ કરે છે અને જેઓ જન્મભરમાં એક યાત્રા પણ કરતા નથી, તે મહા પ્રમાદી સમજવા.

જે આર્હતી યાત્રા ભયંકર ભવ–અટવીના ભયથી ભવ્ય જનોને બચાવે છે તેનું યથાર્થ રીતે વર્ણન જ ન થઈ શકે માટે હે ભાગ્યવંત ભવ્યો ! આ પ્રમાણે સાક્ષાત્ ફળ જાણીને ભવભંજનની ઇચ્છાથી એવી રીતે તીર્થયાત્રા કરવી કે જેથી સંસાર પરિભ્રમણ અળપાઈ જાય (મટી જાય)

॥ श्री गुरूतत्वाधिकारस्तृतीयः ॥

# પ્રથમ ઉપદેશ

તે ગુરૂતત્ત્વમાં શ્રી ગુરૂનું લક્ષણ આ પ્રમાણે છે:—

**"निवर्त्तयत्यन्यजनं प्रमादतः,**
**स्वयं च निष्पापपथे प्रवर्त्तते ।**

**गृणाति तत्त्वं हितमिच्छुरंगिनां,**
**शिवार्थिनां यःस गुरूर्निगद्यते' ॥१॥**

'જે ગુરૂ પોતે નિષ્પાપ માર્ગમાં પ્રવર્તે છે અને અન્ય જનને પ્રમાદથી બચાવે છે, તત્ત્વ પ્રકાશે છે અને મોક્ષાર્થી જનોના હિતને ઇચ્છે છે, તે ગુરૂ કહેવાય છે.' આ કળિકાળમાં શ્રી જિનધર્મ તેમને આધીન હોવાથી વિવેકવંત જનોએ શ્રી ગુરૂના ગુણોત્કીર્ત્તન સહિત વિધિપૂર્વક અને વિનય, ભક્તિ તથા બહુમાનાદિકથી સમ્યક્‌પ્રકારે તેમનું આરાધન કરવું. કહ્યું છે કે:—

**'कइआवि जिणवरिंदा, पत्ता आयरा आयरिए' इत्यादि ।**

'કોઈવાર શ્રી જિનવરો પૂર્વે આચાર્યપણાને પ્રાપ્ત થયેલા હોય છે.'

શ્રી ગુરૂગુણના કીર્ત્તનપર પદ્મશેખર રાજાનું ઉદાહરણ જાણવા લાયક છે.

## પદ્મશેખર રાજાની કથા

પૃથ્વીપુર નગરમાં પદ્મશેખર રાજા પોતે અત્યંત ધર્મી હોવાથી બીજાઓને પણ ધર્મમાં પ્રવર્ત્તાવતો હતો અને લોકોની આગળ તે વારંવાર આ પ્રમાણે ગુરૂ ગુણ ગાતો હતોઃ—'જે ક્ષમાવંત, જિતેંદ્રિય, શાન્ત, ઉપશાંત, પ્રશાન્ત-રાગ કે રોષથી પરિત્યક્ત, પરપરિવાદથી વિરક્ત અને અપ્રમત્ત હોય, તે ગુરૂ કહેવાય છે. વળી વંદન કરતાં જેઓ સમુત્સુક (માની) થતા નથી અને હીલણા કરતાં જેઓ જ્વલંત ક્રોધી થતા નથી, પોતાના ચિત્તને દમીનેજ જે ધીર થઈ વિચરે છે અને જેમણે રાગ દ્વેષનો નાશ કર્યો હોય છે, તે મુનિઓ સમજવા. વળી બે પ્રકારે ગુરૂ કહેલ છે. તપયુક્ત અને જ્ઞાનોપયુક્ત. તેમાં તપોયુક્ત તે વડના પાંદડા સમાન હોય છે, એટલે તેઓ માત્ર પોતાના આત્માને જ તારે છે અને જ્ઞાનોપયુક્ત તે યાનપાત્ર (વહાણ) સમાન હોય છે, તેથી તેઓ પોતાને અને પરને પણ તારે છે.'

આ પ્રમાણે ગુરૂ ગુણના વર્ણનથી તે રાજાએ ઘણા લોકોને ધર્મમાં સ્થાપન કર્યા, પરંતુ નાસ્તિક મતને અનુસરનારો એક **વિજય** નામનો વણિક એમ બોલતો કેઃ—'ઇંદ્રિયોનો નિરોધ કરવો દુશકય છે, તે પોતપોતાના માર્ગ (વિષય) માં સદા પ્રવૃત્ત જ રહે છે. અને તપ એ માત્ર પોતાના શરીરને શુષ્ક બનાવી દેવાનો રસ્તો છે. કારણ કે સ્વર્ગ અને મોક્ષ કોણે જોયા છે ? કહ્યું છે કેઃ—

'આ કામભોગ તો હસ્તગત છે અને ઉત્તર કાલના તો તે અનાગત છે. વળી પરલોક કોણ જાણે છે, કે તે છે વા નથી; માટે તે કશું (કામનું) નથી.'

આ પ્રમાણે પોતાની પ્રપંચજાળથી તેણે પણ ઘણા લોકોને છેતર્યા હતા. એ રીતે તે નગરમાં સાક્ષાત્ જાણે સુગતિ અને દુર્ગતિના માર્ગ હોય એવા તે બન્ને પુણ્ય અને પાપોપદેશમાં કુશળ થયા.

એકદા રાજાએ તેનું સ્વરૂપ જાણીને ગુપ્ત રીતે પોતાના માણસ પાસે તેના ઘરમાં એક લક્ષ મૂલ્યનો હાર તેના આભરણના કરંડીયામાં નખાવીને નગરમાં પટહ દેવરાવ્યો કે—'રાજાના ગુમ થયેલા હારને જે અત્યારે કહેશે, તે બિન ગુન્હેગાર ગણાશે, પણ પછીથી જેના ઘરમાં તે મળી આવશે તે શિક્ષાપાત્ર થશે. એમ કરતાં જ્યારે કોઈએ માન્યું નહિ એટલે રાજાએ સર્વ ઘરના શોધનપૂર્વક તેના ઘરનું પણ શોધન કરાવ્યું અને ત્યાં હાર મળી આવ્યો, એટલે રાજપુરૂષો તે શ્રેષ્ઠીને પકડીને રાજા પાસે લાવ્યા અને રાજાએ તે બિચારાને વધનો આદેશ કર્યો. પણ તેને કોઈ છોડાવવા આવ્યું નહિ. સ્વજનાદિ લોકોએ રાજાને વિજ્ઞપ્તિ કરી એટલે રાજાએ કહ્યું કે:—'જો મારી પાસેથી તેલનું પૂર્ણપાત્ર લઈ તેમાંથી એક બિંદુ પણ નીચે ન પાડતાં એ સમસ્ત નગરમાં ભમે અને પછી તે તૈલપાત્ર સહીસલામત મારી આગળ મુકે. જો એમ કરે તોજ એનો છુટકારો થાય તેમ છે, અન્યથા નહિ,' એટલે મરણના ભયથા તેણે તે વાત પણ કબુલ રાખી. પછી પદ્મશેખર રાજાએ સમસ્ત નગરમાં પટુપટહ, વેણું, વીણા વિગેરે ઉદ્દામ શબ્દયુક્ત સરસ વાજીંત્રો, તથા અત્યંત લલિતરૂપ લાવણ્ય અને સુવેષસહિત વેશ્યાઓના વિલાસ યુક્ત અને સર્વ ઇંદ્રિયોને સુખ ઉપજાવે તેવા સેંકડો નાટકો પગલે પગલે રચાવી દીધા. હવે તે શ્રેષ્ઠિ તેમાં વિશેષ રસિક હોવા છતાં તેજ તૈલભાજનમાં દૃષ્ટિ સ્થાપી, બંને બાજુએ

ગોઠવેલા ખુલ્લા ખડગને હાથમાં લઇ વિવિધ ભય પમાડતા સુભટોથી ભય પામતો તે સમગ્ર નગરમાં ભમીને પુનઃ રાજા પાસે આવ્યો. એટલે રાજાએ કિંચિત્ હસીને કહ્યું કેઃ—'હે ભદ્ર ! અત્યંત ચપલ મન અને ઇંદ્રિયોનો તું શી રીતે નિરોધ કરી શક્યો ?' તેણે કહ્યું કેઃ—'હે સ્વામિન્ ! મરણના ભયથી, રાજા બોલ્યો કેઃ—'જો એક ભવને માટે પણ તેં અપ્રમાદ સેવ્યો, તો અનંત સંસારના મરણથી ભય પામતા એવા સાધુઓ વિગેરે કેમ પ્રમાદ સેવે ? માટે હે શ્રેષ્ઠિરાજ ! હિતવચન સાંભળઃ—'આ લોક જે વિસ્તૃત વિકથાઓ કરે છે, દુષ્ઠ વિષયોમાં ગર્વિષ્ટ થાય છે, સુપ્રમત્ત ( મદમસ્ત ) ની જેમ જે ચેષ્ટા કરે છે, ગુણ દોષના ભેદને જાણતા નથી, પોતાના હિતોપદેશકપર પણ જે કોપ કરે છે અને જે નરકાદિક કુયોનિમાં જાય છે, તે દુષ્ટ એવા પ્રમાદરૂપ કુરિપુનું જ ચેષ્ટિત છે માટે પ્રમાદ ન કર, જિનેશ્વરની ભક્તિ કર, ગુરૂની સેવા કર, ષડાવશ્યક વિધિનું પાલન કર અને સંસાર કૂપમાં ન પડ.' ઇત્યાદિ તેની શિખામણથી પ્રતિબોધ પામીને તે સત્ય શ્રાવક થયો. અને પદ્મશેખરરાજા પણ અનુક્રમે ગુરૂગુણના વર્ણનમાં તત્પર રહી અને બહુ લોકોને પુણ્યનો લાભ આપી તે સદ્ગતિને પામ્યો.

આ પ્રમાણે કુગ્રહ કુમતને અત્યંત નિગ્રહ કરવામાં એક મંત્રરૂપ એવા શ્રી પદ્મશેખર રાજાના સુચરિત્રને સાંભળીને હે ભવ્ય જનો ! સજ્ઞાન, દર્શન અને ચારિત્ર ધારી એવા ગુરૂમહારાજના અતુલ ગુણોનું પરિકીર્ત્તન કરો.

# બીજો ઉપદેશ

જે પ્રાણી વિનયથી ભાવિત થઈને શ્રી ગુરૂના ચરણને વંદન કરે છે, તેને ઉચ્ચ પદ દુર્લભ નથી. આ સંબંધમાં શ્રી કૃષ્ણનું દૃષ્ટાંત સમજવા યોગ્ય છે.

## શ્રીકૃષ્ણની કથા

દેવનગરી–અલકાપુરી સુરપુરી સમાન દ્વારાવતી (દ્વારિકા) નામે નગરી છે. સમુદ્રને દૂર કરીને કુબેરે જે નગરીની રચના કરી હતી. ત્યાં કંસ, કૈટભ, ચાણુર, જરાસંઘ વિગેરે વૈરીઓનો જીતનાર એવો અંતિમ વાસુદેવ સામ્રાજ્ય સંપત્તિને ભોગવતો હતો. વળી જેનામાં ક્ષાયિક સમ્યકત્વ, પરદોષ–અકથન અને અપયુદ્ધનો નિષેધ–એ મુખ્ય લોકોત્તર ગુણો હતા. તેમજ જે કોઈ પુત્ર દિક્ષા લેવાને તૈયાર થતો, તેને તે અટકાવતો ન હતો અને કન્યાના વિવાહમાં તેનો એવો નિર્ણય હતો કે—જ્યારે પુત્રી વિવાહ યોગ્ય થાય, ત્યારે તેની માતા તેને વિભૂષિત કરીને રાજ સભામાં મોકલતી, એટલે કૃષ્ણ પણ તેને પૂછતો કે—

'હે વત્સે! તારે રાણી થવું છે કે દાસી થવું છે? તે કહે.' જો તે કહે. કે 'મારે રાણી થવું છે,' તો તેને તે દિક્ષા અપાવતો હતો, અને તે વખતે અતુલ મહોત્સવો પોતે કરતો તથા બીજાઓ પાસે કરાવતો હતો. કારણ કે શ્રામણ્ય તત્ત્વથી શક્રના રાજ્ય કરતાં પણ અધિક કીમતી છે. વળી જો તે કહે કે—'મારે દાસી થવું છે;' તો તેને તેની માતાને ત્યાંજ તે મોકલતો અને તેજ તેના વિવાહાદિક કરતી હતી.

એકદા તેની માતાએ શીખવેલ કોઈ કન્યા બોલી કે:— ‘મારે દાસી થવું છે.’ એટલે હરિએ મનમાં વિચાર્યું કે:— ‘ખરેખર ! આ મુગ્ધાને કોઈએ શીખવી છે. તેથી આમ કહે છે. માટે હવે એની એવી ગોઠવણ કરૂં, કે બીજી કોઈ એમ ન બોલે.’

હવે તેનો શાલાપતિ વીર (વીરો) નામે એક સુસેવક હતો. તેના હાસ્યકર વૃત્તાંતને હરિ બાલ્યાવસ્થાથીજ જાણતો હતો. તે કન્યા તેને આપવાની ઇચ્છાથી કૃષ્ણ તેના હલકા ચરિત્રને પણ સ્તુતિ રૂપથી ઉચ્ચ કહીને સભાસદોની સમક્ષ બોલ્યો કે:—‘હે સભ્ય જનો ! આ વીર ખરેખર એક અતિ બહાદુર નર છે. એના પરાક્રમોની પ્રૌઢતા હું કહું છું, તે સાંભળો—‘કલભીપુરમાં વસતી ઘોષવતી સેનાને જેણે પોતાના વામ હસ્તથી અટકાવી રાખી, તે આ વીર ક્ષત્રિય છે. બદરી વનમાં વસતા રક્ત ફળી નાગને જેણે એક ઢેંફા માત્રથી જમીન દોસ્ત કરી નાખ્યો, તે આ વીર ક્ષત્રિય છે. ચક્રવર્ત્તીની ક્ષતિથી કલુષોદકને વહન કરતી ગંગાને જેણે પોતાના વામ પગથી અટકાવી રાખી, તે આ વીર ક્ષત્રિય છે.’ માટે આ પરાક્રમી અને શ્રેષ્ઠ હોવાથી કન્યાને ઉચિત વર છે. એવો બીજો કોઈ વર મારા જોવામાં પણ આવતો નથી, કે જે મારા મનને પસંદ પડે.’ પછી આજ્ઞાશૂર એવા તેના એ વચનનો અતિક્રમ કરવામાં ભીરૂ એવા તે સભાસદોએ ‘હે વિભો ! એ બધું યથાર્થ છે.’ એમ કહીને તે માની લીધું. પછી બીજાઓને પસંદ નહિ હોવા છતાં વાસુદેવે તેમનો પરસ્પર પાણિગ્રહ (વિવાહ) કરી દીધો. કારણ કે તેવા સમર્થ પુરૂષોને શું અસાધ્ય હોય ?

પછી તે રમણીય અલંકાર ધારણ કરીને તેના ઘરે ગઈ અને જાણે સાક્ષાત્ વસુધા પર આવેલ દેવી હોય તેવી રમણીય તે રમણી ત્યાં પલંગ પર બેઠી. તેના ગૃહકૃત્ય યા વિનય સાચવવાની પણ તેણે દરકાર કરી નહિ, પરંતુ ઉલટો તેજ તેની આજ્ઞાને વશંવદ (આધીન) થયો અને વાસુદેવ થકી શંકા પામતો તે તેને દેવીની જેમ માનવા લાગ્યો. કારણ કે વાસુદેવના અંતરના આકૂત (આશય–અભિપ્રાય) ને તે સમજી શકયો ન હતો. એકદા કૃષ્ણે તેને કહ્યું કે:—'હે ભદ્ર! તારી સ્ત્રી ઘરનું કામ બધું કરે છે કે નહિ! એટલે વિનીત એવો તે બોલ્યો કે:—'હે દેવ! તમારી સૌંદર્યવતી સુતાને હું દેવીની જેમ આરાધું છું.' આથી બધા સભ્ય જનો હસવા લાગ્યા પછી વાસુદેવે તેને કહ્યું કે:—'તેની પાસે તારે સમસ્ત ગૃહકૃત્યો કરાવવાં તેમાં તારે મારી કે તેની લેશ પણ શંકા રાખવી નહિ.' પછી ઘેર આવીને તે અત્યંત તેની તર્જના કરવા લાગ્યો કે:—'હે દુષ્ટે! બેસી શા માટે રહી છે? ઉઠ અને પાજની (વાસીદું) કર. ઘરની ચીજો બધી વ્યવસ્થિત રીતે રાખ અને ઘરનું આંગણું સાફ કર. આમ કામ વિના મારે ઘેર કેટલા કાલ સુધી લાડ લડીશ' આ પ્રમાણે તેનાથી આક્રોશ પામેલી તે રૂષ્ટ થઈને પિતાને ઘરે ચાલી ગઈ અને ત્યાં માતાની આગળ પતિકૃત પોતાનું દુઃખ ગદ્ગદ વાણીથી તેણે નિવેદન કર્યું. એટલે કૃષ્ણે કહ્યું કે–'હે મૂર્ખે! મેં તો તારા કહ્યા પ્રમાણે કર્યું છે.' પછી તે બોલી કે–'તો મારે રાણી થવું છે. માટે મારા પર પ્રસાદ કરો.' એટલે હરિએ હસીને કહ્યું કે:–'હવે જો તારો પતિ કહે, તોજ તું રાણી થઈ શકે.' પછી તે સુતાએ તેમ કર્યું, અને પોતાના ભર્તારની અનુમતિ મેળવીને શ્રીનેમિનાથ ભગવાન્ પાસે સમહોત્સવ દીક્ષા લીધી તથા દુઃખ સમૂહનો છેદ કરીને તે સુખી થઈ.

હવે તે વખતે ભગવંતના પરિવારમાં ત્યાં અઢાર હજાર સાધુઓ હતા. એવામાં શ્રીકૃષ્ણે પ્રભુને કહ્યું. કે-' હે ભગવન્ ! જો આપની આજ્ઞા હોય, તો સર્વ સાધુઓને વાંદણા દેવાની મારી ઇચ્છા છે.' એટલે પ્રભુએ તેને લાભ જાણીને અનુજ્ઞા આપી. પછી સોળ હજાર રાજાઓથી પરવરીને ઋષિઓને તેણે વાંદણા આપ્યા. તે વખતે અત્યંત વધતા જતા હર્ષથી પૂરિત અને ભક્તિથી ભાસુર એવો કૃષ્ણ શત્રુના ઉચ્છેદને માટે તૈયાર થયેલા સુભટની જેમ ભાસવા લાગ્યો. પછી વચમાં શ્રમિત થઈ ગયેલા અન્ય રાજાઓ વાંદણા ન આપી શકયા, પણ પોતાના સ્વામીની ભક્તિને લીધે વીરાએ પ્રાંત સુધી વાંદણા આપ્યાં. એવામાં કૃષ્ણે ભગવંતને પૂછયું કેઃ- 'હે ભગવન્ ! ત્રણસો ત્રેસઠ યુદ્ધ કરતાં મને આટલો શ્રમ લાગ્યો નહોતો, કે જેટલો શ્રમ મને અત્યારે લાગ્યો. માટે હે વિભો ! તેનું મને શું ફળ મળશે ?' ભગવંત બોલ્યા કેઃ-' હે હરે ! તેં ચતુર્થ નરકના ઉપાર્જન કરેલાં કર્મપુદ્ગલો ખપાવ્યા અને તીર્થંકર કર્મ ઉપાર્જન કર્યું. અને આ વીરાને તો તું સંતુષ્ટ થઈને જેટલું આપીશ, તેટલું ફળ મળશે. કારણ કે એણે માત્ર તારી ભક્તિને લીધે વાંદણા આપ્યા છે. પણ ભાવથી આપ્યા નથી.' ઈત્યાદિ ભગવંત પાસે અન્ય પણ કાંઈ પૂછીને અને તેમને નમસ્કાર કરીને કૃષ્ણ તથા અન્ય લોકો અનુક્રમે પોતપોતાના ઘરે ગયા.

આ પ્રમાણે દ્રવ્ય અને ભાવથી કૃતિકર્મ (વાંદણા) ના સંબંધમાં આ દ્દષ્ટાંત કહેવામાં આવ્યું. માટે હે ભવ્ય જનો ! ગુણ-દોષનો વિવેક રાખી ગુરૂ મહારાજના ચરણકમળમાં તે વાંદણા આપો, કે જેથી પરમ પુણ્યની ( ઉચ્ચ પદની ) પ્રાપ્તિ થાય.

# ત્રીજો ઉપદેશ

સમ્યક્ પ્રકારની હૃદયશુદ્ધિથી સેવેલા શ્રીગુરૂ સંતુષ્ટ (પ્રસન્ન) થાય છે. આ સંબંધમાં નાગાર્જુન યોગીનું દૃષ્ટાંત અવબોધનીય (સમજવા યોગ્ય) છે.

## નાગાર્જુન યોગીની કથા

વિદ્યાધર નામના પવિત્ર ગચ્છમાં પ્રખ્યાત એવા શ્રીપાદલિપ્ત નામના આચાર્ય હતા. જેમને બાલ્યવયમાં શ્રીગુરૂએ પ્રસન્ન થઈને એક ગાથાથી પાદલેપનામની આકાશગામિની વિદ્યા આપી હતી. તે ગાથા આ પ્રમાણે હતી:—

પછી તે વિદ્યાના યોગે શત્રુંજય, અષ્ટાપદ, રૈવતાચલ, અર્બુદગિરિ અને સંમેતશિખર–એ પાંચ તીર્થોપરના જિનેશ્વરોને નમસ્કાર કર્યા સિવાય તે આહાર વાપરતા નહિ. સમસ્ત વિગઈનો ત્યાગ કરવાથી અને આરનાલ (અથાણા સાથે) થી માત્ર ઓદન (ભાત) ગ્રહણ કરવાથી તેમને અનેક લબ્ધિઓ ઉત્પન્ન થઈ હતી. એકદા નાગાર્જુન યોગી કપટી શ્રાવક થઈને તે વિદ્યાના આમ્નાયને ગ્રહણ કરવાની ઇચ્છાથી તેમની સેવા કરવા લાગ્યો. તે પ્રતિદિન ગુરૂના ચરણે વાંદણા દેતો અને લબ્ધ લક્ષગુણને લીધે સુંઘવા માત્રથી તે ઔષધોને પણ જાણી લેતો હતો એમ કરતાં અનુક્રમે એકસોસાત ઔષધો જાણી શક્યો. પણ અભ્યાસના અભાવથી (એકસો) આઠમા ઔષધને તે સમજી ન શક્યો. પછી જે તે જળથી તેનું સંમેલન કરી આકાશમાં ઉડવાની ઇચ્છાથી તેનો બંને પગે લેપ કર્યો, અને તેના પ્રભાવથી પતનોત્પતન કરતાં સત્યામ્નાય જાણ્યા વિના માત્ર તેના શરીર પર ક્ષતાવલી (ક્ષત–

પંક્તિ) પડી ગઈ, એટલે ગુરૂમહારાજે પૂછ્યું કેઃ—‘ હે ભદ્ર ! તને આ ક્ષતપંક્તિ શા ? ’ એટલે મૂલથી તેણે પોતાનો યથા-કૃત વૃત્તાંત નિવેદન કર્યો. પછી તેની બુદ્ધિથી રંજિત થયેલા ગુરૂમહારાજે તેને બારવ્રત અંગીકાર કરાવીને સત્ય શ્રાવક બનાવી આમ્નાયપૂર્વક તે ઔષધ બતાવ્યું. અને કહ્યું કેઃ— ‘ભદ્ર ! જો તારે આકાશમાં ઉડવાની ઇચ્છા હોય, તો સાઠ તંદુલના જળથી આ ઔષધોનો તારે લેપ કરવો ’ આ પ્રમાણે સાંભળીને તેમના કહ્યા પ્રમાણે કરતાં તેના સર્વ મનોરથ સિદ્ધ થયા અને પછી જિન મતની પ્રભાવના કરતો તે એક પરમ શ્રાવક થયો. અને એટલા માટે જ સત્ફળના અર્થી એવા વિવેકી જનો દેવ, ગુરૂ, પિતા અને રાજા વિગેરેને આંતરની ભક્તિ પૂર્વક સેવે છે.

પછી એકદા તે યોગીએ બહુ દ્રવ્યો મેળવીને સુવર્ણ સિદ્ધિ કરનાર એવો સહસ્રવેધી રસ સાધ્યો, અને તે એક કાચના કુંપામાં ભરીને સ્વસેવક સાથે પોતાની ભક્તિથી તે રસ ગુરૂ મહારાજનેજ ભેટ મોકલાવ્યો. એટલે મસ્તકને નમાવતા એવા તે સેવકને આચાર્યે કહ્યું કે–‘આ શું પ્રાભૃત છે ? અને તે કોણે મોકલ્યું છે ? તે કહે.’ તે બોલ્યો કેઃ–‘હે પ્રભો ! ત્રણે લોકમાં દુર્લભ એવો આ સુવર્ણ સિદ્ધિકર રસ નાગાર્જુને આપને ભેટ કર્યો છે.’ પછી ગુરૂ બોલ્યા કે–‘અહો ! અમારા તે શિષ્યની કેવી કૃતજ્ઞતા ? કે જેણે આવી રીતે આ નવ્ય નિષ્પન્ન રસ અમને ભેટ કર્યો. પરંતુ બાહ્ય અને આંતર પરિગ્રહનો ત્યાગ કરનારા તથા તૃણ અને સુવર્ણમાં સમાન સ્પૃહાવાળા એવાં અમે એ રસને મનથી પણ ઇચ્છતા નથી.’ ‘ આ અનર્થના હેતુભૂત રસનું શું પ્રયોજન છે ?’ એમ મનમાં વિચારીને તેમણે કહ્યું કેઃ–‘ અથવા તો એ મુગ્ધ અમારા આચારને જ જાણતો નથી.’ પછી રાખની સ્થંડિલભૂમિ આગળ

લેવરાવીને તેમણે તે રસ ત્યાં નાંખી દીધો અને પોતાના પ્રશ્રવણ (મૂત્ર) થી તે કુંપો ભરીને વૃત્તાંત જણાવવા પૂર્વક સૂરિએ તેને સોંપ્યો. એટલે તે સેવક પણ મનમાં કોપ કરતો નાગાર્જુન પાસે આવ્યો, અને તેને તે વૃત્તાંત નિવેદન કર્યો. એટલે તે યોગી રોષથી રક્ત થઈને વિચારવા લાગ્યો કે:– 'અહો ! એમનો અવિવેક ! અહો ! એમની પ્રત્યુપકારિતા ! એ મલીન જનો લોક વ્યવહારથી બહિર્મુખ અને પશુપ્રાય હોય છે તથા સ્વપરના ભેદને પણ જાણતા નથી.' ઈત્યાદિ અંતરમાં અનેક સંકલ્પ કરીને કોઈ શિલાતલપર તેણે અત્યંત જોરથી તે કુંપો ફોડી નાખ્યો. એવામાં તત્કાલ તે શિલા બધી સુવર્ણમય થઈ ગઈ, એટલે કૌતુક અને નિર્વેદપૂર્વક તે યોગી આ પ્રમાણે વિચાર ા લાગ્યો કે:– 'અહો ! ગુરૂમહારાંજનો પ્રભાવ તો કોઈ નવીનજ પ્રકારનો છે; કે જેમના મલમૂત્રમાં પણ સુવર્ણસિદ્ધિ રહેલી છે. અહો ! તપની શક્તિ ! અહો ! ભાગ્યવૈભવ ! કે જેમનું આ શરીર પણ સુવર્ણપુરૂષની જેમ સર્વ સુવર્ણમય છે. વળી હું તો સહસ્ર કલેશ સહન કરી રસસિદ્ધિ કરી શકું છું, અને એમના તો શરીરમાંજ તે સ્વભાવથી રહેલી છે.' આ પ્રમાણે જાણીને તે યોગીએ ત્યાં આવી યુગપ્રધાન એવા તે ગુરૂમહારાજને નમસ્કાર કરીને તેણે પોતાનો અપરાધ ખમાવ્યો. અને પછી નાગાર્જુને કલ્પવૃક્ષસદૃશ એવા તે શ્રીગુરૂની વંદન અને સ્તવનાદિકથી ચિરકાલ પર્યંત આરાધના કરી.

આ પ્રમાણે જે મનુષ્યો કલ્પલતાની જેમ ગુરૂભક્તિને આરાધે છે, તેઓને અલ્પ સમયમાં અખિલ ઇષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

●

# ચોથો ઉપદેશ

સાધર્મિકપર આસ્થા, ગુરૂભક્તિ, તીર્થની ઉન્નતિ અને પરિગ્રહાદિકની નિવૃત્તિ-એ ગુણો પેથડશાહ શ્રાવકમાં હતા, તેવા બીજા કોઈમાં ભાગ્યેજ હશે.

## પેથડશાહ શ્રાવકની કથા

વિદ્યાપુરમાં પેથડશાહ નામનો એક નિર્ધન વણિક હતો તેણે શ્રી ધર્મઘોષસૂરિ પાસે ધર્મ અંગીકાર કર્યો. એકદા તે ગુરૂમહારાજનીજ પાસે પરિગ્રહન. પ્રમાણમાં પોતાના દ્રવ્ય સંબંધી પાંચસો દ્રમ્મોનો તે જેટલામાં નિયમ કરે છે, તેવામાં તેના પ્રબળ ભાગ્ય જાણીને ગુરૂ મહારાજે તેનો નિષેધ કર્યો, અને કહ્યું કે-' હે ભદ્ર ! તારે એવીરીતે નિયમ કરવો. કે જેથી વ્રતભંગ ન થાય ' એટલે તે બોલ્યો કે :-' હે ભગવાન ! મારાં એવાં ભાગ્ય ક્યાંથી ? કે જેથી હું સમૃદ્ધિવાન થાઉં તથાપિ પંચલક્ષ કરતાં અધિકનો હું નિયમ લઉં છું.' ગુરૂ બોલ્યા કે-' હે વત્સ ! તું મોટો શેઠ થઈશ કારણ કે તારૂં ભાગ્ય મોટું છે.' આ પ્રમાણે શ્રવણ કરી ગુરૂમહારાજને નમીને તે સ્વસ્થાને આવ્યો.

હવે એકદા ત્યાં દુર્ભિક્ષ પડતાં પોતાના નિર્વાહનો પણ અસંભવ થતાં પોતાની સ્ત્રી સહિત તેણે માલવ દેશ તરફ પ્રયાણ કર્યું અને અનુક્રમે જેટલામાં તે માંડવગઢ નામના નગરની પ્રતોલી આગળ આવ્યો, તેવામાં સર્પના શિરપર રહેલી દુર્ગા વામ ભાગે થઈને બોલી. એટલે તેવું આશ્ચર્ય જોઈને ભયભીત થઈ તે જેટલામાં વિલંબ કરે છે, તેટલામાં કોઇ શાસ્ત્રજ્ઞ પુરૂષે તેને કહ્યું કે :-' હે વણિક ! તું મુગ્ધ

લાગે છે. હે ભદ્ર ! જો પહેલાં તું ગયો હોત તો અહીં તુંજ રાજા થાત, પણ હવે તો તું તેનો પ્રતિરૂપ ભૂત ( પ્રધાન ) થઈશ.' આ પ્રમાણે તેણે ઉત્સાહિત કરેલ તે નગરમાં જઈને રહ્યો. અને અનુક્રમે સારંગદેવ રાજાનો પ્રધાન થયો. પછી તે મોટો અધિકારી થયો, છતાં પોતાના નિયમોને તે કદાપિ મૂકતો ન હતો. પયઃપુર-પાણીની ભરતી આવતાં પણ સાગર શું પોતાની મર્યાદાને મૂકે છે ? પછી નાગરવેલના પાન સિવાય સર્વ સચિત્તનો તેણે ત્યાગ કર્યો. કારણ કે તે વિના રાજસભામાં તેનું મુખ નિઃશ્રીક ( શોભા રહિત ) લાગે. વળી તે મંત્રીશ્વર પાલખીમાં બેસીને જ્યારે રાજસભામાં જતો, ત્યારે તે ઉપદેશમાલાની એક ગાથા શીખતો હતો કારણે કે રાજ્ય કાર્યમાં વ્યગ્ર હોવાથી તેને બીજો વખત મળી શકતો નહિ. અને તે વખતે વિચાર વિગેરેના અભાવથી તે નિવૃત્ત રહેતો. હતો. એમ કરતાં કેટલાક દિવસોમાં તે ઉપદેશમાલા તેણે સંપૂર્ણ શીખી લીધી. અહો ! તેનો જ્ઞાનોદ્યમ કોને આશ્ચર્ય. કારક ન થાય ? આ પ્રમાણે રાજાથી પ્રતિષ્ઠા પામીને તે મંત્રીશ્વરે શ્રી ધર્મની પણ પ્રતિષ્ઠામાં આ પ્રમાણે વધારો કર્યો:-

એકદા સાત લાખ માણસો અને બાવન જિનાલયો સહિત પેથડશાહ એ તીર્થની યાત્રા કરવા ચાલ્યો. એવામાં તે અને દિગંબર સંઘ-બંને ગિરિનાર તીર્થપર સમકાળે આવ્યા, અને તેમની વચ્ચે તીર્થનો વિવાદ શરૂ થયો. તે વખતે કેટલાક સ્થવિરોએ આવીને કહ્યું કે-' બંનેમાં જે સઘંપતિ ઇંદ્રમાલા પહેરશે તેનું આ તીર્થ થશે.' એટલે પુણ્યશાળી પેથડશાહે તરત ઉઠીને ઇંદ્રમાલા પહેરી અને તીર્થ પોતાનું કર્યું. તે વખતે તેણે એકવીશ ઘડા સુવર્ણનો વ્યય કર્યો. અહો ! ઉચ્ચપદની પ્રાપ્તિને માટે પુરૂષો કેવો પ્રયત્ન કરે છે ? કૃપણ

જનો જાણે ત્યાં જવાને ઇચ્છતા હોય, તેમ દ્રવ્યને પૃથ્વીમાં નીચે નાખે છે અને ઉન્નત પદની ઇચ્છા કરતા સજ્જનો તેને ગુરૂ (મોટા) ચૈત્યાદિકમાં વાપરે છે. એ પ્રમાણે યાત્રામાંઅગ્યાર લાખનો વ્યય કરીને તે મંડપ દુર્ગમાં આવ્યો એટલે રાજાએ તેનું બહુ માન કર્યું પછી શ્રી મંડપદુર્ગમાં રહેલા ત્રણસો જિન ચૈત્યોપર સાક્ષાત પોતાના ઉજ્વલ પ્રતાપતુલ્ય એવા સુવર્ણકુંભો સ્થાપન કર્યા. તથા શત્રુંજયાદિ તિર્થોપર જાણે પોતાના યશઃપિંડ હોય તેવા ચોરાશી જિનપ્રાસાદ કરાવ્યા. વળી બહોંતેર હજાર ટકા ખરચીને જેણે શ્રી ધર્મઘોષસૂરિનો પ્રવેશમહોત્સવ કરાવ્યો તથા જો બે યોજનમાં સાધુનો યોગ હોય તો તેમની પાસે જઈને તે પ્રતિક્રમણ કરતો હતો અને એ રીતે જો ચાર યોજનમાં ગીતાર્થગુરૂનો સંભવ હોય, તો ત્યાં જઇને તે પાક્ષિક પ્રતિક્રમણ કરતો હતો. અહો ! સાધુઓ પર કેવો અનુરાગ ?

એકદા પછવાડે રહીને રચનાને નિવેદન કરનાર એવા પુષ્પ આપનાર જન સહિત તે મંત્રી ગૃહબિંબોની પૂજા કરતો હતો. એવામાં ત્યાં રાજા આવ્યો અને તેની પરીક્ષા કરવાને માટે તે પુષ્પ આપનાર માણસને દૂર કરીને તેના સ્થાને પોતે ગુપ્ત રીતે બેસી ગયો. એવામાં જિનેશ્વરમાં દૃષ્ટિ સ્થાપીને નિશ્ચલ થયેલ એવા મંત્રીએ પુષ્પો લેવા માટે પછવાડે પોતાનો હાથ પ્રસાર્યો. એટલે અન્ય અન્ય પુષ્પ આવવાથી તેણે રાજાને ઓળખ્યો અને તમે અહીં ક્યાંથી ?' એમ સંભ્રાત થઈને જેવામાં તરત ઉઠવા જાય છે તેવામાં રાજાએ કહ્યું કેઃ—'હે મંત્રીશ્વર ! ઉતાવળ ન કર, સ્વસ્થ થા; પછી પૂજા સમાપ્ત કરીને રાજાની સાથે તેણે વાતચીત કરી. ત્યાર પછી 'હે ભદ્ર ! તું ધન્ય છે કે જેની જિનપૂજામાં આવી

દૃઢતા છે.' એ પ્રમાણે તેની સ્તુતિ કરીને રાજા સ્વસ્થાને ગયો અને તેણે ભોજન વિગેરે કર્યું.

એકદા શ્રી સ્તંભન તીર્થમાં શ્રીધર વ્યવહારીએ સમ્યકત્વ અને શીલવ્રતની પ્રતિપત્તિ (સેવા) કરી અને સમ્યકત્વના ઉદ્યાપનમાં તેણે પ્રતિગામે મુક્તિલતાના જાણે સાક્ષાત્ ફળો હોય એવા સુવર્ણના ટકા સહિત મોદક મોકલ્યા, તથા ચોથા વ્રતના ઉદ્યાપનમાં તેવી જ રીતે તેણે પંચવર્ણના રેશમી વસ્ત્રોની સારી પહેરામણી મોકલી. તે વખતે તેણે મંત્રીને માટે પોતાના માણસો દ્વારાએ પહેરામણી મોકલી. તે લઈને ત્યાં આવી તેઓએ મંત્રીને કહ્યું કે:—'હે દેવ! બહાર પધારો અને શ્રીધરે મોકલેલ આ પહેરામણી પહેરો.' એટલે મંત્રીએ પોતાની સ્ત્રીને કહ્યું કે:—'હે દેવી! શું કરશું?' તે તેને અનુકૂળ થઈને બોલી કે:—'હે સ્વામિન્! તેને ધારણ કરો.' પછી પોતે બત્રીશ વર્ષનો છતાં તેણે શ્રી ધર્મઘોષ ગુરૂ પાસે શીલવ્રતનો ઉચ્ચાર કર્યો. તે વખતે તેને એક ઝંઝણ નામે પુત્ર હતો. પછી સોળ હજાર ટકા ખરચી તે મડિ (પહેરામણી)નો પ્રવેશોત્સવ કરાવીને પોતે તેને ધારણ કરી.

આ પ્રમાણે શ્રી મહાવીર શાસનમાં અનેક સુકૃતદ્વારાએ પોતાની લક્ષ્મીનો વ્યય કરી સવિતા (સૂર્ય)ની જેમ તે અસ્ત થયો અને અનુક્રમે શિવપુરમાં પણ જશે. તથા જેણે વિમલાચલપર છપ્પન ઘડા સુવર્ણનો વ્યય કરી ઇંદ્રમાલા ધારણ કરી તથા રાજાઓને માન્ય એવા જેણે કપૂરને માટે દક્ષિણ દેશનો કર જોડી દીધો, એવો તે પેથડશાહનો પુત્ર ઝંઝણશાહ તે કયા સજ્જનોને વર્ણનીય ન હોય? અર્થાત્ સર્વ સંતોને તે પ્રશસ્ય છે.

●

# પાંચમો ઉપદેશ

કેટલાક આચાર્યો આ કળિયુગમાં શ્રી જિનશાસનરૂપ ઘરમાં દીપક સમાન થયા. આ સંબંધમાં મ્લેચ્છપતિને પ્રતિબોધ કરનાર શ્રીજિનપ્રભસૂરિનું ઉદાહરણ જાણવા લાયક છે.

## શ્રી જિનપ્રભસૂરિનું દૃષ્ટાંત

(૧૩૩૨)મા વર્ષે પદ્માવતીથી વરને પામેલા અને રાજાઓને માન્ય એવા શ્રી જિનપ્રભસૂરિ હતા. એકદા તે યોગિનીપુરમાં ચાતુર્માસ રહ્યા, જ્યાં શ્રીપીરોજ બાદશાહ રાજ્ય કરતો હતો. એકદા નગરમાં ઉપદ્રવ કરનારા મ્લેચ્છોને તે આચાર્ય મહારાજે મરડાયેલી ગ્રીવાને સજ્જ કરવાનો ઉપાય બતાવ્યો. એટલે સર્વને આશ્ચર્ય કરનાર તે અવદાતથી (સૂરિ) રાજાથી રંકપર્યંત જગદ્વિખ્યાત થયા. પછી રાજાએ તેમને બોલાવ્યા, એટલે દરરોજ ધર્મોક્તિ પૂર્વક અવસરોચિત વાક્યોથી તેઓ રાજાને પ્રસન્ન કરવા લાગ્યા.

એકદા રાજાએ તેમને વિજય યંત્રનો આમ્નાય પૂછ્યો. એટલે આચાર્યે તેવાઓને અગોચર એવો તે આમ્નાય તેને કહ્યોઃ—'હે દેવ ! આ વિજયયંત્ર જેની પાસે હોય, તેને દિવ્ય અસ્ત્ર પણ લાગે નહિ, તથા ક્રોધથી ધમધમતો શત્રુ પણ તેને બાધા ન કરે !' આ પ્રમાણે પ્રથમ સાંભળીને રાજાએ તે યંત્ર કરાવી પરીક્ષાને માટે એક બકરાના ગળે બાંધ્યો અને પછી તેના પર તલવાર વિગેરે અસ્ત્રોના પ્રહાર છોડયા, પણ જાણે બખ્તરયુક્ત અંગ હોય, તેમ તેના શરીરને તે લાગ્યા નહિ. વળી તે યંત્રને છત્રના દંડમાં બાંધીને તેની નીચે એક ઉંદર રાખીને તે કૌતુકી રાજાએ તેના તરફ બિલાડી

છોડી, એટલે તેને જોતાંજ ઉત્પન્ન થયેલ વૈરભાવથી તે તેના તરફ દોડી, પણ પાસે ઉભેલા માણસોએ પ્રેર્યા છતાં તે તેની છાયામાં આવી ન શકી. આ પ્રમાણે બંને આશ્ચર્ય જોઈને તે યંત્ર બે તામ્રમય કરાવીને તેમાંથી એક તેણે પોતાની પાસે રાખ્યો અને એક ગુરૂ મહારાજને ભેટ કર્યો. કારણ કે સજ્જનો ઉપકારને કદી પણ ભુલી જતા નથી. ત્યારથી તે રાજા સ્થાન, યાન, ગૃહ, ગામ, સભા, વિજન કે વનમાં-ક્યાંય પણ શ્રી ગુરૂને મુકતો નહિ.

એકદા બાદશાહે ગુર્જર દેશમાં જવાની ઈચ્છાથી ગામની બહાર એક વટવૃક્ષની નીચે પ્રસ્થાન કર્યું. ત્યાં શીતલ, નિબિડ છાયાવાળા વિશાળ અને મનગમતા એવા તે વૃક્ષને પુનઃ પુનઃ નિહાળતાં તે બાદશાહે ગુરૂને પૂછયું કેઃ—'હે વિભો! આ વટવૃક્ષ બહુ સુંદર છે; એટલે તેના મનોભાવને જાણનારા એવા આચાર્ય બોલ્યા કેઃ—'જો તમારી ઇચ્છા હોય, તો એ સાથે ચાલે. પછી રાજાએ પોતાની ઈચ્છા જણાવી અને પ્રયાણ કર્યું, એટલે સૂરિના પ્રભાવથી તે વટવૃક્ષ પણ સેવકની જેમ ચાલવા લાગ્યું. તે વટવૃક્ષને ચાલતું જોઇને લોકો પોતાના લોચનને વિકસ્વર વિકસ્વર કરીને સૂરીંદ્ર તથા રાજાની પગલે પગલે પ્રશંસા કરવા લાગ્યા. હવે કેટલોકમાર્ગ ઓળંગ્યા પછી રાજાએ ગુરૂને કહ્યું કેઃ—'આ વટવૃક્ષને હવે વિસર્જન કરો કારણ કે એને બહુ ફેરો થયો.' એટલે સૂરિએ વટને કહ્યું કેઃ—'હે વટ! રાજાને નમસ્કાર કરીને સ્વસ્થાનકે ચાલ્યો જા.' આથી તેણે પણ સુશિષ્યની જેમ તેજ પ્રમાણે કર્યું. પછી રાજા મારવાડમાં આવ્યો, એટલે ત્યાંના નગર જનો દરેક સ્થળે હાથમાં ભેટણા લઈને આવવા લાગ્યા. એવામાં તે લોકોને સામાન્ય વેષધારી જોઈને રાજાએ ગુરૂને પૂછયુંઃ— 'આ લોકો લુંટાયેલાની જેમ આવા કેમ દેખાય છે?' ગુરૂ બોલ્યા કેઃ—'હે રાજન! દેશાચારથી અથવા તો બહુ દ્રવ્યના

અભાવથી અહીંના લોકો પ્રાયઃ આવા હશે. બીજું કંઈ કારણ તો જણાતું નથી.' એમ કહીને ગુરૂએ તે પ્રતિ પુરૂષને પાંચ પાંચ દિવ્ય વસ્ત્રો અપાવ્યાં અને પ્રત્યેક સ્ત્રીને સુવર્ણના બે ટકા સહિત સાડી અપાવી.

આ પ્રમાણે મેઘની જેમ લોકોની આશાને પૂરણ કરતાં તે અનુક્રમે પત્તનની પાસે જંઘરાલ મહાપુરમાં આવ્યા. ત્યાં પ્રથમથી જ તપાગચ્છના શ્રી સોમપ્રભસૂરિ હતા. તેમને મળવાને તેઓ નગરમાં ગયા. ત્યાં અભ્યુત્થાન અને આસન પ્રદાન વિગેરેથી તેઓએ તેમનો બહુ સત્કાર કર્યો. એટલે તેમણે કહ્યું કેઃ—'હે ગુરો ! તમે આરાધવા લાયક છો કે જેમની આવા પ્રકારની ક્રિયા છે. એટલે સોમપ્રભસૂરિ બોલ્યા કેઃ—'હે પ્રભો ! અમારી શું પ્રશંસા કરો છો ? ધન્ય તો તમે છો, કે જેના આધારે જિનશાસન જયવંત વર્તે છે. આ પ્રમાણે પ્રીતિપરાયણ થઈને જેટલામાં તે પરસ્પર વાતચીત કરે છે, તેવામાં તે શાળાની અંદર જે કૌતુક થયું તે સાંભળો—એક સાધુની સિક્કિકાનો કોઈ ઉંદરે વિનાશ કર્યો. એટલે તે મુનિએ ગુરૂની પાસે આવીને પોકાર કર્યો. તે વખતે શ્રી જિનપ્રભસૂરિએ શાળામાં રહેલા બધા ઉંદરોને બોલાવ્યા, એટલે તે હાજર થયા, અને મુખ ઉંચે કરી તથા હાથ જોડીને ભયભીત એવા તે શિક્ષાપાત્રની જેમ વિનીત થઇને ગુરૂની આગળ ઉભા રહ્યા. એટલે આચાર્ય બોલ્યા કેઃ—'હે મૂષકો ! સાંભળો, તમારામાં જે અપરાધી હોય, તે રહે અને બીજા બધા ચાલ્યા જાઓ તથા સ્વેચ્છાએ ફરો ! આ પ્રમાણે તેમનું વચન સાંભળીને બધા ઉંદરો ઉતાવળે પગલે કુદકા મારીને ચાલ્યા ગયા અને માત્ર એકજ ચોરની જેમ આગળ ઉભો રહ્યો. એટલે તેને પણ આચાર્યે કહ્યું કે

'તું ભય ન પામ. ધીરજ ધર, કારણકે અમે સાધુઓ કોઈને પણ દુઃખ દેતા નથી.' એમ કહીને તેને શાળા થકી બહાર કહડાવ્યો. ઇત્યાદિક કૌતુકોથી તેમણે સાધુઓને ચિરકાલ પ્રસન્ન કર્યા.

પછી સૂરિના ઉપદેશથી સૈન્ય અને સંઘસહિત બાદશાહ શત્રુંજયપર ગયો. ત્યાં પ્રથમ રાજાએ સંઘપતિના કર્તવ્ય બજાવ્યા, અને તે વખતે સૂરિએ તેને માટે રાયણને દૂધથી વરસાવી એ પ્રમાણે રૈવતાચલપર પણ ગુરૂની સાથે મહોત્સવ પૂર્વક યાત્રા કરીને બાદશાહ યોગિનીપુરમાં આવ્યો.

એકદા સભામાં બેસીને બાદશાહ શ્રી સૂરિની સાથે ઈષ્ટાર્થ સાધક કાંઈ પ્રીતિગોષ્ઠી કરતો હતો. એવામાં તેનો કોઈ ગુરૂ ત્યાં આવ્યો અને પોતાની વિદ્યાથી તેણે મસ્તકપર રહેલી ટોપીને આકાશમાં અધર રાખી. એટલે ગુરૂએ લાકડીની જેમ રજોહરણથી તેને હણીને જમીનપર પાડી દીધી, આથી તે બિચારો ત્યાંજ બેસી રહ્યો. પછી આચાર્ય બોલ્યા કેઃ—'જો તારામાં કોઈ એવી શક્તિ હોય તો આને જમીનપર પાડ, અને નહિ તો મૌનજ પકડી લે.' એટલે ચિરકાલ સુધી પણ તેને નીચે પાડવાને તે સમર્થ ન થયો. પછી સૂરિએ પોતે તે લઈ લીધું. એટલે તે લજ્જિત થઈ લોકોમાં હાંસીપાત્ર થયો. પછી બીજે દિવસે પણ તેણે પાણીથી પૂરેલો એક ઘડો ગગનમાં અધર રાખ્યો અને અતુલ ગર્વ કરવા લાગ્યો. એટલે આચાર્યે તેજ રજોહરણથી ઘડાનો આઘાત કરી તેને ખંડશઃ કરી નાખ્યો. પરંતુ તેમાં રહેલા જળને તેમણે ત્યાંજ સ્તંભી દીધું. આ ચમત્કાર જોઈને કોણ વિસ્મય ન પામ્યા ? પછી એક ગુરૂ સિવાય સર્વે પોતપોતાના સ્થાને ગયા. ઈત્યાદિક નાના

પ્રકારની પ્રવર પ્રભાવનાઓથી જેમણે બાદશાહને પણ પ્રતિબોધ પમાડયો, તથા જેમણે બહુ ઉપકારક એવા સાતસો ગ્રંથો રચ્યા.

અશેષ તામસ ( અજ્ઞાન ) ને દૂર કરનાર તથા શાસનના પ્રભાવક એવા શ્રીજિનપ્રભસૂરિ શ્રી સંઘનું કલ્યાણ કરો.

●

## ॥ चतुर्थः श्रीधर्मतत्त्वाधिकारः ॥

# પ્રથમ ઉપદેશ

તે ધર્મ સામાન્ય અને વિશેષ–એવા ભેદથી બે પ્રકારે છે. તેમાં પ્રથમ સામાન્ય ધર્માધિકારના ઉદાહરણો આ પ્રમાણે છે :—

હે શ્રાવકો ! પ્રાતઃકાળે શય્યાનો ત્યાગ કરીને શ્રી પરમેષ્ઠીમંત્રનું સ્મરણ કરો, કે જેથી પૂર્વે શ્રીદેવની જેમ સર્વ ઇષ્ટ યોગ તમને પ્રાપ્ત થાય.

### શ્રી દેવની કથા

કાંપિલ્ય નામના નગરમાં શ્રીહર્ષ નામે રાજા હતો. તેને સાક્ષાત્ કુબેર જેવો **શ્રીદેવ** નામે પુત્ર હતો. એકદા સર્વ રાજાઓને જીતવાની ઇચ્છાથી શ્રીહર્ષ રાજા પોતાનાં સૈન્ય સમૂહથી અચલા ( વસુધા ) ને પણ ચલાયમાન કરતો તે દિગ્યાત્રાને માટે ચાલ્યો. પરંતુ કામરૂપનગરનો સ્વામી રાજા

દુર્જય હોવાથી તે બંનેની વચ્ચે ચિરકાલપર્યંત યુદ્ધ ચાલ્યું. પણ કોઈનો જય કે પરાજય થયો નહિ. એટલે દેવોએ શ્રીહર્ષને યુદ્ધથી અટકાવ્યો, તેથી તે પોતાના નગરમાં જઈ પુત્રને રાજ્યપર બેસારી પોતે પ્રવ્રજ્યા અંગીકાર કરી. પછી શ્રીદેવ પણ પિતાના વૈરને સંભારી મંત્રીઓએ અટકાવ્યા છતાં હઠ કરીને તે રાજાને જીતવા ચાલ્યો. ત્યાં ચિરકાલ યુદ્ધ કરતાં પણ જય ન થતાં સૈન્યમાં ભંગાણ થયું, એટલે તે એકલો ભાગીને કોઈ મહા અટવીમાં પહોંચ્યો, કારણ કે તે વખતે તેનામાં માત્ર સ્વલ્પ બળ રહ્યું હતું. હવે ત્યાં તૃષાકુલ એવા તેને એક ભીલે પાણી પાયું. પછી ત્યાં વનમાં ભમતાં તેણે એક મહામુનિને જોયા. એટલે તે મહમુનિએ પણ તેની આગળ ધર્મનો ઉપદેશ કર્યો, અને વિશેષથી નમસ્કાર મહામંત્રના પદો કહી બતાવ્યા. કહ્યું છે કે :—

"जो गुणइ लरकमेगं पूएइ विहीइ जिणनमुक्कारं ।
सो तइअभवे सिज्जइ, अहवा सत्तट्ठमंजम्मे" ॥१॥

જે ભવિક પૂર્ણ વિધિથી એક લાખવાર નમસ્કારમંત્રની ગુણના કરે, તે ત્રીજે ભવે સિદ્ધ થાય, અથવા તો સાતમે કે આઠમે ભવે તે સિદ્ધ થાય.' આ નમસ્કાર મંત્રનો જો એકાગ્રતાથી લાખવાર સર્વોત્તમ જાપ થાય,' તો તીર્થંકરપદની પ્રાપ્તિ થાય અને મધ્યમ જાપ થાય, તો ચક્રવર્તી પ્રમુખ સમ્રાટ પદની પ્રાપ્તિ થાય. અને સામાન્ય જાપ કરતાં પણ પ્રાણીઓને સામ્રાજ્ય-લક્ષ્મી પ્રાપ્ત થાય છે. માટે હે ભદ્ર! તે મંત્રનો તું પણ શઠતા રહિત થઈને જાપ કર; આટલું કહીને પુનઃ તે મુનિ શ્રીદેવને કહેવા લાગ્યા કેઃ—'હે ભદ્ર! આ સામે પ્રાસાદ જુએ છે! તે નમસ્કાર મંત્રનું ફળ છેઃ—

## હેમપ્રભદેવની કથા.

'પ્રથમ દેવલોકમાં હેમપ્રભ નામે દેવ હતો. તેણે એકદા કોઈ કેવલી મુનિને પૂછ્યું કે:—'હે ભગવન્! મને બોધિલાભ થશે કે નહિ ? અને હવે કઈ યોનિમાં મારો જન્મ થશે. આ બધું મને જણાવો ! એટલે કેવલી ભગવંત બોલ્યા કે:— 'હે દેવ ! અહીંથી ચવીને તું આજ વનમાં વાનર થઈશ અને તને કષ્ટથી ધર્મપ્રાપ્તિ થશે. આ પ્રમાણે સાંભળીને તે દેવે પોતાના માત્ર પ્રબોધને માટે પ્રત્યેક પ્રસ્તરમાં (શિલાઓપર) નમસ્કાર પદની આવલી—પંક્તિ કોતરી રાખી. એમ કરી તે દેવ ચવીને વાનર થયો અને તે પદને જોઈને તેને પોતાના દેવભવનું સ્મરણ થયું. એટલે ત્યાં અનશન લઈ મનમાં તે મંત્રનું સ્મરણ કરતાં તેજ વિમાનમાં તે પૂર્વ નામધારી દેવે થયો. પછી તે દેવ પોતાના આગામિ બોધને માટે પણ મનમાં પ્રસન્ન થઈને અહીં શ્રી શાંતિનાથનું આ ઉન્નત ચૈત્ય કરાવ્યું છે.'

આ પ્રમાણે સાંભળીને શ્રીદેવે પણ તે મુનિની પાસે વારંવાર સમ્યક્ પાઠ કરીને નમસ્કારને પોતાના નામની જેમ અસ્ખલિત કર્યો. અને પછી તેજ ચૈત્યમાં શ્રી શાંતિનાથ ભગવંતની પાસે વિધિપૂર્વક તેણે શ્રી નમસ્કાર મંત્રનો લાખવાર જાપ કર્યો અને તે જાપની સમાપ્તિ થતાં હેમપ્રભદેવ સંતુષ્ટ થયો. તેથી તે પુણ્યવંતને તેણે અમોઘવિજયા નામની શક્તિ આપી, તથા કાંપિલ્ય નગરમાં લઈ જઈને દેવે તેને પોતાના રાજ્યપર સ્થાપન કર્યો અને તેથી સમસ્ત રાજમંડળમાં તે અગ્ર પદને પામ્યો. વળી કામરૂપ નગરનો રાજા પણ તેનો દાસ થઈ રહ્યો. અહો ! શ્રી નમસ્કાર મંત્રનો મહિમા ખરેખર ! કોઈ અનુત્તરજ છે. કહ્યું છે કે :—

'અહો ! જગતમાં પંચ નમસ્કારની કોઈ અજબ ઉદારતા છે, કે જે પોતે આઠ સંપાદને ધારણ કરે છે અને સજ્જનોને તે અનંત સંપદા આપે છે.'

પછી શ્રી નમસ્કાર મંત્રની ગુણના કરવામાં તત્પર એવો તે રાજા મરણ પામીને માહેંદ્ર દેવલોકમાં દેવ થયો.

આ પ્રમાણે નમસ્કારના સ્મરણથી થતા ફળને સાંભળીને હે ભવ્ય જનો ! તેનેજ અંતરમાં ધારણ કરો અને પરમેષ્ઠિપદ કમળને પ્રેમથી નમસ્કાર કરો.

●

## બીજો ઉપદેશ

કષ એટલે સંસાર અને જીવહિંસા કરતાં જેનાથી તેનો લાભ-વૃદ્ધિ થાય-એવી યુક્તિથી કષાય શબ્દ નિષ્પન્ન થાય છે. તો ભુજંગની જેમ વૃદ્ધિ પમાડેલા એ કષાયો પ્રાણીઓને કુશળ નિમિત્તે ક્યાંથી થાય ? તે કષાય સકારણ કે નિષ્કારણ કરવામાં આવે, તો પણ તેથી સંસારની વૃદ્ધિજ થાય છે. જેમ દ્વિરૂક્તિથી ઉદ્વેગ પામેલા કુંભકારે વૃથા અનર્થ સંતતિને વધારી હતી.

### કુંભકારની કથા.

એક ગામમાં તસ્કરો વસતા હતા અને તે સર્વે ખેડૂતો છતાં પ્રાય. પરદ્રવ્યના હરણનુંજ કામ કરતાં હતા. તેઓમાં પ્રથમ એક કોઈ જેમ બોલે, તેની પાછળ બીજાઓ તેજ પ્રમાણે બોલનારા હતા. તેથી તે તસ્કરો દ્વિરૂક્તિક એવા નામથી બધા પ્રસિદ્ધ થયા.

એકદા તે ગામમાં લાભની વાંછાથી કોઈક કુંભકાર ભાંડથી શકટ ભરીને ત્યાં વેચવાને આવ્યો. એવામાં બે બળદથી ચલાવવામાં આવતી તે ગાડીને જોઈને તેમાંથી એક બળદનું હરણ કરવાની ઈચ્છાથી સભા ભરીને બેઠેલા એવા તે તસ્કરો કહેવા લાગ્યા કે:- 'હે ગ્રામવાસી માણસો ! આ આશ્ચર્ય તો જુઓ કે ભાંડથી ભરેલી ગાડીને પણ એક બળદ ખેંચી જાય છે.' એટલે તે સર્વ આ પ્રમાણેજ વાક્ય બોલવા લાગ્યા. તે સાંભળીને કુંભકારે પણ મનમાં વિચાર કર્યો કે:- એ તસ્કરો આ એક બળદનું હરણ કરી જશે કે જેથી એ દુષ્ટોએ વિદ્યમાન બળદ છતાં, તેને અછતો કર્યો.' આ પ્રમાણે વિચાર કરતાં તે ગામમાં જઈને વ્યગ્ર ચિત્તથી જેવામાં ભાંડનો વિક્રય કર્યો, તેવામાં તેઓ બળદનું હરણ કરી ગયા. પછી સ્વસ્થ મનથી પાછા જવાને માટે જેવામાં ગાડી જોડવા લાગ્યો, તેવામાં ત્યાં એક બળદ ન જોવાથી તેણે પોકાર કર્યો. એટલે 'શું થયું શું થયું ?' એમ બધા ગ્રામ્યજનો કહેવા લાગ્યા. ત્યારે કુંભકારે કહ્યું કે:- 'મારા શ્રેષ્ઠ બળદનું કોઈ હરણ કરી ગયું.' પછી તેઓ કહેવા લાગ્યા કે:-' હે કુલાલ ! તું બિલકુલ મૃષા ન બોલ. કારણકે બધાએ એક બળદથીજ આવતી તારી ગાડીને જોઈ હતી.' છતાં જો બે બળદ હોય તો કોઈ સાક્ષી બતાવ આ પ્રમાણે સાંભળીને તે કુંભકાર જેને જેને બોલાવતો, તે તે બધા એકજ વચન બોલનારા નીકળ્યા. આથી તે નિરાશ થઇ મનમાં મત્સર લાવીને ચાલ્યો ગયો, અને તે ગ્રામ્ય જનો તે વાતને પણ વિસારીને સુખે રહેવા લાગ્યા.

હવે તે કુંભકાર તો વનના અગ્નિની જેમ કોપથી જવલંત હતો અને વળી કુટુંબીઓએ તેને ઉત્તેજિત કર્યો કે:-

'હે ભદ્ર! શું' તારાથી કંઈ શકે તેમ નથી? તે ચોરોને શિક્ષા આપતો નથી અને વૃથા રોષને ધારણ કરે છે, 'જે જેવો થાય, તેની સામે તેવા થવું-' એ કહેવત પણ શું તને યાદ નથી?' આથી તે પાખરેલા સિંહની જેમ કોપ, માન તથા લોભયુક્ત માયાથી તેમના સંબંધી અનર્થ કરવાને તે તૈયાર થયો. એક એક કષાય પણ પ્રાણીઓને અનર્થકર્ત્તા થઈ પડે છે, તો જ્યાં ચારે હોય, ત્યાં અનર્થનું શું કહેવું? પછી તે કુંભકાર તેમના વૈરને લીધે સાત વર્ષ પર્યંત તેમના ખળામાં એકઠું કરેલ ધાન્ય રાત્રિએ આવીને તે બાળી નાખતો હતો. પછી સદા પોતાનો ઉપક્રમ (ઉદ્યમ) નિષ્ફળ થવાથી તેઓ વિચારવા લાગ્યા કે:- 'આપણા ગામપર કોઈક કોપાયમાન થયો છે, તેથી ખળામાં ધાન્ય બાળી નાખે છે. માટે જો હવે તે જાણવામાં આવે, તો આપણે તેને ખમાવીએ નહિ તો આ કરવામાં આવેલ ખેતી પણ નિષ્ફલ થવાની.' આ પ્રમાણે નિશ્ચય કરીને યક્ષયાત્રાને માટે લોકો એકત્ર થયા, એટલે ત્યાં તેમણે અભયદાનપૂર્વક પટહઘોષણા કરાવી કેઃ- 'જે અમારૂં ધાન્ય બાળી નાખે છે, તે હવે પ્રગટ થાઓ. કે જેથી અમે યજ્ઞની સાક્ષીએ તરત પોતાનો અપરાધ ખમાવીએ.' આ પ્રમાણે સાંભળીને તે કુંભકાર વેષ બદલાવીને વૈરના ઉપશમને માટે ઉંચેથી આ પ્રમાણે શ્લોક બોલ્યોઃ-

"अर्प्यतां तस्य सोऽनड्वान्, कुलालस्य द्विरुक्तिकाः।
नो चेदन्यामसौ सप्तवर्षा धान्यानि धक्ष्यति" ॥ १ ॥

'હે દ્વિરૂક્તિકો! તે કુલાલને તેનો બળદ આપી દ્યો. નહિ તો હજી પણ તે સાત વર્ષ તમારૂં ધાન્ય બાળશે.' પછી

પુનઃ બાળવાની બીકથી તરત પ્રજાપતિને અનુકુળ થઈ તેને બળદ આપીને તરત તેમણે ખમાવ્યો. તે અજ્ઞ લોકો છતાં જ્યારે કુલાલનો બધો અપરાધ ખમ્યા, તો અહો ! વિવેકી-જનોએ પોતાના ધર્મની રક્ષાને માટે તે અપરાધ કેમ સહન ન કરવો ?

જેમ તે ચોરોએ આદર કરી ઘણા કાલના પોતાના સ્વાર્થને માટે તે કુંભકારને ખમાવ્યો, તેમ ભવ્ય જનોએ પોતાના પુણ્યની પુષ્ટિને માટે લઘુતમને પણ સર્વ શક્તિથી ખમાવવો.

●

# ત્રીજો ઉપદેશ

તે ચાર કષાયોમાં પણ ક્રોધરૂપ દવાનલ પ્રાણીઓના અદ્દભુત પુણ્યરૂપ વનને બાળી નાખે છે અને જેનું આ સેવન કરતાં આ લોક અને પરલોકમાં સ્વ પરને સંતાપકારી થાય છે. આ સંબંધમાં સૂરવિપ્રનું ઉદાહરણ જાણવા યોગ્ય છે:–

## સૂર વિપ્રની કથા

શ્રી વસંતપુરમાં કનકપ્રભ નામે રાજા હતો. સર્વને ઈષ્ટ તથા સર્વનો અધિકારી એવો સુયશા નામનો તેનો પુરોહિત હતો. તેને અત્યંત ક્રોધી અને કલહપ્રિય એવો સૂર નામનો પુત્ર હતો. જે દુષ્ટબુદ્ધિ અગ્નિની જેમ નિરંતર બળ્યાજ કરતો હતો. એકદા તેનો પિતા સ્વર્ગસ્થ થયો, એટલે રાજાએ તેના ક્રોધી સ્વભાવને લીધે તેને દૂર કરી પુરોહિતપદ પર બીજાને નીમી દીધો. આથી તે દ્વેષ પામીને તેના છિદ્રો જોતો અને તે રાજાને મારવા માટે નાના પ્રકારના ઉપાયો વિચારવા લાગ્યો.

એકદા દોહવા વખતે ગાયે તેને લાત મારી, તેથી તેને મર્મસ્થાનમાં મારી એટલે તે બિચારી મૂચ્છિંત થઇ મરી ગઈ. આથી 'અહા! પાપી! આ શું કર્યું? એ બિચારી ગાયને કેમ મારી નાખી?' ઇત્યાદિ જેમ તેમ બોલતી એવી પોતાની પત્નીને પણ તેણે મારી નાખી. એટલે ત્યાં કોલાહલ થયો અને રાજાના સુભટો આવી તેને બાંધીને રાજા પાસે લઈ ગયા, એટલે રાજાએ તેને મારી નાખવાનો આદેશ કર્યો પછી નાના પ્રકારની વિડંબના પમાડતા તે સુભટો જેટલામાં તેને નગરની બહાર લઈ જાય છે, તેવામાં તેના પુણ્યયોગે કોઈક તાપસ ત્યાં આવી ચડયો. તેણે સુભટોને કહ્યું કે:-'હે ભદ્રો! આ કોણ છે અને તમે એને શા માટે મારો છો?' તેઓ બોલ્યા કે:-'આ કોઈ નરરાક્ષસ લાગે છે.' પછી તે યોગીએ દયા લાવી સામયુક્તિપૂર્વક તેમની પાસેથી તેને છોડાવ્યો. એટલે સૂરે તે તાપસની પાસે તાપસ દીક્ષા લઇ લીધી, અને ઘણાં તપ તપીને તેજ રાજાને મારવા માટે નિદાન (નિયાણુ] કરીને તે મરણ પામી વાયુકુમાર દેવ થયો. પછી વસંતપુરમાં આવીને રાજા પ્રમુખ લોકોને તેણે ધૂળથી દાટી દીધા. અહો! કોપનો ઉપદ્રવ કેવો ભયંકર હોય છે? ત્યાંથી ચવીને તે ચાંડાલ થયો અને ત્યાંથી પ્રથમ નરકે ગયો ત્યાંથી કોપરૂપ કિંપાક વૃક્ષની છાયાનો આશ્રય કરતો એવો તે દષ્ટિવિષ સર્પ થયો અને ત્યાંથી દ્વિતીય નરકે ગયો. ત્યાંથી પણ કોપથી વિડંબના પામીને તે અનંત સંસાર ભમ્યો. પછી કેટલોક કાલ ગયો, એટલે તે સૂરનો જીવ શ્રીપુરમાં રત્નરાજાનો ગ્રામાધ્યક્ષ (ગામમુખી) વિપ્રસુત થયો, પણ તેવાજ ક્રોધી સ્વભાવથી એકદા રાજાની સાથે કલહ કરતાં રાજસુભટોએ તેને વનમાં લટકાવી દીધો. તે વખતે ત્યાં કોઇ

ચતુર્જ્ઞાનધારી મુનિવર આવ્યા, એટલે રાજા તેમને વંદન કરવા આવ્યો અને આ પ્રમાણે તેમની દેશના સાંભળવા લાગ્યો:- 'હે ભવ્યજનો! આ ભયંકર ભવારણ્યમાં શા માટે બેસી રહ્યા છો? તરત ભાગતા કેમ નથી? કારણ કે વૈર બાંધનાર વૈરીઓ તમારી પાછળ ધસ્યા આવે છે.' એટલે રાજાએ પૂછ્યું કે:-'હે ભગવાન! વૈરીઓ કયા?' જ્ઞાની પુનઃ બોલ્યા કે:-'કષાયો એ કટ્ટા શત્રુઓ છે. તેમાં પણ ક્રોધ એ મુખ્ય વૈરી છે. વળી જે આ સામે વૃક્ષપર લટકેલો પુરૂષ દેખાય છે, તે સર્વ અનર્થના કારણ ભૂત એવા ક્રોધનું ફળ સમજવું. પછી સૂરજન્મથી જ્ઞાની મુનિએ કહેલ તેનું અખિલ ચરિત્ર સાંભળીને રાજા વિગેરે પ્રતિબોધ પામ્યા. તે વખતે કેટલાકોએ તે મુનિની પાસે દીક્ષા અંગીકાર કરી. કેટલાકોએ શ્રાદ્ધધર્મ ગ્રહણ કર્યો અને કેટલાકોએ અભિગ્રહ લઈને પોતપોતાનું કાર્ય સાધ્યું. પછી તે સૂરના જીવને પણ રાજાએ છોડાવ્યો, એટલે તે શાંત થઈ દીક્ષા અંગીકાર કરી સર્વ સુખોનું એક ભાજન થયો. સ્ત્રી રૂપ છતાં પણ એક ક્ષમાજ આ ક્રોધરૂપ યોધાનો જય કરી શકે છે. પરંતુ બીજા ગુણો પુરૂપ (પુરૂષ રૂપ) છતાં તેને જીતવા સમર્થ નથી. વળી મુનિ બાલકોથી આક્રોશ પામેલ કે હણાયેલ છતાં સંસારના ભીરૂપણાથી તેમની સાથે કલહ ન કરે, અન્યથા તેની સમાન થઈ જાય. આ સંબંધમાં એવી વાત સાંભળવામાં આવે છે કે:-

'પૂર્વે એક ઉગ્ર તપસ્વી સાધુના ગુણથી રંજિત થઈને કોઈક દેવી આવીને તેની ઉપાસના કરતી હતી:—'હે સાધો! તમારૂં ચારિત્ર સદા સુખે પળે છે? આપનું શરીર નિરાબાધ છે? અન્ય કોઈ ઉપદ્રવ તો નથી? જે કોઈ દેવ કે મનુષ્ય તમને હરકત કરે, તો મને કહેવું; આ પ્રમાણે તે દેવી

દરરોજ તે મુનિને પૂછતી, એટલે નિઃસ્પૃહ મુનિ બોલતા કેઃ—' મારે કાંઈ દુષ્કર નથી. કારણ કે સંતોષી જનને જે સુખ છે તે ચક્રવર્તીને પણ નહિ હોય.

એકદા પારણાના દિવસે નગરમાં જતાં અમંગલની બુદ્ધિથી સામે આવેલા કોઈ બ્રાહ્મણે તેમની તર્જના કરી. એટલે ક્રોધ ઉછળવાથી મુનિએ પણ તેને મુષ્ટિપાક આપ્યો. એમ કરતાં તે બંને વચ્ચે બહુ વખતસુધી મુષ્ટામુષ્ટિનું યુદ્ધ ચાલ્યું. પછી ભોજનાનંતર તે દેવીએ તેને કુશલાદિક પૂછ્યું. એટલે તે મુનિએ રૂષ્ટમાન થઇને કહ્યું કેઃ—'તું ત્યાં ન આવી માટે હવે તારૂં શું પ્રયોજન છે?' દેવી બોલી કેઃ—'હે મુને! હું ત્યાં આવી હતી, તમને ઓળખી શકી નહિ. કારણકે તે વખતે બંનેનું યુદ્ધ ચાલતું હોવાથી મને તો બંને વચ્ચે સમાનતા જોવામાં આવી. ક્ષમા અને તપથી યુક્ત હોય તે ક્ષમા શ્રમણ કહેવાય છે. આ બે ગુણમાંના એક ગુણનો પણ જો નાશ થાય, તો નામની નિરર્થકતા છે. આ પ્રમાણે તેણે પ્રતિબોધ પમાડેલ તે સાધુ ચારિત્રવંત-જનોમાં એક મુગટરૂપ થયા. માટે હે ભવ્ય જનો! જો તમારે ઉચ્ચ પદની સ્પૃહા હોય અને આ સંસારનો જય કરવા ઇચ્છતા હો, તો તમારે ક્રોધરૂપ સુભટનો અવશ્ય જય કરવો.

# ચોથો ઉપદેશ

પ્રાણીઓને આઠ પ્રકારે વિડંબના પમાડનાર એવા માનને પણ મનસ્વી પુરુષો કેમ માન્ય રાખે? જેને લીધે ઉજ્ઝિત નામનો રાજપુત્ર પોતાના જીવિત રહિત થઈ ગયો.

આઠ પ્રકારના મદનું ફળ આ પ્રમાણે પ્રાપ્ત થાય છેઃ—રાજ્યોપભોગમાં તૃષિત થયેલા પ્રાણીઓ વારંવાર તિર્યંચ-યોનિમાં પતિત થાય છે, જાતિમદથી મસ્ત થયેલા કૃમિ-જાતિમાં ઉત્પન્ન થાય છે, કુળમદ કરનારા શૃગાલપણાને પામે છે, રૂપ મદ કરનારા ઉષ્ટ્રાદિકની યોનિમાં ઉત્પન્ન થાય છે, બલમદથી પતંગ, બુદ્ધિમદથી બોકડા, ઋદ્ધિમદથી શ્વાનાદિ, સૌભાગ્ય મદથી સર્પ અને કાગ વિગેરે અને લાભમદથી બળદ થાય છે. આ પ્રમાણે આઠ દુષ્ટ મદો પ્રાણીઓને આ સંસારમાં સતાવે છે. તેના પર નીચેની કથા વાંચવા લાયક છે :—

## ઉજ્જિત રાજકુમારની કથા

નંદિપુરમાં નીતિલતાના વનને સિંચન કરવામાં મેઘ સમાન અને સર્વ પ્રકારના તાપને શાંત કરનાર એવો રત્નસાર નામે રાજા હતો. તેનો સાક્ષાત્ પ્રેમની લતા જેવી પ્રેમલતા નામે રાણી હતી. એકદા તેના ગર્ભમાં કોઈ જીવ ઉત્પન્ન થયો. તેના પ્રભાવથી તેને રાજાને મારવાના, ચોરી કરવાના, પરને છેતરવાના અને ઉંચે લટકવાના અશુભ દોહલા ઉત્પન્ન થયા પછી જન્મતાંજ તે બાલકને તે રાણીએ ગુપ્ત રીતે બહાર ક્યાંક તજાવી દીધો, પણ આયુષ્ય બળવાન હોવાથી તે બિચારો મરણ ન પામ્યો. ત્યાં તે એક કોઈ દયાળુ વણિકના જોવામાં આવ્યો, એટલે તેણે લઈને પોતાની સ્ત્રીને તે સોંપ્યો. અને તે તેને ઉછેરવા લાગી. પછી તે ઉજ્જિત ( તજી દીધેલ ) પ્રાપ્ત થવાથી પિતાએ તેનું ઉજ્જિત એવું નામ રાખ્યું, અને તે મોટા મનોરથ સાથે પાંચ વર્ષનો થયો. એવામાં અહંકારના પૂરથી 'હું જ ચાલાક, પ્રાજ્ઞ, ધનવાન્, અને બલવાન પણ

હું જ છું. આ બિચારા માણસો મારી આગળ કિંકર જેવા છે. આ પ્રમાણે અહંકારથી ત્રણે જગતને તૃણખલા તુલ્ય માનતો અને શૈલના સ્તંભ સમાન એવો તે દિવસો વ્યતીત કરવા લાગ્યો. વળી દુર્વિનીત શિરોમણી એવો તે સદા અકકડબાજ થઈનેજ રહેતો, પણ માબાપ કે દેવ ગુરૂને કદી પ્રણામ પણ કરતો નહિ. એકદા પિતાએ તેને કહ્યું કે— 'હે વત્સ! પાઠશાળામાં ભણવા જા. ગ્રંથો શીખ, શઠતા મૂક અને પાઠકનો વિનય કર; એટલે તે બોલતો કે મારે કંઠ શોષ કરવાનું કંઈ પ્રયોજન નથી. કારણ કે પ્રથમથી જ હું પ્રાજ્ઞ છું તે બિચારો ઉપાધ્યાય મારૂં અધિક શું ઉકાળવાનો હતો, તે કહો; પણ એ વણિકોનો આચાર છે! એમ બહુ ચાટુ વચનથી પિતાએ તેને લેખ શાલામાં મોકલ્યો અને ત્યાં તે વર્ણાદિક ભણ્યો. એકદા કંઇક અપરાધ થતાં શિક્ષકે તેને માર્યો, એવામાં તે બોલ્યો કે— 'અરે ભિક્ષાચર! તું મને જાણતો નથી? તારા આ ભણાવવાથી શું?' ઇત્યાદિ બોલતાં રોષથી ઉઠીને શિક્ષકને તરત તેણે એક લપડાક ચોપડાવી દીધી, અને ઉચ્ચાસન પર બેઠેલા તે ઉપાધ્યાયને કેશમાં પકડીને તે દુષ્ટાત્માએ તેને જમીન પર પાડી નાખ્યો. અહા પાપીઓને શું અકૃત્ય ન કરવાનું હોય? આ વ્યતિકર જાણવામાં આવતાં રાજાએ તેને બોલાવીને કહ્યું કે:— 'અરે મૂર્ખ! તેં પંડિતને કેમ માર્યો? એટલે ભ્રૂક્ષેપ અને અભિમાન સહિત તે દુર્મતિએ રાજાને કહ્યું કે— 'તે તો બિચારા ભિક્ષાચરને મેં અલ્પ શિક્ષા કરી છે, પણ જો બીજો કોઈ મારો તિરસ્કાર કરશે તો તે પણ તેવા જ ફળને પામશે' આ પ્રમાણે નિર્ભય થઈને ઉલ્લંઠ રીતે તે બોલ્યો, એટલે રાજાએ ક્રોધથી તેને ગળે

પકડી નગરની બહાર હાંકી કહાડ્યો, પણ બાલહત્યાના ભયથી તે બિચારાને માર્યો નહિ. 'હે બુધ જનો ! આ લોકમાં પણ અહંકારનું માઠું ફળ જુઓ કે– સ્વજનોથી વિયોગ, રાજાનું અપમાન અને વનવાસિતા પ્રાપ્ત થઈ. જેમ મનુષ્યોમાં સમ્રાટ અને દેવતાઓમાં ઇંદ્રિ, તેમ સર્વ ગુણોમાં વિનયગુણ મુખ્ય કહેલ છે.

હવે તે ઉજ્ઝિત કુમાર પણ વિકટ અટવીઓમાં ભટકતાં તાપસોથી સમાકુલ એવા કોઈ તાપસાશ્રમમાં આવ્યો. અને તેમની આગળ તે શઠ નમસ્કાર કર્યા વિના પલાઠી વાળીને બેઠો એટલે તેઓએ કહ્યું કે-- 'એમ ન બેસ' આથી તે રૂષ્ટમાન થઈ તરત જ તે આશ્રમનો ત્યાગ કરી એક મોટા જંગલમાં તે ભમવા લાગ્યો અને ત્યાં તેણે એક સિંહને જોયો. એટલે કેસરચ્છટાથી ભયંકર ભાસતો અને ક્રોધાયમાન થયેલો એવો તે સિંહ પણ પોતાના પુચ્છને ઉછાળીને તેની સામે દોડ્યો એટલે તે માની વિચારવા લાગ્યો કે:-'આ બિચારો પશુ કોણ માત્ર છે, અને આ ગરીબડાથી ભાગવું શું ? જો પશુથી પણ ભય પામીશ, તો લોકો પણ મારી મશ્કરી કરશે; આ પ્રમાણે અહંકારથી તે ત્યાં જ ઉભો રહ્યો, એટલે સિંહે તેને મારી નાખ્યો; કારણ કે શાસ્ત્રમાં પણ એવું સાંભળવામાં આવે છે કે:-- 'મનુષ્યો કરતાં પણ કોઈ અધિકતર હોય છે; પછી તે મરણ પામીને ગર્દભ થયો. ત્યાંથી ઉંટ થયો, ત્યાંથી અશ્વ થયો અને ત્યાર પછી તે જ નગરમાં પુરોહિતનો પુત્ર થયો. ત્યાં સર્વ વિદ્યાનો તે પારંગત થયો છતાં અહંકારના દોષથી મરણ પામીને તેજ નગરમાં તે ડુંબ (અંત્યજ) થયો ત્યાં જેમ જેમ પુરોહિત તેને જુએ, તેમ તેમ તેના પર તેનો સ્નેહ થતો ગયો.

કારણ કે પુરાતન સ્નેહ અને વૈર દુસ્ત્યજ છે એકદા નગરમાં કેવલીજ્ઞાની આવ્યા, તેમની પાસે પુરોહિતે તેની ઉપરના સ્નેહનું કારણ પૂછ્યું, એટલે જ્ઞાનીએ મૂળથી માંડીને અહંકારના વિપાકથી ઉત્પન્ન થયેલું તેનું બધું ચરિત્ર તેને કહી બતાવ્યું. કારણ કે પંડિત છતાં માનથી કોણ ખંડિત થતું નથી ? તે જ્ઞાની ભગવંતે કહેલ ચરિત્ર સાંભળીને ભવથી વિરક્ત થયેલ પુરોહિત દીક્ષા લઈને પ્રાંતે પરમ પદ પામ્યો. અને ઉજ્જિત પણ ગુરુથકી શ્રી આર્હતધર્મ પામીને સુગતિ પામ્યો. માટે હે ભવ્ય માનવ! સંસારના બીજરૂપ આ માનવપક્ષ કોઈ રીતે તમારે માનનીય નથી, એનો સર્વથા ત્યાગ કરવો.

●

# પાંચમો ઉપદેશ

માયારૂપ પિશાચણીને પરાધીન થઈ એક સ્વાર્થમાં જ તત્પર થયેલા જે મનુષ્યો બીજાને છેતરે છે, તે અધોગતિ પામે છે. તે સંબંધમાં અહીં પાપબુદ્ધિનું દૃષ્ટાંત જુઓ.

## પાપબુદ્ધિની કથા

શ્રીતિલકપુરમાં દ્રવ્ય ઉપાર્જન કરવામાં તત્પર એવા ધર્મબુદ્ધિ અને પાપબુદ્ધિ નામના બે વણિક હતા. તેમાં ધર્મબુદ્ધિ સરલ સ્વભાવી અને પરહિતચિંતક હતા અને બીજો કપટી, માયાવી અને વિશ્વાસુને છેતરનારો હતો. હવે પરસ્પર વેપાર કરતાં તે બંનેની મિત્રાઈ થઈ. પણ લોક એમ કહેતા કે :—'કાષ્ઠ અને કરવત જેવો આ યોગ છે.'

તથાપિ પોતાના ઉત્તમપણાથી ધર્મબુદ્ધિએ તેને તજ્યો નહિ. દૂષણ કરનાર છતાં શું ચંદ્રમા કલંકને તજે છે?

એકદા વેપારને માટે તે બંને બીજા કોઈ નગરમાં ગયા. કારણ કે વ્યવસાય એ નિર્ધન વણિકોને અભીષ્ટદાયક છે. ત્યાં પૃથક્ પૃથક્ હજાર સોના મહોર કમાવીને પૂર્વની જેમ વક્ર અને સરલ સ્વભાવી એવા તે બંને પોતાના નગર તરફ પાછા વળ્યા, અને પોતાનું નગર નજીક આવ્યું એટલે પાપબુદ્ધિએ તે સરલને કહ્યું કે:—'મિત્ર? આટલું બધું ધન નગરમાં કેમ લઈ જવાય? માટે કેટલુંક તો અહીંજ દાટી મૂકીએ, પછી અવસરે તે લઈ જશું. કારણ કે ધનને અનેક પ્રકારે રાજા, ભાગીદાર અને ચોરથી ભય હોય છે.' આ પ્રમાણે સાંભળીને સરલ સ્વભાવી એવા તેણે પાંચસો સોનામહોર ત્યાંજ દાટી મૂકી અને બીજાએ પણ તેના મનને વિશ્વાસ પમાડવા તેટલી સોનામહોર ત્યાં દાટી. પછી તે બંને પોતપોતાને ઘેર આવ્યા અને ત્યાં તેમનું વર્ધાપન થયું હવે કેટલાક દિવસો ગયા. પછી અવસર મેળવીને પાપબુદ્ધિએ તેને કહ્યું કે:-'હે મિત્ર! ચાલો, હવે તે ધન આપણે લઈ લઈએ.' એટલે ત્યાં જતાં તે બંને સ્થાનને ખાલી જોઈને પાપબુદ્ધિ બોલ્યો કે:-'અહા! આપણા જીવિત સમાન આપણું ધન કોઇક હરણ કરી ગયું. તે પાપીને ધિક્કાર થાઓ. તે દુષ્ટ મરણ પામો, હવે આપણે શું કરશું?' આ પ્રમાણે તે સાચા વિલાપ જેવા કૃત્રિમ વિલાપ કરવા લાગ્યો. પછી તે પાપાત્માએ ધાર્મિક એવા ધર્મ બુદ્ધિને કહ્યું કે:-'રે ધર્મ ધુર્ત્ત! રે દુષ્ટ! તેં જ આ કામ કર્યું છે.' એટલે ધર્મબુદ્ધિ બોલ્યો કે:-'હે ભ્રાત! આ શું કહો છો? આવું કામ મારાથી ન થાય, પરંતુ કોઈ પાપીએ એ કામ કર્યું છે.'

એમ કરતાં તે બંનેનો વિવાદ થયો અને તે રાજસભામાં ગયા. ત્યાં પાપબુદ્ધિએ કહ્યું કેઃ–' આ ધર્મબુદ્ધિ ચોર છે.' એટલે અધિકારી પુરૂષોએ પૂછ્યું કેઃ–' તમારા બંને વચ્ચે કોઈ સાક્ષી છે ?' એટલે પાપબુદ્ધિ બોલ્યો કેઃ—'વનદેવતાઓ સાક્ષી છે.' તે વખતે શુદ્ધ બુદ્ધિવાળો ધર્મબુદ્ધિ મનમાં વિચારવા લાગ્યો કેઃ–' અહો આની ધૃષ્ટતા; અહો ! એની કપટપટુતા ? મારે તો અહીં શ્રીધર્મ જ એક મિત્ર છે. બીજા સહાયકોનું મારે શું પ્રયોજન છે ?' એવામાં રાજા વિગેરે બોલ્યા કેઃ–' પ્રભાતે પરીક્ષા થશે.' હવે પાપબુદ્ધિએ રાત્રે પોતાના પિતાને કહ્યું કેઃ–' હે તાત ! આ બધો મેં કૂટકલહ આદર્યો છે. એટલે પિતાએ કહ્યું કે.–' હવે શી રીતે કરીશ ?' તે દુષ્ટ બુદ્ધિ બોલ્યો કેઃ–'હે તાત ! તું જંગલમાં જઈ કોઈક વૃક્ષના કોટર (પોલ) માં ગુપ્ત રીતે બેસ, અને પ્રભાતે જ્યારે રાજાદિક પૂછે, ત્યારે કહેવું કેઃ–' પાપબુદ્ધિ નિષ્કલંક અને ધર્મબુદ્ધિ તસ્કર છે.' આ પ્રમાણે તેણે તાતને શિખામણ આપી, એટલે તેણે પણ તેવી જ રીતે કર્યું; અને પ્રભાતે લોકો એકત્ર થયા એટલે તે સુતશિક્ષા પ્રમાણે જ બોલ્યો. એવામાં લોકો આમતેમ જોવા લાગ્યા. પણ કોઈ જોવામાં ન આવ્યું. આથી બધા આશ્ચર્ય પામીને તરત ઉત્કર્ણ થઈ ગયા. તે વખતે તાત્કાલિક બુદ્ધિવાળા એવા ધર્મબુદ્ધિએ રાજાને કહ્યું કેઃ–' હે દેવ ! આ કોટર બાળી નંખાવો, કે જેથી દેવ કે મનુષ્ય પ્રત્યક્ષ થાય.' એમ કહીને તરત ઉઠીને જેટલામાં તે કોટર બાળે છે, તેવામાં તેનો પિતા તરત જેમ કર્મથી પ્રેરાયેલો જીવ જનનીના ઉદરમાંથી બહાર આવે તેમ તે કોટરમાંથી બહાર નીકળ્યો, તે વખતે રાજાએ પૂછ્યું કેઃ–'અરે ! આ શું આશ્ચર્ય ?' એટલે તેણે

પોતાના દુષ્ટ પુત્રની પ્રેરણાનો વૃત્તાંત નિવેદન કર્યો. આથી લોકો તેને અને તેના પુત્રને ધિક્કારવા લાગ્યા કેઃ—'અરે! તમે આ શું કર્યું કે મિત્રપર પણ દ્રોહ આચર્યો' પછી પાપબુદ્ધિને મારતા રાજાને પગે પડીને શુદ્ધ બુદ્ધિવાળા એવા ધર્મબુદ્ધિએ તેને અટકાવ્યો. તે વખતે રાજા વિગેરે ધર્મબુદ્ધિની પ્રશંસા અને પાપબુદ્ધિની નિંદા કરવા લાગ્યા. અહો! માયા આ ભવમાંજ દુઃખકારક થાય છે.

એ પ્રમાણે સરલ અને વક્ર ભાવયુક્ત તે મિત્રયુગલ સુખ અને દુઃખના ભાજન થયા. માટે હે ભવ્યો! તમારા મનને સ્વચ્છ કરી તે ભુજંગીના જેવી માયાનો તરત દૂરથીજ ત્યાગ કરો.

●

## છઠ્ઠો ઉપદેશ

જે બારમા ગુણસ્થાન પર્યંત પહોંચીને સ્થિત સંવેદનો નિષેધ કરે છે, તે લોભવૈરી સાગરની જેમ આ લોક અને પરલોકમાં પણ કોને વિડંબના ન પમાડે?

### સાગરશ્રેષ્ઠીની કથા

શ્રી મંદિર નગરમાં અષ્ટકોટી દ્રવ્યનો સ્વામી, દ્રવ્ય ઉપાર્જન કરવામાં પરાયણ અને ધર્મવર્જિત એવો સાગર નામે શ્રેષ્ઠી હતો. તે શ્રીમાન્ છતાં લક્ષ્મી ભોગવતો કે આપતો ન હતો અને તેનું દ્વાર પ્રાયઃ સદા બંધજ રહેતું હતું. તે સદા ઘરેજ બેસી રહેતો, તેથી તેની દષ્ટિ આગળ કોઇ ભોજન, સ્નાન કે દાનાદિ કરતું ન હતું અને તેથી ત્યાં

કોઇ યાચક આવતો ન હતો. તેને **કમલા** નામે પત્ની અને **દેવિલ** નામનો પુત્ર હતો. તથા દેવિલને વિમલા નામની સ્ત્રી હતી આ સર્વ કુટુંબના માણસો તેનાથી સદા ચકિત (સાશંક) થઇને રહેતા હતા. ત્યાં સાસુ અને વહુ મંત્રતંત્રમાં પ્રવીણ હતા અને અનેક કુવિદ્યાથી તે સ્વેચ્છાચારિણી થઈ ગઇ હતી.

એકદા કોઈ યોગિની તેના વિજનગૃહમાં આવી, એટલે તે સાસુ વહુએ તેને આદર અને નમનપૂર્વક પૂછ્યું કેઃ– 'હે સ્વામિનિ ! આ દ્વાર દીધેલ ઘરમાં તમે શી રીતે આવ્યાં તે બોલી કેઃ–' મારે આધારરૂપ આકાશગામિની વિદ્યા છે. ' પછી બહુ માન કરીને તે બંનેએ યોગિની પાસેથી વિદ્યા ગૃહણ કરી અને તેના ઘરમાં એક મોટું શુષ્ક લાકડું હતું, તેના પર આરૂઢ થઇને તેણે આપેલ મંત્રશક્તિથી તે બંને અર્ધરાત્રે અભીષ્ટસ્થાને ક્રીડા કરવાને જવા લાગી. એક દિવસે અર્ધરાત્રે બધા માણસો સુઈ ગયા, તે વખતે કાયચિંતાને માટે ઉઠેલા તેના પુત્રે એકાંતે રહીને કૌતુક જોયું. એવા અવસરે તે સાસુ અને વહુ ઉત્સુકતાપૂર્વક ઉઠીને છાની રીતે કદમ ભરી 'ઉતાવળ કરો, ત્વરા કરો.' એમ પરસ્પર મુદિત થઇ કહેવા લાગી. આ સાંભળીને તે જેટલામાં સાવચેત થયો, તેવામાં સાસુ વહુને કહેવા લાગી કેઃ–'અરે ! આ કાષ્ઠને તરત તૈયાર કર અને આગળ થા. આપણે આજે દૂર જવું છે, માટે વિલંબ ન કર.' એમ કહીને તે બંને મંત્રપૂર્વક તે કાષ્ઠપર આરૂઢ થઈ અને અને વ્યંતરીની જેમ આકાશમાં ઉડી. આ આશ્ચર્ય જોઈને દેવલ વિચારવા લાગ્યો કેઃ–અહો ! શું આ બંને શાકિની છે ? પતિને છેતરીને એ પાપિની ક્યાં ગઈ હશે અને અહીં પાછી તે ક્યારે

આવશે ? 'એમ વિચારીને તે જાગતોજ રહ્યો. પછી જેટલામાં તે ત્યાં આવી કે તરત પ્રાતઃકાલનો પ્રકાશ પ્રસર્યો. તેમનું તેવા પ્રકારનું ચરિત્ર પણ તેણે કોઈની આગળ કહ્યું નહિ. કારણકે દૂષણોની જેમ પરને પ્રાયશ્ચિત્ત આપનાર ગુરૂજ હોય છે. પછી બીજે દિવસે અંધકાર વ્યાપ્ત થયાં તે કૌતુકી પેલા શુષિર (પોલા) પ્રૌઢ કાષ્ઠમાં પ્રથમથીજ ભરાઇ બેઠો અને તે બંને પણ તેના પર ચડીને અભીષ્ટસ્થાને ગઈ અને ત્યાં ક્યાંક જમીન પર તે કાષ્ઠ મૂકીને તે ક્રીડા કરવા લાગી. ત્યાં બીજી પણ ઘણી સ્ત્રીઓ એકત્ર થઇ હતી. ત્યાં ચિરકાલ સુધી તેમણે નિઃશંકપણે ક્રીડા કરી. પછી તે કોટરમાંથી બહાર નીકળીને ક્યાંક ભ્રમણ કરતાં સુવર્ણની ઇંટોથી વ્યાપ્ત એવો ઈંટોનો પાક તે કુમારના જોવામાં આવ્યો. એટલે નેત્ર વિકસ્વર કરીને તે મનમાં વિચારવા લાગ્યો કેઃ–'ખરેખર ! જે લોકોક્તિથી સાંભળવામાં આવે છે. તેજ આ સ્વર્ણદ્વીપ લાગે છે. જેને નિર્ધન જનો કરોડો કલેશ કરતાં પણ સ્વપ્નમાં પણ જોઇ શકતા નથી તે વિના પ્રયત્ને મને પ્રાપ્ત થયો છે. એ મારા મહત્ ભાગ્યની વાત છે. આ પ્રમાણે વિચારીને તે સંતોષીએ ત્યાંથી બે ત્રણ સારી ઇંટો લઈ લીધી.

કારણ કે બહુ લાભ પ્રાપ્ત થતાં પણ મનસ્વી જનને લોભ હોતો નથી. પછી વર્ષાકાલમાં મહામુનિની જેમ સ્વાંગોપાંગને સંકોચીને પૂર્વની જેમજ તે કોટરમાં શરીરને સંલીન કરીને (સંકોચી) તે ભરાઈ બેઠો. એવામાં ચિરકાલ ક્રીડા કરીને નિર્ભય એવી તે બંને ત્યાં આવી અને પૂર્વની જેમ આકાશમાં ઉડીને અનુક્રમે ઘેર આવી. પછી પ્રાતઃકાલે તેમના વૃત્તાંતને જણાવવા પૂર્વક કુમારે પોતાના પિતાને સુવર્ણ બતાવ્યું, એટલે તે વિસ્મય પામીને તેને કહેવા લાગ્યો કેઃ–

'અરે ! મૂર્ખ ! આ તેં અલ્પ શા માટે લીધું ? વિના પ્રયત્ને હાથ ચડેલ ધનને કોણ મૂકી દે ? માટે આજે હું ત્યાં જઈશ અને યથેચ્છિત ધન લાવી દારિદ્રયને દૂર કરીશ, કારણ કે તારા જેવા તેવી કાળજી કરતા નથી; એમ કહીને લોભના ક્ષોભને વશ થયેલો તે શ્રેષ્ઠી ઉઠયો અને તંદુલમત્સ્યની જેમ તે દિવસે તેના ધ્યાનમાંજ લીન રહ્યો. પછી રાત્રે પૂર્વ પ્રમાણે તે કાષ્ઠમાં પેઠો, અને તે બંનેની સાથે પ્રયાણ કરીને તે પ્રદેશમાં પહોંચ્યો. ત્યાર પછી ત્યાંથી નીકળીને પુત્રે કહેલ નિશાનીને મનમાં સંભારતાં તેણે સાક્ષાત્ સુવર્ણના પર્વતની જેમ ઈંટોનો પાક જોયો. તેને જોવાથી શ્રેષ્ઠી હૃષ્ટ થયો અને અસંતુષ્ટ થઈ તે ઈંટો એટલી બધી લીધી કે જેથી તે પોતે ત્યાં મહાકષ્ટે સમાઈ શકયો. પછી વખત થતાં તે સાસુ વહુ પણ પોતાના નગર તરફ ચાલી અને જેટલામાં સમુદ્ર ઉપર આવી, તેવામાં વહુએ કહ્યું કે:—'હે માત ! આજ ગમે તે કારણથી આ કાષ્ઠ બહુ ભારે લાગે છે. તેથી તે સત્વર આગળ ચાલી શકતું નથી ! એટલે સાસુએ કહ્યું કે:—'અરે ! એને મૂક, અહીંજ પડતું અને જે આ તરત દેખાય છે, તે કાષ્ઠ લઈલે, કે જેથી આપણે તરત પોતાના નગરે પહોચીએ આ પ્રમાણે સાંભળીને ભયભીત થઈ શ્રેષ્ઠી બોલ્યો કે:—'મને સમુદ્રમાં નાખી ન દેશો ! પછી અન્યોન્ય બંભચર કરવા પોષહં આવતા કયાંથી ?' આથી તે અત્યંત કોપાયમાન થઈ અને વિગોપનના ભયથી કાષ્ઠ સહિત તેનો ત્યાં ત્યાગ કરીને તે ઘરે આવી. ગ્રંથાંતરમાં પણ કહ્યું છે કે:—

'અતિલોભ ન કરવો, તેમ લોભનો ત્યાગ પણ ન કરવો. અતિ લોભમાં લપટાઈને સાગર શેઠ સાગરમાં પડયો.'

પછી અનુક્રમે વૃત્તાંત જાણવામાં આવતાં તે પુત્ર પણ તેમનાથી ભય પામી પ્રવ્રજ્યા લઈને સુખભાજન થયો.

આ પ્રમાણે લોભનો વિપાક સાંભળીને હે વિબુધ જનો! સંતોષામૃતના પૂરથી સર્વદા તમારા આત્માને સિંચન કરો.

●

# સાતમો ઉપદેશ

ગુણી જનોની આગળ કહેલ અને આપેલ ધર્મતત્ત્વ બંનેને હિતકર થાય છે અને ગુણહીન જનોને આપેલ ધર્મોપદેશ કાચા કુંભમાં રહેલ પાણીની જેમ વૃથાજ જાય છે. એક માત્ર લજ્જાના ગુણથી પણ જ્યારે અશ્વ બહુમાન પામ્યો, તો જેઓ ઘણા ગુણોથી લોકપ્રિય હોય, તેમનું તો કહેવું જ શું?

## અશ્વકિશોરની કથા

પૃથ્વીપુરમાં રિપુમર્દન નામે રાજા હતો. અર્થી અને પ્રત્યર્થી (શત્રુ) ને જે દાન અને ઉચ્છેદજ દેતો હતો. તેને સારા લક્ષણવાળી એક શ્રીમુખી નામની ઘોડી હતી. જેના વછેરા પ્રાયઃ બધા જાત્ય અશ્વ થતા હતા. એકદા સમગ્ર ગુણયુક્ત એવા બાળઅશ્વને મેઘમાલ જેમ પોતાના ઉત્સંગમાં ઉજ્વલ ચંદ્રમાને ધારણ કરે તેમ તેણે ગર્ભમાં ધારણ કર્યો. હવે એકદા રાજા તે સગર્ભા ઘોડી ઉપર ચડીને અશ્વક્રીડાને માટે વેગથી નગર બહાર ગયો. ત્યાં બીજા ઘોડેસ્વારો પણ અહંપૂર્વિકાથી પોતાના અશ્વોને કોલાહલ કરતા માણસોમાં પ્રેરતા હતા. તે વખતે ભારથી શરીરને ઈજા થતાં મંદ ગતિ કરતી એવી તે ઘોડીને પણ સ્પર્ધાથી રાજાએ તરત ચાબુક માર્યો. હવે વખત જતાં તેણે અસાધારણ અશ્વરત્નને જન્મ આપ્યો. તે બધા ગુણ સહિત હોવા છતાં જમણી આંખે કાણો હતો. છતાં ત્યાંના વસનારા તથા બહારથી આવનારા

લોકો તે અશ્વકિશોરને જોઈને પુનઃ પુનઃ જોઈને પ્રશંસા કરતા કેઃ—'આ જાત્ય અશ્વ થશે. પરંતુ હૈવે એને પણ કાણત્વનું દૂષણ દીધું છે. અહો ! ખરેખર ! વિધાતા રત્નદોષી છે. કારણ કે અન્યત્ર પણ કહેલ છે કેઃ—'ચંદ્રમામાં કલંક, પદ્મ કમળમાં કાંટા, સમુદ્રમાં ખારૂં જળ, પંડિતમાં નિર્ધનત્વ, ઈષ્ટ જનનો વિયોગ, સુરૂપમાં દુર્લભતા અને ધનવંતમાં કૃપણતા–એ પ્રમાણે સારી વસ્તુમાં દૂષણ દાખલ કરવાથી વિધાતા ખરેખર રત્નદોષી છે.' આ પ્રમાણે લોકોએ કરેલ પ્રશંસા સાંભળીને તે કિશોર પોતાની માતા પાસે આવીને ગદ્દગદ્દ કંઠે કહેવા લાગ્યો કેઃ—'હે માત ! મને કાણત્વનું દૂષણ શાથી થયું છે ? તે કહે.' એ રીતે બહુ આગ્રહ કરતાં તેણે પણ પૂર્વનું સ્વરૂપ યથાર્થ રીતે પોતાની ભાષામાં કહી સંભળાવ્યું કેઃ—'હે વત્સ ! જ્યારે તું ગર્ભમાં હતો, તે વખતે રાજાએ મને ચાબુકનો પ્રહાર માર્યો હતો, તે તારા નેત્રના સ્થાને આવ્યો. તેથી તું આંખે કાણો થયો. ભવિતવ્યતા અન્યથા થતી નથી' આ પ્રમાણે સાંભળીને તે તેજસ્વી કિશોર અત્યંત રોષથી રક્ત થઈને બોલ્યો કેઃ—'એ પશુ જેવો રાજા કોણ માત્ર છે, કે જેણે તારો પણ અપરાધ કર્યો. ખરેખર ! આથી મરણને ઇચ્છતા એવા તેણે સુતા સિંહને જગાડયો છે. જો હવે અલ્પ વખતમાં એને ન મારૂં, તો હે માત ! હું તારો પુત્ર નહિ.' એટલે તે પણ સસ્નેહ તેને કહેવા લાગી કેઃ—'હે વત્સ ! એમ ન બોલ. કારણકે એ રાજા જગતનું ભરણ પોષણ કરનાર છે. આપણે તો પશુ છીએ અને એ નિર્વાહ કરનાર આપણો સ્વામી છે. મારા કોઈ પણ પુત્રે સ્વામિદ્રોહ કર્યો નથી. વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—'ક્રોધને નિષ્ફલ કરી નાખવો.' આ પ્રમાણે તેના વચનથી ભસ્મથી આચ્છાદિત થયેલ અગ્નિની જેમ તે કંઈક શાંત થયો, પણ (વીર) પુરૂષોના ક્રોધ ઉપશાંત થતો નથી, આ બધો વ્યતિકર

નજીકમાં રહેલ રાજાએ સાંભળી લીધો. કારણકે તિર્યંચ ભાષા સમજવાને તેને દેવનું વરદાન હતું. પછી રાજાએ વિચાર કર્યો કેઃ— 'આ મારો શત્રુ છે તેથી ક્યાંય પણ વિષમ સ્થાનમાં મારો એ ઘાત કરશે, માટે એના પર હું કદી ચડીશજ નહિ.' એમ ધારીને કેટલોક કાળ તેણે સુખે વ્યતીત કર્યો. એવામાં તે કિશોર પણ તે જાત્ય અશ્વ થઈ ગયો.

એકદા બધા અશ્વો જલપાન માટે ગયા હતા અને ઘરે માત્ર તે એક જ અશ્વ હતો. એવામાં બુંબારવ થયો કેઃ— 'હે બલિષ્ટ સુભટો! સત્વર દોડો. ઉદ્ધત બહારવટિયા (શત્રુ) ઓ બધી ગાયો હરણ કરી જાય છે.' આ પ્રમાણે સાંભળતાંજ વ્યાકુલપણાથી રાજાએ બહાર જવા માટે પોતાના માણસો પાસે તેજ અશ્વ સજ્જ કરાવ્યો, પછી જતાં જતાં તે અશ્વે પોતાની માતાને કહ્યું કેઃ— 'હે માત! જો. હવે આજ પુરાતન વેર વાળું છું. એટલે તે પણ સભ્યતાપૂર્વક બોલી કેઃ— 'હે વત્સ! જા તારું કલ્યાણ થાઓ. તારી જાતિ તને અટકાવશે મારા પુત્રોની પ્રકૃતિમાં કદી વિકૃતિ થતી નથી.' એવામાં સપરિવાર રાજાએ તરત તે અશ્વ પર પલાણ કર્યું અને બહાર જ્યાં શત્રુઓ હતાં ત્યાં તે પહોંચી ગયો અને રાજાએ હાક મારી એટલે તેઓ યુદ્ધ કરવાને સન્મુખ આવ્યા, ત્યાં પણ તેમની સાથે યુદ્ધક્રીડાના કૌતુકનો અનુભવ કરવા લાગ્યો. એવામાં અશ્વ વિચારવા લાગ્યો કે—: 'આ દુષ્ટ નૃપાધમને શત્રુઓ પાસેથી મરાવું અથવા તેમના સૈન્યમાં એને લઈ જાઉં, વા જમીન પર પાડીને મારા ચરણોથી એને છુંદી નાખું.' આ પ્રમાણે વિચારતાં કુલીનપણાથી પુનઃ તે ચિંતવવા લાગ્યો કેઃ- 'અહા! મારા દુષ્ટ ચેષ્ટિતને ધિક્કાર થાઓ. કારણ કે આ તો પૃથ્વીપાલ છે અને હું તો પશુ કરતાં પણ ક્ષુદ્ર છું, કે આવા અવસરે

હું એને અનર્થમાં નાખું છું. મારે પોતાનું કાર્ય સાધવામાં પુનઃ ઘણા અવસરો મળી શકશે.' આમ વિચારીને તે યુદ્ધને માટે તૈયાર થયો પછી તેની સહાયતાથી રાજા તે શત્રુગણને જીતી અને ગોધન લઈને મહોત્સવપૂર્વક પોતાના નગરમાં દાખલ થયો. પછી ત્યાં રાજાએ વિચાર કર્યો કે— 'આ અશ્વની સહાયતાથી જ હું શત્રુઓને જીતી શક્યો છું. માટે એજ પટ્ટાશ્વ થાઓ, બીજાઓથી સર્યું.' એમ કહીને રાજાએ તેને સુવર્ણના આભરણો પહેરાવ્યાં, એટલે તેવા પ્રકારનો આદર જોવાથી તે અશ્વે પણ કુમતિ તજી દીધી.

આ પ્રમાણે તે કાણો અશ્વ પણ જેમ વિનયાદિક ગુણોથી માન્ય થયો. તો હે ભવ્યજનો! કૃપણ જેમ ધનનો સંઘરો કરે, તેમ તમે પણ ગુણોનો સંગ્રહ કરો, કે જેથી શિવસંપતિ સન્મુખ આવે.

●

# આઠમો ઉપદેશ

ગુણવંત જનોના ગુણો જોઈને વિવેકી જનોએ તેનો મત્સર કરવો ઉચિત નથી. આ સંબંધમાં બ્રાહ્મણોનું દૃષ્ટાંત છે.

## બ્રાહ્મણોની કથા

કુમારપાલ પ્રમુખ અનેક રાજાઓને પ્રતિબોધ આપનાર ચિરકાલ પર્યંત શ્રી જિન શાસનની પ્રભાવના કરનાર, અનેક નવીન ગ્રંથોની રચના કરનાર તથા પોતાની કીર્તિરૂપ કર્પૂરથી ભૂતલને સુગંધી કરનાર એવા શ્રી હેમચંદ્રસૂરિ હતા. એકદા

તે ચોરાશી વર્ષ પ્રમાણ પોતાનું આયુષ્ય સંપૂર્ણ કરીને સ્વર્ગે ગયા. કયા મહાત્માઓને પણ દૈવે ગ્રસ્ત નથી કર્યા? તે વખતે તેવા પુરૂષ રત્નના વિનાશથી રાજા વિગેરેને મનને સતાવનાર (સંતાપકારક) એવો શોક થયો. 'અહા! પ્રથમ તો અશેષ ગુણોના સ્થાનભૂત અને વસુધાના અલંકારરૂપ પુરૂષ રત્નને પેદા કરે છે, તો પણ તેને ક્ષણભંગુર બનાવી દે છે. અહો! વિધાતાની અપંડિતતા ખરેખર! ખેદ ઉપજાવે તેવી છે. પછી તેમનું વિમાન સદૃશ ઝંપાન (માંડવી પ્રમુખ) બહાર નીકળ્યું અને નગર વિશ્રામ કરીને પુનઃ તેને ભાવિક ભવ્યોએ ઉપાડયું. તે સ્થાનની ધૂલિ તીર્થભૂત હોવાથી પાટાણવાસી જનોએ એવી કોઈ રીતે ગ્રહણ કરી, કે જેથી ત્યાં એક ખાડો પડી ગયો અને તેથી તે **હેમખડુ** એવા નામથી સમસ્ત લોકમાં પ્રખ્યાત થયો. પરંતુ કેટલાક વિરોધી બ્રાહ્મણો તેને વિપરીત રીતે સ્થાપન કરવા લાગ્યાઃ—'અહીં હેમચંદ્ર ગુરૂને પ્રક્ષિપ્ત કર્યા છે તેથી એ **હેમખડુ** કહેવાય છે' આ પ્રમાણે તે મૂર્ખ અને અધમ બ્રાહ્મણો પ્રતિપાદન કરતાં હતાં. જેમ તેમ પ્રલાપ કરનારા એવા તેમને યુકિત વિશારદ જનોએ આ પ્રમાણે પ્રત્યુત્તર આપવો કેઃ—'હે બ્રાહ્મણો! સાંભળો-જ્યારે શ્રી હેમસૂરિનું મરણ થયું, ત્યારે બધા વિપ્રો અંતરમાં અધિક આનંદ પામ્યા. કારણ કે ઘુવડને જેમ સૂર્ય, તથા દુર્જનોને જેમ સજ્જન રૂચે નહિ, તેમ તેમનો શ્રેષ્ઠ ઉદય તે બ્રાહ્મણોને રૂચતો ન હતો.' પછી પદ્માવતી દેવીએ તેમના મસ્તકમાં પીડા ઉપજાવી. તેથી અત્યંત પીડા પામતો તે અમંદ આક્રંદ કરવા લાગ્યા. શોકથી સંતપ્ત મનવાળા એવા હજાર બ્રાહ્મણોએ પોત-પોતાની ગોત્ર દેવી વિગેરેને ભોગાદિક ધર્યા. એટલે દેવીઓએ પણ કહ્યું કેઃ—'અહીં અમારાથી કંઈ પ્રતિક્રિયા થઈ શકે તેમ

નથી, પરંતુ તમે પદ્માવતી દેવીનું સ્મરણ કરો. એટલે તેમણે તેમ કર્યું પછી પદ્માવતીએ પ્રત્યક્ષ થઈને તેમને કહ્યું કેઃ— 'હે દુષ્ટો ! આ અસ્થાને તમારે હર્ષ કેવો ? ત્રૈલોક્યને પૂજ્ય એવા એમના પંચત્વથી દેવતાઓ પણ શોકસંતપ્ત થયા અને તમને મૂર્ખાઓને કંઈ ન થયું.' આ પ્રમાણે તેમની તર્જના કરીને દેવીએ પુનઃ આ પ્રમાણે કહ્યું કેઃ—'આ સ્થાનની ધૂલિ જો તમે ગ્રહણ કરો, તો તમને નિરોગતા થાય.' આથી તેમણે તે પ્રમાણે કર્યું. કારણ કે સ્વકાર્યમાં એક પરાયણ એવા આર્ત્તજનો શું શું કરતાં નથી ? પછી તે ધુલિથી તે સર્વની શિરોવ્યથા વિલય પામી અને બીજા પણ કોઢ વિગેરે દુષ્ટ રોગો વિના વિલંબે વિલય પામ્યા. વળી તે ધુલિના પ્રભાવથી તેમને પુત્ર, પૌત્રાદિક સંતતિ તથા લક્ષ્મી, શાંતિ અને માંગલ્ય પ્રમુખ પણ પ્રાપ્ત થયા પછી લોભલુબ્ધ તે બ્રાહ્મણોએ ત્યાંથી ધૂલિ એવી રીતે ગ્રહણ કરી કે, કેટલાક વખત પછી અનુક્રમે ત્યાં એક મોટો ખાડો થઈ પડ્યો. એ પ્રમાણે તે હેમખડુ થયો, પણ હે વિપ્રો ! તમે વિપરીત શાથી પ્રરૂપો છો ? હૃદયમાં કંઈ વિચાર પણ કેમ કરતાં નથી ? જે ગુરૂના માહાત્મ્યથી અમાવાસ્યા પણ પૂર્ણિમા થઈ, પ્રભૂત ભાગ્યવંત એવા તેમની નિંદા કોણ કરે ? વળી બાલ્યાવસ્થામાં જેમના હસ્તસ્પર્શમાત્રથી પણ વ્યવહારીના ઘરમાં અંગાર (કોલસા)નો ઢગલો એક ક્ષણવારમાં સુવર્ણમય થઈ ગયો. તે વખતે તેમનું હેમચંદ્ર એવું પરમ નામ ચરિતાર્થ થયું, અને વ્યવહારિયાએ તેમનું ઉત્તમ સૂરિપદ કરાવ્યું.

આ પ્રમાણે અંતરમાં વિચાર કરીને ગુણી જનોની સ્તુતિ કરવી, પણ સ્વહિતને ઇચ્છનારા જનોએ તેમના પર મત્સર કદાપિ ન ધરવો.

# નવમો ઉપદેશ

પ્રભૂત ભાગ્યવૈભવનો ઉદય થતાં માણસોને કોઈ અસધારણ વચન કળા પ્રાપ્ત થાય છે, જેને લીધે વાગ્મી વચનપટુ-વાચાળ પુરૂષ કુરૂપમાન્ છતાં ડામરદૂતની જેમ તે રાજાદિકને માન્ય થયા છે.

## ડામરદૂતની કથા

પાટણમાં બહુ પરાક્રમી ભીમરાજા રાજ્ય કરતો હતો તેને અત્યંત કુરૂપવાન્ એવો ડામર નામે બ્રાહ્મણ દૂત હતો પરંતુ તે વચસ્વી હોવાથી સર્વત્ર સમયોચિત નિઃક્ષોભપણે જાણતો અને બોલતો હતો તેથી તે અંતરમાં ગર્વ રાખતો હતો તે વખતે માલવદેશમાં અભંગુર ભાગ્યાવાન્, દાતા, ભોક્તા, ગુણી, શૂર, પ્રતાપી, વિનયી અને ન્યાયી એવો ભોજરાજા રાજ્ય કરતો હતો.

એકદા રાજાએ તે દૂતને ભોજરાજાની પાસે મોકલ્યો અને કહ્યું કે—'હે વિપ્ર! ત્યાં જઈને તારે એવું એવું બોલવું.' આ પ્રમાણે લાંબો વખત તેણે કહેલ વિચાર સાંભળી તેની અવગણના કરીને ત્યાંથી ઉઠતાં તેણે વસ્ત્રના છેડા ખંખેર્યા એટલે રાજાએ કહ્યું કેઃ-'આ શું?' તે બોલ્યો કેઃ-'તમારૂં કથન બધું અહીંજ નાખી દીધું.' આથી રાજા અત્યંત રૂષ્ટમાન થયો. 'હવે હું એવો પ્રચંડ રચું, કે જેથી મારી તરફ પ્રત્યનીક (વિરોધી) એવો આ પાપી ત્યાં જાય કે તરત ત્યાંનો રાજા એને વિડંબના પમાડે.' આ પ્રમાણે કોપને મનમાં ગુપ્ત રાખી રાજાએ રાખને રેશમી વસ્ત્રના બહુ રીતે વેષ્ટન પૂર્વક બાંધી તેને એક સુવર્ણની ડાબલીમાં નાખી, તેની ઉપર પોતાની મુદ્રા દઈને તે દૂતના હાથમાં

આપીને રાજાએ તેને કહ્યું કેઃ--'હે દૂત ! મારૂં આ ભેટણું તે રાજાને તારે આપવું.' પછી દૂત ત્યાંથી ચાલ્યો અને ક્ષેમપૂર્વક ધારાનગરે પહોંચ્યો ત્યાં ભોજરાજાને મળ્યો, એટલે તેનું રૂપ જોઈને રાજાએ પણ તેને પૂછ્યું કે:-'હે દ્વિજ ! તારા રાજાના સંધી અને વિગ્રહના સ્થાને દૂતો કેટલા છે ?' તે બોલ્યો કે 'હે માલવેશ ! મારા જેવા તો તે ઘણા દૂતો છે; પણ તેમાં તેમની યોગ્યતાના ક્રમથી અધમ, મધ્યમ અને ઉત્તમ બુદ્ધિવાળા-એવા ત્રિવિધ દૂતોને મોકલવામાં આવે છે.' આ પ્રમાણે તેના સ્મિતભર્યા ઉત્તરથી ધારાપતિ રંજિત થયો અને અંતરમાં વિસ્મય પામીને રાજાએ સસ્નેહે તેને બોલાવ્યો એટલે તેણે પણ પોતાના રાજાએ આપેલ પ્રાભૃત તેની આગળ મૂક્યું એવામાં સભાસદો બધા ભેગા થઇ તે સુવર્ણ સમુદ્ગક (ડાબલી)ને જોઇને 'આમાં કંઇક અપૂર્વ ચીજ હશે' એમ ધારી તે જોવાને સમુત્સુક થયા, પછી જેવામાં સેંકડો મનોરથ કરી રાજાએ તેને ઉઘાડયું અને તેમાં રાખ જોઈ તેથી વિલક્ષ (ઝાંખુ) મુખ કરી 'આ શું ?' એમ તે બોલ્યો એટલે દૂતે વિચાર કર્યો કે:-' તે પાપી રાજાએ ખરેખર મને ઉખેડી નાંખવાનો ઉપાય આરંભ્યો છે તથાપિ મારે અહીં સમયોચિત બોલવું એમ ધારીને તેણે કહ્યું કે:-' હે દેવ ! સાંભળો-અમારા સ્વામીએ અશ્વો અને રોગોથી પીડાતા માણસોની શાંતિ ને માટે લક્ષ હોમયજ્ઞ કર્યો તેની આ ઉત્તમ રાખ છે, સોનામહોર આપતાં પણ તેનો લવ માત્ર મળી ન શકે, વળી છ મહિનાનો રોગ એનાથી નાશ પામે અને પુનઃ થાય નહિ. આ રાખને તિલમાત્ર પણ મેળવનારને ભાગ્યવંત સમજવો. હે રાજન્ ! વધારે શું કહું ? પણ એના પ્રભાવથી અંતઃપુરને, અશ્વોને અને નગર જનોને એક ક્ષણવારમાં

રોગોપશાંતિ થાય. અભીષ્ટ મિત્રતાથી તે રાજાએ તમને આટલું ભેટણું મોકલ્યું છે. માટે હે રાજેંદ્ર! તેનું બહુમાન કરો.' આથી સંતુષ્ટ થયેલ રાજાએ સર્વ સભાસદોને અને સ્ત્રીજનોને તે થોડી થોડી આપી અને તે સપ્રભાવી હોવાથી તેમણે સ્વીકારી. પછી તે દૂતને રાજાએ પાંચસો શ્રેષ્ઠ સોના મહોર અને અશ્વ તથા પટ્ટકુલાદિ તેના માગ્યા પ્રમાણે આપ્યા. તે બધું લઈને પાટણમાં આવ્યો અને તે ભીમ-રાજાને બતાવ્યું આથી રાજાએ સંતુષ્ટ થઈને તેને પૂછ્યું કેઃ–'હે વિપ્ર! ત્યાં જઈને તેં શું શું કહ્યું. તે અત્યારે કહી સંભળાવ' એટલે તેણે યથોક્ત પોતાનો વૃત્તાંત કહી બતાવ્યો. અને તેથી રાજા અત્યંત વિસ્મય પામ્યો.

હવે પુનઃ એકદા તેને ગર્વિષ્ઠ જોઇને રાજાએ કહ્યું કે–હે મૂઢ! મારા પ્રસાદથી જીવીને ગર્વ શું કરે છે?' તેણે કહ્યું કેઃ–'હે રાજન્! હું મારી વચનચાતુરીથીજ જીવું છું, તેમાં તારૂં શું છે? આ પ્રમાણે વિવાદ થતાં રાજાએ ફરી પણ તેને ત્યાં મોકલ્યો, અને રાજાએ એક લેખ મુદ્રિત કરીને તેને આપ્યો. એટલે અનુક્રમે તે દૂત જ્યાં ભોજભૂપ બેઠો હતો, ત્યાં જઈ પહોંચ્યો. તે વખતે સ્નાન પીઠપર બેઠેલ અને જળથી મસ્તકને જેણે આર્દ્ર કરેલ છે એવા રાજાએ તેને બોલાવ્યો કેઃ–'હે દૂત! તને સ્વાગત છે.' વળી રાજાએ જરા હાસ્યથી તેને પૂછ્યું કેઃ–'પાટણમાં રહે-નાર તારો સ્વામી ભીમડ નાપિત આજ કાલ શું કરે છે? તેણે કહ્યું કેઃ–'તે બહુ રાજાઓનાં મસ્તક મુંડે છે. પણ આર્દ્ર કરેલ આ તમારા મસ્તકનો તો અદ્યાપિ વારો પણ આવતો નથી.' આ વાકયથી ધ્વનિત થયેલ રાજાએ તેને સુવર્ણની જીભ અપાવી, અથવા તો સમયોચિત વચન કોને

ન રૂચે ? પછી તે લેખ ખોલીને જેટલામાં તે પોતે વાંચે છે, તેટલામાં ત્યાં 'દૂતને મારી નાખજો.' એવી પંક્તિ રાજાના જોવામાં આવી. પછી ક્ષણવાર વિચારીને રાજાએ તે દૂતની આગળ યથાસ્થિત વૃત્તાંત જણાવ્યો. એટલે આકાર ગોપવીને દૂતે પણ રાજાને આ પ્રમાણે કહ્યું કે—'હે રાજેન્દ્ર ! સાંભળો મારી જન્મ પત્રિકા મને યાદ આવી. તેમાં હિતૈષી દૈવજ્ઞે એવું લખ્યું છે કે-- 'પચાશમે વર્ષે એની એક આવલિકા પણ વિપત્તિ કરનાર છે અને જ્યાં એનું મરણ થશે, ત્યાં બાર વરસનું દુર્ભિક્ષ પડશે. હે પ્રભો ! તે ધુર્ત્તરાજાએ મને અહીં તમારી પાસે મોકલ્યો છે. માટે તેના ગ્રાસના અનૃણ પણાને ઇચ્છતા એવા મારૂં મરણ થાઓ.' આ પ્રમાણે મગરૂરીથી કહીને જેટલામાં તે પોતાના ઉદરમાં છરી મારવા લાગ્યો, તેવામાં રાજાએ તેનો હાથ પકડીને અટકાવ્યો. છતાં 'હે દેવ ! હું મરીશજ, મને શા માટે અટકાવો છો ? જો સત્વર નાશવંત પ્રાણ સ્વામીના કાર્ય માટે જતા હોય, તો ભલે જાઓ.' આ પ્રમાણે બોલતા તેને અટકાવી એક હજાર સોના મહોર અને પાંચસો ઘોડા આપીને પોતાના દેશથી પણ તેને દૂર રવાના કરી દીધો. પછી મોટા આડંબર પૂર્વક તેણે ભીમ રાજાને પ્રણામ કર્યા અને પોતાનો યથા સ્થિત વૃત્તાંત સવિસ્તર કહી બતાવ્યો. ત્યારથી તે પોતાની વચનકળાથી રાજા વિગેરેને માન્ય થઈ પડયો. માટે હે ભવ્ય-જનો ! તમે પણ તે વાક્કલામાંજ મનને સ્થિર કરો, કે જેથી સંકટ સાગરના મોજાં તમને સતાવે નહિ અને બંને લોકમાં સુખ સત્વર પ્રાપ્ત થાય,

●

# દશમો ઉપદેશ

ન્યાય નીતિ એ માણસોનું પરમ નિધાન છે, ન્યાય નીતિથી વિશ્વ સુખી થાય છે અને નદીઓ જેમ સમુદ્રનો આશ્રય કરે તેમ લક્ષ્મી ન્યાય સંપન્ન પુરૂષનો આશ્રય કરે છે. દરરોજ સવારે બધા લોકો રામનું નામ સંભારે છે, પણ રાવણને કોઈ યાદ કરતું નથી. તો રામે શું આપ્યું છે અને રાવણે શું લઈ લીધું છે? પણ માત્ર અહીં સન્યાય એજ કારણ છે. કહ્યું છે કે:–'ન્યાય માર્ગે ચાલનારને તિર્યંચો પણ સહાય કરે છે એને વિમાર્ગે જનારને ભાઈ પણ મૂકીદે છે. જે દિવસે દેવતાઓ પણ સેવા કરતા હતા, તેવા પણ રાવણના દિવસો હતા. અને જ્યારે દિવસો ફર્યા ત્યારે પત્થર પાણીમાં તરવા લાગ્યા. હે વીર! જે પત્થરા દુસ્તર સાગરમાં પોતે ડુબી જાય અને બીજાઓને ડુબાડે, તેજ પત્થરા પોતે તરે છે અને વાનર સુભટોને તારે છે. એ પત્થરના, સમુદ્રના કે વાનરોના ગુણો નહિ, શ્રીમાન રામચંદ્રના પ્રતાપનો તે મનહર મહિમા ચળકતો હતો. વળી જેની આજ્ઞાથી પડતી ભીંતો પણ નિશ્ચલ થાય છે અને જેના નામના કીર્ત્તનથી ભૂતાદિક વશ થાય છે. તેનું સચ્ચરિત્ર તો દૂર રહો, પણ તેનો સેવક યશોવર્મા રાજા પણ જેવો ન્યાયી હતો, તેવો બીજો ભાગ્યે હશે.

## યશોવર્મા નૃપની કથા

કલ્યાણકટ નગરીમાં રામચંદ્રની જેમ નીતિ-લતાને મેઘ સમાન એવો યશોવર્મા રાજા વિસ્તૃત રાજ્ય કરતો હતો. તેને પોતાના શરીરના મેલની જેમ દ્વિષ્ટ-દ્વેષી પુત્ર પણ

ત્યાજ્ય હતો અને પુષ્પની જેમ ગુણવાન પરકીય પણ માન્ય હતો. તેણે પોતાના રાજ મહેલના મુખ્ય દ્વાર આગળ એક ન્યાય ઘંટા બંધાવી હતી. જેને જ્યારે કામ પડે, ત્યારે તે પેલી ઘંટા વગાડે. અને રાજા તે વ્યક્તિની પોતાના ધનથી ચા પ્રાણથી પણ કાલજી કરતો હતો. એ પ્રમાણે રાજ્ય પાળતાં તે વખત વ્યતીત કરતો હતો.

એકદા તેના ન્યાયની પરીક્ષા કરવા રાજ્યની અધિષ્ઠાય દેવી ગાયનું રૂપ લઈને રાજમાર્ગમાં બેઠી અને સૌંદર્ય તથા સુકુમાર પણાથી મનોહર તથા તરત જન્મેલ એવા એક વાછરડાને વિકુર્વીને તેને પોતાની પાસે બેસાર્યું એવામાં તે રાજાનો અતિ ઉદ્ધત પુત્ર રાજમહેલમાંથી એક શ્રેષ્ઠ વાહિની (ગાડી) પર ચડીને ત્યાં આવતો હતો અને અત્યંત વેગથી તેણે તે વાહિની પેલા વાછરડા પરથીજ ચલાવી તેથી તે બિચારો મરણ પામ્યો; આથી તે ગાય અત્યંત બરાડા પાડવા લાગી તથા અતિશય આંસુ પાડવા લાગી. આવી તેમની દુર્દશા (થયેલી) જોઈને લોકો હાહાકાર કરવા લાગ્યા. એવામાં કોઈએ તે ગાયને કહ્યું કે:– 'હે ભદ્રે ! રાજમંદિર આગળ જા અને ત્યાં જે ન્યાય ઘંટા બાંધી છે તે શીંગડાથી વગાડ કે જેથી રાજા આ તારા અન્યાયનો પ્રતીકાર (ઈલાજ) કરે. કારણ કે રાજા એ સર્વ સાધારણ પંચમ લોકપાલ છે' આ પ્રમાણે સાંભળીને તેણે ત્યાં જઈને ઘંટાને જોરથી વગાડી તે વખતે રાજા ભોજન કરવા બેઠો હતો ત્યાં અકાલે ઘંટાનો નાદ સાંભળીને સસંભ્રમથી રાજાએ પોતાના સેવકને કહ્યું કે:–' અત્યારે ઘંટા કોણે વગાડી ?' એટલે તેમણે પણ ત્યાં જોઈને કહ્યું કે:–'અહીં ગાય વિના બીજું કોઈ નથી.' 'અરે અકાલે અહીં ગાય કયાંથી ? એમ બોલતાં રાજા પોતેજ

ઉઠયો અને ત્યાં આવીને ખેદ સહિત રાજાએ તે ગાયને પૂછયું કે:–'અહા ! કયા પાપીએ તારો પણ પરાભવ કર્યો ? જેણે તારો પરાભવ કર્યો તે અત્યારેજ મને દેખાડ' તે બિચારી માનવભાષામાં બોલી તો ન જાણતી, પરંતુ આગળ થઈને પૂંઠે લાગેલા રાજાને તેણે પોતાના જીવિતવ્યની જેમ તે વત્સ દેખાડયો, એટલે રાજાએ હટ્ટાદિકપર બેઠેલા મહાજનને પૂછયું કે:–'આવું ક્રૂર કર્મ કયા પાપીએ કર્યું છે. તે જણાવો બધા માણસો તે અન્યાય કરનારને જાણતા હતા, પણ તેના પુત્રના અનર્થની શંકાથી કોઈએ જવાબ ન આપ્યો એટલે રાજાએ વધારે આગ્રહથી પૂછતાં પણ જ્યારે કોઇએ જવાબ ન આપ્યો, ત્યારે ક્રોધાયમાન થયેલા રાજાએ ભ્રૂક્ષેપપૂર્વક આ પ્રમાણે કહ્યું કે:–'અહા ! તમે પણ પાપી છો. કે આવું અનુચિત કૃત્ય જોયા છતાં બોલતા નથી માટે પક્ષપાતી એવા તેને સંધ્યાપર્યંત રહેતાં તે દિવસે લાંઘણ થઈ. અહો ન્યાયની પ્રધાનતા ! એવામાં સાંજરે તે રાજાનો પુત્ર ઘરે આવ્યો અને પોતે કરેલ અન્યાય જણાવીને કહ્યું કે:–'હે પ્રભો ! મને દંડ કરો.' પોતાના પુત્રે કરેલ અન્યાય સાંભળીને રાજા દુભાયો. પણ જેનાથી કર્ણચ્છેદ થાય, તેવા સુવર્ણથી પણ શું ? પછી પ્રભાતે સભામાં રાજાને નીતિવિશારદોને પૂછયું કે:–'એ પુત્રને શો દંડ કરવો ! તે કહો. એટલે તેઓ બોલ્યા કે:–'હે પ્રભો એક લોચન સદેશ રાજ્યને લાયક આ તમારે એકજ પુત્ર છે. માટે એને શો દંડ હોય ?' પછી રાજાએ કહ્યું કે:–' મારે ન્યાય જ પ્રધાન છે. અન્યાયી પુત્રથી શું ? જો એને શિક્ષા ન અપાય, તો બીજા પણ એ પ્રમાણે કરે. માટે હે વિચક્ષણો ! એને જે દંડ થાય, તે કહો. તમારે મારૂં દાક્ષિણ્ય લેશ પણ ન કરવું. કારણ કે તમને હું અભય આપું છું.' એટલે તેઓ બોલ્યા કે:–'હે દેવ ! મનોજ્ઞ કે

અમનોજ્ઞ જે જેવું કરે, તેને તેવું કરાય–એવી શાસ્ત્રોક્તિ છે. માટે જેમ એણે વત્સ ઉપરથી વાહિની ચલાવી, તેમ એને પણ તેવો દંડ કરાય, પણ એને બીજો કોઈ દંડ ન થઈ શકે. પછી વાહિની અણાવીને અને પુત્રને રસ્તામાં સુવાડીને રાજાએ માણસોને કહ્યું કે:–' પ્રજાજનો ! આને પુત્રના ઉપરથી ચલાવો.' આવા પ્રકારનો તેનો આદેશ જ્યારે કોઈ પણ ઉઠાવી શકયો નહિ, ત્યારે રાજા સર્વ લોકોની સમક્ષ આ પ્રમાણે બોલ્યો કે:–'આ મારો દુષ્પુત્ર જીવિતથી ભલે વિનષ્ટ થાઓ. જેને ન્યાય વલ્લભ નથી, તેવડ સ્વીયજ નથી પણ શું ?' એમ કહીને સહસા પોતે ઉઠી તેના પર બેસી દયારહિત થઈ જેટલામાં તે રાજા પોતે પુત્રની ઉપરથી તે વાહિની ચલાવવા લાગ્યો, તેવામાં ત્યાં ગાય કે વત્સ કોઈ રાજાના જોવામાં ન આવ્યા, પણ દેવી આગળ આવીને તેની આ પ્રમાણે પ્રશંસા કરવા લાગી:–'હે સત્ત્વવંતમાં અગ્રેસર ! હે ન્યાય પરાયણ ! તું જય પામ. શ્રી રામની જેમ તારા સૌભાગ્યને કોણ સ્તવી શકે ? તારો પુત્ર આયુષ્માન્ થાઓ અને તું સામ્રાજ્યનું પરિપાલન કર. આ તો મેં તારી પરીક્ષા કરી.' એમ કહીને તે દેવી અંતર્ધાન થઇ ગઈ.

એ પ્રમાણે રાજા વિગેરેએ ન્યાય પાળવો, કે જેથી સર્વ સંપત્તિઓ હસ્તગત થાય. વર્ષાકાલમાં પૂર્વના બે માસના મેઘ વિના શું ધાન્ય ઉત્પન્ન થાય ?

# અગિયારમો ઉપદેશ

ધર્મ સદા માણસોને ફળ તો આપે જ છે, પણ પર્વ દિવસે કરેલ ધર્મ વિશેષ થાય છે. વર્ષાકાલનું બધું એ જળ ઈચ્છત આપે છે, છતાં સ્વાતિ નક્ષત્રનું જળ મોતી ઉત્પન્ન કરે છે. 'આયુષ્યનો બંધ પ્રાયઃ પર્વ દિવસે થાય છે.' એમ જીનેશ્વરો કહે છે, માટે તે પર્વ દિવસે સૂર્યયશા રાજાની જેમ ધર્મમાં વિશેષે દૃઢતા રાખવી જોઈએ.

## સૂર્યયશા નરેંદ્રની કથા

અયોધ્યા નગરીમાં પ્રથમ ચક્રવર્તીનો કુશળ એવો સૂર્યયશા ભૂપ પુત્ર હતો. જેના નામથી આ વસુધાતલ પર અત્યંત વિસ્તૃત એવો સૂર્યવંશ પ્રથિત પ્રસિદ્ધ થયો. દશ હજાર રાજાઓ સહિત તે પર્વના દિવસે પૌષધવ્રત કરતો હતો, તેની આજ્ઞાથી તે દિવસે બાળકો પણ ભોજન કરતાં નહિ, તો આસ્તિક જનો તો શેના કરે ?

હવે એકદા તેના ગુણથી રંજિત થઈ મસ્તકને ધુણાવતા એવા ઇંદ્રને ઉર્વશી કહેવા લાગી કેઃ--'હે સ્વામિન્ ! નિમિત્ત વિના કેમ આ મસ્તક ધુણાવ્યું ?' એટલે ગૌરપૂર્વક તેને કહ્યું કે :'અયોધ્યાપુરીમાં સુશ્રાવક સૂર્યયશા નરેશ્વર વિશાલ રાજ્ય કરે છે. હે કમલાનને ! તેના વ્રતની દૃઢતા જોઈને મેં શિર હલાવ્યું.' (અનુમોદન કર્યું) આ સાંભળીને તે બોલી કેઃ—'હે નાથ ! એક મનુષ્યમાત્રની આવી વૃથા સ્તુતિ કેમ કરો છો ? કે જે સાત ધાતુથી બંધાયેલ અને અન્નથી પોષાયેલ એવા શરીરને ધારણ કરે છે. જો તે મારી પરીક્ષા-

માંથી પસાર થાય, તો તમારૂં કથન સત્ય છે, અન્યથા વૃથા છે.' આ પ્રમાણે કહીને તેની પરીક્ષા કરવાને ઉત્સુક એવી તે રંભાની સાથે અયોધ્યા નગરીમાં આવી. ત્યાં શક્રાવતાર નામના જિનમંદિરમાં આવીને પોતાના કરકમળમાં વીણા લઈને તે બંને ગીત, નૃત્યાદિક કરવા લાગી. તે વખતે સમીપના વૃક્ષોમાં રહેલા પક્ષીઓ, ભુજંગ, ગૌ, અને હરણાદિક પણ તે નાદમાં લીન થઈ, તથા ઈતર જનો પણ તેમાંજ એકાગ્ર થઈ જાણે પત્થર પર આલેખ્યા હોય તેવા સ્થિર થઈ રહ્યા. એવામાં તે માર્ગથી જતાં રાજાએ તેમનો મનોહર ગીતનાદ સાંભળ્યો તે સાંભળતાંજ રાજા સ્તંભિત થઈ ગયો. અથવા તો ગીતનાદ કોને મોહક ન થાય? વધારે શું કહેવું, પરંતુ તે વખતે અશ્વ અને પદાતિ પ્રમુખ તેની સેના પણ આગળ જવાને અસમર્થ થઈને તન્મય થઈ ગઈ. ત્યાં આવી સ્થિતિ જોઈને આશ્ચર્ય થયું. પછી 'મારાં બે કામ થશે' એમ ધારી તેમાં મોહિત થઈને રાજાએ ચૈત્યમાં પ્રવેશ કર્યો, અને ત્યાં યુગાદીશજિનની સ્તુતિ કરીને તે રંગમંડપમાં બેઠો, અને પોતાના શ્રવણપટથી તેમના વચનરૂપ સુધારસ પીતાં તથા લોચનથી તેમના શરીરના રૂપની શોભા જોતાં તે પોતાના ચિત્તમાં એક તૃતીય પુરૂષાર્થનેજ શ્રેષ્ઠ સમજવા લાગ્યો. પછી તેમના કુલાદિક જાણવાને રાજાએ અમાત્યને આદેશ કર્યો, એટલે તે પણ તેમની પાસે જઈને પૂછવા લાગ્યો કે:—'તમે ક્યાંથી આવ્યા છો? તમારૂં નામ અને કુળ શું? તે જણાવો.' પછી તેમાંથી એક મંત્રીને કહેવા લાગી કે:—અમે શ્રીમણિચૂડ નામના વિદ્યાધર રાજાની પુત્રીઓ છીએ, અને નિરંતર વીણાવિનોદ તથા ગીતાદિકમાં ઉત્સુક અને સજ્જ રહીએ છીએ. એકદા અમારા પિતાએ 'આ કન્યાઓ

હવે કયા વરને આપવી ?' એવી જેટલામાં ચિંતા કરી, તેવામાં પોતાને અભીષ્ટ એવા તથા પ્રકારનાં પતિના અભાવને લીધે તે ચિંતાસાગરથી નિવૃત્ત થયો. અર્થાત્ તેણે ચિંતા મૂકી દીધી. જો પતિ સ્ત્રીઓને વશ થાય. તોજ તેમને સુખ છે, અન્યથા ગાઢ વિડંબના માત્ર છે. ત્યારથી હવે અમે સત્તીર્થ સેવાજ કરીએ છીએ, રોગની જેમ ભોગમાં હવે અમારૂં મન નથી.' આ પ્રમાણે સાંભળીને રાજાની અનુમતિથી મંત્રીએ પુનઃ તેમની આગળ આદરપૂર્વક કહ્યું કેઃ--'આ રાજા વૃષભસ્વામીના પૌત્ર, ચક્રવર્ત્તીના પુત્ર કલાવાન્ બલવાન્, અને સદ્‌ગુણી છે, તથા તમારા વચનને અન્યથા કરતાં હું એને અટકાવીશ. માટે એને તમારો શ્રેષ્ઠ પતિ કરો. જો તમારા મનમાં રૂચિ હોય, તો કોઈ ભવાંતરમાં પણ આવો પતિ મળવાનો નથી. આ કોલકરારમાં શ્રી જિનેશ્વરજ સાક્ષી, કે જે સમક્ષ બિરાજમાન છે. બીજા જનોને વચમાં નાખવાની કાંઈ જરૂર નથી,' ઈત્યાદિ ગાઢ આગ્રહથી તેમનું રાજાની સાથે સવિસ્તર વિવાહમંગલ થયું. પછી તે બંનેની સાથે તેમનામાંજ લીન થઈને રાજાએ કેટલાક દિવસો ભોગસુખો ભોગવ્યાં. કારણકે ગંગા (દેવી) ની સાથે ભરતરાજાએ શું હજાર વર્ષ પર્યંત ભોગો ન્હોતા ભોગવ્યા ?

એવામાં એક દિવસે 'હે લોકો ! સાંભળો, કાલે અષ્ટમીપર્વ થશે.' એ પ્રમાણે અમંદ ખેદ ઉપજાવનાર અને સ્ફુટ સ્વરે વાગતો એવો પટહ તે દેવીઓએ સાંભળ્યો. પછી જાણે જાણતીજ ન હોય તેમ ઉર્વશીએ રાજાને કહ્યું કેઃ--'હે નાથ ! આ પટહ શાને વાગે છે ?' તે બોલ્યો કેઃ--'હે તન્વંગી ! પર્વને માટે હંમેશા આ પટહ વગાડવામાં આવે છે. ત્રયોદશી અને સપ્તમીના દિવસે મારી આજ્ઞાથી એ પટહ વગાડવામાં આવે છે. જો એમ કરવામાં ન આવે, તો પ્રમાદી જનોને

પર્વ અને ઇતર દિનની ખબર કેમ પડે ? વળી પર્વ દિવસે અહીં મારી આજ્ઞાથી લોકો પૌષધ, ચતુર્થવ્રત, જ્ઞાન, તપ અને ક્રિયાદિક કરે છે તથા સ્નાન, શિરોગુંફન, અને ખંડન (ખાંડવું) વિગેરેનો નિષેધ કરે છે.' આ સાંભળીને રંભા બોલી કે—'હે નરેંદ્ર ! યૌવન, સદ્ભોગનો યોગ અને સુખ-સંપત્તિ વિગેરે—એ હસ્તગત છતાં પરલોકની આશાથી વૃથા શા માટે હારી બેસો છો ?' રાજાએ કહ્યું કે:—'હે સુંદરી ! જિનેદ્રભાષિત પર્વ વ્રત મહા ફલદાયક થાય છે, એમ તાતનું કથન છે. તો અલ્પ સુખના માટે હું તે વ્રતનો કેમ ત્યાગ કરૂં ? જેમનામાં શીલ, તપ, ક્રિયા, વિવેક અને વૈરાગ્ય પ્રમુખ ગુણો નથી. તેમનો જન્મ અહીં પશુઓની જેમ નિષ્ફળ છે અને પરલોકમાં તેમને ઘોર દુર્ગતિ પ્રાપ્ત થાય છે.' એટલે ઉર્વશી બોલી કે:—હે ભલા ભૂપતિ ! તે જિનેંદ્રની સમક્ષ પોતાની જીભથી જે અંગીકાર કર્યું છે કે—'તમારૂં વચન મારે ઓળંગવું નહિ, શું તે પણ તું ભૂલી ગયો ? જેના વચનમાં સ્થિરતા નથી, તેને ધિક્કાર થાઓ ! પુરૂષોમાં તે પણ એક મૂર્ખ શિરોમણિ ગણાય છે. અમે ભર્ત્તારને સ્વાધીન કરવા કુલાદિકનો ત્યાગ કર્યો અને સુખની ઇચ્છાથી તને પતિ કર્યો પણ સુખ પ્રાપ્તિને બદલે અમને ઉભય ભ્રષ્ટતા પ્રાપ્ત થઈ. હે વિભો ! હવે અમારે કયાં જઈને પોકાર કરવો ? આ એક વખત તારી પરીક્ષા કરી, એટલે તારૂં વચન ગયું. પણ મારૂં શું જવાનું હતું. ? માટે હવે તો અમે બળતી ચિંતામાં પ્રવેશ કરીને મરણને શરણ થશું. માન વિનાના જીવિતથી શું ?' ઇત્યાદિ તપ્ત સીસા સમાન તેનું વચનસાંભળીને રાજાએ પુનઃ તેને કહ્યું કે—'હે અધમ અંગના ! તું વિદ્યાધરની સુતા નથી, પણ કોઈ દુષ્ટ ચંડાળના કુળમાં ઉત્પન્ન થયેલી લાગે છે. કસ્તૂરિકાની ભ્રાંતિથી અંજન અને સુરતરૂના ભ્રમથી

મેં ધત્તૂરાનું ગ્રહણ કર્યું. વળી હે પ્રિયે ! તું ભંડાર લે, અથવા તો વસુધા લઇ લે, યા તો બીજું કાંઇ જે તને ઇષ્ટ હોય, તે કરૂં, પણ મને પર્વવ્રત ન તજાવ જેના લોપથી અવશ્ય દુર્ગતિજ મળે છે.' એટલે પુનઃ તે બોલીઃ--'જેને વચનની પ્રતિષ્ઠા નથી, તે પુરૂષાધમ સમજવો. તેને મોટા દાનથી પણ શું ?' વળી પુનઃ તે કપટાંગના બોલી કેઃ--'જો તારે વ્રતભંગ ન કરવો હોય, તો શક્રાવતાર નામનું આ ઉન્નત આદિનાથનું મંદિર પાડી નાખ ! આ સાંભળીને રાજા જાણે વજ્રથી ઘાયલ થયો હોય તેવો થઈ ગયો અને મૂર્છા ખાઈને તરત જમીનપર પડચો. પછી ક્ષણવારમાં સાવધાન થઈને તે બોલ્યો કેઃ-'હે પાપિની ! હે દુષ્ટે ! તું નિશ્ચય મ્લેચ્છકુળમાં ઉત્પન્ન થઈ છે, કે જેથી તું આવી દુષ્ટ વાણી બોલે છે. માટે હવે તમે બંને મારી પાસેથી ચાલી જાઓ.' આથી તે સાંત્વનપૂર્વક પુનઃ બોલી કેઃ-'હે નાથ ! તને વારંવાર કહેતું, પણ તેં મારૂં એક વચન પણ ન રાખ્યું. તો હવે તારા પુત્રનું મસ્તક મને આપ ! એમ કહેતાં 'મારા વિના મારો પુત્ર ન હોય, માટે મારૂં શિરજ લઈ લે' આ પ્રમાણે બોલતો રાજા તરવારથી પોતાના કંઠને જેટલામાં છેદે છે, તેટલામાં તે બંને પ્રગટ થઈ અને એ રીતે તેની વારંવાર પ્રશંસા કરવા લાગી કેઃ-'હે વસુધાપતિ !હે સર્વ ઇંદ્રિયને શાંત કરનાર ! હે સંગવર્જિત ! ચક્રીનંદન ! રાજેંદ્ર, તું જય પામ.' પછી પૂર્વ સંબંધ કહી અને પુષ્પ, સુવર્ણ અને રત્નની વૃષ્ટિ કરીને તે બંને સ્વર્ગમાં ગઈ અને રાજાએ પણ વિશેષ ધર્માચરણપૂર્વક ચિરકાલ પ્રાજ્ય (વિશાલ) સામ્રાજ્ય પાળ્યું, અને પ્રાંતે તાતની જેમ કેવલજ્ઞાન ઉપાર્જન કરીને તે ભરતસુત સૂર્યયશા રાજા પરમપદ પામ્યો.

આ પ્રમાણે હે ભવ્યજનો ! જો તમારે સમસ્ત સુખ સંપત્તિને સ્વાધિન કરવી હોય, તો ધર્મમાં અતુલ દૃઢતાને ધારણ કરો.

## બારમો ઉપદેશ

હઠથી નહિ, પણ વિધિપૂર્વકજ આરાધન કરતાં ધર્મ ફળને આપે છે. વિધિ વિના વ્યય કરતાં પણ કામધેનુએ રાજાને દૂધ આપ્યું નહિ. તામલિ તાપસે સાઠ હજાર વર્ષ પર્યંત સ્વરૂચિપૂર્વક તપસ્યા કરી, છતાં વિવેક વિના તે અલ્પ ફળને પામ્યો. માટે બહુ કષ્ટ કે યોગથી શું ? વળી કૂરગડુ-મુનિ નિત્ય ભોજન કરતાં પણ વિવેકની સહાયતાથી કેવલ-જ્ઞાન પામ્યા અને અન્ય શ્રમણો તપસ્યા કરતાં છતાં પણ તે (જ્ઞાન) મેળવી ન શક્યા.

પ્રથમ શ્લોકમાં કહેલ દૃષ્ટાંત આ પ્રમાણેઃ–

### ધનદશ્રેષ્ઠીની કથા

પૃથિવીપુરમાં ધનદ નામે શ્રેષ્ઠી હતો. તેને પ્રાયઃ ગોરસ વધારે પ્રિય હતો. દધિ, દૂધ અને દૂધપાક–તે પોતે જમતો અને બીજા મિત્રોને જમાડતો હતો. તેથી તેનું ગોધન બહુ વધી પડ્યું. કોઈ દ્રોણ પ્રમાણ દૂધ આપનારી, કોઈ વંજુલા અને કોઈ સુવતા એમ બહુ ધનનો વ્યય કરીને તેણે સેંકડો ગાયોનો સંગ્રહ કર્યો હતો.

હવે એકદા ધનાર્થી તે શ્રેષ્ઠી પાંચ છ સારી ગાયોને વહાણમાં લઈને અનુક્રમે રત્નદ્વીપમાં ગયો. ત્યાં સમુદ્રતટપર વહાણોને બાંધીને પોતાના સાર્થને સુસ્થાને બેસાર્યો. પછી સુગંધિ ઘી, સરસ સાકરના યોગથી શ્રેષ્ઠ એવા દૂધપાકના અનેક થાળ ભરીને તે શ્રેષ્ઠીએ શ્રેષ્ઠ છતાં રત્નોને ઢેફાની જેમ

તજીને અપૂર્વપણાથી ત્યાંના રાજાને તેનું ભેટણું કર્યું. એટલે સર્વ ઇંદ્રિયોને સુખદ એવા તેનો ઇચ્છાપૂર્વક કંઠ સુધી આસ્વાદ લઈને ઉદ્દગાર કરી પ્રસન્ન થયેલ રાજાએ તેને કહ્યું કેઃ-'હે શેઠ! આ શું કહેવાય? એની નિષ્પત્તિ કેમ થાય? અથવા તો સ્વર્ગ કે પાતાલનું આ પીયૂષ (અમૃત) ભોજન છે?' શ્રેષ્ઠીએ કહ્યું કેઃ-'હે દેવ! એ દૂધપાક છે, તે ભાગ્યવિના પ્રાપ્ત ન થાય. પરંતુ પ્રસન્ન થયેલ એક મારી કામધેનું મને દરરોજ તે આપે છે.' આથી સંતુષ્ટ થઈને રાજાએ તે શ્રેષ્ઠીની જકાત માફ કરી અને તેથી ક્રય વિક્રય કરતાં ત્યાં તેને બહુ લાભ થયો. પછી અવસરે પોતાના નગર તરફ જવાની ઇચ્છાથી તેણે રાજાને જણાવ્યું કેઃ-'હે દેવ! જો આપની આજ્ઞા હોય તો હું સ્વદેશમાં જાઉં.' રાજાએ કહ્યું કેઃ-'પરમ અન્નને આપનારી તારી પાસે જે કામધેનુ છે, તે મને આપ, કે જેથી આપણો પ્રેમ નિશ્ચલ થાય.' તેણે કહ્યું કેઃ-'હે પ્રભો! આપ પ્રસન્ન રહો. એમાં કહેવાનું શું હતું? ખુશીથી તે ગ્રહણ કરો.' એમ કહીને તે રાજાને આપી અને પોતે પોતાના નગરે ગયો. હવે રાજાએ તે કામધેનુને એક શ્રેષ્ઠ મકાનમાં રાખી અને આવી આવી રીતે તે તેની આરાધના કરવા લાગ્યો; ભોગના યોગથી અનેકવાર તેની વિવિધ પૂજા કરવામાં આવતી, તેને ચામરો વીંજવામાં આવતા, તેના પર છત્રો ધરવામાં આવતાં અને પાંચસો સોનામહોર ખર્ચીને રાજા તેને ભોગ ધરતો અને બીજાઓપાસે તે ગીત તથા નૃત્યાદિક ઉત્સવો કરાવતો હતો અને કહેતો કેઃ-'હે માત મને પરમાન્ન આપો.' પણ નિબિડ અજ્ઞાનથી પીડિત એવો તે બિચારો તેના ઉપાયને જાણતો ન હતો. પછી કેટલેક દિવસે ચારા, પાણી અને શુશ્રુષાના અભાવથી તે બિચારી મરણ પામી. એટલે રાજા પોતાને પાપી સમજીને નિંદવા

લાગ્યો:-'અહો ! આપણું અભાગ્ય, અહો ! આપણા પાપનો સમૂહ, કે હાથમાં આવેલ રત્નને પણ દેવે એક ક્ષણવારમાં ઉડાડી દીધું.

હવે એકદા તેજ શ્રેષ્ઠી ત્યાં આવ્યો અને તેવીજ રીતે તેણે રાજાને ભેટણું કર્યું. એટલે રાજાએ તેને કહ્યું કે:-'હે ભદ્ર ! અમારા હિતની ઇચ્છાથી તેં જે અમને કામધેનુ આપી, તેણે એક વખત સ્વલ્પ પણ પરમાન્ન અમને આપ્યું નહિ. વળી અમોએ તેની અનેક પ્રકારે ભક્તિ કરી, પરંતુ તેણે કોઈ વખત પણ અમને કંઈ પ્રત્યુત્તર પણ ન આપ્યો. પરમાન્ન તો દૂર રહ્યો, પરંતુ તેણે તેની વાત પણ ન કરી. તો શું તેમાં અમારૂં અભાગ્ય હશે યા બીજું કંઈ કારણ છે ?' શ્રેષ્ઠીએ કહ્યું કે:-'હે રાજેંદ્ર ! એને શુષ્ક તૃણાદિક અપાય, અને રોજ બે વાર દોહીને દૂધ લેવાય. તે દૂધ ચોખા સાથે રાંધવાથી દૂધપાક થાય-આવો તેનો વિધિ છે. ઇતર વ્યય કરવાથી શું ?' પછી ઉપાય જાણવાથી રાજા દૂધ પાક તૈયાર કરાવતો અને તેથી તે સુખી થયો. તથા તે વિધિ તેણે બીજાઓને પણ બતાવ્યો.

આ પ્રમાણે વિધિ પૂર્વક આરાધેલ ધર્મ પણ માણસોને સુખદાયક થાય છે, અને વિધિ વિના આરાધેલ છતાં તે અલ્પ ફલપ્રદ થાય છે. કારણ કે-

'નિર્વિવેકી અને વિવેકી જનોએ પૂર્વ ભવમાં ધર્મનું આરાધન કરેલ હશે, પણ વિધિ અવિધિના ભેદથી અવિવેકી શ્રીપત્તિ (લક્ષ્મીનો દાસ) અને વિવેકી શ્રીપતિ (લક્ષ્મીનો-સ્વામી) એમ યથાક્રમે બંને આરાધક છતાં ફળમાં ભેદ જોવામાં આવે છે.

આ પ્રમાણે હે ભવ્ય જનો ! વિધિથી તાત્ત્વિક ધર્મામૃતનું પાન કરીને માનવ અને દેવોથી સેવિત એવાં સંસાર સુખો ભોગવીને નિર્વિઘ્ન પણે તમે શિવમંદિરમાં જઈશકશો. પણ જો અંતરમાં વિવેક હોય, તો ઉગ્ર ગરલ સમાન કુદેવ, કુગુરૂ વિગેરેના સેવન રૂપ અતિ ઉગ્ર વિષ તે (સદ્ધર્મ-અમૃત) માં નાંખશો નહીં અર્થાત સમાન સુદેવ-ગુરૂ-ધર્મનું સેવન કરી પછી અન્યથા આચરણ કરશો નહીં.

●

## गृहस्थ धर्माधिकारः पंचमः ॥

# પ્રથમ ઉપદેશ

શ્રી ધર્મજ સૌખ્ય લક્ષ્મીનું અક્ષય નિધાન અને ભવાંતરમાં પણ તે સ્વપરને હિતકારી છે. આ સંબંધમાં શ્રી ધર્મરાજના ચરિત્રને સમ્યક રીતે સાંભળીને તે ધર્મમાં કોણ મંદ આદર કરે ?

### શ્રી ધર્મરાજની કથા

આ ભરતક્ષેત્રમાં સર્વમંગલા નામે નગરી છે. ત્યાં શત્રુઓને ત્રાસ આપનાર એવો ભદ્રશેખર નામે રાજા હતો. તે રાજા એકદા પરિવાર યુક્ત સભા ભરીને બેઠો હતો. તે વખતે કોઈ ત્રિકાલજ્ઞ નિમિત્તિયો ત્યાં આવ્યો. એટલે રાજાએ આપેલ યથોચિત આસનપર તે બેઠો અને હાથ ઉંચો કરીને તેણે સર્વને આશીર્વાદ આપ્યો. પછી રાજાએ પૂછ્યું કેઃ—' હે નિમિત્તજ્ઞ ! ભવિષ્ય કેવું છે ? તે કહે' એટલે તે બોલ્યો કેઃ—' હે પ્રભો ! ભાવિ સ્વરૂપ હમણાં મને પૂછો નહિં.

આથી રાજાએ વિશેષ ઉત્સુક થઈને પૂછયું કેઃ—'શું કોઈ દૈવથી ઉત્પાત થવાનો છે? શું થશે? તેણે કહ્યું કેઃ—'બાર વર્ષનું દુર્ભિક્ષ પડશે! આ પ્રમાણે અકાંડે વજ્રપાત સમાન તેનું વચન સાંભળીને દુઃખિત થઈને રાજા બોલ્યો કેઃ—'અરે! જરા વિચારીને બોલ! એટલે સર્વ સભાસદોની સમક્ષ પુનઃ નિમિત્તજ્ઞ બોલ્યો કેઃ-'જો મારૂં કથન અન્યથા થાય, તો મારી જીભ છેદી નાખવી! આવી તેની દૃઢ પ્રતિજ્ઞા સાંભળીને તેને પોતાના નગરમાંજ રાખ્યો, પણ બીજે કયાંય જવા દીધો નહિ. તથા. સર્વ લોકો પોતપોતાના કુટુંબ પ્રમાણે દેશાંતરમાં જઈને પણ આદરપૂર્વક ધાન્યનો સંગ્રહ કરવા લાગ્યા. પોતપોતાની ધનની દરકાર ન કરતાં તે વખતે લોકો ધાન્યજ મેળવવા લાગ્યા, કારણ કે માણસોના પ્રાણો અન્નના આધારે રહેલા છે.

હવે ઉષ્ણકાલ અતિક્રાંત થતાં. વર્ષાકાલ આવ્યો અને લોકો બધા ઉંચે જોવા લાગ્યા છતાં મેઘ વરસ્યો નહિ. એટલે ભાવિ દુર્ભિક્ષની શંકાથી લોકો બહુ ખેદ પામવા લાગ્યા. કારણ કે ધર્મ કર્મની વ્યવસ્થા સુભિક્ષને અનુસરીને થાય છે. એવામાં શ્રાવણ મહિનામાં કૃષ્ણ દ્વિતીયાના દિવસે ઉત્તર દિશામાં એક વાદળું ચડયું, એટલે લોકો તેની સન્મુખ જઇને વાદ્ય વગાડવા લાગ્યા તથા ગીત, નૃત્યાદિક કરવા લાગ્યા તે વખતે જાણે તેમના ભાગ્યથી આકૃષ્ટ થયો હોય તેમ મેઘ વરસ્યો એટએ રાજાએ નિમિત્તજ્ઞને કહ્યું કેઃ-'તારૂં વચન અન્યથા થયું. માટે જેમ તેમ બોલનાર એવા તારી જીભનો હવે છેદ કરૂં.' પછી નિમિત્તજ્ઞ બોલ્યો કેઃ—'હે દેવ! જેટલામાં મને કોઈ જ્ઞાની મુનિ મળે, અને તેની પાસે હું શાસ્રાર્થનો નિર્ણય કરૂં, ત્યાંસુધી કંઈક રાહ જુઓ.' પછી

ખેડૂતો હર્ષિત થઇને કૃષિ કરવા લાગ્યા અને ધાર્મિક લોકો જેમ સુપાત્રે બીજ વાવે તેમ તેઓ ક્ષેત્રોમાં બીજ વાવવા લાગ્યા. તે વર્ષે અન્ય વર્ષની નિષ્પત્તિ કરતાં બમણી પેદાશ થઈ એટલે રાજા પણ પૌરજનો સહિત બહુ ઋદ્ધિવાળો થઈ ગયો.

એવામાં કાર્તિકમાસ ઉતરતાં હેમંત સમયમાં એકદા કોઈ કેવલજ્ઞાની આચાર્ય ત્યાં પધાર્યા. એટલે તે દૈવજ્ઞ તથા પૌરજનો સહિત રાજા તેમને વંદન કરવા ગયો, અને તેણે નૈમિત્તિકની ઉક્તિ અન્યથા થવાનું કારણ તેમને પૂછયું. આચાર્ય બોલ્યા કેઃ—'હે રાજન્! આજ તારા નગરમાં ધનદત્ત શ્રેષ્ઠી અને ધનેશ્વરી તેની ભાર્યા છે. તેમને એકદા સર્વને સુખકારી એવો પુત્ર ઉત્પન્ન થયો. જેના પ્રભાવથી તમારા જેવાઓના હર્ષને માટે મેઘ વરસ્યો. એ પૂર્વભવમાં એક ભિક્ષાચર રંક હતો. એકદા કોઇક મુનિને જોઈને તેણે હર્ષથી વંદના કરી. એટલે તે મુનિએ તેને કહ્યું કે—'હે ભદ્ર! કંઇક નિયમ લે. નહિ તો પણ અત્યારે તારી પાસે કંઈ તેવી સંપત્તિ નથી' પછી તેણે તેમની પાસે દેવવંદન વિગેરે નિયમો લીધા, અને અનુક્રમે ભાગ્યયોગે તે પણ મહર્દ્ધિક થયો, એટલે પોતાની પૂર્વાવસ્થા સંભારીને તેણે પગલે અન્ન, પાનાદિકની સત્રશાળાઓ મંડાવી અને તે વખતે તેણે રંકથી માંડીને રાજા પર્યંત એક લાખ મનુષ્યોને તથા હજારો સાધુંઓને પણ સંતોષ પમાડયા. પછી પોતાના જીવિત પર્યંત તેણે અખંડ દાન પુણ્ય કર્યું. અને તેથી આ ભવમાં સર્વ પ્રાણીઓનો આધારભૂત થયો. જો એ બાળક જન્મ્યો ન હોત, તો દુષ્કાળ થાત. કારણ કે અન્ય દેશોમાં અલ્પજ વરસાદ થયો છે. માટે આ નૈમિત્તિક યથાર્થવાદી

છે, એની અવહીલના કરીશ નહિ.' આ પ્રમાણે સાંભળી વિસ્મિત થયેલો રાજા સૂરિમહારાજને નમસ્કાર કરીને ઘરે ગયો અને ત્યાં રાજાએ પેલા બાળકને અણાવીને તેનેજ રાજા બનાવ્યો. ઔચિત્યાચરણમાં શું સજ્જનો કદાપિ પ્રમાદ કરે ? વળી સ્મૃતિમાં પણ એવું કહ્યું છે કે—'જેના આધારે પ્રજા સૌખ્ય અને સમૃદ્ધિ પૂર્વક પ્રવર્તે, તેજ રાજા કહેવાય છે.' પછી રાજા પ્રમુખ જનોએ તેનું ધર્મરાજ એવું નામ રાખ્યું અને તે બાળરાજા તેજમાં બાળસૂર્યની જેમ દીપવા લાગ્યો. તેની આજ્ઞા જે દેશમાં ફરતી, ત્યાં દુર્ભિક્ષ થતું નહિ, વળી અન્ય દેશોમાં ધાન્ય વેચીને તેણે ધન મેળવ્યું. આ પ્રમાણે ધર્મકુશળ એવા તેણે ચિરકાલ પર્યંત શ્રીજિનશાસનની પ્રભાવના કરી અને પ્રાંતે પ્રવજ્યા આદરી ઉત્કટ તપ તપી તે રાજા શિવસંપત્તિને પામ્યો.

●

# બીજો ઉપદેશ

વધારે શું કહેવું, પણ જીવદયામાં તત્પર મનવાળા મનુષ્યો ભવોભવ, સામ્રાજ્ય, આરોગ્ય, પ્રધાનરૂપ શુભ અને લાંબુ આયુષ્ય તથા અનેક સંપત્તિઓને પામે છે. વેદ, સ્મૃતિ અને પુરાણમાં પણ અનેક પંડિત પુરૂષો જેની પ્રધાનતા સ્વીકારે છે અને શ્રેષ્ઠતર એવા જિનાગમમાં જેનું વિશેષ રીતે પ્રતિપાદન છે, તે જીવદયાને કોણ ન માને ? વળી એમ પણ સાંભળવામાં આવે છે કે—કપોતે પોતાના મંદિરમાં આવેલ શત્રુને પણ દયાયુક્ત ચિત્તથી પોતાનું માંસ અર્પણ કરીને નિમંત્રિત કર્યો હતો.

## કપોતની કથા

મનોહર વૃક્ષોવાળા કોઈ જંગલમાં અન્યોન્ય અત્યંત અનુરાગી એવા કોઈ કપોતદંપતી વસતા હતા. એકદા તે વનમાં કોઈ જ્ઞાની સાધુ આવ્યા અને લાભ જાણીને તે દંપતિની પાસે તેમણે ધર્મદેશના આપી, તે મુનિનું વચન સાંભળીને તે વખતે તે કપોત યુગલ યથોચિત ધર્મ આચરતાં સમય ગાળવા લાગ્યું.

એકદા માઘ મહિનામાં યમ સમાન, ક્રૂરાત્મા અને હાથમાં પાશ તથા પંજર લઈને કોઈ શીકારી ત્યાં આવ્યો. તે પાપી, સ્થાને સ્થાને પક્ષીઓને બંધન કરતો જ્યાં પેલા કપોત દંપતી આનંદે રહે છે, ત્યાં આવ્યો. તે વખતે ખોરાક લેતી કપોતીને તે પાપીએ બાંધીને પાંજરામાં નાખી દીધી. અહા ! પાપીઓને શું અકૃત્ય હોય ? એવામાં હિમ સંસિક્ત અને પવનના ઝપાટાપૂર્વક થયેલ જળ વૃષ્ટિથી કંપતા શરીરે સાંજે તે પારધીએ પેલા વૃક્ષનો આશ્રય લીધો. અસહ્ય અને અતિશય શીતથી શરીર વ્યાપ્ત થઈ જતાં અનુક્રમે તે તદ્દન મૂર્છા પામ્યો. અહો ! પાપનું ફળ કેવું ભયંકર હોય છે ? એવામાં પંજરમાં રહેલ કપોતીએ વૃક્ષની પોલમાં રહેલ પોતાના પતિ કપોતને કહ્યું કે:--'હે સ્વામિન ! તું મારૂં વચન સાંભળ-આ શિકારી તારા આવાસનો આશ્રય લઈને સુતો છે અને શીતાર્ત્ત તથા ક્ષુધાર્ત્ત છે. માટે એનું કંઈક હિત કર. 'મારી પ્રિયાને એણે બંધનમાં નાંખી છે.' એમ ધારીને એના પર વૃથા રોષ ન કર. કારણ કે હું તો સ્વકૃત-પૂર્વના કર્મમર્મથીજ બંધન પામી છું. કહ્યું છે કે--'દારિદ્રય, રોગ, દુઃખ, બંધન અને વ્યસન-એ આત્માના અપરાધરૂપજ ફળો પ્રાણીઓને મળે છે.' માટે મારા બંધન નિમિત્તના

દ્વેષનો ત્યાગ કરીને અને ધર્મમાં મનને સ્થિર રાખી તું એને જીવાડ અને ભોજન કરાવ.' પછી તે અગ્નિના સ્થાન આગળ જઇને બળતા કાષ્ઠ અને તૃણાદિકને પોતાની શકત્યનુસારે ચંચુથી લઈને જ્યાં લુબ્ધક શીતથી મૂર્ચ્છિત થઈ પડ્યો હતો, ત્યાં તરત આવ્યો અને શુષ્ક પાંદડામાં તેણે તે અગ્નિ સત્વર જગાડ્યો તથા તે લુબ્ધકને તેણે કહ્યું કે—'અહીં નિરાંતે તારૂં અંગ તપાવ.' અહો ! પક્ષીઓમાં પણ કેવી લોકોત્તર ઉપકાર-બુદ્ધિ હોય છે ! પછી તે કંઈક સાવધાન થયો, એટલે પોતે તેને કહ્યું કે--'મારી પાસે કંઈ સાધન નથી, કે જેથી તારી ક્ષુધાને હું દૂર કરૂં. આ જગતમાં કેટલાક હજારોનું પોષણ કરે છે કેટલાક લાખોનું પોષણ કરે છે અને મારા જેવા દુર્ભાગી ક્ષુદ્રને પોતાનું પોષણ કરવું પણ ભારે થઈ પડે છે. જે એક અતિથિને ભોજન આપવા પણ સમર્થ નથી, તો બહુ કલેશવાળા તેના ઘરમાં રહેવાથી ફળ શું ? માટે દુઃખના જીવિતરૂપ આ શરીરને એવી રીતે સાધુ કે જેથી યાચકનો સમાગમ થતાં 'કંઇ નથી' એ શબ્દો બોલવાનો ફરીવાર વખત ન આવે. માટે હે ભદ્ર ! મારૂં સેકાઈ ગયેલું માંસ તારે લઈ લેવું.' એમ કહીને તે અગ્નિમાં પડ્યો અને ક્ષણવારમાં ભસ્મીભૂત થઈ ગયો. આ જોઇને લુબ્ધકે વિચાર કર્યો કેઃ-- 'અહો ! આ કપોત કોઈ મહા દયાલુ લાગે છે, કે જેણે મારા માટે પોતાનું શરીર અગ્નિને સ્વાધીન કર્યું. જે મનુષ્ય પાપ કરે છે, તેનો આત્મા ખરેખર તેને પ્રિય નથી. કારણ કે પોતે કરેલ પાપ પોતાનેજ ભોગવવું પડે છે. અહો ! એ કપોત મહાત્માએ પોતાનું માંસ આપતાં ક્રૂર એવા મને એક પ્રકારનો પ્રતિબોધ આપ્યો છે. માટે ખરેખર નું નિષ્કરૂણ ( નિર્દય ) જનોમાં અગ્રેસર અને એ કપોત દયાલુ જનોમાં

અગ્રેસર થયો. આ પ્રમાણે વિચાર કરીને તેણે પાપના મંદિર-રૂપ એવા તે પંજરને ભાંગી નાખ્યું, અને તે બિચારી કપોતીને મુક્ત કરીને લુબ્ધકે પોતાના ઘરે આવી કુટુંબનો ત્યાગ કરીને તાપસવ્રત અંગીકાર કર્યું, અને તીવ્ર તપ તપતાં એકદા વનમાં દાવાનલ લાગતાં નિર્ભય થઈને ધ્યાનમાં રહેલ એવો તે દવથી દગ્ધ થઈને મરણ પામ્યો. તથા કપોતી પણ કપોતથી વિયોગ પામતાં સંસારથી વિરક્ત થઈ દયાધર્મમાં આસક્ત રહીને આયુ પૂર્ણ થતાં મરણ પામી. એ પ્રમાણે દયાધર્મમાં તત્પર એવા તે ત્રણે જીવો સ્વર્ગમાં દેવ થયા. અહો ! દયા નું ફળ તો જુઓ !

દયાના સબંધમાં આ પુરાણ સંબંધી સંબંધ લખવામાં આવ્યો છે. માટે સર્વ ભવ્યોએ સર્વ જંતુઓ પર અનુકંપા રાખવી.

●

# ત્રીજો ઉપદેશ

જેમની ધર્મપર દૃઢતા હોય, તેમનો વ્યંતરાદિક પણ પરાભવ કરી શકતા નથી. પોતાની શુદ્ધ બુદ્ધિથી તે મહાશ્રેષ્ઠીએ શું દેવી અને દેવને ન્હોતા છેતર્યા ?

## શ્રેષ્ઠીરાજની કથા

દેવપુરમાં કુળને આનંદ આપનાર, કુળમાં ઉત્તમ, જિન-ધર્મમાં દૃઢ અને દેવતાઓથી પણ અક્ષોભ્ય એવો એક કોટિધ્વજ શેઠ હતો. પરંતુ પુત્રના અભાવથી કંઈક ચિંતાતુર થયેલા એવા તેને લોકો કહેવા લાગ્યા કે--'નગરની અધિષ્ઠાયક

દેવી સાચા પરચાવાળી છે, તેની પાસે માનતા કેમ નથી માનતો ? આ બહુ ધનથી શું ? ઇત્યાદિ લોકોના કહેવાથી શેઠ તેમને જવાબ આપતો કેઃ—'હે મૂર્ખ જનો ! યક્ષાદિકની જો એકવાર ભક્તિ કરવામાં આવે તો તે વસ્તુ મેળવવાની ઈચ્છાથી તેમની વારંવાર માનતા કરવા જતાં આત્માને તેથી શું સુખ મળે ? કારણ કેઃ—'વેષને વંદન કરનારા એવા બ્રાહ્મણોના વિગેરેના તથા યક્ષ, રાક્ષસો ભક્ષ્યસ્થાન એવા ભકતો વિરત જનોથી દૂરજ ભાગતા ફરે છે. ઈત્યાદિ તત્ત્વ વાર્ત્તાથી પોતાના મનને દઢ કરતો તે શ્રેષ્ઠી બહુજનો એ કહ્યા છતાં સમ્યકત્વનાં દઢજ રહ્યો, પણ તેની પત્ની મુગ્ધ સ્વભાવની હોવાથી લોકકથન સાંભળીને તે દેવીના ભવનમાં આવીને ભક્તિપૂર્વક આ પ્રમાણે કહેવા લાગીઃ—'હે માત ! જો તમારા પ્રસાદથી મને પુત્રપ્રાપ્તિ થશે, તો હું ત્રણ લક્ષની તારી પૂજા કરીશ, પછી અનુક્રમે તેને પુત્ર થયો, તેણે પોતાની માનતા ભર્ત્તારને જણાવી અને તેના કદાગ્રહથી તેણે પણ તેનું વચન માન્ય રાખ્યું. પછી શ્રેષ્ઠીએ ત્રણ લાખના રત્નજડિત સુવર્ણના ત્રણ પુષ્પ કરાવીને પોતાના કુટુંબ તથા પૌર જનો સહિત દેવીના ભવનમાં આવીને સવિસ્તર પૂજા પૂર્વક તેના ભાલ તથા બે ભુજપર ત્રણ પુષ્પ રાખીને તેની પૂજા કરી, અને પછી શેષાને માટે તે ત્રણે પુષ્પ લઈ પોતાની પત્ની તથા પુત્રને આપીને દઢ સમ્યકત્વી એવો તે પોતાના ઘરે આવ્યો આ તેનું શઠ ચરિત્ર જોઈને વિલક્ષ થયેલી વ્યંતરીએ એકાંતમાં પોતાના મિત્ર સોહડને પોતાનુ દુઃખ જણાવ્યું કેઃ—'શું કરૂં ? આ શઠ શ્રેષ્ઠીએ પુષ્પોની પૂજા કરી અને તે યુક્તિપૂર્વક લઈ લેવાથી મને છેતરી.' આ સાંભળીને દુઃખિત એવી તેને સોહડ કહેવા લાગ્યો કેઃ—'તું તો સારી

રીતે છુટી ગઈ પણ મારી જે એણે કદર્થના કરી, હે મૂર્ખે ! તે ચરિત્ર તો સંભાળ–

પૂર્વે એકદા એના વહાણો ગત પ્રાય થઈ ગયા તેની બહુ તપાસ કર્યા છતાં ક્યાંય પત્તો નજ મળ્યો એટલે તેના બંધુએ છાની રીતે મારી માનતા કરી કે:–'જો વહાણો સહી સલામત ઘરે આવશે તો તને એક મહિષ (પાડો) આપીશ પછી મેં પણ પોતાની શક્તિ સમુદ્રનું મથન કરીને તે વહાણો લાવી આપ્યા, એટલે બધાના મનમાં હર્ષ થયો વળી તેમાં રહેલ વસ્તુઓનો ક્રય વિક્રય કરતાં જે મોટો લાભ થયો તે પણ મારોજ પ્રતાપ સમજવો પછી અવસરે એના ભ્રાતાએ પણ પોતાની માનતા શેઠની આગળ કહી એટલે તે ધુર્તે તેને કહ્યું કે:–માનેલું હું કરીશ.' એમ કહી એક તરૂણ મહિષ મારા મંદિરમાં લાવીને તે બોલ્યો કે:–'હે યક્ષ ! મારા ભાઈએ જે તારી માનતા કરી છે, તે આ તારૂં ભક્ષ્ય ગ્રહણ કર.' આ પ્રમાણે કહેતાં તે દુરાશયે તેના કંઠમાં રહેલ દોરડી નિબિડ ગાંઠ દઈને મારા ગળામાં બાંધી દીધી, અને ભક્તિના મિષથી વિવિધ રીતે પૂજાદિક કરાવી તથા તેણે મારી આગળ ભેરી પ્રમુખ વાદ્યો વગડાવ્યા, એટલે તેનોજ અવાજ સાંભળતાંજ ત્રાસ પામતા તે મહિષે મારી એવી કદર્થના કરી કે જેથી મારૂં સર્વાંગ ખરડાઈ ગયું. એક બાજુ પાપી પાડો મને ઢેફાની જેમ ખેંચવા લાગ્યો અને બીજી બાજુ કૌતુકી લોકો તાળીઓ દઈને હસવા લાગ્યા. એવા અવસરમાં હાહાકાર કરતાં સેંકડો બ્રાહ્મણો દોડ્યા અને બોલ્યા કે:–'હે શ્રેષ્ઠિરાજ ! અમારા દેવની શામાટે કદર્થના કરો છો ? હવે તરત એને મૂકી દો, વિલંબ અમારાથી સહન થઈ શકે તેમ નથી.' ઇત્યાદિ બ્રાહ્મણોના બહુ કહેવા ઉપરથી તે શ્રેષ્ઠી બોલ્યો

કે:-'હે લોકો ! અમૃતનું ભોજન કરનારા દેવતાઓ અભક્ષ્યનું ભક્ષણ કરતાં નથી. આવી જીવ હિંસા કરાવવી એ તેમની ક્રીડામાત્ર છે.' આ પ્રમાણે કહીને લોકો અને બ્રાહ્મણોના કદાગ્રહથી તેણે યમમુખના જેવા તે મહિષથી મને છોડાવ્યો અને પછી કેટલાક ઉત્તમ બ્રાહ્મણોએ પ્રાસાદમાં મારી મૂર્ત્તિ સ્થાપન કરી. એ પ્રમાણે આ દુરાત્માએ મારો બધો મહિમા ધ્વસ્ત કરી દીધો. માટે કંઈ ખેદ કરીશ નહિ, પણ મૌનજ પકડી બેસ. કારણ કે મનુષ્ય જ્યારે નિઃશૂક અને નિર્દય થાય, ત્યારે તેની આગળ દેવતાઓ પણ નિર્બળ બની જાય છે.

આ પ્રમાણે કહીને સીહડ વ્યંતર તથા તે દેવી સ્વસ્થાન ગયા, અને તેના કુટુંબનો દૂરથીજ ત્યાગ કરીને તે અન્યત્ર પોતાની ઇચ્છાનુસાર રહેવા લાગ્યા.

એ રીતે ચિરકાલ સમ્યકત્વનું પાલન કરતાં, ભદ્રક જીવોને પ્રતિબોધ આપતાં અર્હંત શાસનની પ્રભાવના કરતાં અનુક્રમે તે શ્રેષ્ઠી બંને લોકોના અદ્દ્ભુત સૌખ્યનું ભાજન થયો.

●

# ચોથો ઉપદેશ

તે ધર્મમાં પણ વિચક્ષણ પુરૂષોએ યતનાને પ્રધાન કહી છે, પરંતુ તે ગૃહસ્થોને દુર્લભ છે. તથાપિ તે યતનામાં પ્રયત્ન કરતાં આસ્તિક ભવ્ય મૃગસુંદરીની જેમ સુખભાજન થાય છે.

## મૃગસુંદરીની કથા

શ્રીપુરમાં રામચંદ્ર જેવો જનવત્સલ એવો શ્રીષેણ નામે રાજા હતો. તેને જાણે બીજો ઇંદ્રજ હોય તેવો દેવરાજ

નામનો પુત્ર હતો. જન્મથી તેના અંગમાં દુષ્ટ કોઢરોગ થયો હતો, તેના અનેક પ્રતિકાર કર્યા, પણ તે બધા વિફલ ગયા એમ કરતાં સાત વર્ષ થઈ ગયા, એટલે એક દિવસે રાજાએ નગરમાં બધા લોકોને પટહ ઘોષણાથી જાહેર કર્યું કેઃ- 'પંડિત કે અપંડિત-જે કોઇ મારા પુત્રનો રોગ દૂર કરશે, તેને અર્ધ રાજ્ય આપવામાં આવશે.

હવે તે નગરમાં **યશોદત્ત** વ્યવહારીની લક્ષ્મીવતી નામે સુતા હતી. તે ધર્મમાં તથા વિશેષ રીતે શીલમાં બહુ તત્પર હતી. તેણે પોતાના શીલની પરિક્ષા કરવા પટહને અટકાવીને પોતાના હસ્તસ્પર્શ માત્રથી કુમારને સ્વસ્થ કર્યો. પછી હાથી, અશ્વ અને રથના દાન પૂર્વક કુમારની સાથે તેનો વિવાહ-મહોત્સવ થયો, અને અવસરે તે કુમારને રાજ્યાસન પર બેસારીને રાજાએ પ્રવજ્યા અંગીકાર કરી. કારણ કે ઉત્તમ જનો અવસરને જાણનારા હોય છે. પછી સ્વર્ગના રાજ્ય સમાન સામ્રાજ્ય ભોગવતાં દેવરાજે એકદા ત્યાં પધારેલા પુટ્ટિલાચાર્યને વંદન કરીને પૂછ્યું કેઃ-'હે પ્રભો ! મને સાત વર્ષ વ્યાધિ શાથી થયો અને તે એ રાણીના માત્ર કર સ્પર્શથી શી રીતે નાશ પામ્યો,' એટલે ગુરૂ બોલ્યા કેઃ-

'હે રાજન્ ! પૂર્વ ભવમાં તું દેવદત્ત નામે શ્રેષ્ઠ હિતો. તેને ગોપા, દેપા, સિવા અને શૂરા એવા નામના તથા મિથ્યા-ત્વથી વાસિત એવા ચાર પુત્રો હતા, તેમાં કપટી શ્રાવક થયેલ એવા ચોથા પુત્રને તેં મૃગસુંદરી નામની શ્રાવકસુતા પરણાવી. તે મૃગસુંદરીને બાલ્ય વયથી એવો અભિગ્રહ હતો કેઃ- 'જિનેશ્વર દેવને પૂજીને અને સંયતોને પ્રતિલાભીને એક (વખત) ભોજન કરવું, અને રાત્રે કદાપિ ન જમવું.'

એકદા તે બધા એકત્ર થઈને ક્રોધથી તે નવોઢાને કહેવા લાગ્યા કેઃ–'અરે! પાખંડને છોડીને ગૃહાચાર પ્રમાણે ચાલ. જિનની તારે પૂજા ન કરવી, સાધુઓને દાન ન દેવું અને રાત્રે તારે ભોજન કરવું, જો એમ ન કરે, તો અમારા ઘરમાંથી ચાલી જા.' આમ કહ્યા છતાં તે પરમ શ્રાવિકા તેવું મનથી પણ કદી ઈચ્છતી ન હતી. એમ કરતાં તેને ત્રણ ઉપવાસ થયા, એટલે તેણે શ્રીગુરૂને પૂછ્યું કેઃ–'હે વિભો! હું શું કરૂં? એમનાથી હું ધર્મ (સાધના) કરી શકતી નથી.' આથી શ્રી-સિદ્ધાંતમાં જોઈને શ્રીગુરૂએ તેને કહ્યું કેઃ–હે ભદ્રે! પાંચ તીર્થ અને પાંચ સાધુઓને વંદન તથા પ્રતિલાભતાં જેટલું પુણ્ય થાય, તેટલું પુણ્ય ચુલા પર છિદ્રરહિત વિશાલ વસ્ત્રનો ચંદરવો બાંધવાથી પ્રાપ્ત થાય થાય છે.' આ પ્રમાણે સાંભ-ળીને તે ઘરે ગઈ અને તેજ પ્રમાણે કરવા લાગી.

એવામાં એકદા તે ચંદરવો જોઈને સસરાએ તે મૃગસુંદરીને કહ્યું કેઃ–'હે પાપે! પોતાના કુળનો નાશ કરવા આ શું કાર્મણ માંડયું છે?' તે બોલી કેઃ–'જીવદયા પાળવાનોજ આ પ્રયત્ન છે.' પણ તેનું વચન ન માનતાં તેના પતિએ તે ચંદરવો બાળી નાખ્યો. એટલે પુનઃ તેણે તે બાંધ્યો અને તેણે તેવીજ રીતે બાળી નાખ્યો. એમ સાત વાર તેણે બાંધ્યા અને તે દુરાત્માએ તેવીજ રીતે તે બાળી નાખ્યા. પછી ક્રોધ લાવીને સસરાએ તેને કહ્યું કેઃ–'તું તારા પિતાને ઘેર જા.' એટલે તે બોલી કેઃ–'હું તમારે ઘેર કુટુંબની સાથે આવી છું, માટે તેવીજ રીતે જો મને મોકલો, તો હું જાઉં. અન્યથા હું શી રીતે જાઉં?' આથી તેને મોકલવા માટે બધા તૈયાર થયા. અને માર્ગમાં એક પોતાના સંબંધીએ તેમને જમવાને નોતર્યા. પણ રાત્રે વહુના ન જમવાથી સસરો વિગેરે પણ

ન જમ્યા. એટલે તૈયાર થયેલ રસોઈ તેનાજ કુંટુંબે વાપરી, અને તે વિષમિશ્રિત આહાર હોવાથી તે સમસ્ત કુટુંબ મરણ પામ્યું. પછી પ્રાતઃકાલે સસરો વિગેરે સસંભ્રમ થઈને જેટલામાં જુએ છે, તેટલામાં તેમાં પતિત થઈ મરણ પામેલ સર્પ તેમના જોવામાં આવ્યો. આથી તેમણે નિશ્ચય કર્યો કે:–'ખરેખર ! ઉંચે ભ્રમણ કરતાં એ ધૂમાડાથી વ્યાકુલ થઈને ધાન્યની થાળીમાં પડયો હશે. અહા ! ચંદ્રવાના અભાવથી આ મોટો અનર્થ થયો. માટે આ વહુના પ્રસાદથીજ આપણે નવો અવતાર પામ્યાં. આપ્રમાણે ભક્તિથી નમ્ર થઈને વધૂને એક દેવી સમાન માની અને તેનો સત્કાર કરી પોતાના ઘરે તેને લઈ ગયા. અને તે બધાએ શ્રાવકપણું અંગીકાર કર્યું. એટલે મૃગસુંદરીએ તેમને શિખામણ આપી કે:– ' હે ભદ્રે ! પાંચ સો વ્યાધ જેટલું પાપ કરે તેટલું પાપ ચંદરવો ન બાંધવાથી ગૃહસ્થોને લાગે છે. એમ જ્ઞાનીઓ કહી ગયા છે,' ઈત્યાદિ તેની શિક્ષા ( પાળવા )માં તે ચિરકાલ સાવધાન રહ્યા.

હવે મૃગસુંદરીનો જે પતિ હતો. તે તું અહીં રાજા થયો છે. અને મૃગસુંદરીનો જીવ હતો, તે આ તારી પત્ની થઇ છે, જેના પ્રભાવથી તારો સાત વર્ષનો વ્યાધિ ચાલ્યો ગયો. સાતવાર ચંદ્રવો બાળવાથી તને સાત વર્ષ કોઢ રોગ રહ્યો. કારણ કે પૂર્વે જે કર્મ કર્યું હોય, તે અન્યથા ન થાય'.

આ પ્રમાણે સાંભળીને તે દંપતી જાતિસ્મરણ પામ્યા અને પોતાના પુત્રને રાજ્યપર બેસારી દીક્ષા લઈ અનુક્રમે સદગતિના ભાજન થયા.

હે બુધજનો ! આ પ્રમાણે જીવદયાનું ફળ પોતાના અંતરમાં અવધારીને જો તમારે શિવસુખની ઈચ્છા હોય તો તમે સરલ થઇ તેમાંજ મનને જોડી દ્યો.

# પાંચમો ઉપદેશ

સજ્જન પુરૂષોએ હિતકર અને જરૂર પડતું વચન પણ વિચારીનેજ બોલવું, કર્કશ વાક્ય તો કદાપિ બોલવુંજ નહિ. માત્ર એકવાર કઠોર વચન બોલવાથી પણ માતા અને પુત્રની કેવી માઠી દશા થઈ? 'તારા હાથ પગ છેદી નાખું અને લોચન કહાડી લઉં. અરે! તું મરતો કેમ નથી?' ઈત્યાદિ વાક્યો દુર્ગતિના માર્ગમાં લઈ જનારાં છે, માટે તે ત્યાજ્ય છે.

## માતા અને પુત્રીની કથા

તામ્રમય કિલ્લાથી સુશોભિત એવી તામ્રલિપ્તી નગરીમાં રતિસાર નામે શેઠ હતો, તેની બંધુલા નામે પત્ની હતી. તેમને સ્વભાવે ઉદ્દ્ભટ વેષ-રાખનારી અને સર્વ સુવર્ણના આભરણ પહેરનારી એવી બંધુમતી નામની સુતા હતી, તે શેઠને અત્યંત વલ્લભ હતી. એકદા શ્રેષ્ઠીએ તેને કહ્યું કે:— "હે વત્સે! ઉદ્દ્ભટ વેષ ન રાખ. આપણ' વણિકોને તેવો વેષ શોભે નહિં.' આમ કહ્યા છતાં તે માનતી ન હતી.

એકદા ભૃગુપુરથી ત્યાં વ્યાપાર કરવા આવેલ બંધુદત્ત મોટા ઉત્સવપૂર્વક તેને પરણ્યો અને વધારે લાભને માટે તેને ત્યાંજ મૂકીને વહાણપર બેસીને તેણે રત્નદ્વીપ તરફ સમુદ્રમાં પ્રયાણ કર્યું. પછી કેટલોક માર્ગ અતિક્રાંત કરતાં કલ્લોલથી આઘાત પામી તેનું વહાણ એક ક્ષણવારમાં ભાંગી ગયું. એવામાં બંધુદત્તના હાથમાં એક ફલક (પાટીયું) આવી જવાથી તે સમુદ્ર તરવા લાગ્યો અને વાયુથી પ્રેરાઇને તટપર પહોંચ્યો. અને ત્યાં ઉદ્દ્ભ્રાંત લોચનથી જેટલામાં દિશાઓને જુએ છે, તેટલામાં તે જ નગરના ઉદ્યાનમાં પોતાને પ્રાપ્ત

થયેલો જોયો. અને વિચારવા લાગ્યો કે:—'અહો! દેવની ગતિ કેવી વિચિત્ર છે? જ્યાં માણસો લજ્જા પામે, તે શ્વસુર ભવનમાં આવી સ્થિતિથી હું કેમ જઇ શકીશ?

અહો! પ્રાણીઓ પર અણધાર્યાં સુખ અને દુઃખ આવી પડે છે. માટે કલેશના હેતુભૂત આવી ચિંતા કરવાથી સર્યું' આ પ્રમાણે વિચાર કરીને તે એક દેવકુલમાં રહ્યો અને કોઇ માણસ દ્વારા પોતાના સસરાને ઘેર આગમનના ખબર જણાવ્યા. મનને સંતાપ કરનારી પોતાના જમાઇની તેવી વાત સાંભળીને 'અહા! એ શું?' એમ ઉંચા અવાજે બોલતો શ્રેષ્ઠી તરત ઉઠયો અને જેવામાં તેની પાસે જવા ચાલ્યો, તેવામાં સૂર્ય અસ્ત થયો, એટલે અસુર થઈ જવાથી કુટુંબીઓએ જતાં અટકાવ્યો, તેથી પોતાના ઘરેજ રહ્યો. પછી બ્રાહ્મમુહૂર્ત થતાં અવસરને ઉચિત વસ્ત્ર, આભરણાદિક લઈને તે પોતાના જમાઇને મળવા ચાલ્યો; અને સુવર્ણ-કંકણના સમૂહથી ભુજલતાને સુશોભિત કરી પોતાના પતિને જોવાને બંધુમતી પણ તેની સાથે નીકળી. તે વખતે શ્રેષ્ઠીની પાછળ જતી હોવાથી કોઇ લુબ્ધ ચોરે તેના બંને હાથ કાપી નાખ્યા. પૂર્વકૃત કર્મ અન્યથા થતું નથી. એવામાં ત્યાં કોલાહલ થયો, એટલે કોટવાલ વિગેરે આવ્યા અને ખબર મેળવીને તેઓ ચોરની પાછળ દોડયા. પછી શ્રેષ્ઠી ત્યાંથીજ પાછો ઘેર ગયો, ત્યાં લોકો એકત્ર થયા અને 'કર્મની દશા ન્યારી છે' એવી શોક કથા કરવા લાગ્યા.

હવે ચોર પણ રાજપુરૂષોને પાસે આવેલા જોઈને વ્હા-વરો બની જ્યાં પ્રથમથી જ પેલો શેઠનો જમાઈ સુતો છે તે દેવકુલમાં આવ્યો. ત્યાં દાગીના તેની પાસે મુકીને મુઠી વાળીને નાઠો. એવામાં તે વસ્તુઓ જોવાથી સુભટોએ જાણ્યું

કે–' આજ ચોર છે.' એમ ધારીને વિલંબ અને વિચાર કર્યા વગર તેઓએ તેને શૂળીપર ચડાવી દીધો. અહા ! કર્મથી કયા જંતુઓ વિડંબના નથી પામતા? પછી શ્રેષ્ઠી પુત્રીનો શોક કરીને જેવામાં તેની પાસે આવ્યો, તેવામાં જેમ પેલા ખલોએ તેને મૂકી દીધો, તેમ પ્રાણોએ પણ તેને મૂકી દીધો. તેને તેવી અવસ્થામાં જોઈને શ્રેષ્ઠીએ દુઃખિત થઈ રાજપુરૂષોને કહ્યું કે:–' અરે ! તમોએ આ શું કર્યું ? મારા જમાઈને જ તમે મારી નાખ્યો. પછી તેનું સ્વરૂપ જાણવામાં આવતાં તેના દુઃખથી દુઃખિત થતા અને ભવસ્થિતિનો વિચાર કરતા તેઓ સર્વે પોતપોતાના ઘરે ગયા. ત્યારથી પોતાની પુત્રી અને જમાઈની તેવી કર્મ વિચિત્રતા (વિષમતા) જોઇને રતિસાર શ્રેષ્ઠી ધર્મપરાયણ થયો.

એકદા ત્યાં સુયશા નામના ચતુર્જ્ઞાની પધાર્યા. તેમની દેશના સાંભળીને શ્રેષ્ઠીએ તે બનેનો પૂર્વભવ પૂછયો. એટલે જ્ઞાની બોલ્યા કે:–

પૂર્વે શાલિગ્રામમાં કુટુંબાદિકથી રહિત કોઈ દરિદ્ર સ્ત્રી પોતાના પુત્ર સાથે રહેતી હતી. તે સ્ત્રી કોઈ શ્રેષ્ઠીના ઘરે ઉદર નિર્વાહને માટે ઘરકામ કરતી અને તેનો પુત્ર વાછરડાં ચારતો હતો. એકદા તે પુત્ર વાછરડાં ચારીને ઘરે આવ્યો, તે વખતે તેની માતા કયાંક કાર્યવ્યગ્ર હોવાથી ઘરે આવી ન શકી. એવામાં બહુ વાર થઈ અને તે બાલક બહુ ક્ષુધિત હતો. તેથી તે ઘેર આવી કે તરત તે આવેશમાં આવીને કહેવા લાગ્યો કે—અરે ! રંડા ! શું આટલો બધો વખત તું શૂળી પર ચડી હતી ? હે મૂર્ખે ! ક્ષુધાપીડિત મને શું તું જાણતી ન હતી. એટલે તેજ પ્રમાણે તે પણ સામે કહેવા લાગી કે:— 'શું તારા બંને

હાથ કપાઇ ગયા હતા? કે અહીં સીકાપર તારા માટે તૈયાર કરીને રાખેલ ભોજન પણ તું લઈ ન શકયો. હે મૂર્ખ! એમાં પરવશપણામાં રહેલી એવો મારો શો દોષ છે? આ પ્રમાણે તે વખતે તે બંનેએ મોટો કલહ મચાવી મૂકયો. તે પાપકર્મને આલોચ્યા વિના તે માતા અને પુત્ર મૃત્યુ પામી, તારી પુત્રી અને જમાઈ થયા. એ બધું સંસારનું નાટક છે. જે જેવું વચન બોલે તે તેવું ફળ ભોગવે છે. માટે હે શ્રેષ્ઠિન્! કહેવાનો સાર એ છે કે— વચનનો સંવર કરવો. વગર વિચાર્યું સહસા બોલી નહીં નાંખવું.

આ પ્રમાણે સાંભળીને તે સાધુની પાસે વ્રત લઈ રતિસાર શ્રેષ્ઠી સુખભાજન થયો અને તે બંને અનંત સંસાર ભમ્યા એમ સમજીને મધુર અને પરિમિત વચન પણ વિચારીને બોલવું.

●

# છઠ્ઠો ઉપદેશ

જે ત્રિકાલ પૂજા અને બેવાર પ્રતિક્રમણ એમ દરરોજ પાંચ વેળાને લગ્નની જેમ ચરિતાર્થ (સાર્થક) કરે છે તે ઉત્તમ પ્રાણી જગતસિંહની જેમ બુધ જનોને પ્રશંસનીય થાય છે.

## જગતસિંહ શ્રેષ્ઠીની કથા

યોગિનીપુરમાં શ્રી પીરોજ પાદશાહની સભાના શૃંગાર રૂપ એવો જગતસિંહ નામે શ્રેષ્ઠી હતો. સમસ્ત નગરમાં સત્યવાદીઓમાં તે એક જ પ્રખ્યાત હતો. કારણ કે અસત્ય વાદી પ્રાય: પ્રતિષ્ઠા પામતો નથી. કદાચ અગ્નિ શીતલ

થાય અને પવનમાં સ્થિરતા આવે, તથાપિ તેમાં અસત્ય-વાદિતા કદાપિ સંભવે નહિ. આવી તેની ખ્યાતિ સાંભળીને પરીક્ષા કરવાના ઈરાદાથી રાજાએ તેના મર્મને જાણનારા દુર્જનોને એકાંતમાં પૂછ્યું કેઃ— 'અરે! કહો, એ શ્રેષ્ઠી પાસે કેટલું ધન છે.' એટલે દ્રોહ તત્પર એવા તેઓ બોલ્યા કેઃ— 'સિતેર લક્ષ છે.' હવે કેટલાક દિવસ પછી રાજાએ તેને પૂછ્યું કે— તારી પાસે કેટલું ધન છે? એટલે તે બોલ્યા કે— 'વિચાર કરીને જવાબ આપીશ, પછી બીજે દિવસે ઘરવખરી સંભાળીને તેણે કહ્યું કેઃ— 'હે રાજન્! મારે ચોરાશી લક્ષ પ્રમાણ ધન છે. પૂર્વોક્ત સંખ્યાથી અધિક કહેતાં તે સત્યવાદીજ ઠર્યો. કારણ કે પોતાના દ્રવ્યની સંખ્યામાં સ્તોક શબ્દ સત્ય સૂચક થાય છે પછી સંતુષ્ટ થયેલ રાજાએ સોળ લક્ષ ધન આપીને તે શ્રેષ્ઠીને કોટીધ્વજ બનાવ્યો. અહો! સત્યનું કેટલું બધું ફળ?

એકદા રાજાએ પોતાના ભંડારમાંથી મંગાવીને સૂર્ય સમાન ચળકતું એક રત્ન તેને બતાવ્યું. અને કહ્યું કેઃ— આ રત્ન જેવું બીજું રત્ન શું પૃથ્વી પર હશે?' એટલે તે બોલ્યો કેઃ–શું વસુધા ઉપર બે પાદશાહ હોય?' આવા તેના વચનથી રંજિત થઈને તે ઉત્તમ રત્ન તેને થાપણને માટે આપ્યું. કારણ કે જ્યાં બંનેની પ્રીતિ સ્થિર હોય ત્યાં ભેદ ન હોય. આ પ્રમાણે પ્રીતિપૂર્વક તે બંનેનો કેટલોક કાળ ગયો, એવામાં એકદા કોઈક કારણથી રાજા તેના પર રૂષ્ટમાન થયો. કારણ કે સંપત્તિ અને આપત્તિ મહંતજનોને હોય છે. પણ ચંદ્ર અને ગુરૂના દૃષ્ટાંતથી નીચ જનો સદા તેવીજ સ્થિતિમાં હોય છે. મસ્તક પર પુષ્પાભરણ અને મુંડન પણ કરવામાં આવે છે, પરંતુ ભ્રૂકુટીના કેશમાં કદી ચય કે

અપચય થતો નથી; પછી રાજાએ તે શ્રેષ્ઠીને કેદખાનામાં રાખ્યો અને તેની રક્ષા કરવા પોતાનો એક સેવક ત્યાં નીમ્યો તે વખતે શ્રેષ્ઠીને પાંચ વેળા ધર્મનો વ્યતિક્રમ થાય એજ દુભાવા જેવું હતું, પણ રાજાના નિગ્રહની પરતંત્રતાથી તેને કંઈ ખેદ ન હતો. પછી તે સેવકને એકાંતમાં સુવર્ણનો ટકો અપાવીને તે પોતાની ધર્મવેળા સાધતો હતો. કારણ કે ભવની વૃદ્ધિ કરનાર લક્ષ્મી તો ભવોભવ પ્રાપ્ત થાય છે, પણ જેનાથી સંસારનો ક્ષય થાય એવી ધર્મસામગ્રી મળવી દુર્લભ છે. એ પમાણે એકવીશ દિવસ સુવર્ણના ટકા અપાવીને તેણે પોતાની ધર્મસાધના કરી. કારણ કે ધર્મનો આદર એ ખરેખર લોકોત્તર હોય છે. પછી બાદશાહ પ્રસન્ન થયો એટલે પોતાના અંગના વિભૂષણો અને પંચ વર્ણના વસ્રો તેને પાંચ વાર પહેરાવ્યા. પછી વિવિધ વાદ્યો અને ઘણા લોકો સહિત શ્રેષ્ઠી અર્થી જનોને ઈચ્છિત દાન આપતો પોતાના ઘરે આવ્યો પછી અનુક્રમે ત્યાં કારાગૃહમાં શૂન્યતા થઇ, એટલે તે રક્ષક પણ રાજા વિગેરેથી ભય પામીને સુવર્ણટકા 'આ લ્યો એમ કહીને આપવા લાગ્યો. એટલે શ્રેષ્ઠીએ તેને કહ્યું કે:—'હે ભદ્ર! એ તને મેં સમર્પણ કર્યા છે માટે યથેચ્છ તેનું દાન કર, ભોગવ અને સુખી થા. કારણ કે તારા પ્રસાદથી મેં ધર્માનુષ્ઠાન કર્યું. કોટી સુવર્ણ આપતાં પણ ધર્મ સંબંધી એક ક્ષણ પણ દુર્લભ છે વળી તેમાં પણ મેં એક ટકો આપતાં પાંચ વેલા કૃતાર્થ કરી, તેથી તને અધિક દ્રવ્ય આપવું જોઇએ, પણ લેવાય કેમ?' એમ કહી પુનઃ દાનપૂર્વક તેને વિસર્જન કર્યો, સજ્જનો શું ઉચિતાચારમાં કદી પ્રમાદ કરે?

હવે એકદા સેવાને માટે આવેલ સપાદલક્ષ રાજાએ બાદશાહની આગળ ચંદનનો કટકો અને બે નિર્મલ મોતી

આ બે વસ્તુ ભેટ મૂકીઃ—તે સ્વલ્પ જોઇને રાજા ક્ષણભર રૂષ્ટમાન જેવો થઈ ગયો. તે વખતે સભાસદો પણ બધા જોવા લાગ્યા પણ કોઈ પરીક્ષા કરનાર ન હતો, એટલે સપાદલક્ષ પણ વિચારવા લાગ્યો કેઃ— 'અહો ! આ લોકો મૂર્ખ લાગે છે.' એવામાં જગતસિંહ બોલ્યા કેઃ—આ બંને વસ્તુ અમૂલ્ય છે. તેમાં પ્રથમ આ ચંદનના કટકાનું માહાત્મ્ય સાંભળો–અગ્નિમાં તપાવતાં એ સોમણના પ્રમાણ જેટલું થાય છે તથા એના મધ્યસ્થ ખંડમાં પણ હિમકણ જેવું તેલ છે. વળી છ માસના જ્વરથી પીડાતા માણસને આ ખંડ ઘસીને પીવરાવવામાં આવે તો તે પ્રાણી નિરોગી થાય છે. હે દેવ ! હવે આ બે મોતીનું પણ કૌતુક સાંભળો એ બંનેમાંથી ગમે તે એક વેચીને બીજાને ગાંઠમાં બાંધેલ હોય, તો ઉત્સુક મિત્રની જેમ તે સંધ્યા થતાં અવશ્ય આવીને ભેગા મળે છે.' આ પ્રમાણે સાંભળીને રાજાએ વિસ્મય પામીને પરીક્ષા કરી. પછી શ્રેષ્ઠીને તેણે પૂછયું કે —'આ બધું તેં શી રીતે જાણ્યું ?' તેણે કહ્યું કે— 'બાલ્ય વયથી વસ્તુ પરીક્ષાનો મેં અભ્યાસ કર્યો છે. આ પ્રમાણે પુણ્યના વિષયમાં પણ સજ્જનોએ પરીક્ષા કરવી ઉચિત છે. બાહ્ય વસ્તુની પરીક્ષામાં મારૂં મન પ્રસન્ન થતું નથી.' આવી તેની ઉક્તિથી પ્રસન્ન થયેલ રાજા સપાદલક્ષીય ભૂપ પર અત્યંત પ્રસન્ન થયો.

એ રીતે યાવજ્જીવ ધર્મની પાંચ વેલા આરાધતાં સત્ય ભાષા બોલતાં જગતસિંહ શ્રેષ્ઠીએ ચિરકાલ પર્યંત શ્રી જિનશાસનનો ઉદ્યોત કર્યો.

# સાતમો ઉપદેશ

જગતસિંહનો પુત્ર ધન્ય, કે જેને શ્રેષ્ઠીએ અટકાવ્યાં છતાં જેણે પોતાના પિતાના શપથ (સમ) ન ખાધા. કારણ કે મહત્કાર્યમાં પણ શ્રી દેવ, ગુરૂ, રાજા અને માતા પિતા વિગેરેના શપથ ન લેવા જોઈએ.

## મદનસિંહની કથા

જગતસિંહનો ચતુર એવો મદનસિંહ નામે પુત્ર હતો, તે પણ લોકમાં તેવીજ ખ્યાતિ પામ્યો હતો. ખુરસાણની સભામાં રહેનાર કોઈ ધનદ નામના વસ્તુપતિની સાથે તેના પિતાની મિત્રાઈ હતી. તે એકદા જગતસિંહ સ્વર્ગે ગયા પછી યોગિનીપુર (દિલ્હી) માં વ્યવસાયને માટે આવ્યો અને તેના ઘરે પણ ગયો. ત્યાં કુટુંબના ક્ષેમ, નિર્વાહ અને વ્યવસયાદિ પૂછતાં તેની જેમ તેના પુત્રની સાથે પણ તેવો વ્યવહાર (મિત્રાઈ) કરવાની તેની ઈચ્છા થઈ. પરંતુ તેની પરીક્ષા કરવા તેણે આવો ઉપાય કર્યો. કારણ કે ઐહિક અને આમુષ્મિક કાર્યમાં સજ્જનોને પરીક્ષા કરવી ઘટિત છે.

ઇત્યાદિ વિચાર કરી માયાથી કૃત્રિમ આદર બતાવીને તેણે મદનસિંહને કહ્યું કેઃ—'મારૂં તારા પિતા પાસે જે લેણું છે તે આપ, કારણ કે તારા પિતા સાથે મેં ઘણા વરસ સુધી વ્યવહાર ચલાવ્યો, તેથી લેણદેણ પણ બહુ થતી હતી. તેમાં સો ઘોડા આપીને પહેલાં લેણું તેણે વાળ્યું. એટલે હું આનંદથી સ્વસ્થાને ગયો. પરંતુ શેષ લેણું અહીં રહી ગયું છે.' આ સાંભળીને તે બોલ્યો કેઃ—કેટલુંક લેણું છે? એટલે તે બોલ્યો કે 'જુના નાણાંનું બત્રીશ હજારનું'

લેણું રહ્યું છે. જો યોગ્ય લાગે તો આપો, તે પુત્ર બોલ્યો કે— 'પિતાનું દેવું અલ્પ કે બહુ વહીમાં જોઇને મેં તેમનાં નામ પ્રમાણે બધાને ચૂકવી દીધું છે. પરંતુ ત્યાં તમારૂં નામ ક્યાંય પણ મારા જોવામાં ન આવ્યું. તો લિખિત મળ્યા વિના મારે તમારૂં લેણું પણ શી રીતે દેવું ?' એટલે પુનઃ શ્રેષ્ઠી અંતરમાં પ્રસન્ન છતાં રૂષ્ટમાન થઇને બોલ્યો કે— 'અરે ! પિતાનું લેણું પુત્ર આપે, તેમાં વિચાર શો કરવાનો હતો ?' તેણે કહ્યું કે— હે શ્રેષ્ઠીન્ ! તમે આ વૃથા પ્રયાસ શાને કરો છો ? સાક્ષી કે લિખિત વિના લેણું મળશે નહિ.' એટલે શ્રેષ્ઠી પાદશાહની સભામાં ગયો અને પાદશાહ પાસે તેણે અરજ કરી કે— 'હે દેવ ! જો અહીં એકાંત થાય તો, કંઈક વિજ્ઞપ્તિ કરવાની છે. પછી રાજાએ સહુને દૂર કર્યા, એટલે તે બોલ્યો કે—: 'મદનસિંહની પરીક્ષા કરવા મેં તેની સાથે કૃત્રિમ કલહ મચાવ્યો છે. માટે જેમ તેમ બોલતાં મને તમારે દોષ ન દેવો.' આ પ્રમાણે ખાનગી કહીને પછી તે સર્વ સમક્ષ બોલ્યો કે— 'હે રાજન્ ! જગતસિંહની પાસે મારૂં પ્રથમ કંઈક લેણું રહી ગયું છે, તે આ તેનો પુત્ર આપતો નથી. માટે શું કરવું ? તે ફરમાવો.' એટલે રાજાએ બોલાવેલ મદનસિંહે સભામાં આવી પોતાનું સ્વરૂપ નિવેદન કર્યું, અને શ્રેષ્ઠીએ પણ પોતાનું સ્વરૂપ નિવેદન કર્યું, એટલે બંનેનો વિવાદ ચાલ્યો. પછી ધનદ નામના વસ્તુપતિએ કહ્યું કે-- 'જો તારા પિતાની પાસે મારૂં લેણું ન હોય તો બધાના દેખતાં તું શપથ લે. આથી તે ધૈર્ય પૂર્વક બોલ્યો કે-- 'પિતાના શપથ હું લેવાનો નથી. ભલે તમે તમારૂં લેણું યા મારૂં સર્વસ્વ લઇ લ્યો. બત્રીશ હજારમાં હું મારા પિતાને કેમ વેચું ? કે જે કોટી ઉપકારોથી પણ દુઃપ્રતિકાર્ય (બદલો ન વાળી શકે તેવા) છે. કેટલાક મુર્ખજનો

પોતાના પિતાનાં ગળા અને રૂધિરના શપથ લે છે, તેમની ગતિ કેવળી જાણે. કહ્યું છે કે--

'જે મુઢ પ્રાણી ચૈત્યના સાચા કે ખોટા શપથ કરે છે તે પોતાના સમ્યક્ત્વને હણીને અનંત સંસારી થાય છે."

આ પ્રમાણે તેનું કથન સાંભળીને સર્વ સભાસદો વિસ્મય પામીને તેની પ્રશંસા કરવા લાગ્યા. અને તે વસ્તુપતિ પણ બોલ્યા કે--હે વત્સ ! તું ભાગ્યવંતમાં મુગટ સમાન છે જેનું આવું તો સાહસ છે. મારું લેણું કંઈપણ નથી માત્ર મારે પરીક્ષા કરવી હતી. કારણ કે સિંહનું બચ્ચું સિંહ જેવું જ થાય. સૂર્ય થકી અંધકારની વૃષ્ટિ ન થાય. ચંદ્ર થકી અંગારાની વૃષ્ટિ ન થાય.' આ પ્રમાણે તેની પ્રશંસા કરીને તેને જગતસિંહના શ્રેષ્ઠ સ્થાને સ્થાપીને તેની સાથે પણ પૂર્વ મિત્રની જેમ વ્યવહાર ચલાવવા લાગ્યો. આ પ્રમાણે મદનસિંહ પણ રાજા વિગેરેને વલ્લભ થઈ પડ્યો. કારણ કે જ્યાં જ્યાં ગુણાદર છે, ત્યાં ત્યાં પ્રતિષ્ઠા વધે છે.

એકદા ભેદપાટથી આવેલ કોઈ પોલાક નામના મહાવૈદ્યે ખિન્ન થયેલ પાદશાહને સ્વસ્થ કર્યો. ત્યારથી રસાંગ વેદી, શાસ્ત્રજ્ઞ અને વિવિધ ઔષધોના યોગને જાણનાર એવો તે વૈદ્ય રાજા વિગેરેને માન્ય થઈ પડ્યો. તે બલિષ્ઠ નવ શ્રીફળને એકી સાથે ભાંગતો અને સોપારીને તેની અંદર તે પોતાના અંગુઠા વતી દાબી દેતો હતો. તેજ પ્રમાણે જાનુ (ઢીંચણ)ના મધ્યમાં સોપારી રાખી તથા બે ખભા પર તે રાખીને ચિબુક (દાઢી)ના ભાગથી દબાવીને તેને ચુર્ણ કરી નાખતો હતો.

એકદા તે મહાજનની સાથે શાળામાં ગયો. ત્યાં કોઈ બ્રહ્મચારીનું વ્યાખ્યાન ચાલતું હતું, એટલે તે બેઠો. તે અધિ-

કારમાં કયાંક તેણે તપાગચ્છની અવહીલના કરી અને પોતાની સ્તુતિ કરી એવામાં પોલાક બોલ્યો કે:– 'અરે! બોકડા! શું બોલે છે? આ મહાજનને જોતો નથી?' એમ કહી તરત ઉઠીને તેને એક લપડાક ચોપડાવી દીધી. એટલે તે વેષધારી રોષરક્ત થઈને પાદશાહની સભામાં ગયો અને વૈદ્ય પણ ત્યાં પહોંચ્યો તથા બંનેએ પોતપોતાનો વૃત્તાંત નિવેદન કર્યો. હવે તે બંને માન્ય હોવાથી જેટલામાં રાજા વિચાર કરતો હતો, તેવામાં મદનસિંહ બોલ્યો કે:—'હે દેવ! અહીં વિચાર શો કરવાનો છે? કારણ કે એકે પોતાની જીભ વાપરી અને બીજાએ પોતાનો હાથ વાપર્યો, માટે એકને દંડ કરતાં બીજાને પણ થશે, તેથી બંનેની સમાનતા હોવાથી કોઈને પણ દંડ ન થાય.' આ પ્રમાણે સાંભળીને અંતરમાં હાસ્ય કરતાં રાજાએ તે બંનેને કોમળ વચનથી શાંત કરી પોતપોતાના સ્થાને મોકલ્યા.

આ પ્રમાણે જેમ તે મદનસિંહ શ્રેષ્ઠીએ પ્રાણસંકટમાં પણ પોતાના પિતાના શપથ ન કર્યા (સોગન ન ખાધા), તેમ અન્ય ભવ્ય જનોએ અહીં દેવાદિક સંબંધમાં સત્ય કે અસત્ય શપથ ન કરવા.

# આઠમો ઉપદેશ

સુજ્ઞ જનો 'પ્રાણનો વિયોગ કરવો' તેને હિંસા કહે છે, અને દ્રવ્ય એ પ્રાણીઓના બાહ્ય પ્રાણ છે. તેથી જેણે પરદ્રવ્યનું હરણ કર્યું, તે તેણે તેના પ્રાણ હણ્યા સમજવા. આ સંબંધમાં સૂતારની સ્ત્રીનો પ્રબંધ સાંભળવા લાયક છે.

## સૂત્રધાર-પત્નીની કથા

તામલિપ્ત નગરમાં સૂદા, સૂરા, સૂંટા અને સોના-એવા નામના અને મહિમાવંત એવા ચાર ચતુર શ્રેષ્ઠીઓ હતા. તે બહોળા કુટુંબવાળા, ધનવંત, પરસ્પર પ્રીતિવાળા, સમાન વચના અને રાજસભાના એક શૃંગારરૂપ હતા. તે બધા સરલ સ્વભાવી અને ધર્મ-કર્મમાં પ્રેમાળ હતા. એકદા એકાંતમાં સાથે મળીને તેમણે પરસ્પર વિચાર કર્યો કે:-'આપણે ધન મેળવ્યું, ભોગ ભોગવ્યા, પુત્ર વિગેરે થયા અને રાજા વિગેરેથી પણ સન્માન પામ્યા, પરંતુ આપણે આત્મસાધન કંઈ કર્યું નથી. કહ્યું છે કે-'જ્યાં સુધી આ શરીર સ્વસ્થાવસ્થામાં હોય, ત્યાં સુધી ચતુર જનોએ ધર્મ સાધી લેવો. કારણ કે ઘર સળગે ત્યારે કુવો કોણ ખોદે?' આ પ્રમાણે વિચાર કરી પોતાના પુત્રોને ઘરની ચિંતા ભળાવીને સંન્યાસી થઈને તેઓ તીર્થયાત્રા કરવા ચાલ્યા. તે વખતે જુદા જુદા લક્ષ મૂલ્યના રત્નને પોતપોતાની ઝોળીમાં નાખી તેને ખભે લટકાવીને તેઓ શનૈઃ શનૈઃ માર્ગ કાપવાલાગ્યા. એવામાં કોઈ નગરમાં પહોંચ્યા, ત્યાં એક સૂત્રધારના ઘરે ભોજન કરી અને તેની પત્નીને તે ઝોળીઓ ભળાવીને તેઓ ચતુષ્પથ (ચૌટા) માં ગયા. ત્યાં રાજાની આગળ કુશળ નાટકીયા નાટક કરતા હતા, તે તેમણે જોયું. તે વખતે એકાંત સમજીને સૂત્રધારની સ્ત્રીએ સૂરની ઝોળીમાંથી તેના જીવિત જેવું કિંમતી રત્ન કહાડી લીધું, પછી ત્યાં નાટકમાં દિવસ ગાળીને તેઓ પણ સાંજે ઘરે આવ્યા અને રાતભર ત્યાં રહ્યા. અને પ્રભાતે ઉઠી પોતપોતાની ઝોળી સંભાળ્યા સિવાય તેને ખભે લટકાવીને આગળ ચાલ્યા તથા અનુક્રમે તેઓ ગંગા નદી આગળ આવી પહોંચ્યા. ત્યાં સ્નાનાદિ પુણ્યકર્મ કરીને શ્રાદ્ધ કરવાની

ઇચ્છાથી પોતપોતાનું રત્ન વાપરવાને તે ઝોળીમાંથી કહાડવા લાગ્યા. એવામાં પોતાના રત્નને ન જોવાથી સૂર તેમને કહેવા લાગ્યો કે:–'હે બંધુઓ ! કોઈ પાપીએ મારા તે રત્નનું હરણ કર્યું લાગે છે. આ ઝોળીઓને પ્રાયઃ સર્વદા આપણે આપણી પાસેજ રાખતા આવ્યા છીએ, માટે અહીં કોનાપર વ્હેમ લાવવો ?' પછી પરસ્પર વિચાર કરતાં તેમાંથી એક બોલ્યો કે:–'સાંભળો, જ્યારે આપણે આ ઝોળીઓ સૂત્રધારના ઘરે મૂકીને ત્યાં નાટકમાં વ્યગ્ર થઈ ગયા, તે વખતે તે સૂત્રધારના ઘરે તેની સ્ત્રીજ એકલી હતી, તેથી તેણે જ આ કામ કર્યું લાગે છે." પછી તે ત્રણે બોલ્યા કે–'એ વાત સાચી છે.' એવામાં સૂર બોલ્યો કે–'અહો ! પાતક કરવાની તેની ચતુરાઈ કેવી? હા નિષ્કારણ વૈરિણી એવી તેણે મને કેટલો બધો ઉદ્વેગ ઉપજાવ્યો.' આ પ્રમાણે તેણે છાતીને તપ્ત કરનાર બહુ બહુ વિલાપ કર્યો. પુનઃ તે સખેદ બોલ્યો કે:–'હવે મારે શ્રાદ્ધવિધાન કેમ કરવું ? અને ત્યાગ (દાન), યાગાદિક કેમ કરવા ? બીજાં પુણ્ય કર્મો. પણ ધન વિના શી રીતે કરી શકાય?' પુનઃ તે મનમાં વિચારવા લાગ્યો કે:–'જો તેણે મને આવું દુઃખ ઉપજાવ્યું, તો હું પણ એને પ્રચંડ દુઃખ આપીશ.' આ પ્રમાણે વિચારીને સૂર તેમને કહેવા લાગ્યો કે:–'હે બંધુઓ ! સાંભળો–હું અહીં કરવત મૂકાવીને મરીશ. અને નિદાન (નિયાણું) કરી સુરૂપધારી તેનો પુત્ર થઈશ. તે ભવમાં પણ બાર વરસનો થઈને મરીશ. એમ કરતાં તેને મોટું દુઃખ થશે. અન્યથા ઉપાય નથી. શાસ્ત્રમાં પણ એવું કહ્યું છે કે–જે જેવું કરે, તેની સામે તેવો પ્રતીકાર કરવો.' પરંતુ તે સમયે હે બાંધવો ! તમારે પણ ત્યાં આવીને એ વ્યતિકર તેને સવિસ્તર સંભળાવવો, તેની પાસેથી તે રત્ન લઈને અહીં

આવી તમારે તેનો વ્યય કરવો. આ સંબંધમાં તમે મને જમણા હાથનો કોલ આપો.' પછી તેના કહેવા પ્રમાણે કરવાનો સ્વીકાર કરીને તે ત્રણે પોતાને ઘેર ગયા અને તે વખતે સૂરે પણ ત્યાં તેવી રીતે મરણ સાધ્યું, એટલે તેનો જીવ તે સ્ત્રીની કુક્ષિમાં પુત્રપણે અવતર્યો. કરેલ કષ્ટના અનુમાનથી નિદાન વૃથા થતું નથી. વખત થતાં તે જન્મ પામ્યો. તેનું માણિક્ય એવું નામ રાખવામાં આવ્યું. લાલન પાલન કરી તેને ઉછેરી મોટો કર્યો અને ભણાવ્યો. પછી તેને પ્રૌઢ કુળમાં જન્મ પામેલી એવી રૂપવતી કન્યા પરણાવી અને અનુક્રમે કુટુંબનો ભાર ઉપાડી શકે એવો તે બાર વરસની અવસ્થાનો થયો.

હવે પૂર્વના સંકેત પ્રમાણે તે ત્રણે વ્યવહારીયા પ્રથમની જેમ યાત્રા કરવા નીકળીને તે નગરમાં આવ્યા. અને તે સૂત્રધારના ઘરે તે કુમારને જોઈને 'તેજ આ' એમ પરસ્પર કહીને હસવા લાગ્યા. એવામાં તે બાળકને દારૂણ જ્વર ચડયો, એટલે ઘણા વૈદ્યો બોલાવ્યા અને ઘણા ઉપાયો કર્યા. તથાપિ તે બાળક મરણ પામ્યો. કારણ કે કરેલ નિદાન શું અન્યથા થાય? એટલે બધાને ઉદ્વેગ થયો અને તેની માતાને વિશેષ રીતે ખેદ થયો. સે અવસરે તેમણે તેને કહ્યું કે:-'હે ભદ્ર! પોતે કરેલ કર્મનું ફળ તને આ ભવમાંજ પ્રાપ્ત થયું' એટલે તે બોલી કે:—'મેં શું કર્યું? તેઓ બોલ્યા કે:— 'અમુક વર્ષે તારા ઘરે કેટલાક યાત્રાળુઓ આવ્યા હતાં, તેમાં એકનું રત્ન તેં ચોર્યું હતું કે નહિ? પછી તેમનાથી ભય પામીને તેણે યથાર્થ વાત કહી, એટલે તેઓ બોલ્યા કે:—'તેને દુઃખ આપવાથી તેના જીવે તને દુઃખ આપ્યું છે.' આથી પશ્ચાત્તાપ પરાયણ એવી તેણે તેમને તે રત્ન

આપી દીધું. એટલે તેમણે પણ તેના કલ્યાણની ઈચ્છાથી તીર્થમાં જઈને તે રત્નનો વ્યય કર્યો.

પછી અનુક્રમે તેમને પણ પોતાના ગેહ અને દેહનો તપોવિધાનથી ત્યાગ કરી આ સંસારને અલ્પ કર્યો (અલ્પ સંસારી થયા.) માટે હે ભવ્ય જનો! બીજાને પ્રિય એવા પરધનનું તમે હરણ ન કરો, પણ સંતોષ રૂપ સૌધ (મહેલ)માં રહી આત્માને આનંદ રસનો રસિક બનાવો.

આ વાર્તા પુરાણ સંબંધી છે અને તે મિથ્યાદૃષ્ટિ જનોને ઉચિત છે. કારણ કે તત્ત્વજ્ઞ જનો તો પરથી થયેલ અપરાધમાં પણ અવિકારી (મધ્યસ્થ) રહે છે. (પોતે વૈર લેવા પ્રયત્ન કરતા નથી.)

●

# નવમો ઉપદેશ

વિષયરૂપ આમિષમાં લંપટ થયેલ માણસ આ ભવમાંજ વિડંબના પામે છે. યજમાનથી અવગણના પામેલો તાપસ જેમ લઘુતા પામ્યો હતો.

## તાપસની કથા

પૂર્વે ચંપકપુરમાં શ્રેષ્ઠ ગુણસંયુક્ત અને ચકોરના જેવો ચતુર એવો ચકોર નામે શ્રેષ્ઠી હતો. તે ધર્મકૃત્યમાં તત્પર છતાં તાપસોનો સદા અત્યાદર કરતો હતો. ખરેખર ધર્મ પરીક્ષા દુર્લભ છે. એકદા તેણે કોઈ તાપસને ઘેર ભોજનને માટે નોતરીને તેને જમાડયો. માત્ર પોતાનું જ ઉદર ભરનાર એવા તે દુરાત્માએ જમતાં જમતાં ગૌરવર્ણવાળી અને

લાંબા કર્ણવાળી એવી શ્રેષ્ઠીની બે સુતા જોઈ. પગથી મસ્તક પર્યંત તેમનું રમ્ય રૂપ જોતાં તેને કામવાસના જાગ્રત થઇ, કારણ કે તેવાઓને વિવેક હોતો નથી. ભોજન કર્યા પછી પોતાના શિષ્યોથી છાની રીતે અને લજ્જાને દૂર કરીને તે તાપસે યજમાનની આગળ કહ્યું કે:—'આ કન્યાઓ કોની છે?' તે બોલ્યો કે—' હે ભગવન્ ! તે મારી છે.' એટલે તેણે કહ્યું કે:—'એ મને આપ. કારણ કે તું ગુરૂભક્ત છે. વળી જે વસ્તુ પોતાને વલ્લભ હોય, તેનો મનમાં વિચાર કર્યા વિના અક્ષય સુખને ઇચ્છનારા યજમાને એકાંતે ગુરૂનેજ આપવી'. આ સાંભળીને શ્રેષ્ઠી બોલ્યો કે:—'હે ભગવન્ ! તમારે આવો વિચાર કરવો પણ ઉચિત નથી, તો મુખથી એવું કેમ બોલાય ?' એટલે તે રૂષ્ટમાન થઇને બોલ્યો કે:— અરે ! મારી પણ તું અવગણના કરે છે. જો મારૂં વચન નહિ માને, તો તારે બૂરૂં પરિણામ ભોગવવું પડશે.' પછી અંતરમાં ક્રોધ છતાં બહારથી કંઈક સામપૂર્વક પુનઃ શ્રેષ્ઠી આ પ્રમાણે બોલ્યો:—'હે ભગવન્ ! આપના જેવાઓને તો વિશેષે કરીને મારે અદેય (ન દેવાય એવું) કંઇ છેજ નહિ, પરંતુ પ્રકટ રીતે જો એ કન્યાઓ તમને આપું તો તમારે અને મારે પણ ભવિષ્યમાં લજ્જાસ્પદ છે. માટે તમે હમણાં જાઓ. પછીથી હે પ્રભો ! અહીં જે નદી છે. તેમાં પેટીના ઉપાયથી આ બે કન્યાઓ તમને ભેટ કરીશ, આ સંબંધમાં તમે સંશય કરશો નહિ.' આ પ્રમાણે સાંભળીને બુઠી મતીવાળો તે તાપસ પોતાના મઠમાં ગયો તે અને તે દુરાત્માએ તેજ વિચારમાં ને વિચારમાં તે રાત્રિ ગાળી. પછી તે યજમાને વનમાંથી બે વાંદરી મંગાવીને પેટીમાં નાખીને તે નદીમાં વહેતી મૂકી દીધી. એવામાં તાપસ પોતાના શિષ્યોને આ પ્રમાણે કહેવા લાગ્યો કે:—

આજ રાત્રે કોઈ દેવ મારાપર તુષ્ટમાન થઈને આ પ્રમાણે બોલ્યો કેઃ—'પ્રભાતે નદીમાં વહેતી જે પેટી આવે તે તારે મઠમાં લઈ જવી અને તેમાં રહેલ સાર તારે હિતકર હોવાથી તે લઇ લેવું.' આ પ્રમાણે સાંભળીને શિષ્યો ખુશ થઈ ગુરૂની પ્રશંસા કરવા લાગ્યાઃ-'અહો ! તમે ધન્ય છો, કે જેને દેવો પણ આ પ્રમાણે વશવર્ત્તી છે.' પછી પ્રભાતે તે મંજૂષા મઠ પાસે આવી, એટલે તેને શિષ્યો પાસે લેવરાવીને તેણે મઠમાં રખાવી અને તાપસે તે શિષ્યોને એકાંતમાં શિક્ષા આપી કેઃ— 'અરે ! આમાં કંઈક રહસ્ય હશે, માટે તમે મારૂં વચન સાંભળોઃ-' એને મઠમાં કપાટ બંધ કરી અને સ્થિર ધ્યાન ધરીને વિધિપૂર્વક ઉઘાડવી પડશે. માટે મારા કહ્યા વિના હે શિષ્યો ! તમારે કપાટ ઉઘાડવા નહિ. કારણ કે અવિધિ યોગીઓને પણ અનર્થકારી થઇ પડે છે, ' આ પ્રમાણેનું તેનું વચન શિષ્યોએ કબૂલ રાખ્યું. એટલે તાપસ મઠમાં ગયો અને મોટા મનોરથથી તેણે તે પેટી ઉઘાડી. એવામાં અત્યંત ક્ષુધિત અને ચંચલ થયેલ અને ક્રુર નખવાળી એવી તે બન્ને મર્કટી તરત છલાંગ મારી બહાર નીકળીને તેની સન્મુખ આવી અને તેની સરલ તથા ઉન્નત નાસિકાને પ્રથમ તેઓએ કરડી ખાધી પછી બંને વિપુલ ગાલ છેદી નાખ્યા અને ભાલને ભેદી નાંખ્યું. વળી પરના અન્નથી પીવર થયેલ તેના ઉદરને પણ તરત ચીરી નાખ્યું. એટલે તે પોકારવા લાગ્યો કેઃ—' હે શિષ્યો ! હું ભક્ષિત થઇ ગયો, હું ભક્ષિત થઈ ગયો.' તે વખતે કષ્ટને સહન કરનાર તે બિચારો એક હતો, અને તે બંને વાંદરી અત્યંત ક્ષુધિત હતી, તથા શિષ્યોએ કપાટ ન ઉઘાડચા.

તો દુઃખનો પાર કેમ આવે! એવામાં બહાર રહેલા તે શિષ્યો તો વિચારવા લાગ્યા કે:–'ખરેખર! આ કોઈ પણ દેવ ગુરૂને નિશ્ચય ઉપસર્ગ કરે છે.' છેવટે બહુ વખત પછી દ્વાર ઉઘાડતાં ઝરતા રક્તના પ્રવાહથી સાક્ષાત્ રક્તગિરિ જેવો તે તાપસ પેલી બંને મર્કટી સાથે બહાર નીકળ્યો, એટલે શિષ્યોએ પૂછયું કે:–'હે ભગવાન! પૂજ્ય એવા તમને પણ આ શું થયું? આથી તેણે પોતાનો યથાર્થ વૃત્તાંત કહી સંભળાવ્યો, પછી ઉપહાસ કારૂણ્ય અને દૈન્ય સહિત શિષ્યો બોલ્યા કે:–'યજમાને ગુરૂને અનુરૂપ ભક્તિ કરી, પોતાના આચારને મૂકતા એવા પ્રત્યે એને આવું કરવું ઉચિત જ છે. કારણ કે રૂદ્રની ભસ્મથી જ પૂજા થાય. પણ ચંદનથી તે ન થાય. પછી બહુ વખત જતાં તે સ્વસ્થ થયો, એટલે યજમાને તેને બોધ આપ્યો કે:–હે ભગવાન! આવું કર્મ તાપસ જનોને ઉચિત ન હોય! આ પ્રમાણે તેને શિખામણ આપીને યજમાન પોતાના ઘરે ગયો અને તાપસે પણ ચિરકાલ પર્યંત તાપસી દીક્ષાનું પરિપાલન કર્યું.

હે ભવ્ય જનો! જો તમારે સંસારનો ત્યાગ કરવાની અને શિવનગરમાં જવાની ઈચ્છા હોય, તો કિંપાકના ફલ સદૃશ આ વિષમ વિષયોનો ત્યાગ કરો.

●

# દશમો ઉપદેશ

પરિગ્રહરૂપ ભારે શિલાનું અવલંબન કરનારા માણસો સંસારરૂપ મહાસાગરમાં પતન પામે છે, પણ વિદ્યાપતિની

જેમ બુદ્ધિમાનો સંતોષરૂપ વજ્રથી તેને ભેદીને સંસારને તરી જાય છે.

## વિદ્યાપતિ શ્રેષ્ઠિની કથા

પોતનપુરમાં પરાક્રમોથી શુરવીર એવો શુર નામે રાજા હતો. ત્યાં વિદ્યાપતિ શ્રેષ્ઠિ અને તેની શૃંગાર સુંદરી નામે ભાર્યા હતી એકદા લક્ષ્મીએ સ્વપ્નમાં તેને કહ્યું કેઃ—'હે વત્સ! હું દસમે દિવસે ચાલી જઇશ. માટે ચિરકાળથી તું છુટો થઈશ.' પછી તે શ્રેષ્ઠિએ જાગૃત થઇને તે વૃત્તાંત પોતાની સ્ત્રીને નિવેદન કર્યો અને 'હવે લક્ષ્મીનો નાશ થતાં શું થશે? એવી તે ચિંતા કરવા લાગ્યો. એવામાં વિશુદ્ધ બુદ્ધિવાળી એવી તે શેઠને કહેવા લાગી કે:—'હે સ્વામિન્! જો એમ હોય તો તે બધી સુપાત્ર દાનમાં વાપરી નાંખો, કારણ કે નહિ તો પણ જવાનીજ છે.' પછી તે શ્રેષ્ઠિ બધું ધન વાપરવા લાગ્યો. તથાપિ કુવાના જળની જેમ તે પ્રતિદિન વધવા લાગ્યું જેમ જેમ તે વ્યય કરતો ગયો તેમ તેમ તેના ઘરમાં વૃદ્ધિ થતી ગઈ. શું ભારતીનો ભંડાર વાપરતા કદી ક્ષીણ થાય ? પછી જીનમંદિરમાં જિનેશ્વરની આગળ તે દંપતિએ પરિગ્રહપરિમાણવ્રતમાં પરસ્પર આ પ્રમાણે પ્રમાણ કરી લીધું કે:—'ત્રિકાલ જિન પૂજા, બે વાર પ્રતિક્રમણ, દાનપૂર્વક ભોજન, બે બે જોડી વસ્ત્રો, એક શૃંગાર સુંદરી જ પત્નિ, મહિનામાં વીશ દિવસો આપણે ઉત્તમ શીલ પાળવું, એક કચ્ચોલું ભોજન પરંતુ તે બંને કચ્ચોલા સુવર્ણના હોય, દિવસમાં એક વાર ભોજન, પર્વ દિવસે ચાર પ્રકારના આહારનો ત્યાગ અને પૌષધ, રાત્રીએ આહારનો સર્વથા ત્યાગ, જુના નાણાના એકસો ટકા, ઘરમાં એક માસ ચાલે

તેટલું જ ધાન્ય, દ્વિપદાદિકામાં નિયમ, એક સચિત્તને મૂકીને અન્ય સચિત્તનો આપણે નિયમ, પરંતુ આપણને પૂજાના ઉપકરણમા સર્વ સચિત્તની છૂટ—આ પ્રમાણે સમ્યકત્વમૂલ બાર વ્રતનો સ્વીકાર કરીને ઘરે જઈ તે દંપતિ પોતાની સમસ્ત લક્ષ્મીનો વ્યય કરવા લાગ્યા. પછી દશમે દિવસે બધું ધન વાપરીને શ્રેષ્ઠિ નિશ્ચિત થઈને સુતો એવામાં રાત્રે લક્ષ્મીએ આવીને તેને કહ્યું કે:—'હે વત્સ ! હું તારે ઘરે રહી છું. તારાં પુણ્યરૂપ દામ (દોરી)થી બંધાએલી હું હવે કયાંય પણ જવાને સમર્થ નથી તને વિઘ્ન પ્રાપ્ત થયા છતાં પુણ્યના પ્રભાવથી તેનો વિલય થઈ ગયો. પુણ્ય એ ખરેખર! શૃંખલા (સાંકળ) સમાન છે અને લક્ષ્મી એ મર્કટી સમાન છે. તે સાંકળથી બંધાએલ ચંચલ છતાં કયાં જઈ શકે તેમ છે ?

એકદા તે લક્ષ્મીને પણ સુપાત્રે વાપરી, ઘરનો ત્યાગ કરી અને જ્ઞાતિવર્ગથી મુક્ત થઈ મસ્તકપર જિનપૂજાનો ખુમચો લઈને ધાર્મિક અને સાક્ષાત્ પુણ્યના સમૂહ સમાન તે શ્રેષ્ઠિ નગરની બહાર નિકળ્યો અને જેટલામાં નગરના મુખ્ય દ્વાર આગળ આવ્યો તેટલામાં તે નગરના અપુત્રીયા રાજાનું અકસ્માત્ મરણ થયું એટલે અધિકારી જનોએ પાંચ દિવ્ય તૈયાર કર્યા અને તે પાંચ દિવ્યોએ પણ તેજ શ્રેષ્ઠિને સામ્રાજ્ય આપ્યું એટલે તે બોલ્યો કે:—'હું રાજ્યને લાયક નથી અને મારે અભિષેકથી સર્યું.' એવામાં દિવ્ય વાણી થઈ કે:—'અહો ! તારૂં ભાગ્ય મોટું છે. માટે તેનો પ્રતિષેધ (ન કાર) ન કર, કારણ કે ભવિતવ્યતા અન્યથા થવાની નથી એટલે શ્રેષ્ઠિએ કહ્યું કે:—'જો એમ હોય તો મારૂં વચન સાંભળો:—'પ્રથમ શ્રી જિનબિંબનો અભિષેક

અને પછીથી મારો અભિષેક કરો.' આથી હર્ષપૂરિત એવા તેઓએ પણ એ પ્રમાણે કર્યું. આ પ્રમાણે સામ્રાજ્ય પ્રાપ્ત કરીને નગરની સ્ત્રીઓના મંગલપૂર્વક તે શ્રેષ્ઠિ પરિવાર સહીત રાજમહેલમાં આવ્યો ત્યાં મુખ્ય સિંહાસન પર જિનેંદ્ર પ્રતિમાને સ્થાપીને અને પોતે તેની પાદપીઠપર બેસીને રાજકાર્યો સાધવા લાગ્યો. તે વખતે સમ્યગ્દૃષ્ટિ દેવોએ રત્ન વૃષ્ટિ કરી અને તે શ્રેષ્ઠિ જિનનું જ એક છત્ર રાજ્ય કરવા લાગ્યો. ધર્મકર્મમાં તત્પર એવા લોકોને તેણે કરમુક્ત કર્યા અને સર્વત્ર જિનાજ્ઞા પ્રવર્તાવી કારણ કે 'યથા રાજા તથા પ્રજા' એવું નીતિવાક્ય છે. તેણે પાંચ સો જિન ચૈત્યો કરાવ્યા અને તેમાં સુવર્ણ રત્નની પ્રતિમાઓ સ્થાપન કરાવી. પોતાના નિયમને અખંડિત રાખી જિનાજ્ઞાને અખંડ રીતે પાળતાં તેણે જિનનિશ્રાથી ચિરકાલ પર્યંત અખંડ રાજ્ય ભોગવ્યું.

આ પ્રમાણે પરિગ્રહ સાગરને નિયમિત કરીને તે રાજા જેમ અક્ષય પદને પામ્યો, તેમ હે ભવ્ય જનો ! જો તમે પણ તેવા સુખને ઈચ્છતા હો તો સત્વર પરિગ્રહનો સંક્ષેપ કરો.

## અગિયારમો ઉપદેશ

અંત્ય (નીચ) જનોને ઉચિત, સ્વપર શાસ્ત્રવચનથી વિવર્જિત, અલ્પ ગુણકર અને બહુ દોષથી પરિપૂર્ણ એવા રાત્રિ ભોજનનો જિનમત રસિક શ્રાવકો ત્યાગ કરે છે. યોગ

શાસ્ત્રમાં કહેલ રાત્રિ ભોજનના દોષો સાંભળીને કયો તત્ત્વજ્ઞ પુરૂષ રાત્રે ભોજન કરે ? રાત્રિ ભોજનના નિયમની આરાધના અને વિરાધનાના સંબંધમાં ત્રણ મિત્રોનો પ્રબંધ સાંભળવા લાયક છે.

## ત્રણ મિત્રોની કથા

કોઈક ગામમાં પૂર્વે ત્રણ વણિક મિત્રો હતા. તે અનુક્રમે શ્રાવક, ભદ્રક અને મિથ્યાદષ્ટિ હતા. એકદા તેઓ જૈનાચાર્ય પાસે ગયા એટલે ગુરૂ મહારાજે તેમની આગળ સુશ્રાવકોને ઉચિત એવી ધર્મદેશના આપી. તે સાંભળી શ્રાવકકુળમાં ઉત્પન્ન થયેલ હોવાથી તેમાંના શ્રાવકે કંદમૂળ રાત્રિ ભોજન વિગેરેના નિયમો તરત હર્ષપૂર્વક લીધા, અને ભદ્રકને તો બહુ કહેવામાં આવતાં પણ અન્ય નિયમ સિવાય માત્ર રાત્રિ ભોજનનોજ તેણે એક નિયમ લીધો તથા મિથ્યાદષ્ટિએ કંઈ નિયમ ન આદર્યો. આથી શ્રાવક અને ભદ્રકનું કુટુંબ પણ ધાર્મિક થયું. કારણ કે ગૃહવ્યવસ્થા બધી ગૃહસ્વામીને અનુસરતી હોય છે. પછી અનુક્રમે પ્રમાદની બહુલતાથી અને તેવા પ્રકારના કાર્યમાં વ્યગ્ર હોવાથી શ્રાવક પોતાના નિયમમાં શિથિલ આદરવાળો થઈ ગયો. તેથી તે ત્યાજ્ય બે ઘડીની અંદર તથા કોઈવાર સૂર્ય અસ્ત થતાં પણ ભોજન કરી લેતો હતો. સવાર સાંજને જાણતાં છતાં તે અજાણ્યા જેવો થઈ ગયો, આમ કરતાં તેનું કુટુંબ પણ શિથિલ થઇ ગયું. અને ભદ્રક પોતાના નિયમને સમ્યક્ પ્રકારે આરાધવા લાગ્યો.

એકદા રાજકાર્યમાં વ્યગ્ર થવાથી ભદ્રક અને શ્રાવક બહુ અસુરા ઘેર આવ્યા, તે વખતે સૂર્યાસ્ત થઈ જવાથી

ભદ્રકે ભોજન ન કર્યું અને કુટુંબની પ્રેરણાના વશથી શ્રાવકે તો જમી લીધું. તે વખતે ભોજન કરતાં શ્રાવકના ભાણામાં પોતાના મસ્તક પરથી એક જૂ પડી અને તે અજાણતાં ભોજન સાથે ખાઈ ગયો. આથી જલોદરના રોગથી તે અત્યંત બાધિત અને વ્યાકુળ થઈ ગયો. આવી રીતે નિયમની વિરાધના કરી મરણ પામીને તે બિલાડો થયો. તે ભવમાં પણ દુષ્ટ શ્વાનથી કદર્થના પામી મરણ પામીને તે પ્રથમ નરકમાં ગયો અને ત્યાં બહુ દુઃખ પામ્યો. હવે પેલો મિથ્યાત્વી પણ રાત્રિ ભોજનમાં આસક્ત થઈ કોઈવાર વિષ મિશ્ર આહાર જમવાથી શનૈઃ શનૈઃ તેના આંતરડા તૂટવા લાગ્યા અને તે નિબિડ પીડાથી ચિરકાલ પછી મરણ પામીને તે બિલાડો થયો અને ત્યાંથી પૂર્વ મિત્રની જેમ પ્રથમ નરકમાં નારક થયો. અને ભદ્રક તો પોતાના નિયમને પાળીને સૌધર્મ દેવલોકમાં પ્રૌઢ દેવ થયો. અહો ! તેમને કેવું ભિન્ન ભિન્ન ફળ મળ્યું. પછી શ્રાવકનો જીવ ત્યાંથી કોઈ એક દરિદ્ર બ્રાહ્મણનો શ્રીપુંજ નામે પુત્ર થયો અને મિથ્યાત્વીનો જીવ તેનો લઘુ બંધુ થયો. તે કુળમાં પણ રાત્રિ ભોજન વિગેરે કર્મમાં આસક્ત હોવાથી તેઓ જૈન ધર્મનાં લેશ મર્મને પણ જાણી શકયા નહિ.

હવે એકદા ભદ્રક દેવે ઉપયોગ દઈને એકાંતમાં તેમને પોતપોતાના પૂર્વભવ અને સ્વરૂપ નિવેદન કર્યાં. આથી પ્રતિબોધ પામીને પૂર્વ પ્રમાણે તેમને રાત્રિ ભોજનનો નિયમ લીધો એટલે તે મિત્ર દેવતાએ તેમને વધારે દૃઢ કર્યા. અને કહ્યું છે કેઃ—

'જે પાપથી અટકાવે છે, હિતમાં જોડે છે, ગુપ્ત વાત

છાની રાખે છે, ગુણોને પ્રગટ કરે છે, આપત્તિમાં દૂર જતો નથી અને અવસરે સહાય આપે છે—આ સન્મિત્રનાં લક્ષણો છે—એમ ધીર પુરૂષો કહે છે.' પછી પોતાના વ્રતમાં દઢ થયેલા એવા તેમને જનક વિગેરેએ બહુ કહ્યું છતાં રાત્રિ-ભોજન ન કરતાં ત્રણ લાંઘણ થઈ હવે તેમના નિયમના માહાત્મ્યને વધારવા તે દેવતાએ ત્યાંના રાજાના જઠરમાં મોટી પીડા ઉત્પન્ન કરી અને જેમ જેમ પ્રતીકારો કરવામાં આવે, તેમ તેમ ઘીથી અગ્નિ જ્વાળાની જેમ તેનો વ્યાધિ અધિક અધિક વધતો જાય. એટલે સમસ્ત રાજવર્ગ કિંકર્ત્ત-વ્યતાથી મૂંઢ થઈ ગયો એવામાં આ પ્રમાણે દિવ્ય વાણી થઈ કે— 'હે લોકો ! સાંભળો:– 'પોતાના નિયમમાં એકાગ્ર એવા શ્રીપુંજ બ્રાહ્મણના માત્ર હસ્તસ્પર્શથી જ એ રાજાનો વ્યાધિ જશે અન્યથા નહિ જાય. 'એ શ્રીપુંજ કોણ ?' એમ બધા સ્તબ્ધ થઇને બોલ્યા, એટલે તેમાં એક બોલ્યો કે:– 'એક દરિદ્ર બ્રાહ્મણનો દઢ નિયમવાળો એક પુંજ નામે પુત્ર છે. જે કુટું-બના કલહથીત્રણ લાંઘણ થતા પણ પોતાના સદ્વ્રતમાં અક્ષુબ્ધ (નિશ્ચળ)છે. ખરેખર તેજ પુંજ હોવો જોઈએ.' એમ સંભાવના માત્ર થતાં અતિશય બહુમાનથી સચિવાદિકોએ શ્રીપુંજને બોલાવ્યો એટલે તે પણ તરત ત્યાં આવ્યો, અને બોલ્યો:કે 'જો રાત્રિ ભોજનનો મારો નિયમ દઢ હોય, તો અત્યારેજ રાજાની ઉદર વ્યથા શાંત થાઓ.' એ એમ બોલવાપૂર્વક પોતાના માત્ર હસ્તસ્પર્શથી એક ક્ષણવારમાં સર્વ નગર-જનોની સમક્ષ તેણે રાજાને સ્વસ્થ કર્યો. આથી સંતુષ્ટ થઈને રાજાએ તેને પાંચસો ગામ આપ્યા અને તેણે પણ રાજા વિગેરેને જૈનધર્મી બનાવ્યા.

આ પ્રમાણે શ્રીપુંજ વિપ્ર તથા તે મિથ્યાત્વીનો જીવ

તેનો લઘુબંધુ રાજા વિગેરેને માન્ય થઈ પડયા, અને અનેક પ્રકારે ધર્મ સાધનાર તથા જિનમતમાં તત્પર એવા તે બંને અને તે દેવ (તે ત્રણે) પણ અવસરે ચવીને અનુપમ સુકૃતથી સિદ્ધિ સુખને પામ્યા. માટે હે ભવ્યજનો ! જો તમારે ભવને ભસ્મ કરવાની ઇચ્છા હોય તો રાત્રિભોજનનો ત્યાગ કરો.

●

# બારમો ઉપદેશ

હે ભવ્યજનો ! જો સમતા રહિત સામાયિક કરવામાં આવે તો તે નિરર્થક છે. માટે કેસરીની જેમ તમે સામાયિકની આરાધના કરો કે જેથી સમસ્ત સુખ પ્રાપ્ત થાય. સમભાવથી બે ઘડી વાર સામાયિક કરતાં શ્રાવક પણ (૯૨૫૯૨૫૯૨૫) એટલા પલ્યોપમ પ્રમાણ દેવતાનું આયુ બાંધે. વળી સમતા રહિત જે સામાયિક આચરે, તે મૂઢબુદ્ધિ પરમાન્નમાં ક્ષારક્ષેપ જેવું કરે છે.

## કેસરીની કથા

શ્રી નિવાસપુરમાં રિપુમર્દન નામે રાજા હતો. ત્યાં ધર્મ કર્મમાં તત્પર એવો **સમરસિંહ** નામે એક શ્રેષ્ઠી રહેતો હતો. તેનો કેસરી નામે પુત્ર હતો. તે સ્વભાવે ઈર્ષ્યાલુ, ઉદ્ધત, વ્યસની, દુર્વિનીત અને કુલાંગાર જેવો હતો. તેથી તેના પિતાએ સર્વ જનોની સમક્ષ તેને ઘરથી બહાર કહાડી મૂકયો. એટલે તે નિરંકુશ થઇને બધાના ઘરમાં ચોરી કરવા લાગ્યો. એ પ્રમાણે તે ચોરી કરતો હતો, એવામાં એકદા રાજાએ

સભામાં સવાલ કર્યો કેઃ- 'એ કોણ છે ? અને કોનો પુત્ર છે ? તે વખતે તેનો પિતા ત્યાં બેઠો હતો, તે અંજલિ જોડીને બોલ્યો કેઃ- 'હે સ્વામિન્ ! એ મારો કુપુત્ર છે અને ઘરથકી એને મેં કહાડી મૂક્યો છે. વળી 'ચોરી કર્યા વિના મારે જમવું નહિ.' એવો એનો અભિગ્રહ છે અને હે નાથ ! વળી એનો આ વિશેષ સંબંધ સાંભળો:- એકદા સરોવરના કાંઠે બેસીને જેટલામાં એ દુષ્ટ બુદ્ધિ વિચાર કરતો હતો, તેવામાં આકાશમાર્ગે પગમાં બે પાદુકાને ધારણ કરતો કોઈક યોગી ત્યાં આવ્યો અને તે પાદુકા ત્યાં મૂકીને જેવામાં તે સ્નાનાદિક કરે છે, તેવામાં તે પાદુકા લઈને એ આકાશમાં ઉડી ગયો. તે પાદુકાના પ્રભાવથી એ પોતે એક છતાં અનેક તસ્કરનું કામ કરે છે અને હે વિભો ! દુષ્ટ રોગની જેમ નગરને એ અસાધ્ય થઈ પડ્યો છે. વળી તે નગરની અધિષ્ઠાયક દેવી આગળ આ પ્રમાણે સ્તુતિ કરે છે કે—'હે દેવી ! ચોરીમાંથી અર્ધ ભાગ તને ભોગ આપીશ અને અર્ધ ભાગ હું વાપરીશ, પણ જો તારા પ્રસાદથી તે ચોરી મને સફલ થશે, તો આ મારો નિયમ હું પાળીશ એટલે તે દેવીએ તેને અનુજ્ઞા આપી. ત્યારથી એ સિદ્ધ-ચોર થયો ' પછી તેના મર્મને સમજી સારા સુભટો લઈને રાજા દેવીનાં ભવનમાં આવીને ત્યાં કયાંક છુપાઈ રહ્યો. એવામાં તે તસ્કર કોઈનો વિશ્વાસ ન કરતાં પાદુકાને હાથમાં લઈને માતાની જેમ તે દેવીને પૂજવા આવ્યો. એટલે રાજા જેટલામાં પ્રગટ થઈ તેનો આક્રોશ કરે છે, તેવામાં પાદુકા પહેરીને પક્ષીની જેમ તે ઉડી ગયો. 'અરે ! આ ચોર જાય છે, જાય છે,—એમ રાજાથી પ્રેરિત થયેલા સર્વ સુભટો કોલાહલ કરીને તેની પાછળ દોડવા લાગ્યા.

એવામાં તે ચોર વિચારવા લાગ્યો કેઃ—'આજે ખરેખર મારા અભિગ્રહનો ભંગ થશે. કારણ કે આજનો મારો દિવસ ચોરી વિના જાય છે.' ઈત્યાદિ ચિંતવતાં તે ચોર આગળ ચાલ્યો જતો હતો, તેવામાં નીચે પૃથ્વીપર પર્ષદામાં આ પ્રમાણે બોલતા કોઈ જ્ઞાનીને તેણે જોયા:-'હે ભવ્ય જનો ! રત્નખાણની જેમ મનુષ્ય જન્મ પામીને કોટી દ્રવ્યથી પણ દુર્લભ એવા એક રત્નને સ્થિર કરવું' આ સાંભળીને સ્તબ્ધ થઇને તેણે વિચાર્યું કે:- 'એવું રત્ન મેં અદ્યાપિ ચોર્યું નથી, તો કર્યું શું ? 'એમ વિચારે છે, એવામાં પુનઃ મુનિ બોલ્યા કે:-'દેવતાઓને પણ દુર્લભ એવા એક સામાયિક રત્નનું રાગ, દ્વેષાદિક ચોરોથી પ્રયત્ન પૂર્વક રક્ષણ કરવું. અંતર્મુહૂર્ત્ત પર્યંત ચિત્તની સમતા, તે સામાયિક કહેવાય છે, કે જેમાં કષાયો તદ્દન દુર કરવાના હોય છે. અને જેમાં દાનાદિક પુણ્યની જેમ બાહ્ય આડંબર કરવાની જરૂર નથી. માટે શ્રાવકોએ અહોરાત્રમાં યથાવસરે તે કરવું જોઈએ' આ પ્રમાણે સાંભળીને તે સામાયિકમાં સ્પૃહા કરતા એવા તે કેસરી ચોરે પોતાના મનની સાક્ષીએ સામાયિકવ્રત લઈ લીધું અને દ્વેષરહિત શુદ્ધ ભાવથી અને રાજાદિકથી પણ નિર્ભય થઇને મુનિના કહ્યા પ્રમાણે તે અનુષ્ઠાન કરવા લાગ્યો. કારણ કે-વ્યાપારોમાં જિનેશ્વરોએ મનોવ્યાપાર સર્વોત્કૃષ્ટ કહેલ છે. જે સાતમા નરકે અથવા તો મોક્ષે પણ લઈ જાય,'

હવે લઘુકર્મપણાથી તે વખતે તે ચોરને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું અને ઈંદ્રોએ તેનો મહિમા કર્યો. પછી દેવતાએ આપેલ વેષ ધારણ કરીને હજાર પત્ર વાળા સુવર્ણ કમળ પર બેસીને તે કેવલી ભગવંત ત્યાં દેશના દેવા લાગ્યા. એવામાં રાજા ત્યાં આવ્યો અને તેમનું તેવું વર્તન જોઇને

તે અત્યંત વિસ્મય પામ્યો. અહો! કર્મની કેવી વિચિત્રતા છે? પછી કેવલી બોલ્યા કે:-'હે રાજેન્દ્ર! સામાયિકવ્રત જો, કે જેનાથી મને એક ક્ષણવારમાં પણ લોકોત્તર ફળ પ્રાપ્ત થયું.' આ પ્રમાણે રાજા વિગેરેને પ્રતિબોધી અને ચોરીનો માલ બધો બતાવીને લોકોપર ઉપકાર કરવા તેમણે વસુધાતલપર વિહાર કર્યો.

એ રીતે ચિરકાલ લોકોને પ્રતિબોધીને અખિલ કર્મ જાળનો ક્ષય કરી તે કેસરીમુનિ પરમપદ પામ્યા. માટે હે સજ્જનો! આવા સામાયિકવ્રતના ફળનો વિચાર કરી તેમાં પરમ આદર કરો.

# તેરમો ઉપદેશ

ભવ્ય જનોએ આ પ્રતિક્રમણનો આદર કરવો. કે જેને જિનવરોએ જગતના હિતાર્થે પાંચ પ્રકારે કહેલ છે. અને પાપથી નિવૃત્તિ તથા સુકૃતમાં વારંવાર પ્રવૃત્તિ-આ પ્રમાણે બુધ જનોએ જેનો અભિધાર્થ કહ્યો છે. કહ્યું છે કે:-'મિથ્યાત્વથી પાછા હઠવું, તથા અસંયમથી કષાયોથી અને અપ્રશસ્ત યોગોથી પાછા હઠવું એમ આનુપૂર્વીથી ચાર પ્રકારે સંસારનું પ્રતિક્રમણ થાય છે અને અનાગત કાલમાં તેનો પ્રતિરોધ કરવામાં આવે છે.' વળી 'સ્વસ્થાન (ગુણ)થી પ્રમાદના વશે પરસ્થાને (અતિચારમાં) જવાયું, તો પુનઃ ત્યાંજ આવવું-તે પ્રતિક્રમણ કહેવાય છે. એક પ્રતિક્રમણમાં પણ

જો પાપાદિકથી ઉપયોગ પૂર્વક નિવર્તવાના આ પ્રકાર હોય, તો તે ભાવ પ્રતિક્રમણ કહેવાય છે. જે ભવ્ય જનો દિવસે દિવસે આવું પ્રતિક્રમણ કરે છે, તેમને સજ્જનની જેમ આ લોક અને પરલોકમાં પણ સુખ પ્રાપ્ત થાય છે.

## સજ્જનની કથા

શ્રી પાટણ નગરમાં (૧૨૩૫) મા વર્ષે ભાગ્યવંત **ભીમદેવ** નામે ગ્રથિલ (ઘેલો- ભોળો) રાજા હતો. તેણે સહસ્રકલા નામની એક વેશ્યાને પોતાની અંતેઉરી (રાણી) બનાવી હતી અને તેથી સમ્યક્ત્વપૂર્વક બાર વ્રતથી વિભૂષિત અને રાજ્યમાં અધિકારી એવો શ્રીમાલજ્ઞાતિનો **સજ્જન** નામે દંડનાયક જ રાજાની જેમ રાજ્યની અને દેશ વિગેરેની કાલજી રાખતો હતો 'જિનેશ્વરને પૂજીને જમવું અને પ્રતિક્રમણ કરીને સુવું.' આ બે તેને દૃઢ નિયમ હતા.

એકદા પાટણપર યવનોની સેના ચડી આવી તેથી આ બાલવૃદ્ધ સર્વ લોકો ભયાકુલ થઈ ગયા એટલે સૈન્યને લઇને સજ્જનની સાથે દેવી સન્મુખ ગઇ અને રણક્ષેત્રની ભૂમિકા તરત તૈયાર કરી તે વખતે ચોવીશ હજાર અશ્વો, બત્રીશ હજાર માણસો અને અઢારસો હાથીઓ તૈયાર થઈ ગયા તથા સુભટોને ગજ, અશ્વશસ્ત્ર અને બખ્તર ભિન્ન ભિન્ન આપીને દેવીએ સજ્જનને સેનાપતિના સ્થાને સ્થાપ્યો પછી બ્રહ્મ મુહૂર્તમાં સજ્જન પોતે હાથી પર આરૂઢ થયો અને સમસ્ત સૈનિકોને તેણે યુદ્ધને માટે સજ્જ કર્યા અને હાથીના કુંભસ્થલ પર બેસીને જ અક્ષમાલિકા નોકારવાળી

સ્થાપનાચાર્ય તરીકે સ્થાપિને તેણે પ્રતિક્રમણ કરી લીધું, કારણ કે તેવા પુરૂષો સમયજ્ઞ હોયછે એવામાં પાસે રહેનારા આ પ્રમાણે ચિંતવવા લાગ્યા કે:–' આ સ્વામી શું યુદ્ધ કરશે ? કારણકે આ તો ધાર્મિક છે અને યુદ્ધ તો નિર્દય મનવાળા માણસો કરી શકે' પછી બેઘડી થતા સમાધિપૂર્વક પ્રતિક્રમણ કરી અને સામાયિક પારીને તેણેબધું સૈન્ય ચલાવ્યું. તે વખતે હાથી પર રહીને પણ યતનાપૂર્વક પ્રતિક્રમણ કર્યું તે પણ પોતાના સૈન્યને એકત્ર થવા માટે જ અન્ય થા શિથિલ થઈ જાય અથવા પ્રતિક્રમણ વેલાનો વ્યતિક્રમ થાય–એ હેતુ પણ સંભવે છે, કારણ કે અવસરે કરવામાં આવેલ બધું કાર્ય ઉપયોગી થાય છે.

પછી બંને સૈન્ય વચ્ચે મહાયુદ્ધ શરૂ થયું અને હાથી અશ્વ. રથ અને પદાતી (પાળા) વિગેરે બધા યથાક્રમે હાજર થયા એટલે તે વખતે સજ્જને એવી રીતે યુદ્ધ કર્યું કે જેથી યવનોનું સૈન્ય એક ક્ષણવારમાં કાકપક્ષીની જેમ ભાંગી ગયું પણ તે વખતે સજ્જનના શરીરમાં દશ ઘા વાગ્યા તેથી તેને ઉપાડીને સૈનિકો દેવી પાસે લઈ ગયા અને તે પણ તેનો પ્રતિકાર કરવા લાગી. પોતાના દુકુલના છેડાથી તેને પવન નાખવા લાગી અને મોટા વૈદ્યોને તેણે બોલાવ્યા એટલે તેઓએ પણ પ્રતિક્રિયાઓ કરી એવામાં સુભટોએ દેવીની આગળ કહ્યું કે:–'હે સ્વામિની ! એ રાત્રે '**एगिंदिया बेइंदिया**' ઇત્યાદિ બોલતો અને પ્રભાતે એવું યુદ્ધ કર્યું કે જેવું કોઈ પણ ન કરે એ શું કહેવાય ? એટલે દેવીએ સજ્જનને કહ્યું કે— 'આ શું તમે વિરુદ્ધ કર્યું ? તે બોલ્યો કે:– 'હે સ્વામિની ! રાત્રે મેં પોતાનું કાર્ય કર્યું અને પ્રભાતે તમારૂં કાર્ય કર્યું, કારણકે આ મારૂં શરીર તમારે આધીન

છે વળી, મન મારે સ્વાધીન છે તેથી મેં મારું કાર્ય કર્યું. આ પ્રમાણે સાંભળી તેઓ તેની પ્રશંસા કરવા લાગ્યા કેઃ— 'અહો ! એની ધર્મમાં દૃઢતા કેટલી છે' પછી દેવી પાટણ ગઈ અને સજ્જનને પણ વૈદ્યોએ અનુક્રમે સાજો કર્યો. એટલે તે રાજકાર્ય અને ધર્મકાર્ય કરવા લાગ્યો.

આ પ્રમાણે સંકટમાં પણ જેઓ પોતાના નિયમને છોડતા નથી, મોક્ષસુખ તેમના હાથમાં જ છે. વળી બીજી રીતે બુધજનો દિવસનું, રાત્રિનું, પક્ષનું, ચાતુર્માસનું અને સંવત્સરનું –એમ પ્રતિક્રમણને પાંચ પ્રકારે કહે છે. કહ્યું છે કેઃ- "પ્રથમ અને અંતિમ તીર્થંકરના સાધુઓનો અવશ્ય પ્રતિક્રમણ કરવાનો આચાર છે અને મધ્યમ જિનોના સાધુઓ કારણવશાત્ પ્રતિક્રમણ કરે છે. પ્રથમ અને છેલ્લા તીર્થંકરોના સાધુઓ અને શ્રાવકોને અવશ્ય કરવાનું હોવાથી તેનું આવશ્યક એવું નામ છે.

આ પ્રમાણે લેશ માત્ર પ્રમાદનો પણ ત્યાગ કરીને હે ભવ્ય જનો ! તમે પ્રતિક્રમણ કરો. જે પ્રતિક્રમણ કરવાથી પ્રાણી સંસારના ભારથી રહિત થઈ ભારમુક્ત ભારવહુ-મજૂરની જેમ હળવો થાય છે.

# ચૌદમો ઉપદેશ

જે દાનાદિક ધર્મના વિશેષ પોષણને ધારણ કરે છે, માટે મહાજનો તેને પૌષધ કહે છે. સુદત્ત વ્યવહારીની જેમ કોઈ ભાગ્યવંત જનોજ તે પૌષધને આરાધી શકે છે કહ્યું છે કે :- 'પૌષધ અને સામાયિકમાં રહેલા જીવનનો જે કાલ જાય છે, તે સફળ છે, અને શેષ કાલ સંસારના ફળનો હેતુ છે.'

## સુદત્ત વ્યવહારીની કથા

કુસુમપુરમાં સૂર્યયથા નામે રાજા હતો. તેનો જિનધર્મથી વાસિત એવો મિત્રાનંદ નામે મંત્રી હતો. એકદા સભામાં રાજા અને મંત્રીનો વિવાદ થયો. તેમાં રાજાએ કહ્યું કેઃ— 'અહીં વ્યવસાયજ પ્રમાણ કરવા લાયક છે. પુણ્યોથી શું? વ્યવસાયીને બધું ફલદાયક થાય છે. કારણ કે સુતેલાના મુખમાં કયાંય ફલાદિક આવીને પડતા નથી.' એટલે મંત્રી બોલ્યો કેઃ–'પુણ્યજ પ્રમાણ કરવા લાયક છે, અંધક્રિયાની જેમ અફલ એવા વ્યવસાયથી શું? વળી શાસ્ત્રમાં પણ એમ સાંભળવામાં આવે છે કેઃ-

'કુળ, શીલ, આકૃતિ વિદ્યા અને યત્નથી કરવામાં આવેલ સેવા પણ ફળતી નથી. પરંતુ પૂર્વ તપથી સંચિત કરેલ ભાગ્યજ પુરૂષને અવસરે વૃક્ષની જેમ ફળે છે' એટલે રાજા બોલ્યા કેઃ–'જો એમ હોય તો તું વ્યાપારને તજીને

હમણાજ ક્યાંક ચાલ્યો જા, ઘરે પણ તારે જવું નહિ.' આથી પુણ્યને પ્રમાણ કરનાર મંત્રી સર્વ પરિજનને મૂકીને તેજ વખતે અને તેજ પગલે નગરની બહાર નીકળ્યો પછી આગળ જતાં ક્યાંક સરોવરમાં સ્નાન કરીને વિશ્રાંત થઈ જેવામાં ક્ષણભર વૃક્ષની નીચે બેઠો, તેવામાં એક દિવ્ય પુરૂષને તેણે જોયો એટલે તે દિવ્ય પુરૂષ બોલ્યો કે:–'હે મંત્રિન્! તું પ્રસન્ન થઈને વાંછિતસિદ્ધિને આપનાર આ ચિંતામણિને ગ્રહણ કર અને મારા પર અનુગ્રહ કર' એમ કહી તે ચિન્તા-મણિ તેને સોંપીને પોતાનું સ્વરૂપ કહ્યા વિનાજ તે અદૃશ્ય થઈ ગયો. આથી અમાત્ય અત્યંત હર્ષિત થઈ 'રાજાને હવે પુણ્યપ્રભાવ દર્શાવું' એમ ચિંતવતાં તે મણિની અર્ચા કરીને તેણે તેની પાસે ચતુરંગ સૈન્ય માગ્યું. એટલે તેના પ્રભાવથી ચતુરંગ સેના સમન્વિત થયેલ મંત્રીએ હાથમાં લેખ આપીને દૂતને પોતાના નગરમાં રાજાની પાસે મોકલ્યો. અને તે દૂતે ત્યાં જઈને રાજાને કહ્યું કે:–'હે રાજન્! પુણ્યથી સૈન્યને પ્રાપ્ત કરી મંત્રી આવ્યો છે. માટે જો પરાક્રમ હોય તો તેની સાથે યુદ્ધ કરવા બહાર આવ.' આ પ્રમાણે દૂતે જણાવેલ તેવા પ્રકારના સૈન્યના યોગને સાંભળીને રાજાએ સમસ્ત સભાસદોની સમક્ષ આ પ્રમાણે કહ્યું કે:–'હે સભ્યજનો! આ જગતમાં પુણ્યજ કેટલું શ્રેષ્ઠ છે, તે જુઓ. એ મંત્રી એકાકી નીકળ્યો હતો છતાં અત્યારે આવી સંપત્તિને પામ્યો.' પછી રાજાએ સન્મુખ જઈ માન મૂકીને તેને આલિંગન કર્યું અને પ્રમોદ તથા વિસ્મયથી વિકસ્વર થઈને તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી તે બંનેએ લોકોને ધર્મમાં દૃઢ કર્યા. એવામાં એકદા ચતુર્જ્ઞાનધર એક આચાર્ય ત્યાં પધાર્યા એટલે રાજા

૧૫

અને પ્રધાન પરિવાર સહિત તેમને વંદન કરવા ગયા અને સાવધાન થઈને તેમણે ધર્મદેશના ત્યાં સાંભળી પછી અવસરે રાજાએ પૂછ્યું કે:-'હે ભગવન્! આ મંત્રીને જેણે ચિંતામણિરત્ન આપ્યું તે કોણ? એ જણાવો.' એટલે ગુરૂ બોલ્યા કે:-

'પૂર્વે પદ્માપુરીમાં સમ્યક્ત્વ અને બાર વ્રતથી વિભૂષિત એવો **સુદત્ત** નામે પરમ શ્રાવક શ્રેષ્ઠી હતો. એક દિવસે તેણે અહોરાત્રનું પૌષધ વ્રત લીધું અને વિધિપૂર્વકયોગ નિદ્રાકરતો રાત્રે તે સુતો એવામાં તે વખતે તેના ઘરમાં કોઈ ચોર નિર્ભય થઈને ઘરમાં પેઠો. ઘરનું સર્વસ્વ ચોરીને પાણીના પૂરની જેમ ચાલ્યો ગયો. શ્રેષ્ઠી તે વખતે જાગતોજ હતો અને તેને જાણતાં છતાં પાપભીરૂ અને વ્રતાતિચારની શંકાથી તે ધર્માત્માએ તે ચોરને પકડવા કોઈને પ્રેરણા પણ ન કરી, પછી પ્રભાતે તેણે પૌષધ પારીને પારણું કર્યું પણ તે વૃત્તાંત તો તે ગંભીરે પોતાના પુત્રાદિકને પણ જણાવ્યો નહિ. એવામાં એક દિવસે તેજ ચોર હાર લઈને સુદત્તના કોઈ હાટે વેચવા આવ્યો, એટલે તેના પુત્રે તે જોયો. અને તે હાર પોતાનો સમજીને તે ચોરને રાજપુરૂષોને હવાલે કર્યો, એટલે તેઓ સર્વની સમક્ષ તે ચોરને વધભૂમિ તરફ લઈ ગયા. એવામાં શ્રેષ્ઠીએ તેને તેવી અવસ્થામાં આવેલો જોઈને દયાની લાગણીથી તે રાજપુરૂષોને કહ્યું કે-:'અરે! એને છોડી મુકો. મેં જ એને હાર આપ્યો હતો, તે પુત્રો વિગેરે જાણતા નથી.' આથી 'શ્રેષ્ઠી મિથ્યાવાદી નથી' એમ ધારીને તેમણે ચોરને મુક્ત કર્યો. પછી શ્રેષ્ઠીએ એકાંતમાં ચોરને શિખામણ આપી કે:-'હે ભદ્ર! અકાર્યમાં તારે મતિ ન કરવી. કારણ કે આ મનુષ્યભવ દુર્લભ છે.' આ પ્રમાણે તેની સુજનતા અને ઉપકારને સ્મરણમાં લાવતો તે તસ્કર દીક્ષા અને અનશન લઇને

સૌધર્મદેવલોકમાં દેવ થયો. અને ચિરકાલ નિરતિચારપણે પૌષધવ્રત પાલવાથી તે શ્રેષ્ઠી ધર્મવાન્ અને ભાગ્યવંત આ સચિવ થયો છે. દેવતાએ અવધિજ્ઞાનથી પૂર્વ ભવના ઉપકારને જાણીને તારા સંકટમાં પડેલા એને તે વખતે તરત ચિંતામણી રત્ન આપ્યું.' એવા અવસરમાં તે દેવ પણ ત્યાં આવીને તે મંત્રીને કહેવા લાગ્યો કે.–'હે ભદ્ર ! તારૂં શું ઇષ્ટ કરૂં ?' તે બોલ્યો કે–'સર્વત્ર યાત્રા કરાવ.' પછી તે દેવની સાથે નંદીશ્વરાદિક તીર્થોની યાત્રા કરીને પાછા વળતાં લવણસમુદ્રપર આવતાં કર્મ ક્ષય થવાથી તેને ઉજ્વલ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું અને તરત આયુ ક્ષય થતાં મુક્તિ પ્રાપ્ત થઈ.

આ પ્રમાણે પૌષધવ્રતપર પણ પ્રગટરીતે દૃષ્ટાંત કહેવામાં આવ્યું. માટે હે ભવ્ય ભવિકો ! તે વ્રતમાં કેમ આદર કરતા નથી ?

●

# પંદરમો ઉપદેશ

હે ભવ્ય જનો ! તમારે સંસારની વાસના ન હોય, તો સુપાત્રે વિત્ત વાપરો. કારણ કે અસાર સંપત્તિનું દાન સિવાય બીજું તેવું અક્ષીણ ફળ જોવામાં આવતું નથી.

## ભદ્રક શ્રેષ્ઠીની કથા

પૂર્વ અવનિપુરમાં નામ અને પ્રકૃતિથી સમાન એવો ભદ્રક નામે રાજમાન્ય શ્રેષ્ઠી હતો. તેને સ્ત્રી પણ તેના સદૃશ

ગુણુવાળીજ હતી. એકદા ગુરૂના મુખથી ધર્મ સાંભળીને તે દંપતીએ તેમની પાસે કેટલાક અકૃત્રિમ અભિગ્રહ લીધા– ત્રિકાલ જિન પૂજા, બેવાર પ્રતિક્રમણુ, એકાંતરે ભોજન, સુપાત્રે દાન, અને સચિત્તનો ત્યાગ એ વિગેરે નિયમો શ્રેષ્ઠી એ લીધા અને સ્ત્રીએ પણુ તે બધા નિયમો લીધા. પછી ગુરૂમહારાજને નમસ્કાર કરીને તે બંને ઘરે ગયા અને કેટલાક કાલપર્યંત તેમણે ધર્મની આરાધના કરી.

હવે એકદા પૂર્વ કર્મના યોગે તેનું ધન ક્ષીણુ થઈ ગયું. એટલે તેને કોઈ વાનર જેવો પણ ગણુતા ન હતા. તેથી સ્ત્રીએ તેને કહ્યું કે :- 'તમે માતા પિતાના ઘરે જાઓ, ત્યાં મારા ભાઈઓ ધનાઢય છે, માટે તે તમને કંઈક દ્રવ્ય આપશે. હે પ્રભો ! તે દ્રવ્યથી વ્યવસાય કરીને તમે સ્વસ્થ થાઓ.' આમ કહેતાં પણુ ત્યાં જવાનો તેને લેશ પણુ ઉત્સાહ ન વધ્યો. ખરેખર ! સસરાને ઘેર જવું એ માણુસોને લજ્જાસ્પદ છે. પછી તેણે અતિ પ્રેરણા કરી એટલે તે સાથવાનું જ ભાતું સાથે લઈને ચાલ્યો. બીજે દિવસે કોઈ પ્રદેશમાં શ્રી જિનપૂજન કરીને પારણાની ઈચ્છાથી તે સાથવાને ઝરણાના જળથી પલાળ્યો. તે વખતે તેના ભાગ્ય યોગે પ્રેરાયેલા કોઈ સંયત ત્યાં આવ્યા, તેમને તે આપીને શેષ પોતે જમ્યો. પછી તે પાત્રદાનથી પ્રમોદ પામતો તે ચોથે દિવસે કંઈક લજ્જિત થઈ સસરાને ઘેર ગયો. પરંતુ તેમણે સ્વાગતાદિ પણ કર્યું નહિ અને તેને ધન રહિત જોઈને તેઓ તેનો અત્યંત અનાદર કરવા લાગ્યા. તથાપિ પોતાના નિર્વાહને યોગ્ય તેણે કંઈક યાચના કરી એટલે તે સસરો વગેરે પણ તેને એમ કહેવા લાગ્યા કે :- 'હે શ્રેષ્ઠિન્ ! તમારા જેવાને

અદેય શું છે? પણ હાલ તેવો વ્યાજ કે વેપાર ચાલતો ન હોવાથી તેવો યોગ નથી. છતાં પણ જો કુળદેવી કહેશે, તો તેટલું ધન તમને આપીશું. કારણ કે તે અમારે કામધેનુ સમાન છે.' પછી તેમણે કુળદેવીને પૂછયું એટલે તે બોલી કે :– 'અત્યારે રસ્તામાં એણે જે દાનપુણ્ય કર્યું છે, તેનો છઠ્ઠો ભાગ જો એ તમને આપે, તો છ લક્ષ સોનામહોર એને આપો.' આ પ્રમાણે દેવીનું વચન સાંભળીને તેમણે તેની આગળ તે નિવેદન કર્યું. એટલે તે બોલ્યો કે :- 'હું મારા પુણ્યનો લેશ પણ તમને આપવાનો નથી. તમારા બધા દ્રવ્યની કિંમત, મારા દાનના કોટીમા ભાગમાં પણ થઈ શકે તેમ નથી.' પછી તે સત્ત્વને અવલંબીને પોતાના નગર તરફ ચાલ્યો અને અનુક્રમે પોતાના નગરની પાસે આવેલ નદી પર આવીને તે વિચારવા લાગ્યો કે :–'અહો! જૈનધર્મની પ્રાપ્તિથી સદા સંતુષ્ટ રહેનાર મારે ધનથી શું ? પરંતુ શું કરૂં કે મારી સ્ત્રી ખેદ કરે છે. જેણે મોટા મનોરથ કરી મને ત્યાં મોકલ્યો, અને હવે આવી સ્થિતિમાં મને જોઈને તે મૃત તુલ્ય થઈ જશે. માટે આ ઉજ્વલ અને ગોળ નદીના કાંકરાની પણ ગાંસડી બાંધીને ઘરે જાઉં કે જેથી તે પ્રસન્ન થાય.' એમ વિચારી તેનો એક મોટો પોટલો માથે લઈને શ્રેષ્ઠી ઘરે આવ્યો, એટલે તે પણ સન્મુખ આવી અને 'અહો, મારો ભર્ત્તાર બહુ ધન લઈને આવેલ છે.' એમ મુખને વિકસિત કરતી એવી તેણે તેના મસ્તકપરથી ગાંસડી ઉતારીને કયાંક ખુણામાં રાખી એવામાં પૂજા અને સત્પાત્ર-દાનાદિ ધર્મના માહાત્મ્યથી તે કાંકરા બધા જાત્યરત્ન થઈ ગયા. પછી બીજે દિવસે તેમાંના એક રત્નમાંથી પોતાના ભર્ત્તારને માટે સારી સારી વસ્તુઓ મેળવીને તેણે શ્રેષ્ઠ ભોજન

તૈયાર કર્યું અને ભોજનાવસરે પતિને રત્નનું સ્વરૂપ પૂછ્યું. એટલે 'અરે! આ શું?' એમ સંભ્રાંત થઈને તેણે પણ પોતાનો વૃત્તાંત નિવેદન કર્યો. પછી 'આ ખરેખર આપણા ધર્મનોજ પ્રભાવ છે.' એમ ધારીને તે દંપતી ધર્મમાં અધિકતર નિશ્ચલ થયા.

આ પ્રમાણે પુનઃ અદ્‌ભુત સંપત્તિની પ્રાપ્તિથી તે રાજા વિગેરેમાં માનનીય થયો. માટે હે ભવ્યજનો! સુપાત્રદાન અને જિનપૂજન વિગેરે પુણ્યજ કરો. કે જેથી શિવસુંદરી તમારા પર પ્રસન્ન થાય.

●

# સોળમો ઉપદેશ

ગુણવંત જનોમાં ગુણાનુરાગ કરતા સાધર્મિ બંધુઓનું શ્રી દંડવીર્યની જેમ શ્રાવકોએ પ્રફુલ્લિત મનથી વાત્સલ્ય કરવું ઉચિત છે.

## શ્રી દંડવીર્યની કથા

શ્રી ભરતના વંશમાં અયોધ્યામાં તેજ અને યશના નિધાનરૂપ દંડવીર્ય નામે આઠમો રાજા થયો, ત્રણ ખંડ વસુધાના મંડનરૂપ એવો તે શ્રાદ્ધભોજન રૂપ ભરતના આચારને સારી રીતે સાચવતો હતો. એકદા અત્યંત ભક્ત એવા સોળ હજાર રાજાઓની હાજરીમાં તે રાજસભામાં શ્રેષ્ઠ સિંહાસન પર બેઠો હતો. એવામાં ભરતેશ્વર પછી છ

કોટી પૂર્વ ગયા ત્યારે સૌધર્મેંદ્ર સભામાં બેસીને ભગવંતના ગુણોનું સ્મરણ કરતો હતો અને તેમના સેંકડો શાખાયુક્ત વંશમાં તેવા પ્રકારના પુરૂષરત્નની સ્તુતિ કરતાં સભામાં બેઠેલા સૌધર્મેંદ્રે પોતાના જ્ઞાનચક્ષુથી જગતના આલંબન રૂપ, બલિષ્ઠ અને આર્હત્ ધર્મનો આદર (પ્રભાવ)કરતાં એવા દંડવીર્યને જોયો. પછી દેવેંદ્ર શ્રાવકનો વેષ લઈને અયોધ્યામાં આવ્યો અને હાથ ઉંચો કરીને રાજાને તેણે આશીર્વાદ આપ્યો એટલે ભરત રાજાએ બનાવેલ ચાર વેદને બોલતા, દૃષ્ટિથી જોઈને જમીનપર ચરણ મૂકતા બ્રહ્મચારી, બાર વ્રત ધારણ કરેલ હોવાથી તેટલાજ તિલકને ધારણ કરતા અને હૃદયમાં પહેરેલ સુવર્ણની જનોઈથી સુશોભિત એવા તેને જોઈને દંડવીર્ય તેના પર પ્રસન્ન (રાગી) થયો કારણકે ક્રિયાના આડંબર પ્રમાણે જ લોકાદર હોય છે. પછી રાજાએ પૂછ્યું કેઃ— 'હે ભદ્ર! આપ ક્યાંથી આવ્યા? અને ક્યાં જવા ધારો છો?' એટલે તે માયાથી બોલ્યો કેઃ— 'હે નરાધિપ શ્રાવક વેષધારી એવો હું અમરાવતી નગરીથી તીર્થયાત્રા કરતાં આજે અહીં આવ્યો છું. અહીં શક્રાવતાર નામના ચૈત્યમાં શ્રીઋષભ પ્રભુને સ્તવીને અને આપને જોઈને મેં મારા આત્માને પવિત્ર કર્યો.' પછી તેના ભોજનને માટે રાજાએ રસોઈયાઓને આજ્ઞા કરી. એટલે તે બોલ્યા કે—: 'આજ તીર્થોપવાસ કરવાની ઈચ્છા છે.' પરંતુ રાજા વિગેરેએ ઉપવાસ કરતાં અટકાવ્યો, એટલે તે દૃષ્ટિપૂર્વક ચાલતા દાન શાળામાં આવ્યો. ત્યાં કેટલાક ઉદ્યમ કરી વેદાદિક શાસ્ત્ર ભણતા, કેટલાક ધ્યાન કરતા, કેટલાક આચાર શીખવતા, ત્રિશુદ્ધિથી ત્રિકાલ દેવપૂજાને માટે સ્નાન કરતા એવા શ્રાવકોને અનુક્રમે જોઈને તે પરમ હર્ષ પામ્યો. એવામાં 'હે શ્રાદ્ધ!

તમને નમસ્કાર છે' એમ ઉભા થઈને બોલતા એવા તેમની સાથે તે પાવન જળથી આચમન કરીને ગૃહમાં ગયો. ત્યાં કોટી શ્રાવકોને માટે તૈયાર કરેલ રસોઇ તે કપટ શ્રાવક દિવ્ય પ્રભાવથી એક ક્ષણવારમાં ઉઠાવી ગયો અને બોલ્યો કે:— 'અરે ! ક્ષુધાથી વ્યાકુળ થયેલા મને ભોજન પિરસો. હે સૂપકારો ! દંડવીર્યને શા માટે લજ્જાપાત્ર કરો છો ?' આ સ્વરૂપ ચરપુરૂષોએ રાજાને જણાવ્યું એટલે તેણે પોતે આવીને માસોપવાસીની જેમ તેને ક્ષીણકુક્ષિવાળો જોયો પછી તે માયાવી શ્રાવક પણ શ્રદ્ધાસંયુક્ત તે રાજેંદ્રને જોઈને દીનભાવને પ્રકાશતાં કઠિન ભાષામાં બોલ્યો કે:— 'હે રાજન્ ! તેં શ્રાવકોને ઠગવા માટે આ રસોઈયા રાખ્યા છે. કારણ કે **બુભુક્ષિત** ભૂખ્યા એવા મને એકને પણ એઓ સંતોષ પમાડી શકતા નથી.' આ પ્રમાણે સાંભળીને કંઈક કુપિત થઈને રાજાએ પોતાની નજર આગળ રસોઈયાઓ પાસે સો મૂડા અન્ન રંધાવ્યું એટલે રાજાના દેખતા ઇંધનસંચયને જેમ અગ્નિ ભક્ષણ કરે, તેમ તે પોતાની માયાથી તે અન્નને એક ક્ષણવારમાં જમી ગયો. અને તે માયાશ્રવાક પુનઃ બોલ્યો કે:– 'જે પૂર્વજોના કુળ, કીર્ત્તિ અને પુણ્યને અધિકતા ન પમાડે તેવા પુત્રથી પણ શું ? હે ભૂપ ! શ્રાવકોને ભોજન આપવા રૂપ માયાને મૂકી દે, લજ્જાને તજી દે. ભોજન શાળાના આડંબરને ધારણ કરી તું માણસોને શા માટે છેતરે છે ?' આવી તેની નિષ્ઠુર વાણી સાંભળીને પણ તે કોપાયમાન ન થયો, પણ પોતાના પુણ્યની અપૂર્ણતાને સમજી ઉલટો તે પોતાને જ નિંદવા લાગ્યો. એવામાં રાજાના ભાવને જાણીને મંત્રી પવિત્ર ભાષામાં બોલ્યો કે:— 'હે સ્વામીન્ ! શ્રાદ્ધરૂપ કરી છળ કરનાર એ કોઈક દેવ લાગે છે. માટે જો શ્રાવક વેષ પર તમારે ભક્તિભાવ હોય, તો

હે નૃપ! તે ચંદન, અગરૂ, કર્પૂર અને કસ્તુરી પ્રમુખથી પૂર્ણ કરો.' આ પ્રમાણે સાંભળીને રાજાએ તેની આગળ ભક્તિપૂર્વક ચંદનાગરૂમિશ્રિત ધૂપ કર્યો અને કોમળ વચનથી કહ્યું કેઃ— 'દેવ! શ્રાવકવેષથી અહીં મને પાવન કરવા આવનાર તમે કોણ છો? તે કહો અને મારા પર કૃપા કરી પ્રગટ થાઓ.' આથી ઈંદ્રે પોતાનું રૂપ પ્રગટ કરીને કહ્યું કેઃ— 'હે રાજન્! તું જ ધન્ય છે, કે જેની સાધર્મિક બંધુ પર આવી ભક્તિ છે. જગતમાં પોતાના ઉદરને ભરનારા કોટીજનો હશે, પરંતુ એક સાધર્મિકનું પણ વાત્સલ્ય કરનારા વિરલા હશે.' આ પ્રમાણે નિષ્કપટભાવથી ઈંદ્ર તેની પ્રશંસા કરીને કોટી રત્નની વૃષ્ટિ કરી દિવ્ય ધનુષ્ય આપીને પોતાની રાજધાનીમાં ચાલ્યો ગયો. અને શ્રીદંડવીર્ય ભૂપાલ પણ શત્રુંજય તીર્થની યાત્રા કરી શ્રીસંઘપતિના પદને પામી અને આત્માના આદર્શરૂપ કેવલલક્ષ્મીને ઉપાર્જન કરીને અનુક્રમે મોક્ષનગરમાં પધાર્યા.

●

# સત્તરમો ઉપદેશ

આસ્તિક શ્રાવકોએ શ્રીજ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યને પોતાની ઇચ્છા પ્રમાણે નહિ, પણ સંઘની અનુમતિ પ્રમાણે વાપરવું. આ સંબંધમાં પણ શ્રીજિનઆગમમાં કહેલ બે શ્રાવકનું ઉદાહરણ અહીં આપવામાં આવે છે.

### બે શ્રાવકની કથા

ભોગપુર નગરમાં કોટી કનકનો સ્વામી ધનાવહ નામે શેઠ હતો. તેની ધનવતી નામની પત્ની હતી. તેમને કર્મસાર

પુણ્યસાર નામના સાથે જન્મેલા બે પુત્રો હતા. એકદા પિતાએ એક નૈમિત્તિકને પૂછયું કેઃ–'આ કેવા થશે?' તેણે કહ્યું કેઃ– 'કર્મસાર સ્વભાવે જડ, અત્યંત બુદ્ધિ રહિત, વિપરીત બુદ્ધિપણાથી બહુ પ્રયત્ન કરતાં પણ પૂર્વના દ્રવ્યને ગુમાવનાર અને નવીન દ્રવ્યને ઉપાર્જન કરવાના અભાવથી બહુ કાલ દરિદ્રતાદિકથી દુઃખી થશે. અને પુણ્યસાર પણ પૂર્વ દ્રવ્ય અને નવીન ઉપાર્જિત દ્રવ્યની વારંવાર હાની થવાથી તે જ પ્રમાણે દુઃખી થશે, પરંતુ બંને વેપારકળામાં કુશળ થશે, બંનેને વૃદ્ધપણામાં ધન, સુખ અને સંતતિ વિગેરે થશે.' પછી અનુક્રમે તે બંનેને ભણાવવા ઉપાધ્યાયને સોંપ્યા. એટલે પુણ્યસાર સુખપૂર્વક (અનાયાસે) બધી વિદ્યાઓ શીખ્યો. અને કર્મસારને તો એક અક્ષર પણ આવડયો નહિ. તે પશુ જેવો વાંચન કે લેખનાદિક પણ કરી શકતો ન હતો એટલે પાઠકે તેને ભણાવવાનું મૂકી દીધું. પછી તે બંને યૌવનસ્થ થયા એટલે માતપિતાએ તેમને ઉત્સવપૂર્વક મોટા શેઠની કન્યાઓ પરણાવી. 'આ બંનેમાં પરસ્પર કલહ ન થાય' એમ ધારીને પિતાએ તેમને બાર બાર કોટી સુવર્ણ આપીને અલગ રાખ્યા. અને પોતે (માબાપ) દીક્ષા લઈને સ્વર્ગસ્થ થયા.

હવે પોતાની તેવા પ્રકારની કુબુદ્ધિથી સ્વજનાદિક અટકાવે, છતાં જ્યાં વેપાર કરે. ત્યાં નુકશાની જ આવી પડવાથી કર્મસારે બારે કનકકોટી ગુમાવી. અને પુણ્યસાર પણ રાજા, ભાગીદાર, તસ્કર અને અગ્નિ વિગેરેના ઉપદ્રવને લીધે થોડા વખતમાં જ બધું સુવર્ણ ગુમાવી બેઠો. એટલે તે બંને દરિદ્ર થઈ ગયા, તેથી સ્વજનાદિકોએ તેમનો ત્યાગ કર્યો અને સ્ત્રીઓ પણ ક્ષુધાની મારી પિતૃગૃહે ચાલી ગઈ.

કારણકેઃ–'ધનવંતના ખોટા સ્વજનપણાને પણ લોકો રહાય છે અને ધનહીન પોતાના નજીકના બાંધવથી પણ લજ્જા પામે છે. ધનહીન ગુણવંતને પણ તેના પરિજનો ખરેખર નિર્ગુણી ગણે છે અને સધન ખોટા દાક્ષિણ્યાદિ ગુણોથી પણ આદરપાત્ર થાય છે.' પછી 'આ નિર્બુદ્ધિ અને નિર્ભાગી છે.' એમ લોકોએ તેમનું નવીન નામ સ્થાપન કર્યું. આથી તેઓ પગલે પગલે અપમાન પામતા હોવાથી લજ્જિત થઈને દેશાંતર ચાલ્યા ગયા. ત્યાં અન્ય ઉપાયના અભાવથી ભિન્ન ભિન્ન સ્થાને કોઈ શ્રેષ્ઠીના ઘરે નોકરી રહ્યા. હવે જેને ઘેર કર્મસાર નોકર હતો, તે લુચ્ચાઈથી વ્યવહાર ચલાવતો અને કૃપણ હતો. તેથી કહ્યાં છતાં પગાર ન આપતો તથા 'અમુક દિવસે આપીશ.' એમ કહીને તેને તે છેતરતો હતો. તેથી બહુ દિવસ જતાં પણ તે કાંઈ કમાઈ ન શકયો. અને બીજાએ કંઈક કમાવ્યું અને કંઈક પ્રયત્નથી ગોપવ્યું છતાં તે કોઈ ધૂર્ત ચોરી ગયો. એ પ્રમાણે અન્ય અન્ય સ્થાનોમાં નોકરી, ધાતુર્વાદ, સત્યવાદ, સિદ્ધપુરૂષ, રસાયન, રોહણાચલમાં ગમન, મંત્રસાધન અને રૂદંતી વિગેરે ઔષધિના ગ્રહણાદિકર્થી અગીયાર વાર કમાવેલ ધન પણ કુબુદ્ધિ, પ્રમાદ અને અભાગ્યના વશથી તેમણે ગુમાવ્યું. પછી ઉદ્વેગ પામી વહાણમાં બેસીને રત્નદ્વીપમાં ગયા, અને ત્યાં દ્વીપની અધિષ્ઠાયક દેવી આગળ મરણને અંગીકાર કરીને પણ બેઠા. એટલે આઠમે દિવસે દેવીએ કહ્યું કે–'તમારા ભાગ્યમાં નથી.' તેથી કર્મસાર ઉઠી ગયો અને પુણ્યસારને એકવીશ ઉપવાસ થયા. ત્યારે દેવીએ ચિંતામણિરત્ન આપ્યું. એટલે પશ્ચાત્તાપ કરતા કર્મસારને પુણ્યસારે કહ્યું કેઃ 'હે બંધો! ખેદ ન કર. આ ચિંતામણિરત્નથી આપણે બંને સુખી થઈશું.' એમ વિચારી

હર્ષમાં પાછા ફરી વહાણમાં બેઠા. એવામાં પૂર્ણિમાની રાત્રે ચંદ્રમાનો ઉદય થતાં મોટા બંધુએ કહ્યું કેઃ–' હે ભ્રાતા ! ચિંતામણિરત્નને પ્રગટ કર, આપણે જોઈએ કે ચંદ્રમા અને રત્ન–બંનેમાં કોનું તેજ અધિક છે.' એટલે દુર્દૈવથી પ્રેરાયેલા લઘુ બંધુ પણ પોતાના કીનારા પર બેસી હાથમાં રત્ન રાખીને ક્ષણવાર રત્નમાં અને ક્ષણવાર ચંદ્રમાં દૃષ્ટિ નાખી જોતો હતો, તેવામાં કલ્લોલાદિકમાં વ્યગ્ર ચિત્ત હોવાથી તેના હાથમાંથી રત્ન સમુદ્રમાં પડી ગયું. પછી બંને સમાન દુઃખ પામતા પોતાના નગરમાં આવી દુઃખે સમય ગાળવા લાગ્યા.

હવે એકદા તે નગરમાં કોઈ કેવલી પધાર્યા. એટલે ત્યાં આવી તેમને નમસ્કાર કરીને તેમની આગળ તે બંનેએ પૂછયું કેઃ–'હે ભગવન્ ! કયા કર્મથી અમારા પર આવું દુઃખ આવી પડયું, કે સેંકડો વર્ષો જતાં પણ જેના વર્ણનનો પાર ન આવે.' એટલે જ્ઞાની બોલ્યા કે–

' પૂર્વે ચંદ્રનગરમાં પરમર્દ્ધિક અને પરમ શ્રાવક એવા **જિનદત્ત** અને **જિનદાસ** નામે બે શ્રેષ્ઠી હતા. એકદા આસ્તિક શ્રાવકોએ મળીને સુસ્થાનપણાથી રક્ષણ કરવા જ્ઞાન દ્રવ્ય અને સાધારણ દ્રવ્ય તેમને જ આપ્યું. અને અનુક્રમે જિન-શાસનમાં વિજ્ઞ એવા તે બંનેએ પોતાના જીવિત અને ધન કરતાં અધિક ચિરકાલ તે દ્રવ્યની સંભાળ કરવા કાળજી રાખી. એકદા જિનદત્તે પોતાની પ્રતીમાં, લેખક પાસે આકુટીથી જોવામાં આવેલ કંઈક લખાવ્યું અને વિચાર કર્યો કે–' આ પણ જ્ઞાનસ્થાન જ છે.' એમ ધારી પોતાની પાસે બીજા દ્રવ્યના અભાવથી તે વખતે લખનારને તરત વિચાર વિના

પોતાની ઇચ્છા પ્રમાણે તે જ્ઞાન દ્રવ્યમાંથી તેણે બાર દ્રમ્મો આપ્યા અને 'સાધારણ દ્રવ્ય સંઘને ઉચિત હોય' એમ જાણવા છતાં 'હું પણ તે સંઘમાં જ છું'' એમ મનમાં ધારીને જિનદાસે પણ મુગ્ધપણાથી પોતાની પાસે રહેલા તે સાધારણદ્રવ્યમાંથી બારદ્રમ્મો પોતાના પ્રયોજનમાં વાપર્યા. તે બંને શાસ્ત્રજ્ઞ છતાં આ પ્રમાણે વિવેક વિધિથી વર્જિત હોવાથી તે પાપઆલોવ્યા વિના મરણ પામીને પ્રથમ નરકમાં ગયા. આસંબંધમાં વેદાંતીએ પણ કહ્યું છે કે:—પ્રાણો કંઠે આવેલા હોય, પણ જ્ઞાનદ્રવ્યમાં મતિ ન કરવી. કારણ કે અગ્નિથી દગ્ધ થયેલા હજી સાજા થાય (ઉદય પામે) પણ જ્ઞાનદ્રવ્યથી દગ્ધ થયેલા ઉદય ન પામે. જ્ઞાન દ્રવ્ય, બ્રહ્મ હત્યા, દેવદ્રવ્ય, દરિદ્રનું ધન, અને ગુરૂપત્ની—એ સ્વર્ગમાં રહેલા પ્રાણીને પણ નીચો પાડે છે.' પછી તે સર્પ થયા, અને ત્યાંથી વચમાં મત્સ્યાદિક યોનિયોમાં ભવો કરીને સમગ્ર નરકમાં અને સર્વ તિર્યંચજાતિમાં તે કર્મથી તેઓ ભમ્યા તથા અંગચ્છેદાદિક કદર્થના તેમણે સહન કરી. એ પ્રમાણે બાર હજાર ભવો પૂરણ કરીને યથાપ્રવૃત્તકરણથી શુભ કર્મોદયની સન્મુખ થવાથી એ વ્યવહારીકુળમાં તમે બંને સહોદર થયા છો. આ દુર્લંઘ્ય ભવિતવ્યતા કોને વિડંબના પમાડતી નથી? પોતાની ઈચ્છા પ્રમાણે બાર બાર દ્રમ્મોને વાપરવાથી ઉપાર્જન કરેલ કર્મના યોગે બાર હજાર ભવો સુધી તમને આવાં દુઃખો સહન કરવાં પડયાં. વળી આ ભવમાં પિતાએ દરેકને આપેલ

બાર કોટી કનકનો નાશ થયો અને પગલે પગલે અપમાન સહન કરવું પડયું. અને વળી નવા ધનની અપ્રાપ્તિ અને પ્રાપ્ત થયેલનો નાશ–એ તેજ દુષ્કર્મરૂપ વિષવૃક્ષનું કટુફળ છે. વળી કર્મસારને આ ભવમાં જે જડતા વિગેરે છે, તે પૂર્વ જન્મમાં કરેલ જ્ઞાનદ્રવ્યના વ્યાપારનું ફળ છે. કારણ કે જ્ઞાન દ્રવ્ય દેવદ્રવ્યના જેવું હોવાથી તે અકલ્પ્ય છે. અને સાધારણ દ્રવ્ય પણ સંઘની સંમતિથી કલ્પે. શ્રીસંઘે પણ જીજ્ઞાસા પ્રમાણે તે દ્રવ્યનો સાત ક્ષેત્રોમાં વ્યય કરવો. પણ યાચકો વિગેરેને જેમ તેમ તે આપી ન દેવું. કહ્યું છે કેઃ–'દેવદ્રવ્ય એકજ સ્થાને, જ્ઞાનદ્રવ્ય બે સ્થાનેજ અને સાધારણદ્રવ્ય સાત ક્ષેત્રોમાં વાપરવું–એમ જૈન સિદ્ધાંતમાં કહેલ છે,' કદાચ જ્ઞાન વિગેરેના દ્રવ્યનો ઉપભોગ થઈ જાય, તો તેના સ્થાને પોતાનું ધન બેગણું આપવું.' આ પ્રમાણે સાંભળીને શ્રાવકધર્મની પ્રતિપત્તિપૂર્વક પ્રાયશ્ચિત્તના સ્થાને તેમણે એવો નિયમ લીધો કેઃ–'વેપાર કરતાં જે ઓછો કે વધુ લાભ થાય, તે સર્વ જ્ઞાન અને સાધારણ દ્રવ્યના સ્થાને અર્પણ થાઓ, કે જેથી હે મુને! તે બાર દ્રમ્મો હજાર ગણા થાય.' આ પ્રમાણે નિયમ લઇ તે મુનિને નમસ્કાર કરીને તે બંને સ્વસ્થાને ગયા. પછી કેટલોક વખત જતાં પ્રાયશ્ચિત્તના સ્થાને સમસ્ત દ્રવ્ય અર્પણ કરવાથી અશુભ કર્મ ક્ષીણ થઈ જતા પૂર્વની જેમ તેમને બાર બાર કોટી સુવર્ણની પ્રાપ્તિ થઈ અને તેથી તેઓ સમસ્ત વ્યવહારીઓમાં મુખ્ય થયા,

અને જ્ઞાન તથા સાધારણ દ્રવ્યનો વધારો કરવામાં તત્પર એવા તે બંનેએ પોતાના જીવનપર્યંત જિનાજ્ઞાનું આરાધન કર્યું અને પ્રાંતે પ્રૌઢ ઉત્સવપૂર્વક દીક્ષા લઈ અને ચિરકાલ તે ચારિત્ર આરાધીને અનુક્રમે સદ્ગતિના ભાજન થયા.

એ પ્રમાણે દેવદ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય અને સાધારણદ્રવ્ય તત્ત્વજ્ઞ શ્રાવકોએ અચ્છી યુક્તિપૂર્વક વ્યક્ત રીતે સ્થાપન કરવું અને સુયુક્તિથી તેનો વ્યય કરવો. તથા કાળજી પણ એવી રાખવી કે જેથી કોઈ પણ પ્રકારનો દોષ ન લાગે એટલે સાચવવામાં, વધારવામાં અને વાપરવામાં અચ્છી રીતે વિવેક રાખવો.

સમાપ્ત

પં. ધર્મ અશોક ગ્રન્થ માળા તરફથી છપાયેલા

# પુસ્તકોની યાદી

| | |
|---|---|
| શ્રી મલય સુંદરી ચરિત્ર | અપ્રાપ્ય |
| શ્રી અશોક ગીત મંજરી | ,, |
| શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર | ,, |
| શ્રી વિધિસહીત પૌષધ વિધિ | ,, |
| શ્રી તપોરત્ન મહોદધિ ધર્મ જીવનજ્યોત | ,, |
| શ્રી ધર્મ અશોક સ્વાધ્યાય ચિંતામણી | ,, |
| શ્રી નૂતન સ્તવનાવલિ | ,, |
| શ્રી પૂજા સંગ્રહ | ,, |
| શ્રી કલ્પસૂત્ર ખીમશાહી પ્રતાકારે | પ્રાપ્ય |
| શ્રી પ્રદ્યુમ્ન ચરિત્ર | ,, |
| શ્રી ઉપદેશ સપ્તિકા ગ્રંથ યાને દેવગુરૂ ધર્મ વિવેચન | ,, |


પ્રાપ્તિસ્થાન

માસ્તર રમણીકલાલ ત્રીકમલાલ

ઝવેરીવાડ, જિ. મહેસાણા, (ઉ. ગુ.) પાટણ.